पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर-
श्री उमास्वाति-भगवत्-प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक-
चतुर्दशशत-प्रकरणकर्तृ श्रीमद्-हरिभद्रसूरि-विरचितवृत्तिसमलङ्कृतम्

# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્

## અધ્યાય-૨


(ગુજરાતી અનુવાદ)




❋ ભાવાનુવાદકાર ❋


**પૂ. આચાર્ય શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા**


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખ





(બે ભાગ)









(બે ભાગ)










(બે ભાગ)





(બે ભાગ)









(બે ભાગ)



# રાજશેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન



શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન શાળા
શાસન સમ્રાટ ભવન
ક્રમાંક:
શેઠ હઠીસિંહની વાડી, અમદાવાદ.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રીમદ્ વિજય-દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

॥ ऐं नमः ॥

पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर
श्री उमास्वाति भगवत् प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक
चतुर्दशशत प्रकरणकर्तृ श्रीमद् हरिभद्रसूरि विरचितवृत्तिसमलङ्कृतम्

# ॥ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ ॥

## અધ્યાય-૨

### (ગુજરાતી અનુવાદ)

* ભાવાનુવાદકાર *
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**
અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **રાજશેખરસૂરીશ્વરજી મહારાજા**

* સંપાદક *
**પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી ગણી**

* સહયોગી *
**પૂ. મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી**

**પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૦, વી.સં. ૨૫૪૦, નકલ : ૧૦૦૦**

* પ્રકાશક *
**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
**પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિ ભાવાનુવાદ ભવન**
૪૯/૩૬, સીલ્વર લીફની સામે, કામતઘર રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

* પ્રાપ્તિ સ્થાન *
**હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ**
૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝની સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.
ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, મો. ૯૩૨૧૨ ૩૨૨૬૬

**મૂલ્ય : રૂા. ૧,૫૦૦/- (ભાગ : ૧ થી ૧૦)**

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

# સુકૃતમ્

અમારા હૃદયમાં પૂજ્યશ્રી (પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજા) હોય એ સ્વાભાવિક છે પણ પૂજ્યશ્રીના હૃદયમાં અમારો સંઘ હતો એ જ અમારું અહોભાગ્ય છે. પૂજ્યશ્રીની ગુણગરિમાથી આકર્ષાયેલો અમારો સંઘ કાયમ પૂજ્યશ્રીનો ઋણી રહેશે.

**શ્રી તપગચ્છ ઉદય કલ્યાણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ, બોરીવલી, ચંદાવરકર લેન.**

શ્રી સંઘ પોતાના જ્ઞાનનિધિમાંથી આ 'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર'નો સંપૂર્ણ લાભ લીધેલ છે. શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ તેની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

*** સૂચના ***

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.

શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન શાળા
શાસન સમ્રાટ ભવન
શેઠ હઠીસિંહની વાડી, અમદાવાદ.



## ✳ ભૂમિકા ✳

પ્રસ્તુત શાસ્ત્રનું (સૂત્રનું) મુખ્ય નામ તત્ત્વાર્થાધિગમ છે. આ શબ્દનો અર્થ સંબંધકારિકાની ૨૨મી કારિકાની ટીકામાં જણાવ્યો છે. પણ વર્તમાનમાં તેને તત્ત્વાર્થસૂત્ર એવા સંક્ષિપ્ત નામથી ઓળખવામાં આવે છે. આ ગ્રંથના કર્તા પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજા છે. આ સૂત્રો ઉપર ભાષ્ય પણ તેમણે જ રચેલું છે. દિગંબરો "જ્યાં વસ્ત્ર ત્યાં મુક્તિ નહિ" એવી એમની માન્યતાને બાધ આવતો હોવાથી ભાષ્યને ઉમાસ્વાતિ મહારાજા કૃત માનતા નથી. તેઓ ભલે ન માને પણ કેટલીક દલીલો વગેરેના આધારે ભાષ્ય ઉમાસ્વાતિ મહારાજાનું જ છે એમ સિદ્ધ થાય છે. જિજ્ઞાસુએ એ દલીલો પ.પૂ. આચાર્ય શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાએ લખેલા ઉપક્રમમાંથી જાણી લેવી. એ ઉપક્રમ આ ગ્રંથના પહેલા ભાગના અંતે મુદ્રિત કરવામાં આવ્યો છે.

### ગ્રંથનો પરિચય

આ ગ્રંથ મુખ્યતયા દ્રવ્યાનુયોગનો વિષય છે. જૈનશાસનમાં દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગ પ્રસિદ્ધ છે. અનુયોગ એટલે વ્યાખ્યાન કે વર્ણન. જેમાં જીવાદિ દ્રવ્યોના(=તત્ત્વોના) વ્યાખ્યાનની પ્રધાનતા હોય તે દ્રવ્યાનુયોગ. જેમાં આચારોનું વિશેષથી વર્ણન હોય તે ચરણકરણાનુયોગ. જેમાં ગણિત આવતું હોય તે ગણિતાનુયોગ. જેમાં ધર્મકથાનું વર્ણન આવતું હોય તે ધર્મકથાનુયોગ. આ ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગ એ બે અનુયોગો મુખ્ય છે. તે બેમાં પણ અપેક્ષાએ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ વધારે છે. પ્રસ્તુત તત્ત્વાર્થસૂત્ર દ્રવ્યાનુયોગની પ્રધાનતાવાળું છે. કારણ કે તેમાં જીવ વગેરે સાત દ્રવ્યોનું(=તત્ત્વોનું) વર્ણન છે. આથી આ ગ્રંથનું મહત્ત્વ ઘણું છે.

આ ગ્રંથને બરાબર સમજવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે અને પ્રગટ થયેલું સમ્યગ્દર્શન દૃઢ અને નિર્મળ થાય છે. જેમકે પાંચમા અધ્યાયમાં

સૂત્ર ૩૨ "स्निग्धरूक्षत्वात् बन्धः" વગેરે સૂત્રોમાં કરેલું પુદ્ગલોના બંધનું વર્ણન આપણને સ્પષ્ટ સમજાવે છે કે સર્વજ્ઞ વિના બીજો કોઇ આવી બાબતો કહી શકે નહિ. આ તો માત્ર એક દૃષ્ટાંત રૂપે જણાવ્યું. બીજી ઘણી બાબતો એવી છે કે જે સર્વજ્ઞ વિના બીજો કોઇ કહી શકે નહિ.

**પ્રશ્ન–** ઉમાસ્વાતિ મહારાજા ક્યાં સર્વજ્ઞ હતા ? એ તો છદ્મસ્થ હતા એથી એમનું કહેલું સર્વજ્ઞોએ કહ્યું છે એમ કેમ કહી શકાય ?

**ઉત્તર–** પૂ. ઉમાસ્વાતિ મહારાજાએ આ બધું પોતાની મતિકલ્પનાથી નથી કહ્યું. કિંતુ તેમની પૂર્વે થયેલા વિદ્વાન અને મહાન આચાર્યોએ જે કહ્યું તેના આધારે કહ્યું છે. તેમની પૂર્વે થયેલા આચાર્યોએ પણ પોતાની પૂર્વે થયેલા મહાન જ્ઞાની આચાર્યોના કથન મુજબ કહ્યું છે એમ આગળ વધતાં વધતાં પૂર્વકાલીન આચાર્યોએ ગણધરોના ઉપદેશ મુજબ કહ્યું છે અને ગણધરોએ સર્વજ્ઞ ભગવંતે કહેલા ઉપદેશના આધારે કહ્યું છે. તેથી આ શાસ્ત્રના મૂળમાં સર્વજ્ઞ ભગવંત છે. જેના મૂળમાં સર્વજ્ઞ ભગવંત ન હોય તેવા અન્ય દર્શનકારોનું કથન સાચું ન ગણાય.

અહીં કહેવાનો આશય આ પ્રમાણે છે- જન્મથી અંધ હોય તેવા એક પુરુષે હાથીને સ્પર્શીને હાથી કેવો હોય તેનો નિર્ણય કર્યો. તેણે બીજા જન્મથી અંધ પુરુષને હાથી કેવા પ્રકારનો હોય તે કહ્યું. તેણે(=બીજાએ) ત્રીજાને કહ્યું. આમ જન્માંધ પુરુષોની ગમે તેટલી લાંબી પરંપરા સુધી હાથીના આકારનું વર્ણન થતું રહે તો પણ કોઇનેય હાથીના સાચા આકારનું જ્ઞાન ન થાય. કારણ કે પ્રથમ જન્માંધ પુરુષને હાથીના આકારનો સાચો નિર્ણય થયો નથી. આંખોથી દેખતો પુરુષ હાથીના આકારનો જેવો નિર્ણય કરી શકે તેવો નિર્ણય જન્માંધ પુરુષ ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ ન કરી શકે. (અહીં "જન્મથી અંધપુરુષની પરંપરા" કહેવાનું કારણ એ છે કે આ પરંપરામાં કોઇ પુરુષ દેખતો હોય તો તેને હાથીના સાચા આકારનું જ્ઞાન થવાનો સંભવ રહે પણ પરંપરામાં બધા જ જન્માંધ હોય એટલે કોઇનેય હાથીના સાચા સ્વરૂપનું(=આકારનું) જ્ઞાન ન થાય.)

તેવી રીતે પ્રસ્તુત જૈનદર્શન સિવાયના બધા જ દર્શનકારો છદ્મસ્થ હોવાથી તેમની ચાલેલી પરંપરામાં આવનારા બધા જ છદ્મસ્થ પુરુષોને આત્મા આદિ પદાર્થોના સાચા સ્વરૂપનું જ્ઞાન થતું નથી એટલે તેઓ "અમારી આટલી લાંબી પરંપરાથી આ જ્ઞાન અમને મળતું આવ્યું છે" એમ કહે તો પણ એમનું જ્ઞાન સત્ય નથી. (યોગબિંદુ ગા.૪૨૯ વગેરે)

જૈનદર્શનમાં તો આત્મા આદિને સાક્ષાત્ જાણનારા સર્વજ્ઞપુરુષથી પરંપરા ચાલી છે, એટલે જૈનદર્શનની સાચી પરંપરામાં આવેલું જ્ઞાન યથાર્થ છે, માટે આ તત્ત્વાર્થ સૂત્રને જાણવા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ. આ ગ્રંથ માત્ર ૨૦૦ શ્લોકથી ઓછા પ્રમાણવાળો હોવા છતાં તેમાં સંપૂર્ણ જૈનશાસનનો સાર સમાવી દીધો છે. જાણે કે ગાગરમાં સાગરને સમાવી દીધો છે. તેથી જ કલિકાલસર્વજ્ઞ આ.શ્રીહેમચંદ્રસૂરિ મહારાજ સ્વરચિત સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં અ.૨ પા.૨ સૂ.૩૯ માં उपोमास्वातिं संग्रहीतारः=ઘણા વિષયનો થોડામાં સંક્ષેપ કરવાના વિષયમાં ઉમાસ્વાતિ મહારાજા જેવા બીજા કોઈ શ્રેષ્ઠ નથી. એમ જણાવ્યું છે.

## ગ્રંથકારનો પરિચય

ગ્રંથકારની માહિતી ગ્રંથકારે પોતે ગ્રંથના અંતે પ્રશસ્તિમાં સંક્ષેપથી જણાવી છે. તે આ પ્રમાણે–

"જેમનો યશ જગતમાં પ્રગટ છે તે શિવશ્રી નામના વાચકમુખ્યના પ્રશિષ્ય અગ્યાર અંગોના જ્ઞાતા ઘોષનંદી ક્ષમાશ્રમણના શિષ્ય, વાચનાથી (ભણાવનારની અપેક્ષાએ) મહાવાચક શ્રમણ મુંડપાદના શિષ્ય, વિસ્તૃત કીર્તિવાળા મૂલ નામના વાચકાચાર્યના શિષ્ય કૌભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતા અને વાત્સી ગોત્રવાળી ઉમા નામની માતાના પુત્ર ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા, કુસુમપુર (પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરમાં વિચરતા, ઉચ્ચ નાગર શાખાના વાચક શ્રી ઉમાસ્વાતિજીએ ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંત વચનોને સારી રીતે સમજીને (શરીર-મનના) દુઃખોથી પીડિત તથા અસત્યઆગમથી

નષ્ટબુદ્ધિવાળા જગતને જોઇને જીવોની અનુકંપાથી સ્પષ્ટ અર્થવાળા આ તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રની રચના કરી.''

આ વિશે હું વિશેષ વિવેચન લખતો નથી. કારણ કે બહુ વિસ્તારથી લખવું પડે. બહુ વિસ્તારથી લખાયેલા લખાણને વાંચવાનો રસ બહુ અલ્પજીવોને હોય છે તથા હું આંખની તકલીફના કારણે વિસ્તારથી લખવા માટે સમર્થ પણ નથી. આથી જિજ્ઞાસુઓએ આ વિશે વિશેષ માહિતી માટે ''ઉમાસ્વાતિ મહારાજા ક્યારે થયા ? કયા વંશમાં થયા'' ઇત્યાદિ વિગતો જૈનપરંપરાનો ઇતિહાસ ભાગ-૧ માંથી તથા પંડિત શ્રી સુખલાલજી કૃત તત્ત્વાર્થ વિવેચનવાળા પુસ્તકમાંથી તથા પૂ.આ. ભગવંત શ્રીકેસરસૂરિજી મહારાજાના સમુદાયનાં આ. શ્રીહેમપ્રભ-સૂરિજીના શિષ્ય વિદ્વાન મુનિ શ્રીઉદયપ્રભવિજયજીગણિવરે લખેલ સિદ્ધસેનગણિકૃત ટીકાના પ્રથમ અધ્યાયના ટીકાનુવાદમાં લખેલી ભૂમિકામાંથી તથા પ.પૂ. આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરિ મહારાજાએ લખેલ <u>तत्त्वार्थकतृतन्मतनिर्णयः</u> નામના પુસ્તકમાંથી જોઇ લેવું.

## ટીકાકાર મહર્ષિનો પરિચય

તત્ત્વાર્થકારિકા અને ભાષ્યની ટીકા કરનારા શ્રીહરિભદ્રસૂરિ મહારાજા જૈનશાસનમાં યાકિનીમહત્તરા ધર્મપુત્ર તરીકે પ્રસિદ્ધિને પામેલા અને ચૌદશો ગ્રંથના પ્રણેતા હરિભદ્રસૂરિ મહારાજા સમજવા. એમણે ડુપડુપિકા નામની ટીકા રચી છે. શબ્દકોષમાં ડુપડુપિકા શબ્દનો અર્થ જોવામાં આવ્યો નથી. પણ ડુપડુપિકા એટલે નાવડી એવો અર્થ મને જણાય છે. આ ટીકા પૂર્વે વિ.સં. ૧૯૯૨માં રતલામ નિવાસી શ્રેષ્ઠી ઋષભદેવજી કેસરીમલ જૈન શ્વેતાંબર સંસ્થા દ્વારા મુદ્રિત થઇ હતી. તેમાં લખાયેલા ઉપક્રમ પ્રમાણે આ ટીકા સૌથી પ્રાચીન છે. અર્થાત્ સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકાથી પણ પ્રાચીન છે, તેના કારણો [1]ઉપક્રમમાંથી જાણી લેવા તથા તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના કર્તા પણ ઉમાસ્વાતિ મહારાજા હતા.

૧. ઉપક્રમ આ પુસ્તકને અંતે આપેલો છે.

તેના કારણો પણ ઉપક્રમમાંથી જાણી લેવા. ભવિષ્યમાં વિદ્વાનોને ઉપયોગી બને તે માટે આ ઉપક્રમ આ ગ્રંથના પ્રથમ ભાગના અંતમાં મુદ્રિત કરવામાં આવ્યો છે. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ છઠ્ઠા અધ્યાયના ત્રેવીસમાં સૂત્રના "વિનયસંપન્નતા" પદ સુધીની ટીકા કરી છે. ત્યાર પછી એમની ટીકા જોવામાં આવતી નથી. કદાચ એ દરમિયાન એ મહાપુરુષ બિમાર પડ્યા હોય અને કાળધર્મ પામ્યા હોય એ બનવા જોગ છે. બાકી રહેલી એ ટીકાને આચાર્યશ્રી યશોભદ્રસૂરિએ ઉદ્ધાર કરવાનો પ્રારંભ કર્યો. તેમણે ત્યાંથી(=વિનયસંપન્નતા પછીથી) દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્ર સુધીની ટીકા ઉદ્ધરી[1] છે. બાકીની ટીકા તેમના શિષ્યે ઉદ્ધૃત કરી છે. આ વિગત દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની ટીકાના અંતે લખાયેલા પાઠથી સ્પષ્ટ થાય છે. આના ઉપરથી એ પણ નિશ્ચિત થાય છે કે સિદ્ધસેન ગણિની મોટી ટીકાથી આ ટીકા પ્રાચીન[2] છે.

## અનુવાદ અંગેની માહિતી

વિ.સં. ૨૦૫૩માં મારું ચાતુર્માસ પાલીતાણામાં થયું. તે વખતે સાધુ-સાધ્વીજીઓએ મારી પાસે ચાતુર્માસમાં વાંચના આપવાની માંગણી કરી. આથી તત્ત્વાર્થસૂત્ર ઉપર વાચના આપવાનું નિશ્ચિત થયું. તત્ત્વાર્થસૂત્ર ઉપર વર્તમાનમાં સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા અને શ્રીહરિભદ્રસૂરિકૃત નાની ટીકા એ બે ટીકાઓ પ્રસિદ્ધ છે. આ બે ટીકાઓને જોતાં મને લાગ્યું કે સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા ઘણી કઠિન છે. આથી હરિભદ્રસૂરિકૃત

---

૧. અહીં ઉદ્ધૃત=ઉદ્ધાર કર્યો એ શબ્દથી શું સમજવું ? દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની વૃત્તિના અંતે લખેલા પાઠના આધારે મને એમ સમજાય છે કે સિદ્ધસેન ગણિકૃત ટીકામાંથી ઉદ્ધાર કર્યો છે. અહીં શબ્દશઃ ઉદ્ધાર કર્યો છે એમ ન સમજવું. કિંતુ જ્યાં સિદ્ધસેન ગણિકૃત ટીકામાં પાઠ લાંબા હોય તેને ટૂંકાવી દીધા, જ્યાં શબ્દની કઠિનતા હોય ત્યાં સરળ શબ્દો મૂક્યા અને ક્યાંક પોતાને યોગ્ય લાગ્યા તેવા શબ્દો મૂક્યા. આ રીતે તેમણે ઉદ્ધાર કર્યો એમ મને જણાય છે.

૨. શ્રીહરિભદ્રસૂરિએ અપૂર્ણ ટીકા લખી એ દરમ્યાન સિદ્ધસેન ગણિએ એ ટીકાને પૂર્ણ કરવાને બદલે સ્વતંત્ર પોતાની મોટી ટીકા લખી. પછી યશોભદ્રસૂરિએ એ ટીકાના આધારે હરિભદ્રસૂરિની બાકીનો ટીકાનો ઉદ્ધાર કર્યો.

નાની ટીકા ઉપર વાચના આપવાનો નિર્ણય કર્યો. શાશ્વતી ઓળી આદિના દિવસો સિવાય ચાર માસ સુધી નિયમિત વાચના ચાલી.

આ સમયે મેં શ્રી તત્ત્વાર્થસૂત્રની શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકાનો અનુવાદ કરવાનો સંકલ્પ કર્યો પણ અન્ય ગ્રંથોના અનુવાદના કારણોસર આ અનુવાદ થઇ શક્યો નહિ. વિ.સં. ૨૦૬૪માં દહાણુ સ્ટેશનના ઇરાની રોડ ઉપર આવેલા ઉપાશ્રયમાં આનો અનુવાદ શરૂ કર્યો પણ તેમાં શારીરિક બિમારી આદિ ઘણા વિઘ્નો આવ્યા. આમ છતાં વિઘ્નો રૂપ ખડકો સાથે અથડાતી કુટાતી પણ આ અનુવાદ નૌકા ઘણા વિલંબથી પણ પૂર્ણતાના કિનારે આવેલી જોઇને મારું મન હર્ષવિભોર બની જાય એ સહજ છે.

આ અનુવાદમાં વિદ્વાનોને ઘણી ક્ષતિઓ દેખાશે, ક્યાંક વિસ્તારથી લખવાનું હોવા છતાં વિસ્તારથી ન લખ્યું હોય, ક્યાંક સંસ્કૃત શબ્દને અનુરૂપ ગુજરાતી શબ્દ લખવામાં ભૂલ કરી હોય, ક્યાંક ભાવાર્થ સમજવામાં નિષ્ફળ બન્યો હોઉં, ક્યાંક સૂત્ર-ટીકાનો અર્થ ખોટો થયો હોય ઇત્યાદિ ઘણી ક્ષતિઓ દેખાશે. આમ છતાં વિદ્વાનોને હું પૂ. ઉમાસ્વાતિ મહારાજાના શબ્દોમાં વિનંતી કરું છું કે—

पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् । (પ્રશમરતિ ગા.૩૧૨)

પિતા પુત્રના અપરાધને માફ કરે તેમ વિદ્વાનોએ માફ કરવું.

હું એક તરફ મારી બુદ્ધિની મંદતાને જોઉં છું બીજી તરફ આ અનુવાદને જોઉં છું તો મારી સામે 'હું આ કેવી રીતે કરી શક્યો ?' એવો પ્રશ્નાર્થચિહ્ન ખડો થાય છે પણ મારા ઉપકારી સિદ્ધાંત મહોદધિ પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને નિઃસ્પૃહતામૂર્તિ પરમ ગુરુદેવ શ્રીહીરસૂરીશ્વરજી મહારાજાની દિવ્ય કૃપાદૃષ્ટિનું સ્મરણ થતાં જ એ પ્રશ્નાર્થચિહ્ન અદૃશ્ય થઇ જાય છે. આથી આ પ્રસંગે એ બે મહાપુરુષોને હર્ષ ભરેલા હૃદયથી વંદન કરું છું તથા વર્ધમાનતપોનિધિ (વર્ધમાનતપ આયંબિલની ૧૦૦ + ૮૮ ઓળીના આરાધક) પૂ. ગુરુદેવ શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.ને પણ ભાવભર્યું નમન કરું છું.

## સહાયકોનું સંસ્મરણ

અનુવાદ પૂર્ણ કરી દેવા માત્રથી કાર્ય પૂર્ણ થઇ જતું નથી. અનુવાદ તૈયાર થયા પછી જ્યાં સુધી પુસ્તક રૂપે પ્રકાશિત ન થાય ત્યાં સુધી ઘણી જવાબદારી વહન કરવાની હોય છે. મુનિ શ્રીધર્મશેખરવિજયજીએ આ બધી જવાબદારી પોતાના શિરે લઇને મને એ જવાબદારીમાંથી મુક્ત કર્યો. આમ કરીને તેમણે મારા પ્રત્યે રહેલા હાર્દિક ભાવની અભિવ્યક્તિ કરી છે. અર્થની કે શબ્દની અશુદ્ધિ ન રહે એ માટે એમણે પ્રથમ અધ્યાયથી આરંભી દશમા અધ્યાય સુધીનું મેટર શાંતિથી અને એકાગ્રતાથી વાંચ્યું. પછી પ્રુફ સંશોધનમાં પણ ઘણી મહેનત કરી રહ્યા છે. પ્રુફ સંશોધનમાં મુનિ દિવ્યશેખરવિજયજી પણ ઘણો સહયોગ આપી રહ્યા છે.

મને આંખની તકલીફ થયા પછી બધો અનુવાદ લખવામાં (હું બોલું અને તે લખે એ રીતે) તેમણે જ લખી આપ્યો છે. ટીકાના પ્રારંભના ચાર અધ્યાયના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીહિતશેખરવિજયજીએ કરી છે. બાકીના સંપૂર્ણ ભાષ્યસહિત ટીકાના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીસુમતિશેખરવિજયજીએ સુવાચ્ય અક્ષરોમાં તૈયાર કરી છે તથા કોઇ કોઇ સ્થળે અનુવાદ લખવાનો રહી ગયો હોય તે અનુવાદ પણ તેમણે લખી આપ્યો છે.

આ પ્રસંગે મને સાધુસેવા કરવાનો ગુણ જેના સ્વભાવમાં રહેલો છે તેવા મુનિ શ્રીકૈવલ્યદર્શનવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વિ.સં. ૨૦૬૪નાં વાપીનાં ચાતુર્માસમાં મને આવેલી બિમારીમાં તેમણે લગભગ બે મહિનાથી પણ અધિક સમય સુધી નિઃસ્વાર્થપણે મારી હાર્દિક સેવા કરી. મુનિ શ્રીદિવ્યશેખરવિજયજી માટે હું શું લખું ? અને કેટલું લખું ? એ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે. એમના માટે ટૂંકમાં એટલું જ લખું છું કે શરીર અનેક તકલીફોથી ઘેરાતું જાય છે અને અત્યંત કૃશ બનતું જાય છે એવી અવસ્થામાં મારા માટે એ જ સર્વસ્વ છે. દરરોજ સવાર-બપોર-સાંજે એ ત્રણે સમયે માતા જેમ બાળકને ખવડાવે તેમ મને આહાર

વપરાવે છે અને એક પછી એક દવાઓ આપે છે. મને ક્યારેક આ દૃશ્યની સ્મૃતિ થાય છે ત્યારે મારી આંખો આંસુઓથી ભીની થઇ જાય છે.

મને જ્યારે ભૂતકાળની સ્મૃતિ થાય છે ત્યારે મુનિશ્રી (હમણા પંન્યાસ) રવિશેખરવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વર્ષો સુધી મારી સેવા કરીને મારી સંયમયાત્રામાં અને સાહિત્યયાત્રામાં સાથ આપ્યો છે.

વિ.સં. ૨૦૫૦માં શેષકાળમાં મને પૂના - ટીંબર માર્કેટમાં ગાઢ બિમારી આવી ત્યારે મેં જીવવાની આશા છોડી દીધી હતી તેવી અવસ્થામાં એકલા[1] હાથે મારી સેવા કરનારા મુનિ શ્રીહર્ષશેખરવિજયજીને પણ હું કેમ ભૂલી શકું ?

સહવર્તી સર્વમહાત્માઓ મારી સેવા કરવામાં સદા ઉત્સુક રહે છે આમ છતાં મારું શારીરિક આરોગ્યનું પુણ્ય અત્યંત નબળું હોવાના કારણે જેમાં સમાધિ રાખવી કઠિન બની જાય તેવી નવી નવી તકલીફો ઉત્પન્ન થયા કરે છે. આમ છતાં આવા સેવાભાવી મહાત્માઓના પ્રભાવથી મારું સંપૂર્ણ જીવન સમાધિમય બની રહે એ જ અભ્યર્થના.

આ અનુવાદમાં ગ્રંથકારના આશયથી, ભાષ્યકારના આશયથી, ટીકાકારના આશયથી અને જિનાજ્ઞાથી વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડં આપવાપૂર્વક મારી લેખિનીને અહીં થોભાવી દઉં છું.

**- આચાર્ય રાજશેખરસૂરિ**
**વિ.સં. ૨૦૬૬, આસો વદ-૧૨**
**કલ્પનગરી, મુંબઇ-મુલુંડ**

૧. આ સમયે મુનિ શ્રીધર્મશેખરવિજયજી પણ પૂના હતા, તેઓ કેમ્પમાં ગાઢ બિમારીના કારણે પથારીવશ થયેલા મુનિ શ્રીકર્મજિતવિજયજી મ.સા.ની સેવામાં રોકાયેલા હતા.

## ✻ સંપાદકની સંવેદના ✻

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ગુરુકુલવાસમાં વસીને સિદ્ધહસ્ત ભાવાનુવાદકાર પરમ સંવેગી પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજાએ ૫૫ વર્ષના નિર્મળ સંયમની ક્ષણોને સંયમ, સ્વાધ્યાય અને ગુરુસમર્પણભાવની પવિત્ર ગંગોત્રીમાં અવગાહન કરતાં લગભગ આઠ વર્ષના અલ્પ ચારિત્ર પર્યાયે તો અત્યંત કઠીન ગણાતા 'પએસબંધો' નામના કર્મગ્રંથ વિષયક ગ્રંથરત્નની ટીકા રચી. ત્યારથી પ્રારંભાયેલી પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા અવિરત ચાલતી રહી. અત્યંત નાજુક નાદુરસ્તી વચ્ચે પણ આંતરિક મજબૂત લોખંડી મનોબળના કારણે આત્માને તંદુરસ્ત બનાવે તેવા કેટલાય ગ્રંથરત્નોના ભાવાનુવાદ, લેખન, સંપાદન, સંકલન કર્યા. સાહિત્યયાત્રાનું અંતિમ માઈલસ્ટોન કહીએ તો પ્રસ્તુત 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' આ ગ્રંથ સાથે અનેક ઘટનાઓ સંકળાયેલી છે. 'श्रेयांसि बहुविघ्नानि महतामपि जायते' આ ઉક્તિ આ સર્જનમાં સાર્થક નીવડી છે.

પ્રેસર (ઉંચું લોહીનું દબાણ)ની તકલીફ વધતાં તેની અસર પૂજ્યશ્રીની ચક્ષુ ઉપર થઈ. તાત્કાલિક ઉપાયો કરાવવા છતાં એક આંખે લગભગ દૃષ્ટિ જતી રહી. એક આંખથી પણ કામ ચાલું રહ્યું. તેમાં ભીવંડીના ચાતુર્માસ દરમિયાન બીજી આંખમાં મોતીયો ઉતરાવ્યો. લેન્સ જે નંબરનો હોવો જોઈએ તેના કરતાં જૂદો બેસાડ્યો. પરિણામે બીજી આંખે પણ લગભગ દેખાવાનું બંધ જેવું થયું. આ દરમિયાન તત્ત્વાર્થાધિગમ સૂત્રનો ભાવાનુવાદ ચાલું હતો. મુંબઈમાં ડૉ. સુજલ શાહ કે જેઓ પ્રભુશાસનના તત્ત્વજ્ઞાનના પરમ પિપાસુ, સાધુ વેયાવચ્ચના રસિયા હતા. તેમના સતત સતત પ્રયાસથી લગભગ ૧૫ ટકા જેટલી દૃષ્ટિનો ઉઘાડ થયો. જે અનુવાદનું કાર્ય બાકી હતું તેના વિશાળ કદના અક્ષરોવાળી ઝેરોક્ષ નકલો કરાવી. પૂજ્યશ્રીની આંખે ચોવીશ નંબરના ચશ્મા પહેરાવ્યા. બિલકુલ નિકટમાં લાવીને અક્ષરો વંચાય તેના આધારે પૂજ્યશ્રી તેઓશ્રીના વિનયી શિષ્ય મુ.શ્રી દિવ્યશેખર વિ.ને કહેતા જાય અને ગ્રંથનું કાર્ય આગળ વધતું જાય. આ રીતે દશ અધ્યાયનું કાર્ય પૂર્ણ થતાં ખ્યાલ આવ્યો કે પ્રારંભના પાંચ અધ્યાયના 'ભાષ્ય'નો અનુવાદ તો બાકી રહી ગયો છે.

તે પણ આવી આંખે પૂજ્યશ્રીએ પૂર્ણ કરાવ્યો. સવાર થતાં જ ગુરુ-શિષ્યની જોડી આ કાર્યમાં જોડાઇ જાય એ સુખદ દશ્ય તો જેણે જોયું તે ધન્ય બન્યા ! જૈનશાસનના રાજા જેવું તૃતીયપદ મળ્યું હોવા છતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાની પેલી પંક્તિ 'बाह्यदृष्टि प्रचारेषु मुद्रितेषु महात्मनः, अन्तरेवावभासन्ते स्फुटाः सर्वा समृद्धयः ॥ - જ્ઞાનસાર' ને પૂજ્યશ્રીએ સ્વજીવનની પ્રત્યેક ક્ષણોમાં સાર્થક કરી હતી.

અથાક પ્રયત્ને પૂર્ણ કરેલા અનુવાદ પછીની જે કાર્ય સિદ્ધિની સુખદ ક્ષણો હતી તેના સાક્ષી જે બન્યા હોય તે કહી શકે કે પૂજ્યશ્રી કેટલા પ્રસન્ન હતા !

સિદ્ધિની અનુભૂતિઓને અક્ષર દેહ આપીને પ્રસ્તાવના રૂપે લખવાનો જ્યારે અવસર આવ્યો તે ક્ષણે હું (મુનિ ધર્મ શે.વિ.) તથા મુ.શ્રી દિવ્ય શે.વિ. સામે બેઠા હતા. પૂજ્યશ્રી જેમ જેમ લખતા જતા હતા તેમ તેમ નેત્રો પણ સજળ બનતા જતા હતા. અત્યંત સંવેદનશીલતાપૂર્વક લખાયેલી પ્રસ્તાવનામાં નાનામાં નાના સાધુએ કે કોઇ શ્રાવકે કંઇક મદદ કરી હોય તો તે બધાને સ્મૃતિપથમાં લીધા હતા.

અનુવાદનું કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂર્ણ કર્યું તે વખતે એક પુણ્યાત્માને પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અનુવાદનું કાર્ય પૂર્ણ થયું છે. પ્રેસમાં પણ મોકલી આપ્યું છે. છપાવવા વગેરેનું કાર્ય મારા શિષ્યાદિ સંભાળી લેશે. તેથી હવે ઉંમરના કારણે કે શારીરિક અસ્વસ્થતાને કારણે મારી ગેરહાજરી હોય તો પણ પુસ્તક છપાઇ જશે !' જાણે પૂજ્યશ્રીને પોતાના જીવનસમાપ્તિનો સંકેત મળી ગયો હશે !

અનુવાદ કરતી વખતે અનેક પ્રતોનો સહારો લેવાયો હતો. જે મુદ્રિત પ્રતના આધારે અનુવાદ શરૂ કર્યો હતો તેમાં ઘણી અશુદ્ધિઓ હતી, ક્યાંક ક્યાંક અનુસંધાન પણ મળતું નહોતું. વરસોથી અનુવાદની સિદ્ધહસ્તતાને કારણે પૂજ્યશ્રીએ પોતાના અનુભવથી તે તે પાઠોનું અન્ય અન્ય પ્રતોના આધારે અનુસંધાન ગોઠવી દીધું હતું. ખાસ કરીને 'શ્રી સિદ્ધસેન ગણિ' કૃત તત્ત્વાર્થની ટીકાના આધારે ઘણા સુધારા કર્યા હતા. શ્રુતોપાસિકા સાધ્વીજી શ્રી ચંદનબાળાશ્રીજી મહારાજે પણ હસ્તલિખિત પ્રત મેળવી આપવામાં ઘણી સહાય કરી હતી. આ રીતે અનુવાદ કરી શેષ કાર્ય છપાવવા વગેરેની

જવાબદારી મને સોંપી પૂજ્ય ગુરુદેવશ્રી પાલિતાણા મુકામે વિ.સં. ૨૦૬૮ ના ચૈત્ર વદ ૪ ના સ્મૃતિશેષ થયા.

ગુરુદેવશ્રીની હાજરીમાં તો ક્યાંક ક્ષતિ રહી હોય તો પ્રમાર્જના કરાવવા માટે તુરંત તેમની પાસે દોડીને પહોંચી જતો હતો. હવે તેઓશ્રીની ગેરહાજરીમાં આ કાર્ય કોની પાસે કરવું ? તેમાં પૂ. બાપજી મહારાજાના સમુદાયના વિદ્વદ્વર્ય પૂ. આચાર્યદેવ શ્રી મુનિચન્દ્ર સૂ.મહારાજાને આ પ્રુફ સંશોધન માટે વિનંતિ કરતાં વરસોથી સાહિત્ય સંશોધનાદિ કારણે જેઓ પૂજ્યશ્રી સાથે આત્મીય ભાવે જોડાયેલા હતા તેથી આ અંગે હૃદયોદ્ગાર જણાવતાં એઓશ્રીએ જણાવ્યું કે 'ઋણ ચૂકવવાની સુંદર તક આપી.' પૂ. પંન્યાસશ્રી નયભદ્ર વિ.મહારાજે પણ પ્રુફ સંશોધન કર્યું. મુ.શ્રી દિવ્યશેખર વિજયજી તો સદા ઉપયોગી બન્યા રહે છે. મુ.શ્રી પદ્મશ્રમણ વિ.મહારાજે પણ પ્રુફો મેળવવામાં સહકાર આપ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ કેટલાક સ્થળો જોવા માટે પ્રેમ-ભુવનભાનુ સૂ.મ.ના સમુદાયના વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી યશોવિજયજી મહારાજને મેટર મોકલી આપ્યું હતું. તેમણે પણ કાર્ય ખંતથી કરી અનુવાદ મોકલ્યો તે પણ આ ગ્રંથમાં સમાવિષ્ટ છે.

મેટર પ્રેસમાં આપ્યા પછી ત્રણ ત્રણ વર્ષ પસાર થઇ ગયા. તેજસ પ્રિન્ટર્સના તેજસભાઇએ પણ ખૂબ ધીરજથી ચીવટપૂર્વક કાર્ય પૂર્ણ કર્યું છે. એક ગ્રંથરત્નનું સર્જન જ્યારે અનેક આરાધકોની સહાયથી પૂર્ણ થઇ રહ્યું છે ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં ન થયાની અધુરાશ છે. છતાં પરમગુરુદેવ ગચ્છસ્થવિર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ.મહારાજાનું વાત્સલ્ય, પ્રેરણા, અવસરે કાર્યભારને વહેલી તકે પૂર્ણ કરવાની મળતી ટકોરે આ કાર્ય પૂર્ણ થઇ રહ્યાનો સંતોષ અનુભવું છું. આ સર્જનમાં જેનો જેનો સહકાર મળ્યો તે સહુનો હું ઋણી છું.

**વિ.સં. ૨૦૭૦, પોષ સુદ ૬, સોમવાર,** **- મુનિ ધર્મશેખર વિજયજી ગણિ**
**તા. ૦૯-૦૧-૨૦૧૪, વર્ધમાનનગર, રાજકોટ**

# ✻ વિષયાનુક્રમ ✻


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ✦ મૂળસૂત્ર | 19 |
| ✦ બીજો અધ્યાય | ૧ |
| ✦ જીવના પાંચ ભાવો | ૧ |
| ✦ **સૂત્ર-૧ :** औपशमिकक्षायिकौ भावौ | ૧ |
| ✦ ક્રમમાં હેતુ | ૩ |
| ✦ પાંચ ભાવોના ભેદોની સંખ્યા | ૫ |
| ✦ **સૂત્ર-૨ :** द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् | ૫ |
| ✦ પાંચેય ભાવોના ભેદો | ૬ |
| ✦ ઔપશમિકભાવના ભેદો | ૭ |
| ✦ **સૂત્ર-૩ :** सम्यक्त्वचारित्रे | ૭ |
| ✦ ક્ષાયિકભાવના ભેદો | ૯ |
| ✦ **સૂત્ર-૪ :** ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च | ૯ |
| ✦ ક્ષાયોપશમિકભાવના ભેદો | ૧૨ |
| ✦ **સૂત્ર-૫ :** ज्ञानाज्ञानदर्शनदानादिलब्धय | ૧૨ |
| ✦ ઔદયિકભાવના ભેદો | ૧૮ |
| ✦ **સૂત્ર-૬ :** गतिकषायलिङ्गमिथ्यादर्शनो | ૧૮ |
| ✦ પારિણામિકભાવના ભેદો | ૨૩ |
| ✦ **સૂત્ર-૭ :** जीवभव्याभव्यत्वादीनि च | ૨૩ |
| ✦ જીવનું લક્ષણ | ૩૨ |
| ✦ **સૂત્ર-૮ :** उपयोगो लक्षणम् | ૩૨ |
| ✦ ઉપયોગના ભેદો | ૩૪ |
| ✦ **સૂત્ર-૯ :** स द्विविधोऽष्टचतुर्भेदः | ૩૪ |
| ✦ જીવના મુખ્ય બે ભેદો | ૩૭ |
| ✦ **સૂત્ર-૧૦ :** संसारिणो मुक्ताश्च | ૩૭ |
| ✦ સંસારી જીવોના બે ભેદો | ૩૮ |
| ✦ **સૂત્ર-૧૧ :** समनस्कामनस्काः | ૩૮ |
| ✦ સંસારી જીવો ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે છે | ૪૦ |

- **સૂત્ર-૧૨ : संसारिणस्त्रसस्थावराः** ........ ૪૦
- સ્થિતિશીલ જીવો ........ ૪૧
- **સૂત્ર-૧૩ : पृथिव्यम्बुवनस्पतयः स्थावराः** ........ ૪૧
- ગતિશીલ જીવો ........ ૪૩
- **સૂત્ર-૧૪ : तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः** ........ ૪૩
- ઇન્દ્રિયો પાંચ છે ........ ૪૬
- **સૂત્ર-૧૫ : पञ्चेन्द्रियाणि** ........ ૪૬
- ઇન્દ્ર એટલે જીવ ........ ૪૯
- ઇન્દ્રિય જીવનું લિંગ છે એની અનેક સિદ્ધિ ........ ૪૯
- ઇન્દ્રિયો બે પ્રકારે છે ........ ૫૧
- **સૂત્ર-૧૬ : द्विविधानि** ........ ૫૧
- દ્રવ્યેન્દ્રિયના બે ભેદ ........ ૫૨
- **સૂત્ર-૧૭ : निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम्** ........ ૫૨
- નિર્વૃત્તિ ઇન્દ્રિયની માહિતી ........ ૫૪
- ઉપકરણ ઇન્દ્રિયનું વર્ણન ........ ૫૫
- ભાવેન્દ્રિયના ભેદો ........ ૫૬
- **સૂત્ર-૧૮ : लब्ध्युपयोगौ भावेन्द्रियम्** ........ ૫૬
- ઉપયોગના વિષયો ........ ૬૦
- **સૂત્ર-૧૯ : उपयोगः स्पर्शादिषु** ........ ૬૦
- પાંચ ઇન્દ્રિયના નામો ........ ૬૩
- **સૂત્ર-૨૦ : स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि** ........ ૬૩
- ઇન્દ્રિયોનો વિષય ........ ૬૫
- **સૂત્ર-૨૧ : स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थाः** ........ ૬૫
- મનનો વિષય ........ ૬૬
- **સૂત્ર-૨૨ : श्रुतमनिन्द्रियस्य** ........ ૬૬
- વાયુ સુધીના જીવોને એક ઇન્દ્રિય હોય છે ........ ૬૮
- **સૂત્ર-૨૩ : वाय्वन्तानामेकम्** ........ ૬૮
- કયા જીવોને કેટલી ઇન્દ્રિયો હોય ........ ૬૯

◆ **સૂત્ર-૨૪ :** कृमिपिपीलिकाभ्रमरमनुष्यादीनाम् .................. ૬૯
◆ સંજ્ઞી જીવો મનવાળા હોય ........................................ ૭૩
◆ **સૂત્ર-૨૫ :** संज्ञिनः समनस्काः .............................. ૭૩
◆ સંજ્ઞાના ત્રણ ભેદ .................................................. ૭૫
◆ ચાર સંજ્ઞા............................................................ ૭૬
◆ વિગ્રહ ગતિમાં કયો યોગ હોય .................................. ૭૭
◆ **સૂત્ર-૨૬ :** विग्रहगतौ कर्मयोगः ............................ ૭૭
◆ આકાશમાં જીવ-પુદ્ગલની ગતિ ................................ ૮૦
◆ **સૂત્ર-૨૭ :** अनुश्रेणिर्गतिः .................................. ૮૦
◆ સિદ્ધ થતા જીવની ગતિ .......................................... ૮૨
◆ **સૂત્ર-૨૮ :** अविग्रहा जीवस्य ................................ ૮૨
◆ સંસારી જીવોની ગતિ તથા વિગ્રહગતિનો કાળ ................ ૮૩
◆ **સૂત્ર-૨૯ :** विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ............ ૮૩
◆ વિગ્રહગતિ શાથી થાય છે ? .................................... ૮૭
◆ ચારથી અધિક સમયનો અને ત્રણથી અધિક વિગ્રહનો અભાવ .. ૮૭
◆ વિગ્રહગતિનો કાળ.................................................. ૯૨
◆ **સૂત્ર-૩૦ :** एकसमयो विग्रहः ................................ ૯૨
◆ અંતરાલગતિમાં આહારનો વિચાર .............................. ૯૪
◆ **સૂત્ર-૩૧ :** एकं द्वौ वाऽनाहारकः ............................ ૯૪
◆ જન્મના પ્રકારો ...................................................... ૯૯
◆ **સૂત્ર-૩૨ :** सम्मूर्च्छनगर्भोपपाता जन्म ........................ ૯૯
◆ સંમૂર્ચ્છન જન્મ ...................................................... ૧૦૦
◆ ગર્ભજન્મ .............................................................. ૧૦૧
◆ ઉપપાતજન્મ .......................................................... ૧૦૧
◆ યોનિના પ્રકારો ...................................................... ૧૦૨
◆ **સૂત્ર-૩૩ :** सचित्तशीतसंवृताः सेतरा .......................... ૧૦૨
◆ યોનિનું સ્વરૂપ ...................................................... ૧૦૫

- ◆ કોને કઇ યોનિ હોય ........................................ ૧૦૬
- ◆ કોને કયા પ્રકારનો જન્મ હોય ........................................ ૧૦૭
- ◆ **સૂત્ર-૩૪ :** जरायुजाण्डजपोतजानां गर्भः ........................................ ૧૦૭
- ◆ નારક-દેવોને ઉપપાત જન્મ હોય ........................................ ૧૦૯
- ◆ **સૂત્ર-૩૫ :** नारकदेवानामुपपातः ........................................ ૧૦૯
- ◆ બાકીના જીવોને સંમૂર્ચ્છન જન્મ હોય ........................................ ૧૧૦
- ◆ **સૂત્ર-૩૬ :** शेषाणां सम्मूर्च्छनम् ........................................ ૧૧૦
- ◆ શરીરનાં પાંચ ભેદો ........................................ ૧૧૧
- ◆ **સૂત્ર-૩૭ :** औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि ...... ૧૧૧
- ◆ શરીરમાં સૂક્ષ્મતાનો વિચાર ........................................ ૧૧૪
- ◆ **સૂત્ર-૩૮ :** परं परं सूक्ष्मम् ........................................ ૧૧૪
- ◆ શરીરમાં પ્રદેશોનો વિચાર ........................................ ૧૧૬
- ◆ **સૂત્ર-૩૯ :** प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् तैजसाद् ............. ૧૧૬
- ◆ તૈજસ અને કાર્મણના પ્રદેશો અનંતગુણા છે .................. ૧૧૮
- ◆ **સૂત્ર-૪૦ :** अनन्तगुणे परे ........................................ ૧૧૮
- ◆ તૈજસ અને કાર્મણ પ્રતિઘાતથી રહિત છે ..................... ૧૨૦
- ◆ **સૂત્ર-૪૧ :** अप्रतिघाते ........................................ ૧૨૦
- ◆ તૈજસ અને કાર્મણ શરીર અનાદિથી છે ........................ ૧૨૧
- ◆ **સૂત્ર-૪૨ :** अनादिसम्बन्धे च ........................................ ૧૨૧
- ◆ તૈજસ-કામણ શરીર સંસારી બધા જીવોને હોય .............. ૧૨૩
- ◆ **સૂત્ર-૪૩ :** सर्वस्य ........................................ ૧૨૩
- ◆ એક જીવને એકી સાથે કેટલા શરીરો હોય ...................... ૧૨૬
- ◆ **સૂત્ર-૪૪ :** तदादीनि भाज्यानि युगपदेकस्याचतुर्भ्यः ............ ૧૨૬
- ◆ કાર્મણ શરીર ઉપભોગથી રહિત છે ........................................ ૧૩૧
- ◆ **સૂત્ર-૪૫ :** निरुपभोगमन्त्यम् ........................................ ૧૩૧
- ◆ ગર્ભજ અને સમૂર્ચ્છનજન્મવાળાને ઔદારિકશરીર હોય ....... ૧૩૫
- ◆ **સૂત્ર-૪૬ :** गर्भसम्मूर्च्छनजमाद्यम् ........................................ ૧૩૫
- ◆ ઉપપાતજન્મવાળાને વૈક્રિયશરીર હોય ........................................ ૧૩૬

- ◆ **સૂત્ર-૪૭ :** वैक्रियमोपपातिकम्............................ ૧૩૬
- ◆ લબ્ધિવાળાને પણ વૈક્રિયશરીર હોય ........................ ૧૩૭
- ◆ **સૂત્ર-૪૮ :** लब्धिप्रत्ययं च ................................ ૧૩૭
- ◆ આહારકશરીર ચૌદપૂર્વધરમુનિને હોય ........................ ૧૩૮
- ◆ **સૂત્ર-૪૯ :** शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधरस्य.... ૧૩૮
- ◆ તૈજસશરીર પણ લબ્ધિવાળાને હોય ........................ ૧૪૧
- ◆ **સૂત્ર-૫૦ :** तैजसमपि.................................... ૧૪૧
- ◆ શરીરના ઔદારિક આદિ નામોનો અર્થ ........................ ૧૫૦
- ◆ શરીરની ભિન્નતામાં નવ કારણો ............................ ૧૫૫
- ◆ કારણ-વિષય-સ્વામી-પ્રયોજન-પ્રમાણ-પ્રદેશ ................. ૧૫૫
- ◆ અવગાહના-સ્થિતિ-અલ્પબહુત્વ.............................. ૧૫૬
- ◆ નારક અને સમૂર્ચ્છિમજીવો નપુંસક હોય ...................... ૧૫૮
- ◆ **સૂત્ર-૫૧ :** नारकसम्मूर्च्छिनो नपुंसकानि...................... ૧૫૮
- ◆ દેવો નપુંસક ન હોય .......................................... ૧૬૦
- ◆ **સૂત્ર-૫૨ :** न देवाः ........................................ ૧૬૦
- ◆ આયુષ્યના ભેદો-અપવર્તનીય-અનપવર્તનીય ..................... ૧૬૩
- ◆ **સૂત્ર-૫૩ :** औपपातिकचरमदेहोत्तमपुरुषा ........................ ૧૬૩
- ◆ આયુષ્ય ક્યારે બંધાય ........................................ ૧૭૪
- ◆ આયુષ્યના અપર્વતન સંબંધી પૂર્વપક્ષ ........................ ૧૭૫
- ◆ આયુષ્યના અપવર્તન સંબંધી ઉત્તરપક્ષ........................ ૧૭૬
- ◆ શુષ્કતૃણરાશિદહનનું દૃષ્ટાંત ................................ ૧૭૬
- ◆ ગણિતનું દૃષ્ટાંત.............................................. ૧૭૭
- ◆ ભીના વસ્ત્રનું દૃષ્ટાંત.......................................... ૧૭૮
- ◆ ભાવાનુવાદકારની પ્રશસ્તિ .................................... ૧૭૯

## બીજો અધ્યાય

औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिक-
पारिणामिकौ च ॥२-१॥

द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् ॥२-२॥

सम्यक्त्वचारित्रे ॥२-३॥

ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च ॥२-४॥

ज्ञानाज्ञानदर्शनदानादिलब्धयश्चतुस्त्रित्रिपञ्चभेदाः
सम्यक्त्वचारित्रसंयमासंयमाश्च ॥२-५॥

गतिकषायलिङ्गमिथ्यादर्शनाज्ञानासंयतासिद्धत्वलेश्याश्चतुश्चतुस्त्र्ये-
कैकैकैकषड् भेदाः ॥२-६॥

जीवभव्याभव्यत्वादीनि ॥२-७॥

उपयोगो लक्षणम् ॥२-८॥

स द्विविधोऽष्टचतुर्भेदः ॥२-९॥

संसारिणो मुक्ताश्च ॥२-१०॥

समनस्कामनस्काः ॥२-११॥

संसारिणस्त्रसस्थावराः ॥२-१२॥

पृथिव्यम्बुवनस्पतयः स्थावराः ॥२-१३॥

तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः ॥२-१४॥

पञ्चेन्द्रियाणि ॥२-१५॥

द्विविधानि ॥२-१६॥

निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ॥२-१७॥

लब्ध्युपयोगौ भावेन्द्रियम् ॥२-१८॥

उपयोगः स्पर्शादिषु ॥२-१९॥

स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि ॥२-२०॥

स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थाः ॥२-२१॥

श्रुतमनिन्द्रियस्य ॥२-२२॥

वाय्वन्तानामेकम् ॥२-२३॥

कृमिपिपीलिकाभ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि ॥२-२४॥

संज्ञिनः समनस्काः ॥२-२५॥
विग्रहगतौ कर्मयोगः ॥२-२६॥
अनुश्रेणिर्गतिः ॥२-२७॥
अविग्रहा जीवस्य ॥२-२८॥
विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ॥२-२९॥
एकसमयो विग्रहः ॥२-३०॥
एकं द्वौ वाऽनाहारकः ॥२-३१॥
सम्मूर्च्छनगर्भोपपाता जन्म ॥२-३२॥
सचित्तशीतसंवृताः सेतरा मिश्राश्चैकैकशस्तद्योनयः ॥२-३३॥
जरायुजाण्डजपोतजानां गर्भः ॥२-३४॥
नारकदेवानामुपपातः ॥२-३५॥
शेषाणां सम्मूर्च्छनम् ॥२-३६॥
औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि ॥२-३७॥
परं परं सूक्ष्मम् ॥२-३८॥
प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् तैजसाद् ॥२-३९॥
अनन्तगुणे परे ॥२-४०॥
अप्रतिघाते ॥२-४१॥
अनादिसम्बन्धे च ॥२-४२॥
सर्वस्य ॥२-४३॥
तदादीनि भाज्यानि युगपदेकस्याचतुर्भ्यः ॥२-४४॥
निरुपभोगमन्त्यम् ॥२-४५॥
गर्भसम्मूर्च्छनजमाद्यम् ॥२-४६॥
वैक्रियमोपपातिकम् ॥२-४७॥
लब्धिप्रत्ययं च ॥२-४८॥
शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधरस्य ॥२-४९॥
तैजसमपि ॥२-५०॥
नारकसम्मूर्च्छिनो नपुंसकानि ॥२-५१॥
न देवाः ॥२-५२॥
औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ॥२-५३॥

# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્

## બીજો અધ્યાય

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता जीवादीनि तत्त्वानि । तत्र को जीवः कथंलक्षणो वेति । अत्रोच्यते-

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** આપે જીવાદિ તત્ત્વો કહ્યા તેમાં જીવ કોને કહેવાય અને જીવનું લક્ષણ શું છે ?

**ઉત્તર–** અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** अधुना द्वितीय आरभ्यते, तत्र चायं सम्बन्धग्रन्थः 'अत्राहे'त्यादि, अत्राह- उक्तं भवता प्रथमेऽध्याये, किमित्याह जीवादीनि तत्त्वानि- जीवाजीवाश्रवेत्याद्यभिधानात्, तत्र को जीवः स्वतत्त्वतः कथंलक्षणः-किंलक्षणो वेत्याशङ्कयाह–

**ટીકાવતરણિકાર્થ–** હવે બીજા અધ્યાયનો પ્રારંભ કરવામાં આવે છે. તેમાં 'अत्राह' इत्यादि સંબંધ ગ્રંથ છે. અહીં પ્રશ્નકાર કહે છે કે, આપે પહેલા અધ્યાયમાં 'जीवाजीवाश्रव' ઇત્યાદિ કહેવાથી જીવાદિ તત્ત્વો કહ્યા. તેમાં જીવ સ્વરૂપથી કેવા સ્વરૂપવાળો છે અને એનું લક્ષણ શું છે ? એવી આશંકા કરીને સૂત્રકાર કહે છે–

**જીવના પાંચ ભાવો–**

**औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ च ॥२-१॥**

**સૂત્રાર્થ–** ઔપશમિક, ક્ષાયિક, મિશ્ર, ઔદયિક, પારિણામિક એ પાંચ ભાવો જીવના સ્વતત્ત્વ=સ્વસ્વરૂપ છે. (૨-૧)

**भाष्यं–** औपशमिकः क्षायिकः क्षायोपशमिकः औदयिकः पारिणामिक इत्येते पञ्च भावा जीवस्य स्वतत्त्व भवन्ति ॥२-१॥

**ભાષ્યાર્થ–** ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક આ પાંચ ભાવો જીવનું સ્વતત્ત્વ=સ્વરૂપ છે. (૨-૧)

**टीका–** औपशमिकश्च क्षायिकश्चौपशमिकक्षायिकौ भावौ-धर्मौ मिश्रश्च-क्षायोपशमिकश्च जीवस्य-आत्मनः सामान्येन स्वतत्त्वं-स्वशब्द आत्मवचन एव, तत्त्वशब्दो भावाभिधायी, ततश्च स्वतत्त्वमिति जीवात्मभाव एव, नैते एवेत्याह-औदयिकश्च पारिणामिकश्चौदयिकपारिणामिकौ, एतौ च स्वतत्त्वम्, चशब्दात् सान्निपातिकः, इह च जीवस्वतत्त्वाधिकारादादावौपशमिकक्षायिकग्रहः तत्रापि आद्य औपशमिकग्रहः, औपशमिकपूर्वकत्वात् क्षायिकस्य, तथा अल्पाश्रयत्वादल्पकालस्थायित्वाच्चादावौपशमिकस्य, तदनन्तरं बहुतराश्रयत्वाद्बहुकालावस्थायित्वाच्च क्षायिकस्य, तदनु बहुतराश्रयत्वादेः क्षायोपशमिकस्य, तदन्वौदयिकस्यात एव हेतोः, अन्योदयप्रधानत्वाच्च, तदनु पारिणामिकस्य, महाविषयत्वात्, सर्व एवेति स्वतत्त्वमिति, निरुपचरितौ संसारापवर्गावस्य, अन्यथैतदभावः, औदयिकाद्यभावे संसाराभावात्, न हि स्फटिकमणेरपि पद्मरागाद्युपधानसन्निधाने तत्स्वभावतागर्भतद्भावमन्तरेण रक्ततादयोऽतिप्रसङ्गात्, अन्धानामपि तथा तद्भावप्राप्तेः, इष्टा च परैरप्येषा अस्य तत्स्वभावता दिदृक्षावासनादिशब्दवाच्येति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह 'औपशमिक'इत्यादिना तत्रोपशमनमुपशमः-कर्मणोऽनुदयावस्था भस्मपटलावच्छन्नाग्निवत्, स प्रयोजनमस्येति औपशमिकः, तेन वा निर्वृत्त इति, तथा(क्षयः)तदत्यन्तापचयः प्रयोजनमस्येति तेन वा निर्वृत्त इति क्षायिकः, क्षयोपशमाभ्यां निर्वृत्तः क्षायोपशमिकः-दरविध्यातावच्छन्नज्वलनवत्, कर्मविपाकाविर्भाव उदयः तत्प्रयोजनस्तन्निर्वृत्तो वा औदयिकः, पारिणामिकस्तु परिणाम एव पारिणामिकः, स्वार्थे प्रत्ययो, न प्रयोजननिर्वृत्त्योः, जीवभव्याभव्यत्वादेरनादिपारिणामिकत्वात्, परिणामप्रयोजनत्वे तन्निर्वृत्तत्वे च जीवादेः प्रागभवनेनादिमत्त्वापत्तिः, अन्यथा प्रयोजनत्वाद्य-

योगात्, इतिशब्दोऽर्थपदार्थकः, एते औपशमिकाद्यर्थास्तात्त्विकाः पञ्च भावा जीवस्य स्वतत्त्वं भवन्ति, सान्निपातिकस्तु तदन्तर्गतत्वादेव वृत्तिकृता नोक्तः, उपात्तस्तु सूत्रकारेण चशब्दोपादानादिति ॥२-१॥

### જીવના પાંચ ભેદો

**ટીકાર્થ–** ઔપશમિક, ક્ષાયિક, મિશ્ર અર્થાત્ ક્ષાયોપશમિક આ જીવના પોતાના ભાવો છે. **પ્રશ્ન–** શું આટલા જ ભાવો જીવના પોતાના ભાવો છે ? **ઉત્તર–** ના, આટલા જ નહીં, ઔદયિક અને પારિણામિક અને च શબ્દથી સાન્નિપાતિક આ જીવના પોતાના જ ભાવ છે(=જીવનું પોતાનું જ સ્વરૂપ છે).

### ક્રમમાં હેતુ

અહીં જીવના પોતાના સ્વરૂપનો અધિકાર હોવાથી પ્રારંભમાં ઔપશમિક અને ક્ષાયિક એ બે ભાવોનું ગ્રહણ કર્યું છે. તેમાં પણ પહેલાં ઔપશમિકનું ગ્રહણ કર્યું છે. કારણ કે પહેલાં ઔપશમિકભાવ પ્રગટે છે, પછી ક્ષાયિકભાવ પ્રગટે છે. તથા ઔપશમિકભાવ અલ્પ આશ્રયવાળો છે, અને અલ્પકાળ રહેનારો છે, ક્ષાયિકભાવ અધિક આશ્રયવાળો અને અધિકકાલીન હોવાથી ઔપશમિકભાવ પછી ક્ષાયિકભાવનું ગ્રહણ કર્યું છે. ક્ષાયિકભાવથી અધિક આશ્રયવાળો અને અધિકકાલીન હોવાથી ક્ષાયિક પછી ક્ષાયોપશમિકભાવનું ગ્રહણ કર્યું છે. અધિક આશ્રયવાળો અને અધિકકાલીન હોવાથી તથા બીજા કર્મોના ઉદયની પ્રધાનતાવાળો હોવાથી ક્ષાયોપશમિકભાવ પછી ઔદયિકભાવનું ગ્રહણ કર્યું છે. મહાવિષયવાળો હોવાથી ઔદયિક પછી પારિણામિકભાવનું ગ્રહણ કર્યું છે.

આ બધાય ભાવો આત્માનું પોતાનું સ્વરૂપ છે. આથી આત્માનો સંસાર અને મોક્ષ ઉપચાર રહિત ઘટે છે. જો આ ભાવો આત્માનું પોતાનું સ્વરૂપ ન હોય તો સંસાર-મોક્ષનો અભાવ થાય. ઔદયિક આદિ ભાવોના અભાવમાં સંસારનો અભાવ થાય. જો સ્ફટિકમણિમાં નજીકમાં રહેલ પદ્મરાગમણિ આદિના રંગને ગ્રહણ કરવાનો સ્વભાવ જ ન હોય તો સ્ફટિકમણિની નજીકમાં પદ્મરાગમણિ આદિ મૂકવા છતાં સ્ફટિકમણિમાં

પણ લાલ રંગ વગેરે ધર્મો ન આવે. જો તેવા સ્વભાવ વિના પણ સ્ફટિકમણિમાં લાલ રંગ વગેરે ધર્મો આવે તો અતિપ્રસંગરૂપ દોષ થાય. એથી આંધળાઓમાં પણ દેખતા થવાનો પ્રસંગ આવે. અત્યંત નજીકમાં રહેલી વસ્તુના સ્વભાવને ગ્રહણ કરવાનો આત્માનો સ્વભાવ છે એ સિદ્ધાંત અન્યદર્શનકારોને પણ માન્ય છે. આવા સ્વભાવને અન્ય દર્શનકારો દિદશા અને વાસના વગેરે શબ્દોથી કહે છે. (જૈનો એને કર્મ કહે છે.)

આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. સૂત્રના અવયવાર્થને તો ભાષ્યકાર औपशमिक० ઇત્યાદિથી કહે છે–

**ઔપશમિક–** ઉપશમ એટલે કર્મોદયના અભાવવાળી અવસ્થા. જેમકે ભસ્મ સમૂહથી ઢંકાયેલો અગ્નિ. ઉપશમ જેનું પ્રયોજન છે તે ઔપશમિક. અહીં "तदस्य प्रयोजनम्" એ સૂત્રથી ઉપશમ શબ્દને तद्धित इकण् પ્રત્યય લાગીને ઔપશમિક શબ્દ બન્યો છે. અથવા ઉપશમથી નિર્વૃત્ત(=થયેલ) અર્થમાં ઉપશમ શબ્દને तद्धित इकण् પ્રત્યય લાગીને ઔપશમિક શબ્દ બન્યો છે. (જેમ ભસ્મથી ઢંકાયેલ અગ્નિ પોતાનું કાર્ય કરવા સમર્થ ન બને તેમ ઉપશમભાવથી થયેલ ભાવો પોતાનું કાર્ય કરવા સમર્થ ન બને.)

**ક્ષાયિક–** ક્ષય એટલે કર્મનો અત્યંત(=ફરી ન બંધાય તે રીતે) નાશ. ક્ષય જેનું પ્રયોજન છે એ અર્થમાં કે ક્ષયથી નિષ્પન્ન(=સિદ્ધ થયેલ) એ અર્થમાં इकण् પ્રત્યય લાગીને ક્ષાયિક શબ્દ બન્યો છે.

**ક્ષાયોપશમિક–** ક્ષય અને ઉપશમ એ બેથી નિર્વૃત્ત તે ક્ષાયોપશમિક. ક્ષાયોપશમિકભાવ થોડા બુઝાયેલા અને ભસ્મથી ઢંકાયેલા અગ્નિ જેવો છે.

**ઔદયિક–** ઉદય એટલે કર્મવિપાકનો પ્રાદુર્ભાવ, અર્થાત્ કર્મવિપાકનો અનુભવ. ઉદય જેનું પ્રયોજન છે અથવા ઉદયથી નિર્વૃત્ત(=થયેલ) તે ઔદયિક.

**પારિણામિક–** પરિણામ એ જ પારિણામિક. અહીં સ્વાર્થમાં इकण् પ્રત્યય છે. પ્રયોજન કે નિર્વૃત્ત અર્થમાં નથી. કારણ કે જીવત્વ, ભવ્યત્વ,

અભવ્યત્વ વગેરે અનાદિ પારિણામિક ભાવો છે. જો પ્રયોજન કે નિર્વૃત્ત અર્થમાં પ્રત્યય હોય તો તેનો અર્થ એ થાય કે પહેલાં ન હતાં અને હવે થયાં. એમ થાય તો એ ભાવોની આદિ થવાની આપત્તિ આવે. આદિ વિના પ્રયોજનનો કે નિર્વૃત્તનો સંબંધ ન થાય.

इति શબ્દ અર્થપદના અર્થવાળો છે, અર્થાત્ इति એટલે અર્થ(=પદાર્થ). આ ઔપશમિક વગેરે પાંચ અર્થો(=પદાર્થો) તાત્ત્વિક છે. આ પાંચ ભાવો જીવનું પોતાનું સ્વરૂપ છે. સાન્નિપાતિકભાવ આ પાંચ ભાવોમાં જ આવી જતો હોવાથી ભાષ્યકારે કહ્યો નથી, સૂત્રકારે च શબ્દના ઉલ્લેખથી કહ્યો છે. (૨-૧)

**टीकावतरणिका–** अधिकृतभावानामेव पृथग्भेदाभिधानायाह–

**ટીકાવતરણિકાર્થ–** પ્રસ્તુત ભાવોના જ જુદા ભેદોને જણાવવા માટે કહે છે–

**પાંચ ભાવોના ભેદોની સંખ્યા–**

**द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् ॥२-२॥**

**સૂત્રાર્થ–** ઔપશમિક આદિ પાંચ ભાવોના યથાક્રમે બે, નવ, અઢાર, એકવીસ અને ત્રણ ભેદો છે. (૨-૨)

**भाष्यं–** एते औपशमिकादयः पञ्च भावा द्विनवाष्टादशैकविंशतित्रिभेदा भवन्ति । तद्यथा- औपशमिको द्विभेदः । क्षायिको नवभेदः । क्षायोपशमिकोऽष्टादशभेदः । औदयिक एकविंशतिभेदः । पारिणामिक-स्त्रिभेद इति । यथाक्रममिति येन सूत्रक्रमेणात ऊर्ध्वं वक्ष्यामः ॥२-२॥

**ભાષ્યાર્થ–** ઔપશમિક વગેરે પાંચ ભાવો અનુક્રમે બે, નવ, અઢાર, એકવીસ, ત્રણ ભેદવાળા છે. તે આ પ્રમાણે- ઔપશમિકના બે ભેદ છે. ક્ષાયિકના નવ ભેદો છે. ક્ષાયોપશમિકના અઢાર ભેદ છે. ઔદયિકના એકવીશ ભેદ છે. પારિણામિકના ત્રણ ભેદ છે. યથાક્રમ એટલે જે સૂત્ર ક્રમથી અહીંથી આગળ કહીશું તે ક્રમ. (૨-૨)

**टीका–** द्वौ च नव चेत्यादिर्द्वन्द्वः, पश्चाद् बहुव्रीहिः, द्विनवाष्टादशैकविंशतित्रयो भेदा येषां ते तथेति समासः, 'यथाक्रम'मिति पूर्वसूत्रोपन्यासक्रमेण, न त्वेकैकस्यैते समस्तानां वेति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह वृत्तिकारः-'एते' इत्यादिना, एते अनन्तरोक्ताः औपशमिकादयः पञ्च भावाः-भवनलक्षणाः, किमित्याह-द्विनवाष्टादशैकविंशतित्रिभेदा भवन्ति, 'तद्यथे'त्युपन्यासार्थः, औपशमिकः उक्तलक्षणः द्विभेदो वक्ष्यमाणेन भेदेनेत्यादि निगदसिद्धं यावद्येन सूत्रक्रमेणेति येनेति वक्ष्यमाणेन 'सम्यक्त्वचारित्रे' इत्यादिना अत ऊर्ध्वमित्यस्मात् सूत्रादुपरिष्टाद्वक्ष्यामो-भणिष्यामस्तेन क्रमेणौपशमिकादिभेदा द्रष्टव्या इति ॥२-२॥

## પાંચેય ભાવોના ભેદો

**ટીકાર્થ–** અહીં દ્વિ વગેરે શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને પછી ભેદ શબ્દની સાથે બહુવ્રીહિ સમાસ કરવો. એટલે પૂર્વસૂત્રમાં જે ક્રમથી ઉલ્લેખ કર્યો છે તે ક્રમથી. પણ એક-એક ભેદના આટલા ભેદો છે, અથવા પાંચેયના ભેગા આટલા ભેદો છે, એમ ન સમજવું.

આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર 'एते' ઇત્યાદિથી કહે છે- હમણાં જ કહેલાં ઔપશમિક વગેરે પાંચ ભાવોના અનુક્રમે બે, નવ, અઢાર, એકવીસ અને ત્રણ ભેદો છે. તે આ પ્રમાણે- ઔપશમિકના હવે કહેવાશે તે ભેદથી બે, ક્ષાયિકના નવ, ક્ષાયોપશમિકના અઢાર, ઔદયિકના એકવીસ અને પારિણામિકના ત્રણ ભેદો છે.

યથાક્રમ એટલે હવે પછી सम्यक्त्व-चारित्रे વગેરે જે સૂત્ર ક્રમથી કહીશું તે ક્રમથી ઔપશમિક આદિના ભેદો જાણવા.

ભાવ=થવું તે.

ઔપશમિકભાવનું લક્ષણ પૂર્વસૂત્રમાં કહ્યું છે. (૨-૨)

**भाष्यावतरणिका–** (तद्यथा-)

**ભાષ્યાવતરણિકાર્થ–** (તે આ પ્રમાણે-)

**टीकावतरणिका–** अधुनैतानेव दर्शयन्नाह-'तद्यथे'त्युपन्यासार्थः,

**ટીકાવતરણિકાર્થ–** હવે આ જ ભેદોને બતાવતા સૂત્રકાર કહે છે- तद्यथा એ વાક્યના પ્રારંભ માટે છે. તે આ પ્રમાણે–

**ઔપશમિક ભાવના બે ભેદો–**

**सम्यक्त्वचारित्रे ॥२-३॥**

**સૂત્રાર્થ–** ઔપશમિક ભાવના ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર એમ બે ભેદો છે. (૨-૩)

**भाष्यं–** सम्यक्त्वं चारित्रं च द्वावौपशमिकौ भावौ भवति इति ॥२-३॥

**ભાષ્યાર્થ–** સમ્યક્ત્વ અને ચારિત્ર એ બે ભાવો ઔપશમિક છે. (૨-૩)

**टीका–** सम्यक्त्वम्-उक्तलक्षणं प्रथमेऽध्याये चारित्रं तु नवमेऽध्यायेऽग्रे वक्ष्यते ते एते औपशमिके अपि भवत इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'सम्यक्त्वं' तत्त्वरुचिरूपं 'चारित्रं' सावद्यविरतिरूपं, चः समुच्चये, द्वावेतौ भेदावौपशमिकौ भावौ भवतः, एतावेव, न त्वेतावौपशमिकावेव, एतद्भेदयोरेव सामान्यतः क्षायोपशमिकादिभावात्, आह-क उपशमक्षयोपशमयोर्भेदः ?, उच्यते, क्षयोपशमे ह्युपशान्तस्याप्युदयोऽस्ति, प्रदेशतया कर्मणो वेदनात्, न चासावभिघाताय, विपाकाभावात्, उपशमे प्रदेशकर्मानुभावो नास्तीत्ययं भेदः, तथा चागमः-"से णूणं भंते ! णेरइअस्स वा, तिरिक्खजोणिअस्स वा मणुअस्स वा, देवस्स वा जे कडे कम्मे णत्थि णं तस्स अवेदइत्ता मोक्खो ?, हंता गोयमा ! नेरइयस्स वा, तिरिक्खजोणिअस्स वा, मणुअस्स वा, देवस्स वा जे कडे पावे कम्मे, नत्थि तस्स अवेइत्ता मोक्खो, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ नेरइयस्स वा जाव... मोक्खो ? एवं खलु गोयमा ! मए दुविहे कम्मे पण्णत्ते, तंजहा-पदेसकम्मे अ अणुभावकम्मे अ, तत्थ णं जं तं पएसकम्मं तं नियमा वेएति, तत्थ

णं जं तं अणुभावकम्मे अत्थेगइयं वेएइ अत्थेगइयं न वेएइ, णायमेयं अरहया, सुयमेयं अरहया, विण्णायमेयं अरहया-अयं जीवे इमं कम्मं अब्भोवगमियाए वेदणाए वेदेस्सइ, अयं जीवे इमं कम्मं उवक्कमियाए वेअणाए वेदिस्सइ, अहाकम्मे अहानिकरणं जहा जहा तं भगवया दिट्ठं तहा तहा तं विपणिमिस्सइत्ति, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ ।" (भगवत्यां श.१ उ.४ सू.४०) अतोऽस्ति विशेष उपशमक्षयोपशमयोरिति, क्षायोपशमिकायां तत्त्वरुचावस्ति प्रदेशकर्मोदयो, न त्वौपशमिकायामिति, एवं विरतावपि भावनीयमिति ॥२-३॥

**ટીકાર્થ–** સમ્યક્ત્વનું લક્ષણ પહેલા અધ્યાયમાં કહ્યું છે. ચારિત્રનું લક્ષણ આગળના નવમા અધ્યાયમાં કહેવાશે. તે બે ઔપશમિક પણ હોય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર કહે છે- સમ્યક્ત્વ તત્ત્વોની રુચિરૂપ છે. ચારિત્ર સાવદ્યથી વિરતિરૂપ છે. આ બે ભેદો ઔપશમિક ભાવ છે. આ બે ભેદો જ ઔપશમિક ભાવ છે એવો અર્થ છે, પણ આ બે ભેદો ઔપશમિક ભાવ જ છે એવો અર્થ ન કરવો. કારણ કે સામાન્યથી આ બે ભેદોના જ ક્ષાયોપશમિકાદિ ભાવો છે.

**પ્રશ્ન–** ઉપશમ અને ક્ષયોપશમમાં શો ભેદ છે ?

**ઉત્તર–** ક્ષયોપશમમાં ઉપશાંત પણ કર્મનો ઉદય છે. કારણ કે પ્રદેશરૂપે[1] કર્મનું વેદન હોય છે. પણ તે વેદન ગુણોનો ઘાત કરવા સમર્થ બનતું નથી. કારણ કે તેમાં વિપાકનો(=ફળનો) અભાવ હોય છે. ઉપશમમાં પ્રદેશ અને કર્મવિપાક એ બંને ન હોય. આમ ઉપશમ અને ક્ષયોપશમમાં આ ભેદ છે.

૧. ક્ષયોપશમ એટલે અમુક ભાગના કર્મોનો ઉપશમ અને અમુક ભાગના કર્મોનો ક્ષય, અર્થાત્ સર્વથા રસના અભાવરૂપ અથવા અધિક રસવાળા કર્મપ્રદેશોના (સર્વઘાતી સ્પર્ધકોના) ઉદયના અભાવરૂપ ઉપશમ અને રસ રહિત પ્રદેશોના અથવા અલ્પ રસવાળા પ્રદેશોના (દેશઘાતી સ્પર્ધકોના) ઉદય દ્વારા ક્ષય તે ક્ષયોપશમ. पावाणं च खलु भो कडाण कम्माणं पुव्विं दुच्चिन्नाणं दुपडिक्कंताणं वेइत्ता मुक्खो नत्थि अवेइत्ता तवसा वा झोसइता ।

આગમમાં કહ્યું છે કે– હે ભગવન્ ! જે[1] પાપકર્મ કરેલું છે તેને વેદ્યા વિના(=અનુભવ્યા વિના) નારકીનો, તિર્યંચનો, મનુષ્યનો, દેવનો મોક્ષ નથી ? હે ગૌતમ ! હા, કરેલ પાપકર્મને અનુભવ્યા વિના નારકીનો, તિર્યંચનો, મનુષ્યનો કે દેવનો મોક્ષ નથી.

હે ભગવન્ ! તમે એ પ્રમાણે શા હેતુથી કહો છો કે નારકીનો, તિર્યંચનો, મનુષ્યનો કે દેવનો મોક્ષ નથી ? હે ગૌતમ ! એ પ્રમાણે નિશ્ચિત છે કે મેં કર્મના બે પ્રકાર કહ્યા છે. તે આ પ્રમાણે- પ્રદેશકર્મ અને અનુભાવકર્મ. તેમાં જે પ્રદેશકર્મ છે તે ચોક્કસ વેદવું પડે છે અને જે અનુભાવકર્મ છે તે કેટલુંક વેદાય છે અને કેટલુંક વેદાતું નથી. એ અરિહંતદ્વારા જ્ઞાત, સ્મૃત અને વિજ્ઞાત છે કે આ જીવ આ કર્મને આભ્યુપગમિક વેદના વડે વેદશે. આ જીવ આ કર્મને ઔપક્રમિક વેદના વડે વેદશે. યથાકર્મ=બાંધેલ કર્મને અનુસારે જેમ જેમ ભગવંતે જોયું છે તેમ તેમ તે વિપરિણમશે=વિપરિણામ પામશે. માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહ્યું છે કે યાવત્ કરેલ કર્મોને અનુભવ્યા વિના નારકીનો, તિર્યંચનો, મનુષ્યનો કે દેવનો મોક્ષ નથી. (ભગ. શ.૧ ઉ.૪ સૂ.૪)

આથી ઉપશમ-ક્ષયોપશમમાં ભેદ છે. પ્રદેશથી કર્મનો ઉદય ક્ષાયોપશમિક તત્ત્વરુચિમાં હોય છે, ઔપશમિક તત્ત્વરુચિમાં ન હોય. આ પ્રમાણે વિરતિ(=ચારિત્ર)માં પણ ભાવના કરવી. (૨-૩)

**टीकावतरणिका–** उक्तावौपशमिकभेदौ, क्षायिकभेदानाह–

**ટીકાવતરણિકાર્થ–** ઔપશમિકના બે ભેદો કહ્યા. હવે ક્ષાયિકના ભેદોને કહે છે–

**ક્ષાયિકભાવના ભેદો–**

## ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च ॥२-४॥

**સૂત્રાર્થ–** જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, સમ્યક્ત્વ અને ચારિત્ર એ નવ ભેદો ક્ષાયિકના છે. (૨-૪)

૧. આવો પાઠ દશવૈકાલિક સૂત્રની પ્રથમ ચૂલિકામાં છે.

**भाष्यं–** ज्ञानं दर्शनं दानं लाभो भोग उपभोगो वीर्यमित्येतानि सम्यक्त्वचारित्रे च नव क्षायिका भावा भवन्तीति ॥२-४॥

**ભાષ્યાર્થ–** જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય, સમ્યક્ત્વ અને ચારિત્ર એ નવ ભાવો ક્ષાયિક છે. (૨-૪)

**टीका–** सूत्रेण, ज्ञानं च दर्शनं चेत्यादिर्द्वन्द्वः, चशब्दोऽनन्तर-द्वयानुकर्षणार्थः, इति सूत्रसमासार्थः । व्यासार्थं त्वाह-'ज्ञान'मित्यादिना ज्ञानं केवलज्ञानं दर्शनं केवलदर्शनं क्षायिकं प्रयच्छताविघातका(रि दानं क्षायिकं प्राप्त्यविघातका)री लाभः क्षायिकः पुरुषार्थसाधनप्राप्तावविघ्नकृद् भोगः क्षायिकः उचितभोगसाधनावाप्त्यवन्ध्यहेतुः उपभोगः क्षायिकः सोऽप्युचितोपभोगसाधनावाप्त्यवन्ध्यहेतुरेव, एतद्भेदस्तु सकृद्भुज्यत इति भोगः पुनः पुनरुपभुज्यत इत्युपभोगः, अयमिह भक्ष्यपेयवस्त्रपात्रादि-गोचरोऽवसेयः, वीर्यं क्षायिकमशेषवीर्यान्तरायक्षयजं, तेन यदुचितं तत् सर्वं करोति, इतिशब्दोऽर्थपदार्थकः, एतानि सूत्रोक्तानि, चः समुच्चये, सम्यक्त्वचारित्रे च क्षायिके भवतः केवलिन इति नव क्षायिका भावा भवन्ति, सिद्धत्वं तु क्षायिकमपि सकलकर्म्मक्षयजमिति नोक्तं सूत्रकृता, कर्माष्टकैकदेशक्षयजभेदानां विवक्षितत्वात्, इत्थं चैतद्दशमेऽध्याये वक्ष्यते, 'औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्वज्ञानदर्शनसिद्ध-त्वेभ्य' (१०-२) इति वचनात्, तन्न विस्मृत इह आचार्यस्यायं क्षायिक-भावभेदो, नोपन्यस्तस्तूक्ताभिप्रायादिति, ज्ञानदर्शनादिभावात् सर्वदा, सर्वदा दानाद्यभावश्चेहान्यभावसापेक्षत्वात् निजौदयिकपरक्षायोपशमिक-भोग्यत्वाद्यपेक्षोपपत्तेरिति ॥२-४॥

## ક્ષાયિકભાવના ભેદો

**ટીકાર્થ–** જ્ઞાન, દર્શન વગેરે સર્વપદોનો દ્વન્દ્વ સમાસ છે. च શબ્દ હમણાં જ કહેલાં સમ્યક્ત્વ અને ચારિત્રના આકર્ષણ માટે છે. આ પ્રમાણે સૂત્રનો સંક્ષિપ્ત અર્થ છે. વિસ્તારથી અર્થને તો ભાષ્યકાર "ज्ञानं तु" ઇત્યાદિથી કહે છે- જ્ઞાન=કેવળજ્ઞાન. દર્શન=કેવળદર્શન. દાન=

આપવામાં વિઘ્ન ન કરે તે ક્ષાયિકદાન છે. લાભ=પ્રાપ્તિમાં વિઘ્ન ન કરે તે ક્ષાયિકલાભ છે. ભોગ=પુરુષાર્થ સાધનોની પ્રાપ્તિમાં વિઘ્ન ન કરે અને ઉચિત ભોગના સાધનોની પ્રાપ્તિનું અવંધ્ય કારણ તે ક્ષાયિકભોગ છે. ઉપભોગ=ઉચિત ઉપભોગના સાધનોની પ્રાપ્તિનું અવંધ્ય કારણ તે ક્ષાયિકઉપભોગ છે.

**ભોગ-ઉપભોગમાં ભેદ–** એકવાર ભોગવાય તે ભોગ. વારંવાર ભોગવાય તે ઉપભોગ. અહીં આ (ભોગ-ઉપભોગ) ભક્ષ્ય, પેય, વસ્ત્ર અને પાત્ર વગેરે સંબંધી જાણવો, અર્થાત્ ભક્ષ્ય અને પેય વગેરે ભોગ છે અને વસ્ત્ર અને પાત્ર વગેરે ઉપભોગ છે.

**વીર્ય**=વીર્યાંતરાયના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થયેલું વીર્ય ક્ષાયિક છે. જે ઉચિત હોય તે બધું વીર્યથી કરે.

इति શબ્દ અર્થપદના અર્થવાળો છે, અર્થાત્ इति એટલે પદાર્થ=પદોના અર્થો આ પ્રમાણે છે- સૂત્રોમાં કહેલા અને સમ્યક્ત્વ-ચારિત્ર એમ નવ ભાવો કેવળીને ક્ષાયિક હોય છે. સિદ્ધત્વભાવ ક્ષાયિક હોવા છતાં સઘળા કર્મોના ક્ષયથી થનારું હોવાથી સૂત્રકારે કહ્યો નથી. કેમકે અહીં આઠ કર્મોના એક દેશના ક્ષયથી થનારા ભેદો વિવક્ષિત છે. સિદ્ધત્વ સઘળા કર્મોના ક્ષયથી થનારું છે એમ દશમા અધ્યાયમાં કહેશે. કેમકે ત્યાં औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्व-ज्ञान-दर्शन-सिद्धत्वेभ्यः એવું સૂત્ર છે. તેથી આ ક્ષાયિકભાવના ભેદને આચાર્ય ભગવંત ભૂલી નથી ગયા. પૂર્વોક્ત અભિપ્રાયથી અહીં તેનો ઉલ્લેખ કર્યો નથી.

જ્ઞાન-દર્શન વગેરે ક્ષાયિકભાવો સદા હોય છે=પ્રવર્તતા હોય છે. દાનાદિ ક્ષાયિકભાવો સદા ન હોય. કારણ કે દાનાદિ ભાવો અન્ય ભાવોની અપેક્ષાવાળા છે. કયા અન્ય ભાવોની અપેક્ષાવાળા છે એ પ્રશ્નના ઉત્તરમાં निजौदयिक વગેરે જણાવ્યું છે. દાનાદિ પ્રવર્તવામાં પોતાનો(=દાતાનો) ઔદયિકભાવ, અન્યનો(=લેનારનો) ક્ષાયોપશમિક-ભાવ અને ભોગ્ય વગેરે વસ્તુની વિદ્યમાનતા વગેરે ભાવોની અપેક્ષાથી

દાનાદિ ઘટી શકે છે. માટે ક્ષાયિકભાવવાળા સયોગી કેવળી વગેરેમાં દાનાદિ સદા ન હોય. જ્ઞાન-દર્શન વગેરે ભાવો સદા-પ્રત્યેક સમયે પ્રવર્તતા હોય છે. (૨-૪)

**टीकावतरणिका—** उक्ताः क्षायिकाः, क्षायोपशमिकभेदाभिधानायाह—

**ટીકાવતરણિકાર્થ—** ક્ષાયિકભાવો કહ્યા. હવે ક્ષાયોપશમિકના ભેદોને જણાવવા માટે કહે છે—

**ક્ષાયોપશમિકભાવના ભેદો—**

**ज्ञानाज्ञानदर्शनदानादिलब्धयश्चतुस्त्रित्रिपञ्चभेदाः सम्यक्त्वचारित्रसंयमासंयमाश्च ॥२-५॥**

**સૂત્રાર્થ—** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય એ ચાર જ્ઞાન, મતિ, શ્રુત, અવધિ એ ત્રણ અજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન એ ત્રણ દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ પાંચ લબ્ધિ, સમ્યક્ત્વ, સર્વવિરતિચારિત્ર અને સંયમાસંયમ રૂપ દેશવિરતિચારિત્ર એમ ૧૮ ભેદો ક્ષાયોપશમિક ભાવના છે. (૨-૫)

**भाष्यं—** ज्ञानं चतुर्भेदं-मतिज्ञानं श्रुतज्ञानमवधिज्ञानं मनःपर्यायज्ञान-मिति । अज्ञानं त्रिभेदं-मत्यज्ञानं श्रुताज्ञानं विभङ्गज्ञानमिति । दर्शनं त्रिभेदं चक्षुर्दर्शनमचक्षुर्दर्शनमवधिदर्शनमिति । लब्धयः पञ्चविधा-दानलब्धि-र्लाभलब्धिर्भोगलब्धिरुपभोगलब्धिर्वीर्यलब्धिरिति । सम्यक्त्वं चारित्रं संयमासंयम इत्येतेऽष्टादश क्षायोपशमिका भावा भवन्तीति ॥२-५॥

**ભાષ્યાર્થ—** મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન એમ ચાર પ્રકારનું જ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન એમ ત્રણ પ્રકારનું અજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન એમ ત્રણ પ્રકારનું દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એમ પાંચ પ્રકારની લબ્ધિ, સમ્યક્ત્વ, ચારિત્ર અને સંયમાસંયમ એમ અઢાર ભાવો ક્ષાયોપશમિક છે. (૨-૫)

**टीका—** ज्ञानं चाज्ञानं च दर्शनं च लब्धिश्चेति विग्रहः, एवं यथासङ्ख्यं चत्वारश्च त्रयश्च त्रयश्च पञ्च भेदा यासामिति विग्रहः, तथा सम्यक्त्वं च चारित्रं च संयमासंयमश्चेति विग्रहः, अशक्यप्रतिबन्धमन्यथा सूत्रमित्येवमुपन्यास इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह वृत्तिकृत्-'ज्ञानं चतुर्भेद'मित्यादिना ग्रन्थेन ज्ञानं चतुर्भेदमित्युद्देशो मतिज्ञानमित्यादिर्निर्देशः, मनःपर्यायज्ञानमित्यत्रेतिशब्दः क्षायोपशमिकज्ञानेयत्ताप्रतिपादनार्थः, केवलज्ञानस्य क्षायिकत्वात्, अज्ञानं त्रिभेदमित्युद्देशः, मत्यज्ञानादिस्तु निर्देशः, मिथ्यादर्शनसहचरितं ज्ञानमज्ञानमुच्यते, कुत्सितत्वात् तत्कार्याकरणाद् अशीलवद् अपुत्रवद्वेति, विभङ्गज्ञानमवधिप्रतिपक्षो, मिथ्यादृष्टेः भङ्गः-प्रकारः, कुत्सायां विरुपसर्गः, विगर्हितं भङ्गं विभङ्गं विभङ्गं च तज्ज्ञानं चेति समासः, इतिः पूर्ववत्, दर्शनं त्रिभेदमित्युद्देशः, चक्षुर्दर्शनमित्यादिस्तु निर्देशः, तत्र (चक्षुर्दर्शनं) चक्षुर्दर्शनावरणीयकर्मक्षयोपशमतः अवबोधव्यापृतिमात्रसारं सूक्ष्मजिज्ञासारूपमवग्रहप्राग्जन्म मतिज्ञानावरणक्षयोपशमसम्भूतं सामान्यमात्रग्राह्यवग्रहव्यङ्ग्यं स्कन्धावारोपयोगवत्, एवमचक्षुर्दर्शनं शेषेन्द्रियोपलब्धिलक्षणं, एवमवधिदर्शनमपीति, दर्शनावरणक्षयोपशमजमिति, यथोदितमेव, अन्यथा अवग्रहदर्शनाभ्युपगमे तस्य ज्ञानभेदत्वे दर्शनाभावप्रसङ्गात्, इतिशब्दः क्षायोपशमिकदर्शनेयत्ताख्यापनपरः, केवलदर्शनस्य क्षायिकत्वादिति, लब्धयः पञ्चविधा इत्युपन्यासः, दानलब्धिरित्यादिना तु तन्निर्देशः, क्षायोपशमिक्य एता इति पूर्वसूत्राद्भेदेनाभिधानं, तासां स्वविषये एकान्तविघाताभावः, इह तूपशान्तं प्रदेशकर्मानुभवत्यपीषदिति, सम्यक्त्वं क्षायोपशमिकं दर्शनसप्तकक्षयोपशमाद्भवति, चारित्रमपि कषायद्वादशकाख्यचारित्रमोहनीयक्षयोपशमादिति, सकलविरतिलक्षणमेतत्, संयमासंयमस्तु श्रावकधर्मः सङ्कल्पजप्राणातिपातादिविनिवृत्तिरूपः, इतिशब्दः क्षायोपशमिकभावेयत्ताप्रतिपादनार्थः, एत इति ये प्रतिपदमुद्दिष्टाः

अष्टादशेति विशिष्टसङ्ख्यावच्छिन्नाः, क्षायोपशमिका इति शेषभाव-व्युदासः, भावा भवन्त्यपरिकल्पितरूपा जीवस्येति ॥२-५॥

**ટીકાર્થ–** ज्ञान થી लब्धि સુધીના શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે. તથા चतुर् શબ્દથી पञ्च શબ્દ સુધીના શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે. પછી તે બંને પદોનો બહુવ્રીહિ સમાસ છે. પછી સમ્યક્ત્વ વગેરે ત્રણ શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે.

**પ્રશ્ન–** સમ્યક્ત્વ વગેરે ત્રણ શબ્દોનો અલગ નિર્દેશ કેમ કર્યો ? અર્થાત્ पञ्चभेद પછી તુરત સમ્યક્ત્વ વગેરે ત્રણ શબ્દોને જોડીને અંતે વિભક્તિ આવે તેમ ન કરતાં સૂત્રના બે વિભાગ કેમ કર્યા ?

**ઉત્તર–** બે વિભાગ કર્યા વિના સૂત્ર રચના કરવી અશક્ય છે, માટે સૂત્રના બે વિભાગ કર્યા છે. (બે વિભાગ કર્યા વિના સળંગ સૂત્ર રચના કરવામાં જ્ઞાન વગેરે શબ્દની સાથે ચતુર્ વગેરે શબ્દોને યથાસંખ્ય સંબંધ સમજવો કઠીન પડે.) આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે- ज्ञानं चतुर्विधम् ઇત્યાદિ ગ્રંથમાં ઉદ્દેશ અને નિર્દેશ એવા બે વિભાગ છે. તેમાં ज्ञानं चतुर्विधम् એ ઉદ્દેશ છે. मतिज्ञानम् ઇત્યાદિ નિર્દેશ છે. (ઉદ્દેશ એટલે સામાન્યથી કથન. નિર્દેશ એટલે વિશેષથી કથન. પ્રસ્તુતમાં ज्ञानं चतुर्विधम् એ સામાન્યથી કથન હોવાથી ઉદ્દેશ છે. मतिज्ञानम् ઇત્યાદિ વિશેષથી કથન હોવાથી નિર્દેશ છે.)

मनःपर्यायज्ञानमिति એ સ્થળે इति શબ્દ ક્ષાયોપશમિક જ્ઞાનના પરિમાણનું પ્રતિપાદન કરવા માટે છે.

**પ્રશ્ન–** જ્ઞાન પાંચ છે. તેથી ક્ષાયોપશમિક જ્ઞાનના પાંચ ભેદ થવા જોઇએ.

**ઉત્તર–** કેવળજ્ઞાન ક્ષાયિક જ હોય છે. માટે ક્ષાયોપશમિક જ્ઞાનના ચાર જ ભેદ થાય.

अज्ञानं त्रिभेदम् એ ઉદ્દેશ છે. मत्यज्ञानादिः નિર્દેશ છે. મિથ્યાદર્શનની સાથે રહેલું જ્ઞાન અજ્ઞાન કહેવાય છે. મિથ્યાદર્શન સહચરિત જ્ઞાન પોતાનું કાર્ય ન કરવાના કારણે નિંદ્ય કે અધમ(=ખરાબ) જ્ઞાન છે એ

દૃષ્ટિએ અજ્ઞાન છે. પણ જ્ઞાનના અભાવની અપેક્ષાએ નહિ. જેમકે આ અશીલવાન છે કે આ અપુત્રવાન છે. અહીં શીલના અભાવની દૃષ્ટિએ અશીલવાન નથી, કિંતુ નિંદ્ય શીલની દૃષ્ટિએ અશીલવાન છે. નિંદ્ય પુત્રની દૃષ્ટિએ અપુત્રવાન છે. અશીલવાન એટલે નિંદ્યશીલવાન. અપુત્રવાન એટલે નિંદ્યપુત્રવાન. વિભંગજ્ઞાન અવધિજ્ઞાનનું વિરોધી જ્ઞાન છે. વિભંગ શબ્દમાં વિ ઉપસર્ગ નિંદ્ય અર્થમાં છે. ભંગ એટલે પ્રકાર. વિગર્હિત ભંગ તે વિભંગ. વિભંગ એવું જ્ઞાન તે વિભંગજ્ઞાન. મિથ્યાદૃષ્ટિનું અવધિજ્ઞાન વિભંગજ્ઞાન કહેવાય છે. इति શબ્દનો અર્થ પૂર્વવત્ છે. दर्शनं त्रिभेदम् એ ઉદ્દેશ છે. चक्षुर्दर्शनम् ઇત્યાદિ નિર્દેશ છે.

**ચક્ષુદર્શન–** ચક્ષુદર્શન ચક્ષુદર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી થનારું, બોધના વ્યાપારમાત્રના સારવાળું. (અર્થાત્ આમાં વિશિષ્ટ બોધ કરવા માટે માત્ર વ્યાપાર પ્રવૃત્તિ હોય છે, પણ વિશિષ્ટ બોધ હોતો નથી.) સૂક્ષ્મ (અવ્યક્ત) જિજ્ઞાસારૂપ, અવગ્રહની પૂર્વે થનારું (અર્થાત્ અવગ્રહ વિના જ થનારું), મતિજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી થયેલું, માત્ર સામાન્યને ગ્રહણ કરનારું, છાવણીના ઉપયોગની જેમ માત્ર સામાન્યને ગ્રહણ કરનારા જ્ઞાનથી પ્રગટ થતું હોય છે. (છાવણી સામે નજર જાય ત્યારે આ છાવણી છે એમ સામાન્ય બોધ થાય છે. પછી તેમાં પરિભ્રમણ કરવાથી તેમાં રહેલી વિશેષતા નજરે આવે છે. તેમ ચક્ષુદર્શનથી પહેલાં વસ્તુ ઉપર નજર પડતાં કંઇક છે એવો સામાન્ય બોધ થાય છે. પછી વિશેષ બોધ થાય છે.)

**અચક્ષુદર્શન–** ચક્ષુદર્શનની જેમ સમજવું પણ ચક્ષુ સિવાય ચાર ઇન્દ્રિયોથી થતું સામાન્ય જ્ઞાન સમજવું. એ પ્રમાણે અવધિદર્શન પણ જાણવું. આ ત્રણે પ્રકારનું દર્શન દર્શનાવરણકર્મના ક્ષયોપશમથી થતું હોવાથી યથોક્ત જ જાણવું, અર્થાત્ સામાન્યથી દર્શન રૂપ જ જાણવું. અન્યથા (જો વિશેષ દર્શન રૂપ હોય તો) અવગ્રહદર્શનનો સ્વીકાર કરવો પડે. અવગ્રહ એ જ્ઞાનનો ભેદ હોવાથી દર્શનના અભાવનો જ પ્રસંગ આવે. इति શબ્દ ક્ષાયોપશમિકદર્શનના પરિમાણને બતાવનારું છે,

અર્થાત્ ક્ષાયોપશમિકદર્શનના ત્રણ જ પ્રકારો છે, વધારે કે ન્યૂન નથી. દર્શનના ચાર પ્રકાર હોવા છતાં કેવળદર્શન ક્ષાયિકભાવનું જ હોવાથી ક્ષાયોપશમિકના ત્રણ જ ભેદ થાય.

लब्धयः पञ्चविधा એ પ્રમાણે ઉપન્યાસ(=સામાન્યથી કથન) છે, અને दानलब्धिः ઇત્યાદિથી તેનો નિર્દેશ(=વિશેષથી કથન) છે. આ પાંચ લબ્ધિઓ ક્ષાયોપશમિક ભાવથી થનારી છે માટે પૂર્વસૂત્રથી અલગથી કથન કર્યું છે, અર્થાત્ પૂર્વસૂત્રમાં આ પાંચ લબ્ધિઓ છે. પણ ત્યાં ક્ષાયિકભાવથી થનારી કહી છે. અહીં ક્ષાયોપશમિકભાવથી થનારી લબ્ધિઓ કહી છે. આથી પૂર્વસૂત્રથી અનુકર્ષણ ન કરતાં અલગથી કહી છે.

तासां स्वविषये एकान्तविघाताभावः=તે લબ્ધિઓ પોતાના(દાનાદિ) વિષયમાં એકાંતે વિઘાત કરનારી બનતી નથી. દાનલબ્ધિ દાન કરવામાં, લાભલબ્ધિ મેળવવામાં, ભોગલબ્ધિ ભોગવવામાં, ઉપભોગલબ્ધિ ઉપભોગ કરવામાં અને વીર્યલબ્ધિ વીર્ય ફોરવવામાં અંતરાય કરતી નથી.

ક્ષાયોપશમિકભાવમાં ઉપશાંત થયેલા પ્રદેશકર્મને કંઇક અનુભવે છે, અર્થાત્ ક્ષયોપશમભાવમાં અલ્પરસવાળા(=દેશઘાતી) કર્મ પ્રદેશોનો ઉદય હોય છે.

ક્ષાયોપશમિકસમ્યક્ત્વ દર્શનસપ્તકના ક્ષયોપશમથી થાય છે.

ચારિત્ર પણ બાર કષાયનામના ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી થાય છે. આ સર્વવિરતિરૂપ ચારિત્ર જાણવું.

સંયમાસંયમ શ્રાવકધર્મ છે, સંકલ્પથી થનાર પ્રાણાતિપાત આદિથી નિવૃત્તિ રૂપ છે. इत्येते એ સ્થળે રહેલ इति શબ્દ ક્ષાયોપશમિકભાવોના પરિમાણનું પ્રતિપાદન કરવા માટે છે. જ્ઞાન-અજ્ઞાન ઇત્યાદિ હમણાં જ નામથી કહેલા અઢાર સંખ્યા પ્રમાણ ક્ષાયોપશમિકભાવો છે.

ક્ષાયોપશમિક એમ કહેવાથી અન્ય ભાવોનો નિષેધ કર્યો છે.

ભાવો છે એટલે કે જીવના અકલ્પિત(=કલ્પેલા નહિ, કિંતુ સદ્ભૂત) ધર્મો છે.

[તે તે કર્મના સર્વઘાતી સ્પર્ધકોના ઉદયના અભાવથી અને દેશઘાતી સ્પર્ધકોના ઉદયથી ક્ષાયોપશમિકભાવો પ્રગટ થાય છે એમ સામાન્ય નિયમ છે. પણ નીચેના ભાવોમાં આ નિયમમાં ફેરફાર છે.

(૧) અનંતાનુબંધી કષાયના સર્વથા રસોદયના[1] અભાવથી, મિથ્યાત્વ-મોહનીય અને મિશ્રમોહનીયના સર્વથા ઉદયાભાવથી તથા સમ્યક્ત્વમોહનીય રૂપ દર્શનમોહનીયના દેશઘાતી સ્પર્ધકોના ઉદયથી ક્ષાયોપશમિકસમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે. (૨) ક્ષાયોપશમિકચારિત્ર અનંતાનુબંધી આદિ બાર કષાયોના રસોદયના સર્વથા અભાવથી પ્રગટ થાય છે. અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોનો માત્ર પ્રદેશોદય હોય છે. (૩) દેશવિરતિ રૂપ ક્ષયોપશમભાવમાં આઠ કષાયોના રસોદયનો સર્વથા અભાવ તથા પ્રત્યાખ્યાનાવરણ કષાયોના સર્વઘાતિ-દેશઘાતિ સ્પર્ધકોનો અને સંજ્વલનકષાયના દેશઘાતી સ્પર્ધકોનો ઉદય હોય છે.

મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોના ક્ષયોપશમમાં મિથ્યાત્વાદિનો રસોદય નથી હોતો, જ્યારે મતિજ્ઞાન આદિના ક્ષયોપશમમાં મતિજ્ઞાનાવરણ આદિ કર્મોનો રસોદય હોય છે. આથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોનો ક્ષયોપશમ શુદ્ધ ક્ષયોપશમ કહેવાય છે, અને મતિજ્ઞાન આદિનો ક્ષયોપશમ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે.

ઉદયાનુવિદ્ધ એટલે ઉદયથી સહિત. જેમ કે મતિજ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ દરેક જીવને હોય છે અને સાથે સાથે મતિજ્ઞાનાવરણીયકર્મનો ઉદય પણ હોય છે. આથી તે ક્ષયોપશમ ઉદયાનુવિદ્ધ છે. મિથ્યાત્વ-મોહનીયકર્મના ક્ષયોપશમમાં મિથ્યાત્વમોહનીયકર્મનો ઉદય હોતો નથી આથી તે ક્ષયોપશમ ઉદયથી રહિત છે.

સર્વઘાતી પ્રકૃતિઓમાં સર્વઘાતી રસનો બંધ થાય છે, અને ઉદય પણ સર્વઘાતી રસનો જ થાય છે. દેશઘાતી પ્રકૃતિઓમાં બંધાતી વખતે તો

૧. ૨૮ પ્રકૃતિની સત્તાવાળાને અનંતાનુબંધી કષાયનો પ્રદેશોદય હોય છે એ અપેક્ષાએ અહીં 'રસોદયના અભાવથી' એમ લખ્યું છે.

સર્વઘાતી જ રસ બંધાય છે, પણ ઉદયમાં મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અચક્ષુદર્શનાવરણ અને પાંચ અંતરાય એ આઠમાં દેશઘાતી જ રસનો ઉદય હોય અને શેષ ૧૭ પ્રકૃતિઓમાં દેશઘાતી-સર્વઘાતી એ બંને રસનો ઉદય હોય છે. જ્યારે સર્વઘાતી રસનો ઉદય હોય ત્યારે સ્વાવાર્ય-(પોતાનાથી આવરી=ઢાંકી શકાય એવા)ગુણને સર્વથા દબાવે છે. તેથી ચક્ષુદર્શન અને અવધિજ્ઞાન વગેરે આવરાયેલા રહે છે, અને દેશઘાતી રસનો ઉદય હોય ત્યારે ગુણો પ્રગટ થાય છે. દેશઘાતી ઉદયને જ ક્ષયોપશમ કહેવામાં આવે છે.] (૨-૫)

**टीकावतरणिका–** क्षायोपशमिकभेदानन्तरमौदयिकभावभेदानाह–गतिकषायेत्यादिसूत्रेण–

**ટીકાવતરણિકાર્થ–**ક્ષાયોપશમિકભાવના ભેદો પછી ઔદયિકભાવના ભેદોને गति-कषाय० ઇત્યાદિ સૂત્રથી કહે છે–

**ઔદયિકભાવના ભેદો–**

**गतिकषायलिङ्गमिथ्यादर्शनाज्ञानासंयतासिद्धत्वलेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैकषड् भेदाः ॥२-६॥**

**સૂત્રાર્થ–** ચાર ગતિ, ચાર કષાય, ત્રણ લિંગ, મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, અસિદ્ધત્વ, છ લેશ્યા એમ એકવીસભેદો ઔદયિકભાવના છે. (૨-૬)

**भाष्यं–** गतिश्चतुर्भेदा नारकतैर्यग्योनमनुष्यदेवा इति । कषायश्चतुर्भेदः क्रोधी मानी मायी लोभीति । लिङ्गं त्रिभेदं स्त्रीपुमान्नपुंसकमिति । मिथ्यादर्शनमेकभेदं मिथ्यादृष्टिरिति । अज्ञानमेकभेदमज्ञानीति । असंयतत्वमेकभेदमसंयतोऽविरत इति । असिद्धत्वमेकभेदमसिद्ध इति । एकभेदमेकविधमिति । लेश्याः षट्भेदाः कृष्णलेश्या नीललेश्या कापोतलेश्या तेजोलेश्या पद्मलेश्या शुक्ललेश्या । इत्येते एकविंशतिरौदयिकभावा भवन्ति ॥२-६॥

**ભાષ્યાર્થ–** નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ચાર પ્રકારની ગતિ. ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર કષાય છે. સ્ત્રી, પુરુષ અને નપુંસક એમ ત્રણ લિંગ. મિથ્યાદષ્ટિ એ પ્રમાણે મિથ્યાદર્શનનો એક ભેદ. અજ્ઞાની એ પ્રમાણે અજ્ઞાનનો એક ભેદ. અસંયત કે અવિરત એમ એક ભેદવાળું અસંયતપણું. અસિદ્ધ એમ એક ભેદવાળું અસિદ્ધત્વ. એક ભેદવાળું એટલે એક પ્રકારવાળું. કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ, પદ્મ અને શુક્લ એમ છ લેશ્યા. આ પ્રમાણે આ એકવીશ ભાવો ઔદયિક છે. (૨-૬)

**टीका–** इह गत्यादीनां लेश्यान्तानां द्वन्द्वः, चतुरादीनां षडन्तानां द्वन्द्वगर्भो बहुव्रीहिरिति सूत्रसमुदायार्थः । अवयवार्थमाह-'गतिश्चतुर्भेदे'त्यादिना भेदानाह–नारकतिर्यग्योनमानुषदेवा इति, इह नरकगतिनामकर्मोदयान्नारकाः, एवं तिर्यग्गतिनामकर्म्मोदयात् तैर्यग्योनाः, एवं मानुषनामकर्मोदयान्मानुषाः, देवनामकर्मोदयाद्देवाः, एवमात्मनामगतिकर्मकत्वाभिधानमौदयिकभावस्य जीवस्वतत्त्वप्रतिपादनार्थं, इतिशब्दो विकृतिभेदेनेयत्ताप्रदर्शनार्थः, 'कषाये'त्यादि, कषः-संसारस्तस्यायः उपादानकारणभेदः कषायः, स चतुर्भेदः चतुर्द्धा क्रोधादिः, अत एवाह 'क्रोधी'त्यादि, क्रोधोऽस्यास्तीति, प्रायः प्रदेशाद्यनुभवत इत्यादि, क्रोधी, एवं मानादिष्वपि योजनीयं, 'लिङ्ग'मित्यादि, लीनत्वात् लिङ्गं, एतत् त्रिभेदं स्त्रीलिङ्गादि, लीनता चास्य प्रकटायामपि पुरुषलिङ्गाकृतौ कदाचित् स्त्रीलिङ्गोदयो, लिङ्गं वेदः चिह्नमित्यनर्थान्तरं, एवं शेषविपर्ययोऽपीति, 'मिथ्ये'त्यादि, मिथ्यादर्शनं मिथ्यात्वमोहनीयोदयात् तत्त्वार्थाश्रद्धानेन, तच्चैकमेवाभिगृहीतेतरसन्देहभेदे सत्यपि तदश्रद्धानाभेदात्, अत एवाह-मिथ्यादृष्टिरिति, सर्वप्रकारैः सामान्येनैक एवेति, 'अज्ञान'मित्यादि, ज्ञानादन्यदज्ञानं, मिथ्यात्वमोहनीययुक्तज्ञानावरणदर्शनावरणक्षयोपशमोत्थमेकभेदं, एवं सर्वत्र सम्यगनवबोधाद्, अत एवाह-'अज्ञानी'ति, सर्वसामान्येनैक एव 'असंयते'त्यादि असंयतत्त्वं

सञ्ज्वलनवर्ज्यकषायद्वादशकोदयात्, अत एकरूपं, असंयतोऽविरत इतिकृत्वा, 'असिद्धत्वे'त्यादि, असिद्धत्वं-वेदनीयायुर्गोत्रनामकर्मोदयादनिष्ठितार्थत्वमेकभेदं, यदाह-'असिद्ध' इति, एकभेद इति कोऽर्थः ?, एकविधमिति, पर्यायकथनमिति सर्वभेदोपदर्शनार्थं, 'लेश्या' इति लिश्यन्त इति लेश्याः-आत्मना एकीभवन्तीत्यर्थः, एताः षड्भेदाः, परिस्थूलद्रव्यसजातिभेदमधिकृत्य कृष्णलेश्येत्यादि, कृष्णा चासौ लेश्या च कृष्णलेश्या, एवं नीललेश्यादिष्वपि योज्यं, एताश्च द्रव्यलेश्याः एवम्भूताः, भावलेश्यास्त्वेतत्साचिव्यजाः क्लिष्टेतररूपाः आत्मपरिणामा एव, तथा चागमः-"जल्लेसाइं दव्वाइं आदियइ तल्लेसे परिणामे भवति" "कृष्णादिद्रव्यसाचिव्यात्, परिणामो य आत्मनः । स्फटिकस्येव तत्रायं, लेश्याशब्दः प्रयुज्यते ॥१॥" इत्यादि, आसां च षण्णामपि लेश्यानां जम्बूवृक्षफलभक्षकपुरुषषट्कदृष्टान्तेनागमप्रसिद्धेन प्रसिद्धिरापाद्या, एवं सर्वान् भेदान् आख्यायोपसंहरति-'एत' इत्यादिना, एते एकविंशतिः न न्यूना नाप्यधिका औदयिका भावाः कर्मोदयापेक्षा भवन्तीति तथा जीवस्वतत्त्वरूपा एव ॥२-६॥

**ટીકાર્થ–** અહીં ગતિશબ્દથી લેશ્યા શબ્દ સુધીના શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે. ચતુર્ શબ્દથી ષડ્શબ્દ સુધીના શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે. પછી ભેદશબ્દની સાથે બહુવ્રીહિ સમાસ છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર गतिश्चतुर्भेदा ઇત્યાદિથી કહે છે–

**ભેદોને કહે છે–** ગતિના નારક, તૈર્યગ્યોન, મનુષ્ય અને દેવો એમ ચાર ભેદો છે. નરકગતિનામકર્મના ઉદયથી જીવો નારક કહેવાય છે. તિર્યગ્ગતિનામકર્મના ઉદયથી જીવો તૈર્યગ્યોન(=તિર્યંચો) કહેવાય છે. મનુષ્યગતિનામકર્મના ઉદયથી જીવો મનુષ્યો કહેવાય છે. દેવગતિનામકર્મના ઉદયથી જીવો દેવ કહેવાય છે. આ પ્રમાણે ગતિનામકર્મથી આત્માનું કથન(આત્માની ઓળખાણ) ઔદયિકભાવ

જીવનું પોતાનું સ્વરૂપ છે એવું જણાવવા માટે છે. (સર્વ ભેદોના અંતે) इति શબ્દ વિકૃતિના ભેદથી પરિમાણ જણાવવા માટે છે, અર્થાત્ કર્મોદયથી થતી આત્માની તે તે વિકૃતિ આટલી જ છે એમ જણાવવા માટે છે. કષ એટલે સંસાર તેનો આય=ઉપાદાનકારણભેદ તે કષાય. કષાયો સંસારના ઉપાદાનકારણ છે. કષાય ક્રોધાદિ ચાર પ્રકારે છે. આથી જ કહે છે- क्रोधी ઇત્યાદિ. પ્રદેશ આદિના અનુભવથી ક્રોધ જેને છે તે ક્રોધી. એ પ્રમાણે માન આદિ વિષે પણ યોજના કરવી.

લીનમ્ ઇત્યાદિ, લીનતાના કારણે લિંગ કહેવાય છે. લિંગ સ્ત્રીલિંગ આદિ ત્રણ પ્રકારે છે. પુરુષલિંગની આકૃતિ પ્રગટ હોવા છતાં(=સ્પષ્ટ દેખાવા છતાં) ક્યારેક સ્ત્રીલિંગનો(=સ્ત્રીવેદનો) ઉદય થાય એ લિંગની લીનતા(=ગુપ્તતા)[૧] છે. એ પ્રમાણે બાકીના બે લિંગોમાં પણ વિપર્યય જાણવો. લિંગ, વેદ અને ચિહ્ન એ બધા શબ્દોનો એક જ અર્થ છે. 'मिथ्या' इत्यादि, મિથ્યાત્વમોહનીયના ઉદયથી તત્ત્વભૂત જીવાદિ પદાર્થો પ્રત્યે શ્રદ્ધાના અભાવથી મિથ્યાદર્શનનો ઉદય થાય છે. મિથ્યાદર્શનના અભિગૃહીત, અનભિગૃહીત અને સાંશયિક એમ ત્રણ ભેદ હોવા છતાં દરેકમાં તત્ત્વભૂત જીવાદિ પદાર્થો પ્રત્યે શ્રદ્ધાનો અભાવ સમાન હોવાથી એક જ છે. આથી જ અહીં કહે છે- મિથ્યાત્વમોહનીયના ઉદયવાળો જીવ મિથ્યાદૃષ્ટિ છે. સઘળા પ્રકારોથી સામાન્યથી મિથ્યાદૃષ્ટિ એક જ છે.

'अज्ञानम्' इत्यादि, જ્ઞાનથી અન્ય તે અજ્ઞાન. મિથ્યાત્વમોહનીયથી યુક્ત જ્ઞાનાવરણ-દર્શનાવરણકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારું અજ્ઞાન એક જ છે. કારણ કે સર્વત્ર સમ્યગ્બોધનો અભાવ છે. આથી જ કહે છે કે- અજ્ઞાની. સર્વસાધારણ એક જ અજ્ઞાની કહેવાય છે.

---

૧. અહીં સ્ત્રીલિંગ બહાર સ્પષ્ટ દેખાતું નથી. અથવા ક્યારેક નપુંસક લિંગનો ઉદય થાય. તથા સ્ત્રીને સ્ત્રીલિંગની આકૃતિ પ્રગટ હોવા છતાં ક્યારેક પુરુષલિંગનો કે નપુંસકલિંગનો ઉદય થાય એ પ્રમાણે નપુંસકને પણ સ્વલિંગની નિષ્પત્તિ થવા છતાં પુરુષલિંગ કે સ્ત્રીલિંગનો ઉદય થાય પણ નિવૃત્તિથી=બાહ્ય આકારથી ન દેખાય. જેમ કે કપિલ.

'असंयत' इत्यादि, અસંયતપણું, સંજ્વલન સિવાયના બાર પ્રકારના કષાયના ઉદયથી થાય છે. આથી એક રૂપ છે. અસંયત અવિરત છે એથી એક રૂપ છે.

'असिद्धत्व' इत्यादि, અસિદ્ધપણું એટલે વેદનીય, આયુષ્ય, ગોત્ર અને નામકર્મના ઉદયથી કૃતકૃત્યત્વના અભાવરૂપ એક જ છે. કહે છે કે- असिद्धः અસિદ્ધપણું જેને હોય તે અસિદ્ધ છે. એક ભેદવાળું એટલે એક પ્રકારવાળું. અહીં એક ભેદવાળું એટલે એક પ્રકારવાળું એમ પર્યાયવાચી શબ્દનું કથન સર્વભેદોને બતાવવા માટે છે, અર્થાત્ અસિદ્ધના સર્વભેદોનો એક અસિદ્ધમાં જ સમાવેશ થઇ જાય છે.

'लेश्या' इति, આત્માની સાથે એકરૂપ બને તે લેશ્યા. પરિસ્થૂલ દ્રવ્યોના સજાતીય ભેદોને આશ્રયીને લેશ્યાના છ ભેદો છે. 'कृष्णलेश्या' इत्यादि, કૃષ્ણ એવી લેશ્યા તે કૃષ્ણલેશ્યા. એ પ્રમાણે નીલલેશ્યા આદિમાં પણ યોજના કરવી. આ દ્રવ્યલેશ્યાઓ આવા પ્રકારની જાણવી. ભાવલેશ્યાઓ તો દ્રવ્યલેશ્યાઓની સહાયતાથી(=સાંનિધ્યથી) થનારા આત્માના અશુભ-શુભ પરિણામો જ છે. આગમમાં કહ્યું છે કે- "જીવ જે લેશ્યા દ્રવ્યોને ગ્રહણ કરે છે તે લેશ્યાના પરિણામવાળો થાય છે." (પ્રજ્ઞાપના-લેશ્યાપદ) "જપાકુસુમ આદિના સાંનિધ્યથી જેવી રીતે સ્ફટિકનો પરિણામ થાય છે, તેવી રીતે કૃષ્ણ વગેરે લેશ્યાદ્રવ્યોની સહાયતાથી(=સાંનિધ્યથી) આત્માનો જે પરિણામ થાય છે તેમાં આ લેશ્યા શબ્દનો પ્રયોગ થાય છે." ઈત્યાદિ. આ છએ લેશ્યાઓની જાંબુવૃક્ષના ફળોનું ભક્ષણ કરનારા [1]છ પુરુષોના આગમસિદ્ધ દૃષ્ટાંતથી પ્રસિદ્ધિ કરવી.

---

૧. સંક્ષેપમાં છ પુરુષોના દૃષ્ટાંતની વિગત– એકે કહ્યું: ચડવામાં પડવાનો સંદેહ છે માટે મૂળથી વૃક્ષને છેદીએ. બીજાએ કહ્યું: આપણે તરુણ છીએ માટે ચડીને મોટી શાખાઓ છેદીએ. ત્રીજાએ કહ્યું: પ્રશાખાઓને છેદીએ. ચોથાએ કહ્યું: માત્ર ગુચ્છોને(=લુમખાને) છેદીએ. પાંચમાએ કહ્યું: પાકાં ફળો જ તોડીને ભક્ષણ કરીએ. છઠ્ઠાએ કહ્યું: નીચે પડેલાં તાજાં પાકાં ફળોનું ભક્ષણ કરીએ.

છ લુંટારાઓની સંક્ષેપમાં વિગત- (૧) જે કોઇ દેખાય તેને મારી નાખવો. (૨) મનુષ્યોને મારવા. (પશુઓ નહિ). (૩) પુરુષોને મારવા. (સ્ત્રીઓને નહિ). (૪) હથિયાર સહિત હોય તેમને મારવા. (૫) સામે થનારને મારવા. (૬) એક તો ધન લેવું અને મારવું એ યોગ્ય નથી, માટે માર્યા વિના જ ધન ગ્રહણ કરવું.

આ પ્રમાણે સર્વ ભેદોને કહીને ભાષ્યકાર एते ઇત્યાદિથી ઉપસંહાર કરે છે- આ એકવીસ, એકવીસથી ન્યૂન કે અધિક નહિ, ઔદયિક=કર્મોદયની અપેક્ષાવાળા ભાવો છે, તથા જીવનાં પોતાનાં સ્વરૂપો જ છે. (૨-૬)

**टीकावतरणिका–** उक्ता औदयिकभावभेदाः, साम्प्रतं पारिणामिक-भावभेदाभिधानायाह–

**ટીકાવતરણિકાર્થ–** ઔદયિકભાવના ભેદો કહ્યા. હવે પારિણામિક ભાવના ભેદોનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

**પારિણામિકભાવના ભેદો–**

## जीवभव्याभव्यत्वादीनि च ॥२-७॥

**સૂત્રાર્થ–** જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ વગેરે જીવના પારિણામિક ભાવો છે. (૨-૭)

**भाष्यं–** जीवत्वं भव्यत्वमभव्यत्वमित्येते त्रयः पारिणामिका भावा भवन्तीति । आदिग्रहणं किमर्थमिति । अत्रोच्यते- अस्तित्वमन्यत्वं कर्तृत्वं भोक्तृत्वं गुणवत्त्वमसर्वगतत्वमनादिकर्मसन्तानबद्धत्वं प्रदेशत्वम-रूपत्वं नित्यत्वमित्येवमादयोऽप्यनादिपारिणामिका जीवस्य भावा भवन्ति, धर्मादिभिस्तु समाना इत्यादिग्रहणेन सूचिताः । ये जीवस्यैव वैशेषिकास्ते स्वशब्देनोक्ता इति । एते पञ्च भावास्त्रिपञ्चाशद्भेदा जीवस्य स्वतत्त्वं भवन्ति । अस्तित्वादयश्च ॥२-७॥

**ભાષ્યાર્થ–** જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ આ પ્રમાણે આ ત્રણ ભાવો પારિણામિક છે.

**પ્રશ્ન–** આદિ શબ્દનું ગ્રહણ શા માટે કર્યું છે ?

**ઉત્તર–** અસ્તિત્વ, અન્યત્વ, કર્તુત્વ, ભોક્તૃત્વ, ગુણવત્ત્વ, અસર્વગતત્વ, અનાદિકર્મસંતાનબદ્ધત્વ, પ્રદેશત્વ, અરૂપત્વ, નિત્યત્વ ઇત્યાદિ અનાદિ પારિણામિક ભાવો પણ જીવના છે. આ ભાવો ધર્માસ્તિકાયાદિથી સમાન છે એથી આદિ શબ્દના ગ્રહણથી સૂચવ્યા છે.

જે ભાવો જીવના જ વિશેષ રૂપ છે તે ભાવો સ્વશબ્દથી કહ્યા છે. ત્રેપન ભેદવાળા આ (ઔપશમિકાદિ) પાંચ ભાવો જીવનું સ્વતત્ત્વ છે=જીવનું પોતાનું સ્વરૂપ છે અને અસ્તિત્વ વગેરે જીવનું સ્વતત્ત્વ છે. (૨-૭)

**टीका–** एवं चित्रो जीवस्य पारिणामिको भाव इति सूत्रसमुदायार्थः, अवयवार्थं त्वाह-'जीवत्व'मित्यादि जीवभावो जीवत्वं स्वार्थिको भावप्रत्ययः, जीव एव जीवत्वं-असङ्ख्येयप्रदेशाः, चेतनेति, भव्या सिद्धिरस्येति भव्यः, उत्तरपदलोपाद् भीमादिवत्, स एव भव्यत्वं, सिद्धिगमनायोग्यस्त्वभव्यः, स एवाभव्यत्वं, इत्येवं जीवधर्मा एते त्रयः पारिणामिका भावा भवन्ति, न कर्मकृताः, किन्तु स्वाभाविका एव, 'आदिग्रहणं किमर्थ'मिति कोऽभिप्रायः-? द्विनवाष्टादिसूत्रेण त्रिपञ्चाशद्भावभेदा निश्चिताश्च उक्ता एवेत्यनर्थकमादिग्रहणं, भावान्तरभावे च तत्सूत्रानर्थक्यमिति, अत्रोच्यते- द्विनवाष्टादिसूत्रेण साधारणा जीववर्त्तिनः एव भावभेदा उक्ताः, न सूत्रानर्थक्यं जीवाजीवसाधारणापाद(णोपादा)नार्थं चादिग्रहणमित्यानर्थक्याभावः, अत एव साधारणभावभेदोपदर्शनायैवाह वृत्तिकारः-'अस्तित्व'मित्यादि, अस्तित्वं-सत्तारूपं अन्वयव्यतिरेकवद्बोधसिद्धं, अन्यत्वं परस्परतो जन्मादिप्रतिनियमसिद्धं, कर्मसिद्धं कर्तृत्वं, (भोक्तृत्वं) शुभाशुभकर्मणः योगप्रयोगसिद्धं (गुणवत्त्वं प्रतिप्राणि ज्ञानदर्शनोपयोगसिद्धं असर्वगतत्वं देहमात्रचेतनासिद्धं) अनादिकर्मसन्तानबद्धत्वं मुक्तबन्धाभावसिद्धं प्रदेशत्वं करादिसंगतद्भेदभावसिद्धं अरूपित्वं त्वदाहविज्ञानभस्माद्यभावसिद्धं, नित्यत्वं स्मरणादिभावसिद्धं, एवमादयो द्वितीयादिशब्दात् क्रियावत्त्वादिग्रहः, सान्निपातिकग्रह इत्यन्ये, तस्यापि प्रवचने पाठात् "उदइयखओवसमिअ परिणामेक्केक्क गतिचउक्केऽवि । खयजोएणवि चउरो तदभावे उवसमेणंपि ॥१॥ उवसमसेढीएँ एक्को केवलिणो च्चिअ तहेव सिद्धस्स । अविरुद्धसन्निवाइअभेदा एमेव पण्णरस ॥२॥" इत्यादि, अपिः समुच्चये, एवंप्रकाराश्च

अनादिपारिणामिकाः स्वाभाविका एवेत्यर्थः, जीवस्य भावा भवन्ति। धर्मादिभिरस्तिकायैः समानाः साधारणा इत्यादिग्रहणेन सूचिताः सूत्रकारेण, सूत्रार्थनिगमनायाह-'य'इत्यादि, ये जीवस्य वैशेषिकाः, भावा इति वर्त्तन्ते, ते स्वशब्देन जीवादिना स्वरूपवाचकेनैवोक्ताः, इतिशब्दः सकलभावोपसंहारार्थः, एवमेते पञ्च भावाः प्रतिपदं य उद्दिष्टा औपशमिकादयः त्रिपञ्चाशद्भेदाः सम्यक्त्वचारित्राद्युत्तरभेदापेक्षया जीवस्य स्वतत्त्वं भवन्ति, अस्तित्वादयश्च न परिकल्पितरूपा इत्यर्थः, अनन्तधर्म्मात्मकत्वादस्य सच्चेतनामूर्त्तादिधर्मभेदसिद्धेरिति ॥२-७॥

**ટીકાર્થ–** આ પ્રમાણે જીવનો પારિણામિક ભાવ વિવિધ પ્રકારે છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે- "जीवत्वम्" इत्यादि, જીવનો ભાવ તે જીવત્વ. અહીં ભાવ પ્રત્યય(ત્વ) સ્વાર્થમાં થયેલો છે. એથી જીવ એ જ જીવત્વ એવો અર્થ છે. જીવત્વ એટલે અસંખ્યપ્રદેશવાળી ચેતના. ભવ્યા(=થવા યોગ્ય) છે સિદ્ધિ જેની તે भव्यसिद्धिः, भीमो भीमसेनः ઇત્યાદિની જેમ ઉત્તરપદ (સિદ્ધિ)નો લોપ થવાથી ભવ્ય એવો શબ્દ થાય. ભવ્ય એ જ ભવ્યત્વ. જે મોક્ષમાં જવાને માટે અયોગ્ય છે તે અભવ્ય. અભવ્ય એ જ અભવ્યત્વ. આ પ્રમાણે આ ત્રણ જીવધર્મો પારિણામિક ભાવો છે. પારિણામિકભાવો છે એનો અર્થ એ છે કે કર્મથી કરાયેલા નથી, કિંતુ સ્વાભાવિક જ છે.

**પ્રશ્ન–** સૂત્રમાં आदि શબ્દનું ગ્રહણ શા માટે કર્યું છે ? આવો પ્રશ્ન કરવામાં આ અભિપ્રાય છે-द्वि-नवाऽष्टा० (૨-૨) ઇત્યાદિ સૂત્રથી ભાવના ૫૩ ભેદો નિશ્ચિત કહ્યા જ છે. આથી आदि શબ્દનું ગ્રહણ નિરર્થક છે. હવે ૫૩થી વધારે ભાવો હોય તો द्वि-नवाऽष्टा० ઇત્યાદિ સૂત્ર નિરર્થક છે.

**ઉત્તર–** द्वि-नवा-ऽष्टा० એ સૂત્રથી જીવોમાં જ રહેનારા સાધારણ ભાવોના ભેદો કહ્યા છે. માટે સૂત્ર નિરર્થક નથી. જીવ-અજીવ એ ઉભયમાં રહેનારા સાધારણ ભાવોનું ગ્રહણ કરવા માટે आदि શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી आदि શબ્દનું ગ્રહણ નિરર્થક નથી. આથી જ જીવ-

અજીવ ઉભયના સાધારણ ભાવોના ભેદોને બતાવવા માટે જ ભાષ્યકાર કહે છે- 'अस्तित्वम्' ઇત્યાદિ, અસ્તિત્વ સત્તારૂપ(=વિદ્યમાનતા રૂપ) છે અને અન્વય-વ્યતિરેકવાળા બોધથી સિદ્ધ છે, અર્થાત્ तत्सत्त्वे तत्सत्त्वम् એવા પ્રકારના અન્વયથી અને तदभावे तदभावः એ પ્રમાણે વ્યતિરેકના બોધથી અસ્તિત્વ સિદ્ધ થાય છે. આનો ભાવાર્થ એ છે કે- तत्सत्त्वे तत्सत्त्वम्=વસ્તુની સત્તા (વિદ્યમાનતા) હોય તો વસ્તુ હોય. तदभावे तदभावः=વસ્તુના અભાવમાં વસ્તુનું સત્ત્વ ન હોય. આ રીતે અન્વય-વ્યતિરેકવાળા બોધથી સત્ત્વની સિદ્ધિ થાય છે. (અન્યત્ર એટલે એક જીવથી બીજા જીવનું અને શરીરથી આત્માનું જુદાપણું. એક પરમાણુથી બીજા પરમાણુનું જુદાપણું વગેરે.) અન્યત્વ પરસ્પરની એક-એકની જન્મ આદિની વ્યવસ્થાથી સિદ્ધ થાય છે. દરેક જીવનો જન્મ વગેરે અલગ અલગ થાય છે માટે એક જીવ બીજા જીવથી અન્ય છે. એ રીતે આત્મા પરલોકમાં જાય છે, શરીર અહીં જ રહે છે વગેરે કારણોથી આત્મા શરીરથી અન્ય છે. બે પરમાણુઓનું અસ્તિત્વ અલગ અલગ હોય છે માટે એક પરમાણુ બીજા પરમાણુથી અન્ય છે.

કર્તૃત્વ=કર્તાપણું કર્મથી સિદ્ધ છે, અર્થાત્ આત્મા શુભાશુભકર્મનો કર્તા છે. એથી તેમાં કર્તૃત્વ=કર્તાપણું છે.

આત્મામાં શુભાશુભકર્મોનું ભોક્તૃત્વ=ભોગ યોગના પ્રયોગથી સિદ્ધ છે. (જ્યાં સુધી યોગ હોય ત્યાં સુધી જ આત્મા કર્મનો કર્તા અને ભોક્તા છે. ચૌદમા ગુણસ્થાને યોગ ન હોવાથી આત્મા કર્મનો કર્તા કે ભોક્તા નથી.)

ગુણવાનપણું=ગુણો દરેક જીવમાં જ્ઞાન-દર્શનના ઉપયોગથી સિદ્ધ છે. માત્ર શરીરમાં ચેતના હોવાથી આત્માનું અસર્વગતત્ત્વ(=આત્મા બધા સ્થળે નથી એ સિદ્ધાંત) સિદ્ધ થાય છે.

આત્મા અનાદિથી કર્મપરંપરાથી બંધાયેલો છે એ સિદ્ધાંત મુજબ જીવોમાં બંધના અભાવથી સિદ્ધ છે. આત્માના પ્રદેશો છે, એ સિદ્ધાંત હાથ આદિની સાથે જોડાયેલાં હાથ આદિના ભેદોની સત્તાથી સિદ્ધ થાય છે. અહીં

ભાવાર્થ એ છે કે જેવી રીતે હાથ આદિની સાથે હાથ આદિના ભેદો જોડાયેલા છે, તેવી રીતે આત્માની સાથે આત્માના પ્રદેશો જોડાયેલા છે.

આત્માનું અરૂપીપણું અદાહ, વિજ્ઞાન અને ભસ્મ આદિના અભાવથી સિદ્ધ થાય છે. અહીં ભાવાર્થ આ છે- રૂપી દ્રવ્ય બળે છે. આત્મા બળતો નથી માટે અરૂપી છે. રૂપી દ્રવ્યમાં જ્ઞાન ન હોય, આત્મા વિજ્ઞાન સ્વરૂપ છે માટે અરૂપી છે. રૂપી દ્રવ્યોને બાળવાથી તેની રાખ થાય છે, આત્મા બળતો જ નથી, તેથી તેની રાખ થતી નથી. માટે આત્મા અરૂપી છે.

સ્મરણ આદિ થવાથી આત્માનું નિત્યપણું સિદ્ધ થાય છે. જીવોને ભૂતકાળના પ્રસંગોનું સ્મરણ થાય છે એથી જ આત્મા નિત્ય છે એ સિદ્ધ થાય છે. જો આત્મા ક્ષણે ક્ષણે નાશ પામતો હોય તો ભૂતકાળનું સ્મરણ ન થાય. સત્તા ઈત્યાદિ જીવ-અજીવ ઉભયના સાધારણ પારિણામિકભાવો છે.

एवमादयो એ સ્થળે રહેલા બીજા આદિ શબ્દથી ક્રિયાવત્ત્વ આદિ ભાવોનું ગ્રહણ કરવું. બીજાઓ કહે છે કે બીજા આદિ શબ્દથી સાન્નિપાતિક ભાવનું ગ્રહણ કરવું. કારણ કે શાસ્ત્રમાં તેનો પણ પાઠ છે. કહ્યું છે કે—

उदइयखओवसमिअ परिणामेक्केक्क गतिचउक्केऽवि ।
खयजोएण वि चउरो तदभावे उवसमेणंपि ॥१॥

उवसमसेढीए एक्को केवलिणो च्चिअ तहेव सिद्धस्स ।
अविरुद्धसन्निवाहअभेदा एमेव पण्णरस ॥२॥

આનો અર્થ થોડો વિસ્તારથી સમજવો પડશે. તે માટેની થોડી ભૂમિકા—

સાન્નિપાતિકના કુલ ભેદો ૨૬ છે. તે આ પ્રમાણે—

દ્વિસંયોગી-૧૦ભાંગા, ત્રિસંયોગી-૧૦ભાંગા, ચતુઃસંયોગી-૫ભાંગા, પંચસંયોગી-૧ ભાંગો = ૨૬ ભાંગા થયા.

## દ્વિસંયોગી-૧૦ ભાંગા

૧. ઔદયિક-ઔપશમિક

૨. ઔદયિક-ક્ષાયિક

૩. ઔદયિક-ક્ષાયોપશમિક

૪. ઔદયિક-પારિણામિક

૫. ઔપશમિક-ક્ષાયિક

૬. ઔપશમિક-ક્ષાયોપશમિક

૭. ઔપશમિક-પારિણામિક

૮. ક્ષાયિક-ક્ષાયોપશમિક

૯. [1]**ક્ષાયિક-પારિણામિક**

૧૦. ક્ષાયોપશમિક-પારિણામિક

**ત્રિસંયોગી-૧૦ ભાંગા**

૧. ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક

૨. ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક

૩. ઔદયિક-ઔપશમિક-પારિણામિક

૪. ઔદયિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક

૫. [2]**ઔદયિક-ક્ષાયિક-પારિણામિક**

૬. [3]**ઔદયિક-ક્ષાયોપશમિક-પારિણામિક**

૭. ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક

૮. ઔપશમિક-ક્ષાયિક-પારિણામિક

૯. ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિક

૧૦. ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક

**ચતુઃસંયોગી-૫ ભાંગા**

૧. ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક

---

૧. ફક્ત સિદ્ધને હોય.
૨. ફક્ત કેવલીને હોય.
૩. ચારે ગતિમાં હોય.

૨. ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-પારિણામિક

**૩. ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિક**

**૪. [1]ઔદયિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક**

૫. ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક

**પંચસંયોગી-૧ ભાંગો**

**૧. [2]ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક**

ઉપરોક્ત ૨૬ ભાંગામાંથી બોલ્ડ કરેલા ૬ ભાંગા જ સંભવિત છે. બાકીના સંયોગમાત્ર છે. તેમાં–

(૧) દ્વિસંયોગી ૯મો ભાંગો- ક્ષાયિક-પારણામિક છે. ક્ષાયિકભાવે સમ્યક્ત્વ અને પારિણામિક ભાવે જીવત્વ. આ ભાંગો ફક્ત સિદ્ધને જ સંભવે છે. કારણ કે- સિદ્ધમાં આ બે જ ભાવ હોય છે. આ એક ભાંગો ગણાય.

(૨) ત્રિસંયોગી ૫મો ભાંગો- ઔદયિક-ક્ષાયિક-પારિણામિક છે. ઔદયિકભાવે મનુષ્યગતિ, ક્ષાયિકભાવે સમ્યક્ત્વ અને પારિણામિકભાવે જીવત્વ. આ ભાંગો ફક્ત કેવલીને હોય છે. તેથી આ એક ભાંગો ગણાય.

(૩) ત્રિસંયોગી ૬ઠ્ઠો ભાંગો- ઔદયિક-ક્ષાયોપશમિક-પારિણામિક છે. ઔદયિકભાવે નારક વગેરે એક એક ગતિ, ક્ષાયોપશમિકભાવે ઇન્દ્રિયો, પારિણામિકભાવે જીવત્વ. આ ભાંગો ચારે ગતિમાં સંભવે. ચારે ગતિના જુદા જુદા ગણતા ૪ ભાંગા ગણાય.

(૪) ચતુઃસંયોગી ૩જો ભાંગો-ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિક છે. ઔદયિકભાવે નારક વગેરે એક એક ગતિ, ઔપશમિકભાવે-સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવે-ઇન્દ્રિયો, પારિણામિક-ભાવે-જીવત્વ. આ ભાંગો ચારે ગતિમાં સંભવે. ચારે ગતિના જુદા જુદા ગણતા ૪ ભાંગા ગણાય.

---

૧. ચારે ગતિમાં હોય.

૨. ફક્ત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ ઉપશમશ્રેણિપ્રતિપન્નને હોય.

(૫) ચતુઃસંયોગી ૪થો ભાંગો- ઔદયિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક છે. ઔદયિકભાવે નારક વગેરે એક એક ગતિ, ક્ષાયિકભાવે સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવે-ઇન્દ્રિયો, પારિણામિકભાવે જીવત્વ. આ ભાંગો ચારે ગતિમાં સંભવે. ચારે ગતિના જુદા જુદા ગણતા ૪ ભાંગા ગણાય.

(૬) પંચસંયોગી ૧ ભાંગો- ઔદયિક-ક્ષાયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિક. ઔદયિકભાવે મનુષ્યગતિ, ક્ષાયિકભાવે સમ્યક્ત્વ, ઔપશમિકભાવે-ઉપશમ શ્રેણિમાં છે માટે, ક્ષાયોપશમિકભાવે-ઇન્દ્રિયો અને પારિણામિકભાવે-જીવત્વ. આ ભાંગો ઉપશમશ્રેણિમાં સમ્યગ્દષ્ટિને જ સંભવે. માટે આનો પણ ૧ જ ભાંગો ગણાય.

ઉપર જોયું તેમ સાન્નિપાતિકના ૨૬ ભાંગામાંથી ફક્ત ૬ ભાંગાના ૧૫ ભેદ જ શક્ય છે. આ જ વાત આ બે ગાથામાં જણાવી છે.

**ગાથાર્થ–** ઔદયિક-ક્ષાયોપશમિક-પારિણામિક, આ ભાંગો ચારેય ગતિમાં એક એક છે. આની જોડે ક્ષાયિક જોડી દેવાથી ઔદયિક-ક્ષાયોપશમિક-પારિણામિક-ક્ષાયિક, આ ભાંગો પણ ચારેય ગતિમાં એક એક છે. तदभावे=ક્ષાયિકના અભાવમાં જો ઔપશમિક જોડી દેવામાં આવે તો ઔદયિક-ક્ષાયોપશમિક-પારિણામિક-ઔપશમિક. આ ભાંગો પણ ચારેય ગતિમાં એક એક હોય છે. (આમ આ ૧૨ ભાંગા થયા.) (૧)

ઉપશમશ્રેણિમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિને એક ભાંગો હોય છે. જેમકે ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક-ક્ષાયિક-પારિણામિક. એક ભાંગો કેવલીને હોય છે. જેમકે- ઔદયિક-ક્ષાયિક-પારિણામિક. એક ભાંગો સિદ્ધને હોય છે. જેમકે- ક્ષાયિક-પારિણામિક. આમ સાન્નિપાતિકના આ ૧૫ ભેદો અવિરુદ્ધ છે=સંભવે છે. આ સિવાયના ભેદો સંભવતા નથી. (૨)

આ બંને ગાથાઓ આવા શાબ્દિક ફેરફાર સાથે નીચે જણાવેલા ગ્રંથોમાં ઉપલબ્ધ છે–

उदइयखओवसमियपरिणामेहिं चउरो गइचउक्के ।
खइयजुएहिं चउरो तदभावे उवसमजुएहिं ॥५६॥

इक्किक्को उवसमसेढिसिद्धकेवलिसु एवमविरुद्धा ।
पन्नरस सन्निवाइअभेया वीसं असंभविणो ॥५७॥
(શ્રીજિનવલ્લભગણિવિરચિતસૂક્ષ્માર્થવિચારસારોદ્ધાર-૫૬-૫૭)

उदइयखओवसमियपरिणामेहिं चउरो गइचउक्के ।
खइयजुएहिं चउरो तदभावे उवसमजुएहिं ॥४९॥
एक्केक्को उवसमसेढिसिद्धकेवलिसुं एवमविरुद्धा ।
पन्नरस सन्निवाइयभेया वीसं असंभविणो ॥५०॥
(શ્રીવર્ધમાનક્રમકમલોપમ શ્રીચક્રેશ્વરસૂરિવિરચિત શ્રીપદાર્થસ્થાપનાસંગ્રહ)

अपि શબ્દ સમુચ્ચયના(=સંગ્રહના) અર્થમાં છે. આવા પ્રકારના અનાદિ પારિણામિક=સ્વાભાવિક જ જીવના ભાવો હોય છે. આ ભાવો ધર્માસ્તિકાય વગેરે અસ્તિકાયોથી સમાન=સાધારણ છે એથી સૂત્રમાં ઉલ્લેખ ન કરતાં आदि શબ્દના ગ્રહણથી સૂત્રકારે સૂચિત કર્યા છે.

સૂત્રનો ઉપસંહાર કરવા માટે કહે છે- જીવના જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ રૂપ જે વિશેષ ધર્મો છે તે સ્વરૂપવાચક જીવાદિ (જીવ, ભવ્ય, અભવ્ય એવા) પોતાના શબ્દથી કહ્યા છે. इति શબ્દ સર્વભાવોના ઉપસંહાર માટે છે. આ પ્રમાણે હમણાં જ (औपशमिकक्षायिकौ (૨-૧) સૂત્રમાં) જેમનો નામથી ઉલ્લેખ કર્યો છે, અને સમ્યક્ત્વ, ચારિત્ર વગેરે ઉત્તરભેદોની અપેક્ષાએ ત્રેપન ભેદવાળા છે. તે ઔપશમિક વગેરે પાંચ ભાવો અને અસ્તિત્વ વગેરે ભાવો જીવનું પોતાનું જ સ્વરૂપ છે. એ ભાવો કલ્પિત નથી. કેમકે જીવ અનંતધર્મસ્વરૂપ છે. એથી એના સત્ત્વ, ચેતના અરૂપિપણું વગેરે ધર્મભેદોની સિદ્ધિ થાય છે. (૨-૭)

**भाष्यावतरणिका–** किं चान्यद्-

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું-

**टीकावतरणिका–** उक्तः स्वतत्त्वतो जीवः, अधुना लक्षणतोऽभिधातुमाह-'किञ्चान्यदि'ति सम्बन्धग्रन्थः,

**ટીકાવતરણિકાર્થ–** સ્વસ્વરૂપથી જીવનું વર્ણન કર્યું. હવે લક્ષણથી જીવનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

**જીવનું લક્ષણ–**

## उपयोगो लक्षणम् ॥२-८॥

**સૂત્રાર્થ–** ઉપયોગ એ જીવનું લક્ષણ(=અસાધારણ ધર્મ) છે. (૨-૮)

**भाष्यं–** उपयोगो लक्षणं जीवस्य भवति ॥२-८॥

**ભાષ્યાર્થ–** જીવનું લક્ષણ ઉપયોગ છે. (૨-૮)

**टीका–** उपयोगो लक्षणमिति द्वितीयप्रश्ननिर्वचनं, सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'उपयोगो लक्षणं जीवस्य भवती'ति भाष्यं, इहोपयोजनमुपयोगः उपलम्भः, ज्ञानदर्शनसमाधियोजनं वा योगः-ज्ञानदर्शनप्रवर्तनं, सामीप्येन योगा उपयोगाः, उपयोगः नित्यसम्बन्ध इत्यर्थः, अनेन लक्ष्यत इतिकृत्वा उपयोगो लक्षणं जीवस्य भवति, अन्वयव्यतिरेकावबोध इत्यर्थः, तथा चागमः-'सव्वजीवाणंपि अ णं अक्खरस्स अणंतभागो निच्चुग्घाडिओ'त्तीत्यादि ॥२-८॥

**ટીકાર્થ–** ઉપયોગ એ જીવનું લક્ષણ છે એવું કથન બીજા પ્રશ્નનો ઉત્તર છે. (બીજા અધ્યાયના પ્રથમ સૂત્રના ભાષ્યમાં જીવ સ્વરૂપથી કેવા સ્વરૂપવાળો છે અને એનું લક્ષણ શું છે એવા બે પ્રશ્નો કર્યા હતા. તેમાં પહેલા સૂત્રથી પ્રારંભી સાતમા સૂત્ર સુધીનું વર્ણન પહેલા પ્રશ્નના ઉત્તર રૂપ છે. હવે આ સૂત્રથી બીજા પ્રશ્નના ઉત્તરને કહે છે.) આ સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે- ઉપયોગ જીવનું લક્ષણ છે. અહીં ઉપયોજન તે ઉપયોગ એમ ઉપયોગ શબ્દની વ્યુત્પત્તિ છે. ઉપયોગ એટલે જોવું અને જાણવું. (આત્માનો જોવાનો અને જાણવાનો સ્વભાવ છે. એના જ કારણે આત્મા શરીર આદિથી ભિન્ન જાણી શકાય છે. આત્મા સિવાય કોઈ વસ્તુમાં જોવાનો-જાણવાનો સ્વભાવ નથી. શરીરનો પણ જોવાનો-જાણવાનો સ્વભાવ નથી. જીવ

શરીરમાં હોય ત્યારે શરીરને પથ્થર વગેરે લાગે તો આત્માને ખબર પડે છે. શરીરમાંથી આત્મા નીકળી ગયા પછી શરીરને ગમે તેટલું મારવામાં આવે તો શરીરને એનું જ્ઞાન થતું જ નથી.)

(હવે ઉપયોગ શબ્દમાં ઉપ અને યોગ એવા બે શબ્દો છે. એથી એ બે શબ્દોનો અલગ અલગ અર્થ જણાવીને ઉપયોગ શબ્દનો અર્થ જણાવે છે.) જ્ઞાન-દર્શન દ્વારા સમાધિમાં(=સમભાવમાં) જોડાવું તે યોગ. અહીં ભાવાર્થ આ છે- આત્મા માત્ર જ્ઞાન-દર્શન દ્વારા વસ્તુને માત્ર જાણે છે અને જુએ છે, એમાં રાગ-દ્વેષ કરતો નથી. એથી જ્ઞાન-દર્શન દ્વારા સમાધિ થઇ. એવી રીતે સમાધિમાં જોડાવું તે ज्ञानदर्शनसमाधियोजनम्। આથી જ આગળ કહે છે કે- योगः-ज्ञानदर्शनप्रवर्तनम्=માત્ર જાણવા-જોવામાં પ્રવર્તવું તે યોગ. उप=सामीप्येन योगाः=उपयोगाः, નજીકમાં જ્ઞાન-દર્શનમાં પ્રવર્તવું. કોની નજીકમાં ? આત્માની નજીકમાં રહીને= આત્મામાં જ રહીને જ્ઞાન-દર્શનનું પ્રવર્તવું તે ઉપયોગ. જાણવા-જોવામાં રાગ-દ્વેષ ન કરવા તે આત્મામાં જ રહેવું ગણાય. રાગ-દ્વેષ થાય એ આત્મા બહાર ગયો એમ કહેવાય.

આનો તાત્પર્યાર્થ એ આવ્યો કે રાગ-દ્વેષ કર્યા વિના સદા વસ્તુને જ્ઞાન-દર્શન દ્વારા જાણવી-જોવી તે ઉપયોગ. આત્માનો રાગ-દ્વેષ કર્યા વિના જ વસ્તુને સદા જાણવા-જોવાનો સ્વભાવ એ ઉપયોગ. આવો ઉપયોગ એ આત્માનું લક્ષણ છે. આવું લક્ષણ જ્યાં હોય ત્યાં આત્મા છે એમ જાણી શકાય છે. આથી જ કહે છે કે- ઉપયોગ એટલે नित्यसम्बन्धः આત્માનો ઉપયોગની સાથે=જાણવા-જોવાના સ્વભાવની સાથે નિત્ય સંબંધ છે, એક પણ સમય એવો ન જાય કે જેમાં આત્માનો જાણવા-જોવાનો સ્વભાવ ન હોય. આવા પ્રકારના ઉપયોગથી આત્મા ઓળખાય છે માટે ઉપયોગ જીવનું લક્ષણ છે, અર્થાત્ અન્વય-વ્યતિરેકથી આત્માનો બોધ થાય. આત્મા જણાય એ આત્માનું લક્ષણ છે. જ્યાં જ્યાં ઉપયોગ છે ત્યાં ત્યાં આત્મા છે એ અન્વયથી આત્માનો બોધ છે. જ્યાં જ્યાં ઉપયોગ નથી ત્યાં ત્યાં આત્મા નથી એ વ્યતિરેકથી આત્માનો બોધ છે.

આગમમાં કહ્યું છે કે- "સર્વજીવોના જ્ઞાનનો અનંતમો ભાગ સદા ઉઘાડો(=આવર્યા વિનાનો) રહે છે." (જો જ્ઞાનનો આટલો ભાગ ઉઘાડો ન રહે તો આત્મા જ્ઞાનરહિત બને. આત્મા જ્ઞાનરહિત બને તો જીવ-જડનો ભેદ ન રહે.) ઇત્યાદિ. (૨-૮)

**ઉપયોગના ભેદો–**

## स द्विविधोऽष्टचतुर्भेदः ॥२-९॥

**સૂત્રાર્થ–** ઉપયોગ બે પ્રકારનો છે. ઉપયોગના અનુક્રમે આઠ પ્રકાર અને ચાર પ્રકાર છે. (૨-૯)

**भाष्यं–** स उपयोगो द्विविधः साकारोऽनाकारश्च । ज्ञानोपयोगो दर्शनोपयोगश्चेत्यर्थः । स पुनर्यथासङ्ख्यमष्टचतुर्भेदो भवति । ज्ञानोपयोगो-ऽष्टविधः । तद्यथा- मतिज्ञानोपयोगः श्रुतज्ञानोपयोगोऽवधिज्ञानोपयोगो मनःपर्यायज्ञानोपयोगः केवलज्ञानोपयोगो मत्यज्ञानोपयोगः श्रुताज्ञानोपयोगो विभङ्गज्ञानोपयोग इति । दर्शनोपयोगश्चतुर्भेदः । तद्यथा- चक्षुर्दर्शनोपयोगो-ऽचक्षुर्दर्शनोपयोगोऽवधिदर्शनोपयोगः केवलदर्शनोपयोग इति ॥२-९॥

**ભાષ્યાર્થ–** તે ઉપયોગના સાકાર અને અનાકાર એમ બે ભેદ છે. સાકારોપયોગ એટલે જ્ઞાનોપયોગ. અનાકારોપયોગ એટલે દર્શન ઉપયોગ. તે બે ઉપયોગના અનુક્રમે આઠ અને ચાર ભેદ છે. જ્ઞાનોપયોગના આઠ ભેદ છે. તે આ પ્રમાણે- મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન, મત્યજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન આ આઠ જ્ઞાનના ઉપયોગ છે.

દર્શન ઉપયોગના ચાર ભેદ છે. તે આ પ્રમાણે- ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન એમ દર્શન ઉપયોગના આ ચાર ભેદ છે. (૨-૯)

**टीका–** स द्विविधोऽष्टचतुर्भेदः सूत्रान्तरं, स उपयोगो द्विविधः सामान्येन, अष्टचतुर्भेदा विशेषत इति सूत्रसमुदायार्थः । अवयवार्थं

त्वाह-'स उपयोग' इत्यादिना स उपयोगः अनन्तरोपन्यस्तो द्विविधो द्विप्रकारः, कथमित्याह-साकारोऽनाकारश्च, आकारो विकल्पोऽर्थग्रहण-परिणाम इत्यनर्थान्तरं, सहाकारेण साकारः, तद्विपरीतोऽनाकारः, चः समुच्चये, भावार्थमाह- ज्ञानोपयोगो दर्शनोपयोगश्चेत्यर्थः, विशेषावबोधो ज्ञानं सामान्यावबोधो दर्शनं, स पुनरनन्तरोपन्यस्त उपयोगः यथासङ्ख्यं यथानिर्देशं अष्टचतुर्भेदो भवति, अष्टभेदश्चतुर्भेदश्च, पुनःशब्दः सङ्ख्या-नियमार्थः, भेदान्तराभावाद्, अत एवाह-ज्ञानोपयोगोऽष्टविध इत्यादि, मतिज्ञानोपयोगः-मतिज्ञानाकारपरिणामः तदात्मकत्वमात्मनः, एवं श्रुतज्ञानादिष्वपि योज्यं, इतिशब्दोऽन्ते साकारोपयोगपरिसमाप्त्यर्थः, एवं दर्शनोपयोगश्चतुर्भेदः, चक्षुर्दर्शनोपयोग इत्यादि, चक्षुरालोचनाकारपरिणामः आत्मनस्तदात्मकत्वमित्यर्थः, एवमचक्षुर्दर्शनादिष्वपि योज्यं, इतिशब्दः पूर्ववत्, इह च दर्शनपूर्वकत्वेऽपि ज्ञानस्य 'स द्विविधश्चतुरष्टभेद' इति सूत्रस्य कृतिः परमार्था(र्षा)नुवृत्त्या, तथा चैतदार्षं-"कतिविहे णं भंते ! उवओगे पण्णत्ते ?, गोयमा ! दुविहे उवओगे पण्णत्ते, तंजहा सागारोवओगे अ अणागारोवओगे अ" (प्रज्ञा० प.२९ सू.३१२) इत्यादि, इहापि बहुभेदत्वात् बहुवक्तव्यत्वेनैवमुपन्यास इति ॥२-९॥

**ટીકાર્થ–** स द्विविधोऽष्टचतुर्भेदः આ સૂત્ર આત્માના લક્ષણને જણાવનારું બીજું સૂત્ર છે. તે ઉપયોગ સામાન્યથી બે પ્રકારનો છે અને વિશેષથી ઉપયોગના આઠ અને ચાર પ્રકાર છે. આ સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર स उपयोगः ઇત્યાદિથી કહે છે- હમણાં જ જેનો ઉલ્લેખ કર્યો છે તે ઉપયોગ સાકાર અને અનાકાર એમ બે પ્રકારે છે. આકાર, વિકલ્પ અને અર્થગ્રહણનો પરિણામ એ બધા શબ્દોનો એક જ અર્થ છે. આકારથી સહિત તે સાકાર. સાકારથી વિપરીત તે અનાકાર. च શબ્દ સમુચ્ચય(=સંગ્રહ) અર્થમાં છે. ભાવાર્થને ભાષ્યકાર કહે છે-સાકાર એટલે જ્ઞાનોપયોગ. નિરાકાર એટલે દર્શનોપયોગ. વિશેષબોધ તે જ્ઞાન. સામાન્યબોધ તે દર્શન. તે એટલે ઉપયોગ. હમણાં જ કહેલો ઉપયોગ અનુક્રમે આઠ

પ્રકારનો અને ચાર પ્રકારનો છે. પુનર્ શબ્દનો પ્રયોગ સંખ્યાના નિયમન માટે છે. કેમકે (આઠ અને ચાર સિવાય) અન્ય ભેદો નથી. આથી જ કહે છે- જ્ઞાનોપયોગ આઠ પ્રકારનો છે. તે આ પ્રમાણે- મતિજ્ઞાનોપયોગ, શ્રુતજ્ઞાનોપયોગ, અવધિજ્ઞાનોપયોગ, મનઃપર્યાયજ્ઞાનોપયોગ, કેવળજ્ઞાનોપયોગ, મત્યજ્ઞાનોપયોગ, શ્રુતાજ્ઞાનોપયોગ, વિભંગજ્ઞાનોપયોગ.

મતિજ્ઞાનોપયોગ એટલે મતિદ્વારા વિશેષરૂપે જાણવાનો પરિણામ. કારણ કે આત્મા વિશેષથી જાણવાના પરિણામ સ્વરૂપ છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાન આદિમાં યોજના કરવી. અંતે રહેલો इति શબ્દ સાકારોપયોગની સમાપ્તિનો સૂચક છે, અર્થાત્ સાકારોપયોગનું વર્ણન અહીં પૂર્ણ થાય છે એ જણાવવા માટે છે.

એ પ્રમાણે દર્શનોપયોગ ચાર પ્રકારનો છે. તે આ પ્રમાણે- ચક્ષુદર્શનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ, અવધિદર્શનોપયોગ, કેવળદર્શનોપયોગ.

ચક્ષુદર્શનોપયોગ એટલે ચક્ષુદ્વારા સામાન્યરૂપે જોવાનો પરિણામ. કેમકે આત્મા સામાન્યરૂપે જોવાના પરિણામ સ્વરૂપ છે. એ પ્રમાણે અચક્ષુદર્શન આદિમાં પણ યોજના કરવી. અંતે રહેલો इति શબ્દ અનાકારોપયોગની સમાપ્તિનો સૂચક છે.

**પ્રશ્ન–** પહેલાં દર્શન અને પછી જ્ઞાન થાય છે. (કારણ કે સામાન્ય બોધ થયા વિના વિશેષ બોધ ન થાય.) તેથી સૂત્રમાં પહેલાં દર્શન જણાવવાના બદલે જ્ઞાન કેમ જણાવ્યું ?

**ઉત્તર–** परमार्षानुवृत्त्या०=પરમર્ષિઓનું(=પરમર્ષિઓએ કહેલાં ક્રમનું) અનુસરણ કરવા માટે આમ કર્યું છે. પરમર્ષિઓએ આ કહ્યું છે- "હે ભગવંત ! ઉપયોગ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! ઉપયોગ બે પ્રકારનો છે. *તે આ પ્રમાણે- સાકારોપયોગ અને અનાકારોપયોગ.*

**પ્રશ્ન–** પરમર્ષિઓએ જ્ઞાનને પહેલું કેમ જણાવ્યું ?

**ઉત્તર–** જ્ઞાનના વધારે ભેદો હોવાના કારણે ઘણું કહેવાનું હોવાથી પરમર્ષિઓએ જ્ઞાનનું પહેલાં ગ્રહણ કર્યું છે. (૨-૯)

**જીવના મુખ્ય બે ભેદો–**

**संसारिणो मुक्ताश्च ॥२-१०॥**

**સૂત્રાર્થ–** સંસારી અને મુક્ત એમ જીવોના બે ભેદ છે. (૨-૧૦)

**भाष्यं–** ते जीवाः समासतो द्विविधा भवन्ति । संसारिणो मुक्ताश्च ॥२-१०॥

**ભાષ્યાર્થ–** તે જીવોના સંસારી અને મુક્ત એમ સંક્ષેપથી બે ભેદ છે. (૨-૧૦)

**टीका–** सम्बन्धकारणं लक्ष्यलक्षणयोः कथञ्चिद्भेदख्यापनार्थं, उक्ताः सतत्त्वलक्षणा जीवाः सामान्यतः संसारिणो मुक्ताश्चेति द्विधा, बहुवचनमुभयानन्त्यख्यापनार्थमिति सूत्रसमुदायार्थः । व्यासार्थमाह-'ते जीवा' अनन्तरोदितलक्षणाः समासतः सङ्क्षेपेण द्विविधाः द्विप्रकाराः भवन्ति, संसारिणो मुक्ताश्च, संसारः-तिर्यङ्नरनारकामरभवानुभवलक्षणो विद्यते येषां ते संसारिणः, तद्वियुक्ताश्च मुक्ताः, चशब्दः स्वगतानेक-भेदसमुच्चयार्थः, आदौ संसारिग्रहणं तत्पूर्वकमुक्तख्यापनार्थं, अनादित्वं तेषां प्रवाहापेक्षमित्याचार्याः, आगमिकमेतद्वस्तु, तद्गम्यमेवेति सुधियः ॥२-१०॥

**ટીકાર્થ– પ્રશ્ન–** આઠમા સૂત્ર પછી નવમા સૂત્રના સંબંધનું કારણ શું છે ? અર્થાત્ જીવોના લક્ષણનું વર્ણન કર્યા પછી તુરત જીવોનું વર્ણન શરૂ કરવામાં શું કારણ છે ?

**ઉત્તર–** લક્ષ્ય (જીવો) અને લક્ષણ(=ઉપયોગ) એ બેમાં કથંચિદ્ ભેદ છે એ જણાવવા માટે લક્ષણના વર્ણન પછી તુરત લક્ષ્ય એવા જીવોનું વર્ણન શરૂ કર્યું છે.

સ્વરૂપ અને લક્ષણ જણાવવા પૂર્વક વર્ણન કરાયેલા જીવો સામાન્યથી સંસારી અને મુક્ત એમ બે પ્રકારે છે. બહુવચન બંનેની સંખ્યા અનંત છે એ જણાવવા માટે છે. આ પ્રમાણે સૂત્રનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થને ભાષ્યકાર કહે છે- હમણાં જ કહેલા લક્ષણવાળા જીવો સંક્ષેપથી

સંસારી અને મુક્ત એમ બે પ્રકારે છે. સંસાર એટલે તિર્યંચ, મનુષ્ય, નારક, દેવોના ભવોનો અનુભવ. આ અનુભવ જેમને છે તે જીવો સંસારી છે. સંસારથી રહિત જીવો મુક્ત છે.

च શબ્દ પોતાનામાં રહેલા અનેક ભેદોનો સમુચ્ચય(=સંગ્રહ) કરવા માટે છે.

**પ્રશ્ન–** (મુક્ત જીવો પૂજ્ય છે. પંચપરમેષ્ઠિપદમાં સ્થાન પામેલા છે. તેથી) સૂત્રમાં પહેલાં મુક્ત જીવોનો ઉલ્લેખ ન કરતાં સંસારી જીવોનો ઉલ્લેખ કેમ કર્યો ?

**ઉત્તર–** (બધા જ) જીવો પહેલાં સંસારી હોય છે. પછી મુક્ત બને છે. આ જણાવવા માટે સૂત્રમાં પહેલાં સંસારી જીવોનો ઉલ્લેખ કર્યો છે. (સંસારી જીવો અનાદિથી છે.) સંસારી જીવોનું અનાદિપણું પ્રવાહની અપેક્ષાએ છે એમ આચાર્યો કહે છે. આ પદાર્થ આગમિક છે, અર્થાત્ આગમથી જ જાણી શકાય તેવો છે એમ સદ્બુદ્ધિવાળાઓ કહે છે.(૨-૧૦)

**भाष्यावतरणिका–** किं चान्यत्–

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું–

**टीकावतरणिका–** 'किञ्चान्यद्' अनन्तरसूत्रसम्बन्धः, यदाह–

**ટીકાવતરણિકાર્થ–** किञ्चान्यद्=વળી બીજું- આ કથન હવે પછીના સૂત્રના સંબંધ માટે છે. કહે છે કે–

**સંસારી જીવોના બે ભેદો–**

**समनस्कामनस्काः ॥२-११॥**

**સૂત્રાર્થ–** મનવાળા(=સંજ્ઞી) અને મનરહિત(=અસંજ્ઞી) એમ બે પ્રકારના જીવો છે. (૨-૧૧)

**भाष्यं–** समासतस्ते एव जीवा द्विविधा भवन्ति समनस्काश्च अमनस्काश्च । तान्पुरस्ताद्वक्ष्यामः ॥२-११॥

**ભાષ્યાર્થ–** તે જ જીવોના (બીજી રીતે) સમનસ્ક અને અમનસ્ક એમ સંક્ષેપથી બે ભેદો છે. તે ભેદોને આગળ કહીશું. (૨-૧૧)

**टीका–** कृतसमासनिर्देशात् संसारिण एवोभय(भेद)भाज इति नियमार्थं, एष सूत्रसमुदायार्थः अवयवार्थं त्वाह-'समासतस्त एव प्रक्रान्ता जीवा इति प्राणिनः संसारिणोऽन्वर्थयोगाद् द्विविधा भवन्ति, द्वैविध्यमेवाह-समनस्काश्च अमनस्काश्च, सह मनसा मत्यादिभेदद्रव्य-रूपेणेति समनस्काः-मनःपर्याप्तिमन्तः, तद्रहिता अमनस्काः, मनः-पर्याप्तिरहिता इत्यर्थः, तान् पुरस्तात् संज्ञिनः समनस्का इति पुरो भविष्यति सूत्रे वक्ष्यामः-व्याख्यास्यामः इति ॥२-११॥

**સંસારી જીવો બે પ્રકારના છે**

**ટીકાર્થ–** સમાસમાં નિર્દેશ કરેલો હોવાથી સંસારી જીવો જ બે પ્રકારના છે એવા નિયમન માટે છે. આ સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર કહે છે- સંક્ષેપથી પ્રસ્તુત સંસારી જીવો વ્યુત્પત્તિથી થતા અર્થ પ્રમાણે બે પ્રકારે છે. બે પ્રકારોને જ કહે છે- સમનસ્ક અને અમનસ્ક એમ બે પ્રકારે છે. મનથી સહિત તે સમનસ્ક. અહીં (मत्यादिभेद-द्रव्यरूपेण=)મત્યાદિજ્ઞાનના ભેદોમાં સહાય કરે તેવા અને મનઃપર્યાપ્તિથી જીવે ગ્રહણ કરેલા મનોવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યો એ મન છે.

(આ શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે છે- મનના દ્રવ્યમન અને ભાવમન એમ બે ભેદ છે. તેમાં મનન કરવા માટે જીવ મનઃપર્યાપ્તિરૂપ કરણથી મનોવર્ગણાયોગ્ય અનંતપ્રદેશવાળા સ્કંધોને ગ્રહણ કરે છે. આ રીતે ગ્રહણ કરેલા સ્કંધો દ્રવ્યમન છે. આ દ્રવ્યમનની સહાયથી આત્મા જે મનન, ચિંતન, વિચારણા કરે છે તે ભાવમન છે. આ ઉભય પ્રકારના મનથી યુક્ત જીવો સમનસ્ક છે.)

અર્થાત્ મનઃપર્યાપ્તિવાળા જીવો સમનસ્ક છે. મનથી રહિત જીવો અમનસ્ક છે, અર્થાત્ મનઃપર્યાપ્તિથી રહિત જીવો અમનસ્ક છે.

તે જીવોનું વિશેષ વર્ણન આગળ संज्ञिनः समनस्काः (૨-૨૫) એ સૂત્રમાં કહીશું. (૨-૧૧)

**સંસારી જીવો ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે છે–**

**संसारिणस्त्रसस्थावराः ॥२-१२॥**

**સૂત્રાર્થ–** સંસારી જીવો ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે છે. (૨-૧૨)

**भाष्यं–** संसारिणो जीवा द्विविधा भवन्ति त्रसाः स्थावराश्च ॥२-१२॥

**ભાષ્યાર્થ–** સંસારી જીવોના ત્રસ અને સ્થાવર એમ બે ભેદ છે. (૨-૧૨)

**टीका–** द्विधैते संसारिणः, समास उभयेषां परस्परसङ्क्रमार्थं, त्रसाः स्थावरेषु स्थावराश्च त्रसेषु मृत्वोपजायन्त इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-संसारिणो जीवाः प्राक्कृतनिरुक्ता द्विविधा भवन्ति, द्वैविध्यमाह-त्रसाः स्थावराश्च, परिस्पन्दादिमन्तः त्रसनामकर्मोदयात् त्रस्यन्तीति त्रसाः, तथा अपरिस्पन्दादिमन्तः स्थावरनामकर्मोदयात् तिष्ठन्तीति स्थावरा इति, त्रसग्रहणमादौ सुखग्रहणाय स्पष्टलिङ्गत्वात्, चः समुच्चय इति । अधिकारसूत्रं चैतद्, चतुर्थाध्यायपरिसमाप्तेः संसार्यधिकारादिति ॥२-१२॥

**ટીકાર્થ–** આ સંસારી જીવો બે પ્રકારે છે. સમાસ બંનેનું પરસ્પર સંક્રમણ થાય છે એ જણાવવા માટે છે. ત્રસ જીવો મરીને સ્થાવર જીવોમાં ઉત્પન્ન થાય છે. સ્થાવર જીવો મરીને ત્રસ જીવોમાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર કહે છે- જેમનો વ્યુત્પત્તિથી થતો અર્થ પૂર્વે (૨-૧૦ સૂત્રમાં) જણાવ્યો છે તે સંસારી જીવો બે પ્રકારે છે. બે પ્રકારોને કહે છે- ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે છે. પરિસ્પંદ આદિ વાળા અને ત્રસનામ કર્મના ઉદયથી એક સ્થળેથી બીજા સ્થળે જનારા જીવો ત્રસ છે. પરિસ્પંદ આદિથી રહિત અને સ્થાવરનામ કર્મના ઉદયથી એક જ સ્થળે રહેનારા જીવો સ્થાવર છે. પરિસ્પંદ=હાલવું-ધ્રુજવું વગેરે, સ્પષ્ટ ચિહ્નવાળા હોવાથી સુખપૂર્વક જાણી શકાય એ માટે પહેલાં ત્રસ જીવોનું ગ્રહણ કર્યું છે.

ચ શબ્દ સમુચ્ચય કરવા માટે છે. આ અધિકારસૂત્ર છે. કારણ કે ચોથા અધ્યાયના અંત સુધી સંસારી જીવોનો અધિકાર છે. (૨-૧૨)

**भाष्यावतरणिका-टीकावतरणिका–** तत्र-

**ભાષ્યાવતરણિકાર્થ-ટીકાવતરણિકાર્થ–** તેમાં-

**સ્થિતિશીલ જીવો–**

**पृथिव्यम्बुवनस्पतयः स्थावराः ॥२-१३॥**

**સૂત્રાર્થ–** પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય જીવો સ્થાવર છે. (૨-૧૩)

**भाष्यं–** पृथिवीकायिका अप्कायिका वनस्पतिकायिका इत्येते त्रिविधाः स्थावरा जीवा भवन्ति । तत्र पृथिवीकायोऽनेकविधः शुद्ध-पृथिवीशर्करावालुकादिः । अप्कायोऽनेकविधो हिमादिः । वनस्पति-कायोऽनेकविधः शैवलादिः ॥२-१३॥

**ભાષ્યાર્થ–** તેમાં પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિક આ પ્રમાણે આ ત્રણ ભેદો સ્થાવર જીવોના છે. તેમાં પૃથ્વીકાયના શુદ્ધ પૃથ્વી, શર્કરા અને વાલુકા વગેરે અનેક ભેદો છે. અપ્કાયના હિમ વગેરે અનેક ભેદો છે. વનસ્પતિકાયના સેવાળ વગેરે અનેક ભેદો છે. (૨-૧૩)

**टीका–** पृथिव्यादयस्त्रयोऽप्येकेन्द्रियाः स्थावराः, समासश्च परस्पर-सङ्क्रमज्ञापनार्थः, संसारिणः त्रसस्थावरा इति यथोद्देशमनिर्देशोऽल्प-वक्तव्यत्वात् स्थावराणामिति सूत्रसमुदायार्थः ॥ अवयवार्थं त्वाह-'पृथिवीकायिका' इत्यादिना, पृथिव्येव कायः पृथिवीकायः स विद्यते येषां ते पृथिवीकायिकाः, पृथिवी कायो येषां ते पृथिवीकाया इति बहुव्रीहिणा सिद्धेऽपि मत्वर्थीयस्तद्गुणसंविज्ञानबहुव्रीहिनिवृत्त्यर्थः, गौरखरवदरण्यमिति प्रयोगदर्शनाच्चादोष इति, एवमप्कायिक-वनस्पतिकायिकयोरपि द्रष्टव्यं, इतिशब्दोऽर्थपदार्थकः, एवं स्थानशीलतया एते यथोद्दिष्टाः त्रिविधाः स्थावरा जीवा भवन्ति, न तु स्थावरनामकर्मोदयेन, अन्ये हि तेजोवायोरपि स्थावरत्वादिति, 'तत्रे'त्यादि, तत्र पृथिवी-कायोऽनेकविधः-तज्जातिभेदेनानेकप्रकारः, शुद्धपृथिवी शर्करादिरहिता

मृत्तिका, शर्करा-परिलघुकाश्मशकलोन्मिश्रा वालुका वालुकामिश्राः, आदिशब्दाच्छिलादिपरिग्रहः, 'अप्कायोऽनेकविधो, 'हिमादि' हिमं प्रसिद्धं, आदिशब्दात् करकादिग्रहः, वनस्पतिकायोऽनेकविधः शैवलादि, शैवलं-जलाश्रयं, आदिशब्दाल्लतादिग्रहः ॥२-१३॥

**ટીકાર્થ–** પૃથ્વીકાય આદિ ત્રણેય એકેન્દ્રિયો સ્થાવર છે. સમાસ પરસ્પરના સંક્રમણને જણાવવા માટે છે, અર્થાત્ પૃથ્વીકાય જીવો મરીને અપ્કાય અને વનસ્પતિકાય જીવોમાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે અપ્કાય અને વનસ્પતિકાય વિષે પણ જાણવું.

**પ્રશ્ન–** જે પ્રમાણે ઉદ્દેશ(=નામથી કથન) કર્યો હોય તે પ્રમાણે નિર્દેશ(=વિશેષ વર્ણન) કરવો જોઈએ. પૂર્વના સૂત્રમાં પહેલાં ત્રસનો ઉદ્દેશ હોવા છતાં અહીં પહેલાં સ્થાવરજીવોનું વર્ણન કેમ કર્યું ?

**ઉત્તર–** સ્થાવરજીવો અંગે થોડું કહેવાનું હોવાથી પહેલાં સ્થાવરજીવોનું વર્ણન કર્યું છે.

આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર पृथ्वीकायिका ઇત્યાદિથી કહે છે- પૃથ્વી એ જ કાય તે પૃથ્વીકાય. પૃથ્વીકાય છે જેમને તે પૃથ્વીકાયિકજીવો.

**પ્રશ્ન–** પૃથ્વી કાયા છે જેમની તે પૃથ્વીકાય એમ બહુવ્રીહિથી પૃથ્વીકાય શબ્દ સિદ્ધ થઈ જતો હોવા છતાં મતુ અર્થનો[1] પ્રત્યય કેમ લીધો ?

**ઉત્તર–** સદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિની નિવૃત્તિ(=નિષેધ) માટે અહીં

---

૧. બહુવ્રીહિના પદોનો અર્થ બહુવ્રીહિ અર્થવાળી વ્યક્તિમાં ઘટતો હોય તો તે બહુવ્રીહિ સમાસ તદ્ગુણસંવિજ્ઞાન છે. બહુવ્રીહિના પદોનો અર્થ બહુવ્રીહિ અર્થવાળી વ્યક્તિમાં ન ઘટતો હોય તો તે બહુવ્રીહિ સમાસ અસદ્ગુણસંવિજ્ઞાન છે. જેમકે लम्बौ कर्णौ यस्यासौ लम्बकर्णो गौः અહીં ગાયમાં લાંબા કાન છે. चित्रा गौर्यस्यासौ चित्रगुः चैत्रः ચૈત્ર ચિત્રગાયવાળો છે. અહીં ચૈત્રમાં ચિત્રગાય નથી. ચિત્રગાય અને ચૈત્ર બંને જુદા છે. તેમ પ્રસ્તુતમાં पृथ्वीकायो येषां ते पृथ्वीकायाः આવો બહુવ્રીહિ સમાસ તદ્ગુણ સંવિજ્ઞાન સમજવામાં આવે તો જીવ જ પૃથ્વીકાય રૂપ બને. તેમ બને તો પૃથ્વી જડ હોવાથી જીવ જડ રૂપ બને. અતદ્ગુણ સંવિજ્ઞાન બહુવ્રીહિમાં જીવ અને પૃથ્વીરૂપ કાર્ય એ બંને ભિન્ન સિદ્ધ થાય છે. માટે અહીં તદ્ગુણ સંવિજ્ઞાન બહુવ્રીહિ સમાસ સમજવો.

મતુ અર્થનો પ્રત્યય લીધો છે. તથા સફેદ ગધેડાવાળું જંગલ છે એવા પ્રયોગો જોવામાં આવે છે. (અહીં गौरखरमरण्यं એવા બહુવ્રીહિ પ્રયોગના બદલે મતુઅર્થના પ્રત્યયવાળો પ્રયોગ થયો છે.) માટે આમાં કોઈ દોષ નથી. એ પ્રમાણે અપ્કાયિક અને વનસ્પતિકાયિક શબ્દમાં પણ જાણવું.

[1]इति શબ્દ પદોના અર્થવાળો છે, અર્થાત્ પદોના અર્થો આ પ્રમાણે છે. આ પ્રમાણે આ હમણાં જે કહ્યા છે તે ત્રણ પ્રકારના જીવો એક જ સ્થળે રહેવાના સ્વભાવવાળા હોવાથી સ્થાવર છે, નહિ કે સ્થાવર નામકર્મના ઉદયથી. કારણ કે તેજસ્કાય અને વાયુકાય પણ સ્થાવર છે.

'तत्र' ઇત્યાદિ, તેમાં પૃથ્વીકાય પૃથ્વીકાયજાતિના ભેદથી શુદ્ધ પૃથ્વી, શર્કરા અને વાલુકા આદિ અનેક પ્રકારે છે. પૃથ્વી=કાંકરા વગેરેથી રહિત માટી. શર્કરા=અતિશય નાના પથ્થરના ટુકડાઓથી મિશ્ર માટી. આદિ શબ્દથી પથ્થર વગેરેનું ગ્રહણ કરવું. (આ શુદ્ધ પૃથ્વી વગેરે પોતાની ખાણમાં જ રહેલા પ્રાયઃ સચિત્ત હોય છે. છાણ અને સૂર્યતાપ આદિથી અચિત્ત પણ થાય. એમનું સ્થાન આઠ પૃથ્વીઓની નીચે નીચે પાતાળ, ભવન અને નરકના પાથડા વગેરે છે.)

અપ્કાય હિમ આદિ અનેક પ્રકારે છે. હિમ પ્રસિદ્ધ છે. આદિ શબ્દથી કરાદિનું ગ્રહણ કરવું. વનસ્પતિકાય શૈવલ આદિ અનેક પ્રકારે છે. શૈવલ એટલે પાણીમાં રહેલી શેવાળ. આદિ શબ્દથી લતા વગેરેનું ગ્રહણ કરવું. (૨-૧૩)

**टीकावतरणिका–** उक्ता अधिकृतस्थावराः, साम्प्रतं त्रसानाह–

**ટીકાવતરણિકાર્થ–** પ્રસ્તુત સ્થાવરો કહ્યા. હવે ત્રસોને કહે છે–

**ગતિશીલ જીવો–**

## तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः ॥२-१४॥

૧. અહીં ટીકામાં इतिशब्दोऽर्थपदार्थकः એ સ્થળે પહેલો અર્થ શબ્દ વધારે હોય એમ જણાય છે, અર્થાત્ इतिशब्दः पदार्थकः.

**સૂત્રાર્થ–** તેઉકાય, વાયુકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો ત્રસ છે. (૨-૧૪)

**भाष्यं–** तेजःकायिका अङ्गारादयः । वायुकायिका उत्कलिकादयः । द्वीन्द्रियास्त्रीन्द्रियाश्चतुरिन्द्रियाः पञ्चेन्द्रिया इत्येते त्रसा भवन्ति । संसारिणस्त्रसाः स्थावरा इत्युक्ते एतदुक्तं भवति, मुक्ता नैव त्रसा नैव स्थावरा इति ॥२-१४॥

**ભાષ્યાર્થ–** અંગાર વગેરે તેજઃકાય, ઉત્કલિક વગેરે વાયુકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય આ જીવો ત્રસ છે. સંસારી જીવો ત્રસ અને સ્થાવર છે એમ કહેવાયે છતે આ કહેવાનું થાય છે કે મુક્ત જીવો નથી ત્રસ કે નથી સ્થાવર. (૨-૧૪)

**टीका–** द्विविधाः त्रसाः-क्रियातो लब्धितश्च, तत्र क्रियामङ्गीकृत्य तेजोवायोः त्रसत्वं तथा देशान्तराप्तेः, न लब्धिम्, त्रसनामकर्मोदयाभावात्, इत्थमुपन्यासोऽनेकधर्मात्मके वस्तुनि तद्धर्माणां चित्रप्रवृत्तिनिमित्त-भेदसम्प्रदर्शनार्थः, तथा चाह प्राभृतकारः-"परिगप्पिद १. संपुड २. तत्तिगा ३. य तह तत्तिगत्ति ४. चउभेआ । धम्मा भावाण जए विण्णेआ बुद्धिमंतेहिं ॥१॥ पावेयरेहिं सुहसाहणाइं जगमुत्तिभायणं चेव । समयाहिएसु अ तहा पता य एते जहासंख ॥२॥" मित्यादि, द्वीन्द्रियादयश्च पञ्चेन्द्रियावसानाः त्रसाः, असमासकरणं तेजोवायोर्लब्धि-त्रसत्वापाकरणार्थमिति, सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'तेज-स्कायिका' इत्यादिना तेज एव कायः तेजस्कायः । स विद्यते येषां ते तेजस्कायिकाः-अङ्गारादयः, आदिशब्दादर्च्चिरादिपरिग्रहः, एवं वायुकायिका-उत्कलिकादयः, आदिशब्दात् झंझादिग्रहः, द्वे इन्द्रिये येषां ते द्वीन्द्रियाः-कृम्यादयः, एवं त्रीन्द्रियादयोऽपि पिपीलिकाभ्रमरमनुष्या द्रष्टव्याः, इत्येवं क्रियालब्धिभेदेन एते त्रसा भवन्तीति सूत्रार्थः ॥ एते संसारिणः त्रसाः स्थावराः, मुक्ता अपि जीवा एव, संसारिणो मुक्ताश्चेति वचनात्, त एते कथमित्याशङ्कापोहायाह-संसारिणस्त्रसस्थावराः इत्युक्ते

एतदुक्तं भवति-अर्थापत्तिसिद्धमेतत्-मुक्ता नैव त्रसा नैव स्थावराः, तल्लक्षणाभावादिति ॥२-१४॥

**ટીકાર્થ–** ત્રસ જીવો ક્રિયાથી અને લબ્ધિથી એમ બે પ્રકારે છે. તેમાં તેજસ્કાય અને વાયુકાય ક્રિયાથી ત્રસ છે. કેમકે તેમને તે રીતે અન્ય સ્થાનની પ્રાપ્તિ થાય છે. લબ્ધિથી ત્રસ નથી. કેમકે તેમને ત્રસનામકર્મનો ઉદય નથી.

આ ક્રમથી ઉલ્લેખ અનેક ધર્મસ્વરૂપ વસ્તુમાં તે તે ધર્મોનો પ્રવૃત્તિ-નિમિત્ત ભેદ વિવિધ હોય એ બતાવવા માટે છે. પ્રાભૃતકારે કહ્યું છે કે–

(અહીં 'परिगप्पिद...' ઇત્યાદિ બે ગાથા છે, જેનો અર્થ મને સમજાયો નથી - આચાર્ય રાજશેખરસૂરિ.)

બેઇન્દ્રિયથી આરંભી પંચેન્દ્રિય સુધીના જીવો ત્રસ છે. તેજો-વાયુ શબ્દોનો દ્વીન્દ્રિયાદિ શબ્દની સાથે સમાસ નહિ કરવાનું કારણ તેજસ્કાય અને વાયુસ્કાયને લબ્ધિથી ત્રસપણાનો નિષેધ કરવા માટે છે.

આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો तेजस्कायिका ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે- તેજ એ જ કાય તે तेजस्कायः તેજસ્કાય જેમને છે તે तेजस्कायिकाः અંગાર વગેરે તેજસ્કાયિક છે. આદિ શબ્દથી અગ્નિ વગેરેનું ગ્રહણ કરવું. એ પ્રમાણે ઉત્કલિક વગેરે વાયુકાયિક જીવો છે. (ઉત્કલિક એટલે રહી રહીને તરંગોથી ચાલનારો વાયુ.) જેમને બેઇન્દ્રિયો છે તે કૃમિ વગેરે બેઇન્દ્રિય જીવો છે. કીડી વગેરે તેઇન્દ્રિય. ભ્રમર વગેરે ચઉરિન્દ્રિય અને મનુષ્ય (વગેરે) પંચેન્દ્રિય જીવો છે.

આ પ્રમાણે ક્રિયા અને લબ્ધિના ભેદથી આ જીવો ત્રસ છે. આ ત્રસ અને સ્થાવરરૂપ સંસારી અને મુક્ત પણ જીવો જ છે. કેમકે संसारिणो मुक्ताश्च એવું સૂત્ર છે. તે આ (સંસારી અને મુક્ત) જીવો કેવા છે એવી આશંકાને દૂર કરવા માટે કહ્યું કે સંસારી જીવો ત્રસ અને સ્થાવર છે. સંસારી જીવો ત્રસ અને સ્થાવર છે એમ કહેવાથી અર્થાપત્તિથી આ સિદ્ધ થયું કે મુક્ત જીવો નથી ત્રસ કે નથી સ્થાવર. કેમકે ત્રસ-સ્થાવર જીવોનું લક્ષણ મુક્ત જીવોમાં નથી. (૨-૧૪)

**टीकावतरणिका–** द्वीन्द्रियादयश्च त्रसा इत्युक्तमत इहेन्द्रिय-सङ्ख्यानियमाभिधानायाह–

**ટીકાવતરણિકાર્થ–** બેઇન્દ્રિય વગેરે જીવો ત્રસ છે એમ કહ્યું. આથી ઇન્દ્રિયોની સંખ્યાના નિયમનનું(=ચોક્કસ સંખ્યાનું) પ્રતિપાદન કરવા માટે કહે છે–

**ઇન્દ્રિયો પાંચ છે–**

**पञ्चेन्द्रियाणि ॥२-१५॥**

**સૂત્રાર્થ–** ઇન્દ્રિયો પાંચ છે. (૨-૧૫)

**भाष्यं–** पञ्चेन्द्रियाणि भवन्ति । आरम्भो नियमार्थः षडादिप्रति-षेधार्थश्च । इन्द्रियमिन्द्रलिङ्गमिन्द्रदिष्टमिन्द्रदृष्टमिन्द्रसृष्टमिन्द्रदत्तमिति वा (पाणिनिव्याकरणसूत्रम् ५-२-९३) । इन्द्रो जीवः सर्वद्रव्येष्वैश्वर्य-योगाद्विषयेषु वा परमैश्वर्ययोगात् । तस्य लिङ्गमिन्द्रियं लिङ्गनात्सूचना-त्प्रदर्शनादुपष्टम्भनाद्व्यञ्जनाच्च जीवस्य लिङ्गमिन्द्रियम् ॥२-१५॥

**ભાષ્યાર્થ–** ઇન્દ્રિયો પાંચ છે. સૂત્રની રચના ઇન્દ્રિયો પાંચ છે એવો નિયમ કરવા માટે અને છ વગેરે ઇન્દ્રિયોનો નિષેધ કરવા માટે છે. "इन्द्रियमिन्द्रलिङ्गमिन्द्रदिष्टमिन्द्रदृष्टमिन्द्रसृष्टमिन्द्रदत्तमितिना" (पाणिनि-व्याकरण सूत्रम् ५-२-९३) પાણિની વ્યાકરણના આ સૂત્રથી ઇન્દ્રિય શબ્દ સિદ્ધ થાય છે. ઇન્દ્ર એટલે જીવ. સર્વદ્રવ્યોમાં જીવ એક જ ઐશ્વર્યના યોગવાળો હોવાથી અથવા વિષયોમાં પરમૈશ્વર્યનો યોગ હોવાથી જીવ ઇન્દ્ર કહેવાય છે. ઇન્દ્રનું લિંગ તે ઇન્દ્રિય. (लिङ्गनात्=)જીવનું ચિહ્ન હોવાથી (सूचनात्=)કહેવાથી, (प्रदर्शनात्=)આ ઇન્દ્રિયો જીવની છે એમ જોવામાં આવવાથી (उपष्टम्भनात्=)આધાર રૂપ કે આલંબન રૂપ હોવાથી (व्यञ्जनात्=)આ જીવ છે એમ પ્રગટ કરવાથી ઇન્દ્રિય જીવનું લિંગ છે. (૨-૧૫)

**टीका—** संसारिणो (इन्द्रियाणि) सङ्ख्ये(सङ्ख्या पञ्चे)ति सूत्र-समुदायार्थः । अवयवार्थं त्वाह-'पञ्चेन्द्रिये'त्यादिना पञ्चेन्द्रियाणि भवन्ति संसारिणः प्रकर्षेणैकजीवस्य, आरम्भो नियमार्थः, न न्यूनाधिकानि, षडादिप्रतिषेधार्थश्च, षडादौ येषां तानि षडादीनि तत्प्रतिषेधार्थश्च, ननु नियमादेव सिद्धमेवं, उच्यते, सत्यमेतत्, मनोवागादीनां त्वध्यारोपात् उच्यते कैश्चिदिन्द्रियत्वं तद्व्यपोहार्थमेतदिति, सिद्धान्तः-मनः इन्द्रियं न भवत्यनियतार्थत्वात्, एवं वाक्पाणिपादपायूपस्था अपि नेन्द्रियाणि, वागिन्द्रियस्य वाग्योगप्रभवत्वात् अतिप्रसङ्गात्, पाण्यादीनामपि काय-भेदत्वात् आदानादिकार्यनियमाभावाच्चेति चर्चितमन्यत्र, इन्द्रियत्वार्थमाह 'इन्द्रिये'त्यादिना, इन्द्रियं इन्द्रलिङ्गमिति, एतत्सूत्रं व्याचिख्यासुराह 'इन्द्रो जीव' इत्यादि, इन्द्रो जीव आत्मा, कुत इत्याह-सर्वद्रव्यैश्वर्ययोगात् सर्वद्रव्येषु धर्मादिषु ऐश्वर्ययोगात्, तथा तथा परिभोगेनानादिसंसारे तत्स्वभावतया ईश्वरभावयोगात्, अत इन्दनाद् इन्द्रः, विषयेषु-शब्दादिषु परमैश्वर्ययोगात् चेतनत्वेन, सत्संवेदनमेव परमैश्वर्यं, तद्योगात्, वाशब्दो विकल्पार्थः, एवं च 'तस्य लिङ्गमिन्द्रियमिति' तस्य-जीवस्येन्द्रस्य लिङ्गं-चिह्नं अविनाभाव्यत्यन्तलीन पदार्था तदवगमकारीन्द्रियमिति, एतदेवात्मावगमहेतुतया अनेकधेत्युपदर्शयन्नाह-'लिङ्गनादि'त्यादिना, लिङ्गनात्-लिङ्गविषयावगमनाद् विषयिणो जीवस्य चिह्नमित्यर्थः, एवं इन्द्रदिष्टं सूचनात् केवलालोकेनोपलभ्य कथनात्, एवमिन्द्रदृष्टं प्रदर्शनात् तथा तत्कर्मनिवर्त्तनेन लोके संदर्शनात्, एवमिन्द्रजुष्टं उपलम्भात् जीवसेवनोपलम्भयोगात्, एवमिन्द्रदत्तं व्यञ्जनात् जीवव्यक्तं सदर्थ-क्रियां(प्रति)प्रवर्त्तत इतिकृत्वा, चः समुच्चये, जीवस्य लिङ्गमिन्द्रियम-भिहितार्थनिगमनमेतत्, सुखादयोऽपि जीवलिङ्गरूपा न च इन्द्रिय-मितिकृत्वा यदिन्द्रियं तज्जीवलिङ्गमेव, जीवलिङ्गं तु स्यादिन्द्रियं स्था(इतरथा वा)स्यात् सुखादीनि ॥२-१५॥

## ઇન્દ્રિયો પાંચ છે

**ટીકાર્થ–** સંસારી જીવની ઇન્દ્રિયો સંખ્યાથી પાંચ છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો "पञ्चेन्द्रियाणि" ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે- સંસારી એક જીવને ઉત્કૃષ્ટથી પાંચ ઇન્દ્રિયો હોય. સૂત્રરચના ઇન્દ્રિયોના નિયમન માટે છે. ઇન્દ્રિયો પાંચ જ છે, ઓછી કે વધારે નથી તથા છઠ્ઠી વગેરે ઇન્દ્રિયોનો નિષેધ કરવા માટે પણ સૂત્રરચના કરી છે.

**પૂર્વપક્ષ–** ઇન્દ્રિયોનું નિયમન કરવામાં જ છઠ્ઠી વગેરે ઇન્દ્રિયોનો નિષેધ થઇ જાય છે. તો પછી છઠ્ઠી વગેરે ઇન્દ્રિયોનો નિષેધ કરવા માટે પણ સૂત્રરચના કરી છે એમ કહેવાની જરૂરિયાત રહેતી નથી.

**ઉત્તરપક્ષ–** કેટલાકો [૧]અધ્યારોપથી મન અને વાણી આદિને પણ ઇન્દ્રિય માને છે. તેનો નિષેધ કરવા માટે પણ સૂત્રરચના કરી છે, એમ કહ્યું છે. મન ઇન્દ્રિય નથી. કેમકે મનનો વિષય નિયત નથી. (સ્પર્શન વગેરે ઇન્દ્રિયોનો સ્પર્શ વગેરે વિષય નિયત=નિશ્ચિત હોય છે.) એ પ્રમાણે વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ(=સ્ત્રી પુરુષનું ગુપ્ત અંગ) ઇન્દ્રિય નથી. કારણ કે વાણીરૂપ ઇન્દ્રિય વચનયોગથી ઉત્પન્ન થાય છે. (ઇન્દ્રિયો કોઇ યોગથી ઉત્પન્ન થતી નથી. શરીરની સાથે જ ઉત્પન્ન થયેલી હોય છે.) છતાં તેને ઇન્દ્રિય માનવામાં આવે તો અતિપ્રસંગ થાય=અન્ય પણ શરીરના અવયવોને ઇન્દ્રિય તરીકે માનવા પડે. (જેમકે, ભ્રૂક્ષેપ(=ભ્રમર ચઢાવવી), સ્તન, ભુજા વગેરેને ઇન્દ્રિય માનવા પડે.)

હાથ વગેરે પણ કાયાના ભેદો છે તથા હાથ આદિના કાર્યો હાથ આદિથી જ થાય, બીજાથી ન જ થાય એવો નિયમ નથી. (જેમકે હાથનું

૧. જે વસ્તુ જેવા સ્વરૂપે ન હોય તેવા સ્વરૂપે માનવી તે અધ્યારોપ. પ્રસ્તુતમાં મન વગેરે ઇન્દ્રિય નથી. તેથી તે વસ્તુઓને ઇન્દ્રિય તરીકે માનવી એ અધ્યારોપ છે. પાતંજલયોગદર્શનમાં ઇન્દ્રિયોના કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય એવા બે વિભાગ છે. મન, વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થને કર્મેન્દ્રિય માને છે. કારણ કે તે તે ઇન્દ્રિયથી તે તે કામ થાય છે. સ્પર્શેન્દ્રિય વગેરે ઇન્દ્રિયોથી આત્માને સ્પર્શાદિનું જ્ઞાન થતું હોવાથી તે પાંચ ઇન્દ્રિયોને જ્ઞાનેન્દ્રિય માને છે.

કાર્ય લેવાનું છે. જેના હાથ કપાઇ ગયા છે તે માણસ પગથી લે છે. જેના પગ કપાઇ ગયા છે તેવો માણસ હાથથી ચાલે છે. માટે હાથ વગેરે ઇન્દ્રિય નથી.) આ વિષયની વિશેષ ચર્ચા અન્ય સ્થળે કરી છે.

## ઇન્દ્ર એટલે જીવ

ઇન્દ્રિય શબ્દના અર્થને इन्द्रिय० ઇત્યાદિથી કહે છે- ઇન્દ્રિયનું લિંગ=ચિહ્ન તે ઇન્દ્રિય. इन्द्रियमिन्द्रलिङ्गम् એ સૂત્રનું વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે- ઇન્દ્ર એટલે જીવ=આત્મા. શાથી ઇન્દ્ર શબ્દનો જીવ અર્થ થાય છે એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે- (૧) सर्वद्रव्यैश्वर्ययोगात्=કારણ કે ધર્માસ્તિકાય વગેરે સર્વદ્રવ્યોમાં એક જ ઐશ્વર્યનો યોગ છે. અનાદિ સંસારમાં તે તે રીતે પરિભોગ[1] કરવાથી જીવનો (પરિભોગ કરવાનો) સ્વભાવ હોવાથી જીવને ઐશ્વર્યભાવનો યોગ છે. (૨) અથવા આત્મા ચેતન હોવાથી આત્માને શબ્દાદિ વિષયોમાં પરમૈશ્વર્યનો યોગ છે. શુભનો અનુભવ કરવો એ જ પરમૈશ્વર્ય છે. આત્માને (શુભનો અનુભવ કરવા રૂપ) ઐશ્વર્યની સાથે યોગ છે. वा શબ્દ વિકલ્પના= અથવાના અર્થવાળો છે. તે ઇન્દ્રરૂપ જીવનું જે ચિહ્ન છે તે ઇન્દ્રિય છે.

આ ઇન્દ્રિયરૂપ અવિનાભાવી છે=આત્મા સિવાય બીજા કોઇ દ્રવ્યમાં ન રહે તેવું છે, તથા અત્યંત ગુપ્ત એવા આત્માને જણાવનારું છે.

## ઇન્દ્રિય જીવનું લિંગ છે એની અનેક સિદ્ધિ

અહીં ભાષ્યપાઠના ક્રમની દૃષ્ટિએ ટીકાના પાઠમાં ઘણી અશુદ્ધિ જણાય છે. મને નીચે પ્રમાણેના પાઠો શુદ્ધ જણાય છે—

---

૧. અનાદિથી સંસારમાં પરિભ્રમણ કરતા એવા જીવનું એક અણુ જેટલું પણ સ્થાન નથી કે જેમાં તે જીવે અનંતવાર જન્મ-મરણ ન કર્યાં હોય અને આહારાદિ દ્રવ્યોનો પરિભોગ ન કર્યો હોય.
न सा जाइ न सा जोणी न तं ठाणं न तं कुलं ।
न जाया न मुया जत्थ सव्वे जीवा अणंतसो ॥२३॥
तं णत्थि किं पि ठाणं लोए वालग्गकोडिमित्तंपि ।
जत्थ ण जीवा बहुसो सुहदुक्खपरंपरा पत्ता ॥२४॥ (वैराग्यशतक)

**दृष्टं** ના સ્થાને **दिष्टं** પાઠ હોવો જોઇએ. કેમકે **सूचनाद्** ઇત્યાદિથી **दिष्ट** નો અર્થ જણાવ્યો છે. **सृष्टं** ના સ્થાને **दृष्टं** પાઠ હોવો જોઇએ. કારણ કે **प्रदर्शनाद्** ઇત્યાદિથી **दृष्टं** નો અર્થ કહ્યો છે. **संदर्शनाद्** પદથી **एवमिन्द्रसृष्ट** પાઠ હોવો જોઇએ. આથી અનુવાદમાં તે પ્રમાણે અર્થ લખવામાં આવ્યો છે.

ઇન્દ્રિયો જ આત્માને જાણવાનું સાધન હોવાથી ઇન્દ્રિયોને लिङ्गनाद् ઇત્યાદિથી અનેક રીતે (અનેક પર્યાયભેદોથી) બતાવતા ભાષ્યકાર કહે છે–

**लिङ्गनाद्–** વિષયોને જણાવનાર હોવાથી વિષયી એવા જીવનું ઇન્દ્રિયો ચિહ્ન છે. માટે इन्द्रलिङ्ग છે.

**सूचनाद्–** કેવળજ્ઞાન વડે જાણીને કહેવાના કારણે ઇન્દ્રિયો इन्द्रदिष्ट છે.

**प्रदर्शनाद्–** તેનું[1] કાર્ય કરવાના કારણે લોકમાં આ ઇન્દ્રિયો જીવની છે એમ જોવામાં આવે છે. માટે इन्द्रदृष्ट છે.

**इन्द्रसृष्टम्–** ઇન્દ્રની સાથે સંબંધવાળી હોવાથી ઇન્દ્રિયો इन्द्रसृष्ट છે.

[2]**उपलम्भनाद्–** જીવ શબ્દાદિ વિષયોને સેવે છે. તેથી શબ્દાદિ વિષયોનું જ્ઞાન થાય છે. માટે ઇન્દ્રિયો इन्द्रजुष्ट છે.

**व्यञ्जनाद्–** જીવ વડે વ્યક્ત કરાયેલી ઇન્દ્રિય સત્યઅર્થવાળી ક્રિયામાં પ્રવર્તે છે, માટે ઇન્દ્રિયો इन्द्रदत्त છે.

**जीवस्य लिङ्गमिन्द्रियम्–** ઇન્દ્રિય જીવનું લિંગ છે. આ વાક્ય કહેલા અર્થના ઉપસંહાર રૂપ છે. સુખ વગેરે પણ ધર્મો જીવના લિંગરૂપ છે. ઇન્દ્રિય જીવનું લિંગ છે. એથી ઇન્દ્રિય જ જીવનું લિંગ છે એમ ન સમજવું, કિંતુ ઇન્દ્રિય જીવનું લિંગ છે અને સુખાદિ પણ જીવનું લિંગ છે. (૨-૧૫)

**टीकावतरणिका–** एवं सङ्ख्यात इन्द्रियाण्यभिधाय प्रकारतोऽभिधातुमाह–

---

૧. નિવર્તન શબ્દના પાછા ફરવું, વિરામ પામવું, નિવૃત્ત થવું વગેરે અર્થો પ્રસિદ્ધ છે. પણ તે અર્થો અહીં બંધ બેસતા ન હોવાથી નિવર્તન શબ્દના સ્થાને વિનિવર્તન શબ્દ હોવો જોઇએ. આવી કલ્પના કરીને "કાર્ય કરવું" એવો અર્થ લખ્યો છે.

૨. અહીં ટીકામાં અને ભાષ્યમાં પાઠભેદ છે. ભાષ્યમાં उपष्टम्भनात् એવો પાઠ છે. ટીકામાં उपलम्भनात् એવો પાઠ છે. માટે અહીં ટીકાના उपलम्भनाद् એ પાઠના આધારે અર્થ કર્યો છે.

**ટીકાવતરણિકાર્થ–**આ પ્રમાણે સંખ્યાથી ઇન્દ્રિયોને કહીને હવે પ્રકારથી ઇન્દ્રિયોને કહે છે–

**ઇન્દ્રિયો બે પ્રકારે છે–**

**द्विविधानि ॥२-१६॥**

**સૂત્રાર્થ–** દરેક ઇન્દ્રિય દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. (૨ ૧૬)

**भाष्यं–** द्विविधानीन्द्रियाणि भवन्ति । द्रव्येन्द्रियाणि भावेन्द्रियाणि च ॥२-१६॥

**ભાષ્યાર્થ–** ઇન્દ્રિયો, દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એમ બે પ્રકારે છે. (૨-૧૬)

**टीका–** अनन्तरोक्तानि पञ्चापीन्द्रियाणि द्विविधानि भवन्तीति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'द्विविधानी'त्यादिना, द्विविधानि द्विप्रकाराणि इन्द्रियाणि भवन्ति, सामान्यतः पञ्चापि, कथमित्याह द्रव्येन्द्रियाणि वक्ष्यमाणलक्षणानि, भावेन्द्रियाणि च वक्ष्यमाणलक्षणान्येव, न चैतानि दशैव, जात्यनतिक्रमादिति ॥२-१६॥

**ટીકાર્થ–** દરેક ઇન્દ્રિય દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એમ બે પ્રકારે છે. બે પ્રકારના કારણે ઇન્દ્રિયો દશ ન સમજવી, કિંતુ પાંચ જ સમજવી. કારણ કે બે પ્રકારમાં ઇન્દ્રિયજાતિ તો સમાન છે. ઇન્દ્રિયજાતિનું અતિક્રમણ થતું નથી.

દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એ બંને ઇન્દ્રિયોનું લક્ષણ હવે કહેશે. (૨-૧૬)

**भाष्यावतरणिका–** तत्र–

**ભાષ્યાવતરણિકાર્થ–** તેમાં-

**टीकावतरणिका–** एवं द्वैविध्यमिन्द्रियाणामुपन्यस्य स्वरूपतोऽभिधातुमाह-'तत्रे'त्यादि, तत्रेति निर्द्धारणार्थः,

**ટીકાવતરણિકાર્થ—** આ પ્રમાણે ઇન્દ્રિયોના બે પ્રકારનો ઉલ્લેખ કરીને હવે બે પ્રકારના સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે કહે છે— 'तत्र' એ પ્રમાણેનો ઉલ્લેખ નિર્ધારણ માટે છે. तत्र એટલે દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયમાં. 'જે દ્રવ્યેન્દ્રિય છે તે જ'- એમ નિર્ધારણ સમજવું.

**દ્રવ્યેન્દ્રિયના બે ભેદ—**

## निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ॥२-१७॥

**સૂત્રાર્થ—** દ્રવ્યેન્દ્રિયના નિર્વૃત્તિ અને ઉપકરણ એમ બે ભેદ છે. (૨-૧૭)

**भाष्यं—** निर्वृत्तीन्द्रियमुपकरणेन्द्रियं च द्विविधं द्रव्येन्द्रियम् । निर्वृत्तिरङ्गोपाङ्गनामनिर्वर्तितानीन्द्रियद्वाराणि, कर्मविशेषसंस्कृताः शरीर-प्रदेशाः । निर्माणनामाङ्गोपाङ्गप्रत्यया मूलगुणनिर्वर्तनेत्यर्थः । उपकरणं बाह्यमभ्यन्तरं च । निर्वर्तितस्यानुपघातानुग्रहाभ्यामुपकारीति ॥२-१७॥

**ભાષ્યાર્થ—** દ્રવ્યેન્દ્રિય નિર્વૃત્તિઇન્દ્રિય અને ઉપકરણઇન્દ્રિય એમ બે પ્રકારે છે. અંગોપાંગનામકર્મથી ઉત્પન્ન કરાયેલા ઇન્દ્રિયદ્વારો નિર્વૃત્તિ ઇન્દ્રિય છે. એ દ્વારો કર્મવિશેષથી સંસ્કારિત કરાયેલા શરીરના પ્રદેશ સ્વરૂપ છે. નિર્વૃત્તિઇન્દ્રિય નિર્માણનામકર્મ અને અંગોપાંગનામકર્મથી થયેલી મૂલગુણ નિર્વર્તના રૂપ છે. ઉપકરણના બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદ છે. ઉત્પન્ન કરાયેલી ઇન્દ્રિયને ઉપઘાત ન થવા દે અને અનુગ્રહ કરે એ બે કારણથી ઉપકરણેન્દ્રિય ઉપકારી છે. (૨-૧૭)

**टीका—** निर्वृत्त्युपकरणे पुद्गलमये द्रव्येन्द्रियमिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'निर्वृत्तीन्द्रिय'मित्यादिना निर्वर्त्तनं निर्वृत्तिः-प्रति-विशिष्टसंस्थानोपपत्तिः सैवेन्द्रियं निर्वृत्तीन्द्रियं, उपक्रियतेऽनेनेत्युपकरणं एतदेवेन्द्रियं उपकरणेन्द्रियं, चः समुच्चये, द्विविधमेतद्द्रव्येन्द्रियं भावेन्द्रियोपकरणत्वात् द्रव्यात्मकत्वाच्चेति, निर्वृत्तेर्लक्षणमाह-'निर्वृत्ति'-रित्यादिना 'निर्वृत्तिः अङ्गोपाङ्गनामकर्म्मनिर्वर्त्तितानीति इहाङ्गोपाङ्गनाम-औदारिकादिशरीरत्रयाङ्गोपाङ्गनिर्वर्त्तकं यदुदयादङ्गोपाङ्गान्युत्पद्यन्ते शिरो-

ऽङ्गुल्यादीनि, निर्म्माणनाम चात्र वर्द्धकिसंस्थानीयं कर्णशष्कुल्याद्यव-यव-सन्निवेशविशेषरचनायामाहितनैपुण्यमित्याचार्याः, तदित्थमङ्गोपाङ्ग-नाम्ना प्रतिविशिष्टेन कर्म्मणा निर्वर्त्तितानि-जनितानि, तानि कानीत्याह 'इन्द्रियद्वाराणि' इन्द्रियविवराणि, भावेन्द्रियावधानद्वाराणीति भावः, एतानि च नानासंस्थानादीनि, तथा चागमः-'फासिंदिए णं भंते ! किंसंठिए पण्णत्ते ?, गोयमा ! नानासंठाणसंठिए पण्णत्ते, जिब्भिदिए णं किंसंठिए पण्णत्ते ?, गोयमा ! खुरप्पसंठिए, घाणिंदिए णं भंते ! किंसंठिए पन्नत्ते ?, गोयमा ! अतिमुत्तयचंपयसंठिए, एवं चक्खुरिंदिए णं भंते ! किंसंठिए पण्णत्ते ?, गोयमा ! मसूरयचंदसंठिए पण्णत्ते, सोइंदिए णं किंसंठिए पण्णत्ते ?, गोयमा ! कलंबुआपुप्फसंठिए पण्णत्ते" (प्रज्ञा० सू० १९१) अभ्यन्तरां निर्वृत्तिमङ्गीकृत्य सर्वाण्यमूनि सूत्राण्यधीतानि, बाह्या पुनर्निर्वृत्तिश्चित्राकारत्वान्नोपनिबद्धुं शक्या, यथा (पशु) मनुष्यादीनां बाह्यश्रोत्रादिभेदादिति, इममेव अतिक्रान्तभाष्यार्थं पर्यायान्तरेण स्पष्टयन्नाह-'कर्म्मे'त्यादि, कर्मविशेषसंस्कृता इति कर्म्मविशेषो नामकर्म्म तस्यापि अङ्गोपाङ्गनाम निर्म्माणकर्म्म च आभ्यां संस्कृता-विशिष्टावयवरचनया निर्वर्त्तिताः शरीरप्रदेशाः औदारिकादीनां त्रयाणां प्रतिविशिष्टा देशाः कर्णशष्कुल्यादय इति, मुग्धमतिमोह-व्यपोहायाह-'निर्म्माणे'त्यादि, निर्म्माणनाम चाङ्गोपाङ्गं च निर्माणनामा-ङ्गोपाङ्गे ते प्रत्ययः-कारणं यस्याः सा तथाविधा, मूलगुणनिर्वर्त्तनेत्यर्थः, निगमनमेतत्, नोत्तरगुणनिर्वर्त्तना, सा हि कर्णवेधयोः प्रलम्बतापादनं चक्षुर्नासिकयोरञ्जननस्याभ्यामुपस्कारः ब्राह्म्यादियोगात् जिह्वायाः स्पर्शस्य गन्धादिभिर्विमलत्वकरणमिति, 'इत्यर्थः' इत्येवमर्थो यस्याः प्रवचन-ज्ञैराख्यात इति, व्याख्याता निर्वृत्तिः अधुनोपकरणमाह-'उपकरणं बाह्यमभ्यन्तरं च' उपक्रियतेऽनेन निर्वृत्तीन्द्रियमित्युपकरणं, बाह्यकरणं शष्कुल्यादीनि, तत्र अभ्यन्तरं खड्गस्थानीयाया निर्वृत्तेस्तद्धाराशक्तिकल्पं

स्वच्छतरपुद्गलजालनिष्पादितं तदभिन्नदेशमेवेति, यदधिकृत्याह 'निर्वर्त्तितस्ये'त्यादि, निर्वर्त्तितस्य-निष्पादितस्य स्वावयवविभागेन, निर्वृत्तीन्द्रियस्येति गम्यते, अनुपघातानुग्रहाभ्यामुपकारीति यदनुपहत्या उपग्रहेण चोपकरोति तदुपकरणेन्द्रियमिति, तथाहि-निर्वृत्तौ सत्यामपि शक्त्युपघाते न विषयग्रहः, बाह्योपकरणघाते च नियमतः शक्त्युपघात इति तत्प्राधान्यतो बाह्यमभ्यन्तरं चेत्याह ॥२-१७॥

**ટીકાર્થ–** નિર્વૃત્તિ અને ઉપકરણ એ બે દ્રવ્યેન્દ્રિય છે અને પુદ્ગલસ્વરૂપ છે. આ સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો "निर्वृत्तीन्द्रियम्" ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે–

## નિર્વૃત્તિઇન્દ્રિયની માહિતી

નિર્વૃત્તિ એટલે વિશિષ્ટ પ્રકારના સંસ્થાનની રચના. જેનાથી ઉપકાર કરાય તે ઉપકરણ. નિર્વૃતિ અને ઉપકરણ એ બે દ્રવ્યેન્દ્રિય છે. કારણ કે ભાવેન્દ્રિય ઉપર ઉપકાર કરે છે અને દ્રવ્યરૂપ છે. "निर्वृत्ति" ઇત્યાદિથી નિર્વૃતિના લક્ષણને કહે છે- અંગોપાંગનામકર્મથી ઉત્પન્ન કરાયેલા ઇન્દ્રિયદ્વારો એ નિર્વૃત્તિ છે. ઔદારિક આદિ ત્રણ શરીરના અંગોની અને ઉપાંગોની રચના કરે તે અંગોપાંગનામકર્મ, અર્થાત્ જેના ઉદયથી ઔદારિક આદિ ત્રણ શરીરના મસ્તક વગેરે અંગો અને આંગળી વગેરે ઉપાંગો ઉત્પન્ન થાય તે અંગોપાંગનામકર્મ. અહીં નિર્માણનામકર્મ સુથારના સ્થાને છે અને કર્ણવિવર આદિ અવયવોની સ્થિતિવિશેષની રચના કરવામાં નિપુણ છે, એમ આચાર્યો કહે છે. ઇન્દ્રિયદ્વારો એટલે ભાવેન્દ્રિયને ધ્યાન આપવાના દ્વારો. આ ઉપકરણેન્દ્રિય વિવિધ આકારની હોય છે. આ વિષે આગમમાં કહ્યું છે કે- "હે ભગવંત ! સ્પર્શેન્દ્રિય કેવા આકારે રહેલી છે ? હે ગૌતમ ! જુદા-જુદા આકારે રહેલી છે." "હે ભગવંત ! જિહ્વા ઇન્દ્રિય કેવા આકારે રહેલી છે ? હે ગૌતમ ! અસ્ત્રાના આકારે રહેલી છે." "હે ભગવંત ! ઘ્રાણ ઇન્દ્રિય કેવા આકારે રહેલી છે ? હે ગૌતમ ! અતિમુક્તક ફૂલના આકારે રહેલી છે." "હે

ભગવંત ! ચક્ષુઇન્દ્રિય કેવા આકારે રહેલી છે ? હે ગૌતમ ! મસુરની દાળના કે ચંદ્રના આકારે રહેલી છે." "હે ભગવંત ! કર્ણઇન્દ્રિય કેવા આકારે રહેલી છે ? હે ગૌતમ ! કદંબક પુષ્પના આકારે રહેલી છે." આ સૂત્રો અભ્યંતર નિર્વૃત્તિને(=ઉપકરણઇન્દ્રિયને) આશ્રયીને કહેલા છે. બાહ્યનિર્વૃત્તિ જુદા-જુદા આકારની હોવાથી ગ્રંથમાં કહેવી શક્ય નથી. કેમકે પશુ-મનુષ્ય વગેરેના બાહ્ય કર્ણ આદિમાં ભેદ હોય છે.

આ જ કહેવાઇ ગયેલા ભાષ્યના અર્થને બીજી રીતે સ્પષ્ટ કરતા ભાષ્યકાર કહે છે- 'कर्म' इत्यादि, કર્મવિશેષથી સંસ્કારિત કરાયેલા શરીરપ્રદેશો ઇન્દ્રિય છે. કર્મવિશેષથી એટલે નામકર્મ અને તેના જ ભેદ રૂપ અંગોપાંગનામ અને નિર્માણનામકર્મ, એ બે કર્મોથી. સંસ્કારિત કરાયેલા એટલે વિશિષ્ટ અવયવોની રચનાથી બનાવાયેલા. શરીર પ્રદેશો એટલે ઔદારિક આદિ ત્રણ શરીરના કર્ણગોલક આદિ વિશેષ વિભાગો.

(આટલું સ્પષ્ટ કરવા છતાં હજી અતિમુગ્ધ જીવોને મતિમોહ દૂર થયો નથી એમ સમજીને) મુગ્ધજીવોના મતિમોહને દૂર કરવા માટે ભાષ્યકાર કહે છે- નિર્માણનામકર્મ અને અંગોપાંગનામકર્મ એ બે કર્મના નિમિત્તથી થયેલી મૂલગુણ નિર્વર્તના એ નિર્વૃતિ ઇન્દ્રિય છે. આ ઉપસંહાર વાક્ય છે. આ કથનથી મૂલગુણ નિર્વર્તના કહી છે, ઉત્તરગુણ નિર્વર્તના નથી કહી. ઉત્તરગુણ નિર્વર્તના આ પ્રમાણે છે- (૧) કાનના છિદ્રોને લાંબા કરવા, અર્થાત્ કાનમાં લાંબા છિદ્રો કરવા. (૨) અંજન કરવા દ્વારા આંખને સારી કરવી. (૩) નસ્ય કરવા દ્વારા નાકને સારું કરવું. (૪) બ્રાહ્મી આદિના ઉપયોગથી જીભને સારી કરવી=જડતા દૂર કરવી. (૫) સુગંધી ચૂર્ણ આદિથી (ઘસવા આદિથી) ચામડીને નિર્મળ કરવી.

इत्यर्थः=પ્રવચનના જ્ઞાતાઓએ નિર્વૃતિનો આવો અર્થ કહ્યો છે.

## ઉપકરણ ઇન્દ્રિયનું વર્ણન

નિર્વૃત્તિનું વ્યાખ્યાન કર્યું. હવે ઉપકરણને કહે છે- જેનાથી નિર્વૃત્તિ

ઈન્દ્રિય ઉપર ઉપકાર કરાય તે ઉપકરણ. ઉપકરણઈન્દ્રિયના બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદ છે. કર્ણવિવર વગેરે બાહ્ય ઉપકરણ છે. અભ્યંતર ઉપકરણ બાહ્યઉપકરણથી અભિન્નદેશમાં રહે છે, અર્થાત્ જ્યાં ઉપકરણ છે ત્યાં જ અભ્યંતરઉપકરણ છે. નિર્વૃત્તિને તલવારની ઉપમા આપીએ તો અભ્યંતર ઉપકરણ તલવારની ધારમાં રહેલી શક્તિ સમાન છે અને અત્યંત સ્વચ્છ પુદ્ગલસમૂહથી બનેલી છે.

ઉપકરણઈન્દ્રિય જેના દ્વારા ઉપકાર કરે છે તેને કહે છે- પોતાના અવયવોના વિભાગોથી ઉત્પન્ન કરેલ નિર્વૃત્તિઈન્દ્રિયને, ઉપઘાત ન કરવા દ્વારા અને ઉપગ્રહ કરવા દ્વારા જે ઉપકાર કરે છે તે ઉપકરણઈન્દ્રિય છે. તે આ પ્રમાણે- નિર્વૃત્તિઈન્દ્રિય હોવા છતાં શક્તિનો(=અભ્યંતર ઉપકરણનો) ઉપઘાત થાય તો ઈન્દ્રિય પોતાના વિષયને ગ્રહણ ન કરે. (બહેરો માણસ કાન હોવા છતાં સાંભળી શકતો નથી.) બાહ્યઉપકરણનો ઘાત થતાં અવશ્ય શક્તિનો ઉપઘાત થાય. આથી બાહ્યઉપકરણની પ્રધાનતાના કારણે બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદ છે. (૨-૧૭)

**टीकावतरणिका–** इत्थं द्रव्येन्द्रियमभिधायैतत्प्रतिबद्धमेव भावेन्द्रियमाह–

**ટીકાવતરણિકાર્થ–** આ પ્રમાણે દ્રવ્યઈન્દ્રિયને કહીને હવે દ્રવ્ય-ઈન્દ્રિયની સાથે સંબંધવાળી ભાવઈન્દ્રિયને કહે છે–

**ભાવેન્દ્રિયના ભેદો–**

## लब्ध्युपयोगौ भावेन्द्रियम् ॥२-१८॥

**સૂત્રાર્થ–** ભાવઈન્દ્રિયના લબ્ધિ અને ઉપયોગ એમ બે ભેદ છે. (૨-૧૮)

**भाष्यं–** लब्धिरुपयोगश्च भावेन्द्रियं भवति । लब्धिर्नाम गतिजात्यादिनामकर्मजनिता तदावरणीयकर्मक्षयोपशमजनिता चेन्द्रिया-श्रयकर्मोदयनिर्वृत्ता च जीवस्य भवति । सा पञ्चविधा । तद्यथा- स्पर्श-

नेन्द्रियलब्धिः रसनेन्द्रियलब्धिः घ्राणेन्द्रियलब्धिः चक्षुरिन्द्रियलब्धिः श्रोत्रेन्द्रियलब्धिरिति ॥२-१८॥

**ભાષ્યાર્થ–** ભાવેન્દ્રિયના લબ્ધિ અને ઉપયોગ એમ બે ભેદ છે. લબ્ધિ એટલે ગતિ-જાતિ આદિ નામકર્મથી ઉત્પન્ન થયેલી, તદાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન કરાયેલી અને ઇન્દ્રિયોના આશ્રયવાળા કર્મના વિપાકથી ઉત્પન્ન કરાયેલી જીવની બુદ્ધિ. તે પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે- સ્પર્શનેન્દ્રિય લબ્ધિ, રસનેન્દ્રિય લબ્ધિ, ઘ્રાણેન્દ્રિય લબ્ધિ, ચક્ષુરિન્દ્રિય લબ્ધિ અને શ્રોત્રેન્દ્રિય લબ્ધિ. (૨-૧૮)

**टीका–** लब्धिः-स्पर्शनादीन्द्रियावरणकर्म्मक्षयोपशमः उपयोगः प्रणिधानं, एतदुभयं भावेन्द्रियमात्मपरिणतिलक्षणमिति सूत्रसमुदायार्थः। अवयवार्थं त्वाह वृत्तिकारः-लब्धिरुपयोगश्च एतद्द्वयं भावेन्द्रियं भवति, आत्मपरिणतिरूपत्वात्, तत्र 'लब्धिर्नामे'त्यादि लाभो लब्धिः प्राप्तिरित्यनर्थान्तरं, नामेति वाक्यालङ्कारार्थः, गतिजात्यादिनामकर्म्मजनितेति, गतिजाती आदिर्यस्य तद्गतिजात्यादि गतिजात्यादि च तन्नामकर्म चेति विग्रहः तेन जनिता-निर्वर्त्तिता, मनुष्यादेर्भावात्, मनुष्यगतिपञ्चेन्द्रियजात्यङ्गोपाङ्गादिनामजनितेत्यर्थः, प्रत्यासन्नतरान्तरकारणाभिधित्सयाऽऽह 'क्षयोपशमजनिता चे'ति सामर्थ्यात् मतिज्ञानदर्शनावरणक्षयोपशमनिर्वर्त्तिता च, ननु च क्षयोपशम एव लब्धिरुक्ता तत्तेन जनिता काऽन्येयम् ?, उच्यते, तत्फलभूता ज्ञानशक्तिरूपैव प्रज्ञा कारणे कार्योपचारं कृत्वा क्षयोपशम उक्त इत्यदोषः, आसन्नतरं कारणमाह-'इन्द्रियाश्रयकर्म्मोदयनिर्वृत्ता च जीवस्य भवती'ति इन्द्रियाण्याश्रयः-अवकाशो येषां कर्मणां तानीन्द्रियाश्रयाणि-निर्माणाङ्गोपाङ्गादीनि तदुदयेन-तद्विपाकेन निर्वृत्ता-जनिता वेति, जीवस्यात्मनो लब्धिर्भवतीति स्वच्छदर्पणतलप्रतिबिम्बदृष्टान्तेन, स्वच्छे हि दर्पणतले प्रतिबिम्बोदयो भवति न मलीमसे, तथा निर्माणाङ्गोपाङ्गादिरत्यन्तविमलतद्योग्यपुद्गलद्रव्यनिर्मापितानीन्द्रियाणि तस्याः क्षयोपशमलब्धेः अनुलम्बनमुपयच्छन्ति-

कारणतां बिभ्रतीति, सैषा लब्धिः कारणत्रयाऽपेक्षा पञ्चप्रकारा भवति, तद्यथा-स्पर्शनेन्द्रियादिलब्धिभाष्यं, यथा तत् पञ्चविधत्वं तस्याः तथा दर्श्यते-स्पृष्टिः स्पर्शनं, स्पर्शनं च तदिन्द्रियं चेति स्पर्शनेन्द्रियमेतदेव लब्धिः स्पर्शनेन्द्रियलब्धिः-शीतोष्णादिस्पर्शपरिज्ञानसामर्थ्यमनभि-व्यक्तोपयोगात्मतेतियावत्, एवं जिह्वेन्द्रियादिलब्ध्ययोऽपि वाच्याः, इतिशब्दो लब्धेरियत्तामावेदयति ॥२-१८॥

**ટીકાર્થ–** લબ્ધિ એટલે સ્પર્શન આદિ ઇન્દ્રિયાવરણ કર્મોનો ક્ષયોપશમ. ઉપયોગ એટલે પ્રણિધાન. [અર્થાત્ ક્ષયોપશમનો(પ્રાપ્ત થયેલી શક્તિનો) સ્વવિષયમાં વ્યાપાર તે ઉપયોગ.] આ બે ભાવેન્દ્રિય છે. કેમકે આત્મપરિણામ સ્વરૂપ છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે, અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે- લબ્ધિ અને ઉપયોગ એ બે ભાવેન્દ્રિય છે. કારણ કે આત્મપરિણામ સ્વરૂપ છે. તેમાં લાભ, લબ્ધિ અને પ્રાપ્તિ એ શબ્દોનો એક જ અર્થ છે. નામ શબ્દ વાક્યની શોભા માટે છે. ગતિ-જાતિ આદિ નામકર્મથી ઉત્પન્ન કરાયેલી, ક્ષયોપશમથી ઉત્પન્ન કરાયેલી અને ઇન્દ્રિયોના આશ્રયવાળા કર્મના વિપાકથી ઉત્પન્ન કરાયેલી લબ્ધિ જીવને પ્રાપ્ત થાય છે.

અહીં લબ્ધિના ત્રણ વિશેષણો છે. તેમાં પહેલું વિશેષણ "ગતિ-જાતિ આદિ નામ-કર્મથી ઉત્પન્ન કરાયેલી" એવું છે. અહીં ગતિ એટલે મનુષ્યગતિ. જાતિ એટલે પંચેન્દ્રિયજાતિ. આદિ શબ્દથી અંગોપાંગ વગેરે નામકર્મનું ગ્રહણ કરવું. આનો અર્થ આ પ્રમાણે છે- જીવને મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, અંગોપાંગ વગેરે નામકર્મથી લબ્ધિ પ્રાપ્ત થાય છે. બીજું વિશેષણ "ક્ષયોપશમથી ઉત્પન્ન કરાયેલી" એવું છે. સામર્થ્યથી મતિજ્ઞાનાવરણના અને દર્શનાવરણકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન કરાયેલી, અર્થાત્ જીવને મતિજ્ઞાનાવરણ અને દર્શનાવરણકર્મના ક્ષયોપશમથી લબ્ધિ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન–** ક્ષયોપશમ એ જ લબ્ધિ કહી છે. તો પછી ક્ષયોપશમથી ઉત્પન્ન કરાયેલી આ બીજી કઇ લબ્ધિ છે ?

**ઉત્તર–** ક્ષયોપશમના ફલસ્વરૂપ જે જ્ઞાનશક્તિ પ્રાપ્ત થાય છે તે જ્ઞાનશક્તિ રૂપ બુદ્ધિ, તે બુદ્ધિ જ લબ્ધિ છે.

**પ્રશ્ન–** તો પૂર્વે ક્ષયોપશમ લબ્ધિ છે એમ કેમ કહ્યું ?

**ઉત્તર–** કારણમાં કાર્યના ઉપચારથી પૂર્વે ક્ષયોપશમ લબ્ધિ છે એમ કહ્યું છે.

(આનો અર્થ એ થયો કે બુદ્ધિ એ જ લબ્ધિ છે. એ બુદ્ધિ જીવને ઉક્ત ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે.)

ત્રીજું વિશેષણ "ઇન્દ્રિયોના આશ્રયવાળા કર્મના વિપાકથી ઉત્પન્ન કરાયેલી" એવું છે. નિર્માણનામકર્મ, અંગોપાંગનામકર્મ વગેરે કર્મ ઇન્દ્રિયોના આશ્રયવાળા છે. આનો અર્થ એ થયો કે જીવને નિર્માણનામકર્મ અને અંગોપાંગનામકર્મ વગેરે કર્મના વિપાકથી લબ્ધિ પ્રાપ્ત થાય છે.

આ ત્રણ કારણોમાં "ક્ષયોપશમથી ઉત્પન્ન કરાયેલી" એ કારણ નજીકનું છે અને આંતરિક છે. ઇન્દ્રિયોના આશ્રયવાળા કર્મના વિપાકથી ઉત્પન્ન કરાયેલી એ કારણ નજીકનું છે. (અને બાહ્ય છે.)

આ વિષયમાં સ્વચ્છ દર્પણતળમાં પ્રતિબિંબનું દૃષ્ટાંત છે. સ્વચ્છ દર્પણના તળમાં પ્રતિબિંબ પડે છે, મલિન દર્પણતળમાં નહિ. તે રીતે નિર્માણનામકર્મ અને અંગોપાંગનામકર્મ આદિ કર્મના ઉદયથી લબ્ધિ ઉત્પન્ન થાય છે.

ઇન્દ્રિયને યોગ્ય અત્યંત નિર્મલ પુદ્ગલદ્રવ્યોથી નિર્માણ કરાયેલી ઇન્દ્રિયો ક્ષયોપશમ લબ્ધિનું કારણ બને છે.

(પૂર્વોક્ત) ત્રણ કારણોની અપેક્ષાવાળી આ લબ્ધિ પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે- સ્પર્શનેન્દ્રિયલબ્ધિ, રસનેન્દ્રિયલબ્ધિ, ઘ્રાણેન્દ્રિયલબ્ધિ, ચક્ષુરિન્દ્રિયલબ્ધિ અને શ્રોત્રેન્દ્રિયલબ્ધિ. સ્પર્શનેન્દ્રિયલબ્ધિ એટલે શીત-ઉષ્ણ વગેરે સ્પર્શને જાણવાનું સામર્થ્ય, અર્થાત્ અવ્યક્ત ઉપયોગ સ્વરૂપ છે. (ઉપયોગથી રહિત શીત-ઉષ્ણ આદિ સ્પર્શને જાણવાની શક્તિ.)

એ રીતે રસનેન્દ્રિય આદિ લબ્ધિઓ પણ કહેવી.

इति શબ્દ (આટલી જ લબ્ધિઓ છે એમ) લબ્ધિ પરિમાણને જણાવે છે. (૨-૧૮)

**टीकावतरणिका—** उक्ता लब्धिः, अधुनोपयोगमाह—

**ટીકાવતરણિકાર્થ—** લબ્ધિ કહી, હવે ઉપયોગને કહે છે—

**ઉપયોગના વિષયો—**

**उपयोगः स्पर्शादिषु ॥२-१९॥**

**સૂત્રાર્થ—** ભાવેન્દ્રિય રૂપ ઉપયોગ સ્પર્શન આદિ ઇન્દ્રિયો દ્વારા અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એ પાંચ વિષયોમાં પ્રવર્તે છે. (૨-૧૯)

**भाष्यं—** स्पर्शादिषु मतिज्ञानोपयोग इत्यर्थः । उक्तमेतदुपयोगो लक्षणम् । उपयोगः प्रणिधानम् । आयोगस्तद्भावः परिणाम इत्यर्थः । एषां च सत्यां निर्वृत्तावुपकरणोपयोगौ भवतः । सत्यां च लब्धौ निर्वृत्त्युपकरणोपयोगा भवन्ति । निर्वृत्त्यादीनामेकतराभावे विषयालोचनं न भवति ॥२-१९॥

**ભાષ્યાર્થ—** સ્પર્શાદિમાં મતિજ્ઞાનનો ઉપયોગ હોય છે. ઉપયોગ જીવનું લક્ષણ છે એમ પહેલા (અ.૨ સૂ.૮માં) કહેલું જ છે. ઉપયોગ, પ્રણિધાન, આયોગ, તદ્ભાવ અને પરિણામ એ પર્યાયવાચી શબ્દો છે. આ ત્રણમાં નિર્વૃત્તિ હોતે છતે ઉપકરણ અને ઉપયોગ એ બે હોય છે. લબ્ધિ હોતે છતે નિર્વૃત્તિ ઉપકરણ અને ઉપયોગ હોય. નિર્વૃત્તિ આદિમાંથી કોઈ એકના અભાવમાં વિષયનો બોધ ન થાય. (૨-૧૯)

**टीका—** उपयोगो-ज्ञानादिव्यापारः स्पर्शादिविषय इति सूत्रसमुदायार्थः । अवयवार्थमाह-'स्पर्शादिष्वि'त्यादि, स्पर्शादिषु पञ्चसु विषयेषु 'मतिज्ञानोपयोगो' मतिज्ञानव्यापारः उपयोगः, इत्येवमर्थो यस्य प्रवचनज्ञैराख्यातः, उपयोगः स्पर्शादिषु परमाणोरपि भवति, स च भावेन्द्रियाधिकारात्तस्य चाजीवलक्षणत्वात् नेहाधिक्रियत इत्याह-'उक्तमेत'दित्यादि,

अभिहितमेतत् प्राग् उपयोगः-चैतन्यपरिणामो लक्षणं-वैशेषिकं जीवस्य जीवलिङ्गं चेन्द्रियमिति परमाणूपयोगाप्रसङ्गः, अत एवाह-उपयोगो ज्ञानादिरूपश्चैतन्यपरिणामः, अयं चावध्यादिरूपोऽपि भवतीत्याह प्रणिधानं-अवहितमनस्कत्वं, एतदपि भावनापेक्षयाऽवध्यादिसाधारण-मेवेत्याह-आयोगः स्वविषयमर्यादया स्पर्शादिष्वेव, एवमप्यधिकरणत्व-मवध्युपयोगस्येत्यत आह-तद्भावः, उपयोगो-लाञ्छनं जीवस्य स्पर्शाद्युप-लम्भभावात्, 'परिणाम इत्यर्थः' परिणमनं परिणामः-तत्तदुपयोगा-धिकरणस्यैव तथाभाव इति योऽर्थः, उपयोगप्रवृत्तौ क्रममाह-'एषां चे'त्यादिना, एषां चेति व्याख्यातस्वरूपाणां निर्वृत्त्युपकरणलब्ध्युपयोगे-न्द्रियाणां प्रवृत्तावयं क्रमः-यदुत सत्यां निर्वृत्तौ तु उक्तलक्षणायां उपकरणोपयोगौ भवतः-उक्तलक्षणावेव, निर्वृत्त्याश्रयत्वादुपकरणस्य तत्प्रभवत्वात् श्रोत्राद्युपयोगस्येति, सत्यां च लब्धौ श्रोत्रादिक्षयोपशम-रूपायां निर्वृत्त्युपकरणोपयोगा भवन्ति, कर्म्मविशेषसंस्कृतप्रदेशभावे कर्णशष्कुल्यादिभावात्, तदभावे अभावात्, तथा चाह-निर्वृत्त्यादीना-मेकतराभावे विषयालोचनं न भवति ॥२-१९॥

**ટીકાર્થ–** સ્પર્શ આદિ સંબંધી જ્ઞાન આદિનો વ્યાપાર(=પ્રવૃત્તિ) એ ઉપયોગ છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર કહે છે- "स्पर्शादिषु" इत्यादि, સ્પર્શ આદિ પાંચ વિષયોમાં મતિજ્ઞાનનો વ્યાપાર એ ઉપયોગ છે. ઉપયોગનો આવો અર્થ પ્રવચનના જ્ઞાતાઓએ કહ્યો છે.

સ્પર્શ આદિમાં ઉપયોગ પરમાણુનો પણ હોય છે. (કારણ કે દ્વ્યણુકાદિ સ્કંધના પરિણામમાં પરમાણુ ઉપયોગી બને છે. ઉપયોગી બનવાના કારણે ઉપયોગરૂપ લક્ષણ પરમાણુમાં પણ ઘટે. આથી સ્પષ્ટતા કરે છે-) અહીં ભાવેન્દ્રિયનો અધિકાર હોવાથી અને પરમાણુ અજીવ સ્વરૂપ હોવાથી પરમાણુના ઉપયોગનો અધિકાર નથી. આથી ભાષ્યકાર કહે છે-પહેલાં (અ.૨

સૂ.૮ માં) આ કહ્યું છે કે-ચૈતન્યપરિણામરૂપ ઉપયોગ જીવનું વિશેષ લક્ષણ છે. ઇન્દ્રિય જીવનું લિંગ છે. આથી અહીં પરમાણુના ઉપયોગનો પ્રસંગ નથી.

આથી જ કહે છે- જ્ઞાનાદિ રૂપ ચૈતન્ય પરિણામ એ ઉપયોગ છે. આ ઉપયોગ અવધિજ્ઞાન આદિ સ્વરૂપ પણ હોય. આથી કહે છે- ઉપયોગ ચિત્તની એકાગ્રતા રૂપ છે. (અવધિજ્ઞાનમાં બધુ આત્માથી દેખાય છે, તેમાં મનનો ઉપયોગ ન હોય.)

મનની એકાગ્રતા પણ ભાવનાની અપેક્ષાએ અવધિજ્ઞાન આદિમાં સાધારણ જ છે, અર્થાત્ અવધિજ્ઞાની વગેરે ભાવના ભાવે ત્યારે તેમાં પણ મનની એકાગ્રતા હોય, આથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન એ બધા જ્ઞાનોમાં મનની એકાગ્રતા હોવાથી મનની એકાગ્રતા સાધારણ રૂપ બની, મતિજ્ઞાનની જ ન રહી. આથી અહીં કહે છે- आयोगः=પોતાના વિષયની મર્યાદાથી સ્પર્શાદિમાં જ ઉપયોગ અહીં વિવક્ષિત છે. આ પ્રમાણે પણ જીવ અવધિજ્ઞાનના પણ ઉપયોગનું અધિકરણ છે, અર્થાત્ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે તો અવધિજ્ઞાનથી જણાય, અન્યથા નહિ. જીવ કેવળ મતિજ્ઞાનના ઉપયોગનું અધિકરણ નથી, અવધિજ્ઞાનના ઉપયોગનું પણ અધિકરણ છે. આથી કહે છે-तद्भावः ઉપયોગ જીવનું લક્ષણ છે. કારણ કે જીવને સ્પર્શાદિનું જ્ઞાન થાય છે.

परिणाम इत्यर्थः=પરિણમવું તે પરિણામ. તે તે ઉપયોગના અધિકરણ એવા આત્માનું જ તે તે રીતે થવું એવો ઉપયોગનો અર્થ છે. અહીં તાત્પર્યાર્થ એ છે કે ઉપયોગ એ આત્માનો જ તે તે પરિણામ છે, અન્ય પદાર્થની ઉત્પત્તિ રૂપ નથી.

ઉપયોગની પ્રવૃત્તિમાં ક્રમને કહે છે- નિર્વૃત્તિ, ઉપકરણ, લબ્ધિ અને ઉપયોગ રૂપ ઇન્દ્રિયોની પ્રવૃત્તિમાં આ ક્રમ છે કે, જો નિર્વૃત્તિ હોય તો ઉપકરણ અને ઉપયોગ થાય છે. કારણ કે ઉપકરણનો આશ્રય નિર્વૃત્તિ છે. (જો આશ્રયરૂપ નિર્વૃત્તિ જ ન હોય તો ઉપકરણ કેવી રીતે હોય? અર્થાત્ ન હોય.) શ્રોત્ર આદિનો ઉપયોગ ઉપકરણમાંથી(=ઉપકરણ દ્વારા) ઉત્પન્ન થાય છે.

તથા શ્રોત્રાદિક્ષયોપશમરૂપ લબ્ધિ હોય તો નિર્વૃત્તિ, ઉપકરણ અને ઉપયોગ થાય.

કારણ કે કર્મ વિશેષથી(=નિર્માણનામકર્મ અને અંગોપાંગનામકર્મથી) સંસ્કાર કરાયેલ(=વિશિષ્ટ અવયવોની રચનાથી બનાવાયેલા) પ્રદેશ (=કર્ણગોલક આદિ વિશેષ વિભાગો) હોય તો કર્ણવિવર આદિ હોય. જે જીવને ક્ષયોપશમરૂપ લબ્ધિ ન હોય તેને આ બધું ન હોય. ભાષ્યકાર તે પ્રમાણે કહે છે- નિર્વૃત્તિ આદિ (ચાર)માંથી કોઇ એક ન હોય તો વિષયોનું દર્શન(=જ્ઞાન) થતું નથી. (નિર્વૃત્તિ, ઉપકરણ, લબ્ધિ અને ઉપયોગ એ ચારે ય હોય તો બોધ થાય.) (૨-૧૯)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता पञ्चेन्द्रियाणीति । तत्कानि तानीन्द्रियाणीत्युच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** આપે ઇન્દ્રિયો પાંચ છે એમ કહ્યું તો તે ઇન્દ્રિયો કઇ છે ?

**ઉત્તર–** તે ઇન્દ્રિયો કઇ છે તે કહેવાય છે-

**टीकावतरणिका–** तदेवं द्रव्यभावतयेन्द्रियाणां विभागमुपदर्श्य तन्नामादर्शनायाह-'अत्राहे'त्यादि, अत्रावसरे शिष्य आह-उक्तं भवता प्राक्-पञ्चेन्द्रियाणि सङ्ख्यया, तत् कानि तानि नाम्ना इन्द्रियाणीत्युच्यतां, एवं पूर्वपक्षमाशङ्क्याह-उच्यते-

**ટીકાવતરણિકાર્થ–** આ પ્રમાણે દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એવા વિભાગને બતાવીને ઇન્દ્રિયોના નામોને બતાવવા માટે કહે છે- 'अत्राह इत्यादि' આ અવસરે શિષ્ય કહે છે કે, આપે પૂર્વે ઇન્દ્રિયોની સંખ્યા પાંચ છે એમ કહ્યું છે. તેથી તેમનાં નામો કયા છે તે કહો. આવા પૂર્વપક્ષની આશંકા કરીને સૂત્રકાર કહે છે- ઇન્દ્રિયોનાં નામોને કહીએ છીએ-

**પાંચ ઇન્દ્રિયોના નામો–**

**स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि ॥२-२०॥**

**સૂત્રાર્થ–** સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર એમ પાંચ ઇન્દ્રિયોના ક્રમશઃ નામો છે. (૨-૨૦)

**भाष्यं–** स्पर्शनं रसनं घ्राणं चक्षुः श्रोत्रमित्येतानि पञ्चेन्द्रियाणि ॥२-२०॥

**ભાષ્યાર્થ–** સ્પર્શન, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ પાંચ ઈન્દ્રિયો છે. (૨-૨૦)

**टीका–** स्पर्शनादीनि पञ्चेन्द्रियाणीति सूत्रसमुदायार्थः । अवयवार्थस्तु 'स्पर्शन'मित्यादि स्पृश्यतेऽनेनेति स्पर्शनं, एवं रस्यते घ्रायते दृश्यते, श्रूयतेऽनेनेति श्रोत्रं, इत्येतानि पञ्चेन्द्रियाणि ज्ञानादिकार्यनिष्पत्तौ छद्मस्थ-जीवस्य करणानि, पञ्चेति सङ्ख्यानियमः, पञ्चैव, लोकसमयसिद्धत्वात् उपन्यासश्चैषां मिथ्या, मेवैकेन्द्रियाणिभावादिति ॥२-२०॥

**ટીકાર્થ–** સ્પર્શન વગેરે પાંચ ઈન્દ્રિયો છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે- અવયવાર્થ તો આ પ્રમાણે છે- "स्पर्शनम्" इत्यादि, જેના વડે સ્પર્શ કરાય તે સ્પર્શન. એ પ્રમાણે જેનાથી ચખાય તે રસન. જેનાથી સુંઘાય તે ઘ્રાણ. જેનાથી દેખાય તે ચક્ષુ. જેનાથી સંભળાય તે શ્રોત્ર. આ પ્રમાણે પાંચ ઈન્દ્રિયો છદ્મસ્થજીવના જ્ઞાનાદિ કાર્ય(ની સિદ્ધિમાં કરણ (=કાર્યની સિદ્ધિમાં પ્રકૃષ્ટ ઉપકારક) છે.

પાંચ એ પ્રમાણે સંખ્યાનું નિયમન છે, પાંચ જ છે. કેમકે લોકમાં અને શાસ્ત્રમાં ઈન્દ્રિયોની પાંચ સંખ્યા પ્રસિદ્ધ છે.

उपन्यासश्चैषां मिथ्या इत्यादि પંક્તિનો અનુવાદ કર્યો નથી. કારણ કે તેમાં મને અશુદ્ધિ જણાય છે. પણ તેનો ભાવાર્થ મને જે જણાય છે તે આ પ્રમાણે છે- સ્પર્શનાદિ, ક્રમથી ઈન્દ્રિયોના નામો જણાવવામાં હેતુ રહેલો છે. જેમ જેમ અધિક ઈન્દ્રિયો પ્રાપ્ત થાય છે, તેમ તેમ ચૈતન્યનો અધિક વિકાસ થાય છે. અધિક ઈન્દ્રિયોની પ્રાપ્તિ ક્રમશઃ થાય છે. જે જીવો એકેન્દ્રિય હોય, અર્થાત્ એક ઈન્દ્રિયવાળા હોય તેમને સ્પર્શન ઈન્દ્રિય હોય છે. સ્પર્શેન્દ્રિય દરેક જીવને અવશ્ય હોય છે. સંસારી જીવોમાં રસન આદિ ઈન્દ્રિય ન હોય એવું બને, પણ સ્પર્શન ઈન્દ્રિય ન હોય એવું ન જ બને. આથી અહીં પ્રથમ સ્પર્શનેન્દ્રિયનો નિર્દેશ કર્યો છે. એકેન્દ્રિય જીવ જ્યારે બેઇન્દ્રિય હોય ત્યારે તેને સ્પર્શન અને રસન એ

બે ઇન્દ્રિય હોય છે. એટલે સ્પર્શન ઇન્દ્રિય પછી રસન ઇન્દ્રિયની પ્રાપ્તિ થાય છે. માટે સ્પર્શન પછી રસન ઇન્દ્રિયનો નિર્દેશ છે. બેઇન્દ્રિય જીવ જ્યારે તેઇન્દ્રિય બને છે ત્યારે સ્પર્શન, રસન અને ઘ્રાણ=નાક એ ત્રણ ઇન્દ્રિયો હોય છે. એટલે રસન પછી ઘ્રાણની પ્રાપ્તિ થાય છે. માટે રસન પછી ઘ્રાણ ઇન્દ્રિયનો નિર્દેશ છે. તેઇન્દ્રિય જીવ જ્યારે ચઉરિન્દ્રિય બને ત્યારે સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઇન્દ્રિયો હોય છે. આથી ઘ્રાણ ઇન્દ્રિય પછી ચક્ષુની પ્રાપ્તિ થાય છે, માટે ઘ્રાણ પછી ચક્ષુ ઇન્દ્રિયનો નિર્દેશ છે. ચઉરિન્દ્રિય જીવ જ્યારે પંચેન્દ્રિય બને છે ત્યારે સ્પર્શન આદિ પાંચે ઇન્દ્રિયો હોય છે. એટલે ચક્ષુ પછી શ્રોત્રની પ્રાપ્તિ થાય છે. માટે ચક્ષુ પછી શ્રોત્ર ઇન્દ્રિયનો નિર્દેશ છે. આમ ઇન્દ્રિયોની વૃદ્ધિના ક્રમથી અહીં સ્પર્શન આદિ ઇન્દ્રિયોના નામો જણાવ્યાં છે. દરેક જીવને એક એક જ ઇન્દ્રિયની વૃદ્ધિ થાય છે એવો નિયમ નથી. એકેન્દ્રિયમાંથી સીધો તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય કે પંચેન્દ્રિય પણ બને છે. એ પ્રમાણે બેઇન્દ્રિયમાંથી સીધો ચઉરિન્દ્રિય કે પંચેન્દ્રિય પણ બને છે. પણ જો ઇન્દ્રિયની વૃદ્ધિ થાય તો સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર એ ક્રમથી જ થાય. (૨-૨૦)

**टीकावतरणिका—** एतेषामेव विषयानाह—

**ટીકાવતરણિકાર્થ—** ઇન્દ્રિયોના જ વિષયોને કહે છે—

**ઇન્દ્રિયોનો વિષય—**

**स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थाः ॥२-२१॥**

**સૂત્રાર્થ—** સ્પર્શન આદિ ઇન્દ્રિયોના ક્રમશઃ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ(=રૂપ) અને શબ્દ એ પાંચ વિષયો છે. (૨-૨૧)

**भाष्यं—** एतेषामिन्द्रियाणामेते स्पर्शादयोऽर्था भवन्ति यथासङ्ख्यम् ॥२-२१॥

**ભાષ્યાર્થ—** આ ઇન્દ્રિયોના અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ વિષયો છે. (૨-૨૧)

**टीका–** यथोपन्यस्तेन्द्रियाणां स्पर्शादयो विषया इति सूत्रसमुदायार्थः । अवयवार्थस्तु एतेषामिन्द्रियाणामनन्तरोपन्यस्तानामेते-अधिकृतसूत्रोक्ताः स्पर्शादयः स्पृश्यतेऽसाविति स्पर्शः, एवं रसादिष्वपि वाच्यं, अर्यमाण-त्वाद्विषया भवन्ति, यथासङ्ख्यं, न सङ्करव्यतिरेकाभ्यां, असमासकरणं इन्द्रियार्थयोर्भेदज्ञापनार्थमिति ॥२-२१॥

## ઇન્દ્રિયોનો વિષય

**ટીકાર્થ–** જે ક્રમથી ઇન્દ્રિયોનો ઉલ્લેખ કર્યો છે તે ક્રમથી સ્પર્શ વગેરે વિષયો છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થ તો આ પ્રમાણે છે- અનંતરસૂત્રમાં જેમનો ઉલ્લેખ કર્યો છે તે સ્પર્શન આદિ ઇન્દ્રિયોના સ્પર્શ વગેરે વિષયો છે. જે સ્પર્શાય તે સ્પર્શ. એ પ્રમાણે રસ વગેરે વિષે પણ કહેવું. જણાતા હોવાથી અર્થો છે=વિષયો છે. વિષયો યથાસંખ્ય સમજવા, સંકરથી કે વ્યતિરેકથી નહિ, અર્થાત્ ગમે તે ઇન્દ્રિયોને ગમે તે વિષય છે એમ (સંકરથી) ન સમજવું. તથા શ્રોત્રનો સ્પર્શ વિષય છે ઇત્યાદિ ઊલટા ક્રમથી પણ ન સમજવું.

तेषामर्थाः એ સ્થળે तदर्थाः એમ સમાસનો અભાવ ઇન્દ્રિય અને અર્થનો ભેદ જણાવવા માટે છે. (૨-૨૧)

**મનનો વિષય–**

**श्रुतमनिन्द्रियस्य ॥२-२२॥**

**સૂત્રાર્થ–** મનનો વિષય શ્રુત છે. (૨-૨૨)

**भाष्यं–** श्रुतज्ञानं द्विविधमनेकद्वादशविधं नोइन्द्रियस्यार्थः ॥२-२२॥

**ભાષ્યાર્થ–** શ્રુતજ્ઞાન અનેક પ્રકારનું અને બાર પ્રકારનું એમ બે પ્રકારનું છે. આ બે પ્રકારનું શ્રુતજ્ઞાન મનનો વિષય છે. (૨-૨૨)

**टीका–** सम्बन्धानभिधानमेकाधिकारत्वेन तदनर्थकत्वापत्तेः, भावश्रुतं मनसोऽर्थ इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'श्रुतज्ञान'मित्या-दिना श्रुतज्ञानमिति ज्ञानमेव, न शब्दः, श्रोत्रार्थत्वात्, द्विविधमङ्गबाह्यम-

ज्ञान्तर्गतं अनेकद्वादशविधमिति, आद्यमनेकभेदमावश्यकादिभेदात् इतरद्-द्वादशभेदमाचारादिभेदेन इदं नोइन्द्रियस्य-मनसोऽर्थ इति-मनसो विषयः, तथाहि-सामायिकादिशब्दग्रहणसमनन्तरं तदर्थज्ञः तदात्मपरिणामादिरूपं यथा मनसोपलभत इति भावनीयं, यथोदितश्रुतपरिग्रहस्त्वनिन्द्रिय-प्राधान्यख्यापनाय न नियमार्थं, श्रुत्रमात्रस्य एकेन्द्रियादीनामनिन्द्रिया-भावेऽपि भावादिति ॥२-२२॥

**ટીકાર્થ– પ્રશ્ન–** ભાષ્યકારે પૂર્વસૂત્રની સાથે જ આ સૂત્રનો સંબંધ કેમ ન કહ્યો ?

**ઉત્તર–** એક જ [ઇન્દ્રિયોના વિષયનો જ] અધિકાર હોવાથી સંબંધ જણાવવામાં આવે તો પણ નિરર્થક બને. આથી સંબંધ જણાવ્યો નથી.

ભાવશ્રુત મનનો વિષય છે. આ પ્રમાણે સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર શ્રુતજ્ઞાનમ્ ઇત્યાદિથી કહે છે- અહીં શ્રુતજ્ઞાન એટલે જ્ઞાન જ જાણવું, શબ્દ નહિ. કારણ કે શબ્દ શ્રોત્રેન્દ્રિયનો વિષય છે. શ્રુતજ્ઞાન અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એ બે પ્રકારે છે. તેમાં અંગબાહ્ય આવશ્યક વગેરે ભેદથી અનેક ભેદવાળું છે. અંગપ્રવિષ્ટ આચારાંગ આદિ ભેદથી બાર પ્રકારનું છે.

શ્રુતજ્ઞાન મનનો વિષય છે. તે આ પ્રમાણે- સામાયિક વગેરે શબ્દ સાંભળ્યા પછી સામાયિક શબ્દના અર્થનો જાણકાર મનુષ્ય આત્મપરિણામ રૂપ શ્રુતજ્ઞાનને મનથી જે રીતે પ્રાપ્ત કરે છે તે તે રીતે વિચારવું, અર્થાત્ સામાયિક શબ્દનો સાવદ્યયોગનો ત્યાગ કરવો વગેરે અર્થ તેના મનમાં ઉપસ્થિત થાય છે.

શ્રુત બે પ્રકારે છે ઇત્યાદિ સ્થળે શ્રુતનું ગ્રહણ મનની પ્રધાનતા જણાવવા માટે છે, અર્થાત્ આ શ્રુત મનથી જ જાણી શકાય છે એમ જણાવવા માટે છે, પણ શ્રુત મનનો જ વિષય છે(=મન વિના શ્રુત ન જ જાણી શકાય) એવું નિયમન કરવા માટે નથી. કારણ કે એકેન્દ્રિયોને મન વિના પણ શ્રુતમાત્ર હોય છે. (૨-૨૨)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता पृथिव्यब्वनस्पति-तेजोवायवो द्वीन्द्रियादयश्च नव जीवनिकायाः । पञ्चेन्द्रियाणि चेति । तत्किं कस्येन्द्रियमिति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** આપે પૃથ્વી, પાણી, વનસ્પતિ, અગ્નિ અને વાયુ તથા બેઇન્દ્રિય વગેરે નવ જીવનિકાયો અને પાંચ ઇન્દ્રિયો છે એમ કહ્યું. તો કયા જીવને કઇ ઇન્દ્રિય હોય ? અહીં ઉત્તર કહેવાય છે-

**टीकावतरणिका–** सूत्रान्तरसम्बन्धायाह-'अत्राहे'त्यादि, अत्राह व्युत्पन्नचोदकः-उक्तं भवता, ग्रन्थकारपूजावचनमेतत्, किमुक्तमित्याह पृथिव्यम्बुवनस्पतितेजोवायवो द्वीन्द्रियादयश्च चत्वारः इति (नव) जीवनिकायाः-जीवसङ्घाताः सामान्येन 'पञ्चेन्द्रियाणि चे'ति स्पर्शनादीनि, तत् किं कस्य पृथिव्यादेः इन्द्रियमिति ?, एवं पृष्टः सन्नाह ग्रन्थकारः 'अत्रोच्यते'–

**ટીકાવતરણિકાર્થ–** અહીં વિદ્વાન પ્રશ્નકાર કહે છે- આપે (પૂર્વે) કહ્યું હતું. 'આપે કહ્યું હતું' એ વચન ગ્રંથકારની પૂજાનું છે, અર્થાત્ 'આપે' એવો પ્રયોગ ગ્રંથકારની પૂજ્યતા બતાવવા માટે છે. શું કહ્યું હતું તે કહે છે- પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, તેઉકાય, વાયુકાય અને બેઇન્દ્રિય વગેરે ચાર એમ સામાન્યથી નવ જીવનિકાયો કહ્યા છે, સ્પર્શન વગેરે પાંચ ઇન્દ્રિયો કહી છે. તેથી પૃથ્વીકાય આદિ કયા જીવને કઇ ઇન્દ્રિયો હોય ? આ પ્રમાણે પૂછાયેલા ગ્રંથકાર કહે છે- અહીં પ્રત્યુત્તર કહેવાય છે–

**વાયુ સુધીના જીવોને એક ઇન્દ્રિય હોય–**

## वाय्वन्तानामेकम् ॥२-२३॥

**સૂત્રાર્થ–** વાયુ સુધીના જીવોને એક ઇન્દ્રિય હોય છે. (૨-૨૩)

**भाष्यं–** पृथिव्यादीनां वाय्वन्तानां जीवनिकायानामेकमेवेन्द्रियं सूत्र-क्रमप्रामाण्यात्प्रथमं स्पर्शनमेवेत्यर्थः ॥२-२३॥

**ભાષ્યાર્થ–** પૃથ્વીથી પ્રારંભી વાયુ સુધીના જીવનિકાયોને એક ઇન્દ્રિય હોય છે. સૂત્રમાં કહેલા ક્રમ પ્રમાણે પહેલી સ્પર્શન જ ઇન્દ્રિય હોય. (૨-૨૩)

**टीका–** वाय्वन्तानां यथोपन्यस्तजीवानामेकमिन्द्रियमिति सूत्र-समुदायार्थः । अवयवार्थस्त्वयं-पृथिव्यादीनां वाय्वन्तानां प्रागुपन्यस्तानां 'पृथिव्यम्बुवनस्पतयः स्थावराः' 'तेजोवायु द्वीन्द्रियादयश्च त्रसा' इति सूत्रद्वयेन जीवनिकायानामिति पूर्ववत् एकमेवेन्द्रियं व्यक्तिरूपेण, तच्च न ज्ञायते कतमदित्यत आह-सूत्रक्रमप्रामाण्यात्-इन्द्रियसूत्रक्रमस्य प्रमाणभावेन, प्रथमं स्पर्शनमेवेत्यर्थः, स्पर्शनरसनेत्यादिवचनात्, न चा-सिद्धः एकशब्दः प्रथमार्थे, एको गोत्र इत्यादिप्रयोगदर्शनादिति ॥२-२३॥

**ટીકાર્થ–** પૂર્વે જે ક્રમથી ઉલ્લેખ કર્યો છે તે ક્રમથી વાયુકાય સુધીના જીવોને એક ઇન્દ્રિય હોય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થ તો આ છે- પૂર્વે અ.૨ સૂ.૧૩/૧૪ એ બે સૂત્રોથી પૃથ્વીકાયથી આરંભી વાયુકાય સુધીના જે જીવોનો ઉલ્લેખ કર્યો છે તે જીવોને એક જ ઇન્દ્રિય વ્યક્ત હોય છે. કઇ એક હોય છે તે જાણી શકાતું નથી, આથી કહે છે- સૂત્રમાં કહેલા ઇન્દ્રિયક્રમના પ્રામાણ્યથી પહેલી સ્પર્શન જ ઇન્દ્રિય હોય છે. કારણ કે સ્પર્શન-રસન (૨-૨૦) ઇત્યાદિ સૂત્ર છે. એક શબ્દ પ્રથમના અર્થમાં સિદ્ધ નથી એમ ન કહેવું. કેમકે एको गोत्रः=પ્રથમ ગોત્ર ઇત્યાદિ પ્રયોગો જોવામાં આવે છે. (૨-૨૩)

**टीकावतरणिका–** तथा-

**ટીકાવતરણિકાર્થ–** તથા-

**કયા જીવોને કેટલી ઇન્દ્રિયો હોય–**

## कृमिपिपीलिकाभ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि ॥२-२४॥

**સૂત્રાર્થ–** કૃમિ, કીડી, ભ્રમર, મનુષ્યો વગેરેને (ક્રમશઃ) એક એક ઇન્દ્રિયો વધારે હોય છે. (૨-૨૪)

**भाष्यं-** कृम्यादीनां पिपीलिकादीनां भ्रमरादीनां मनुष्यादीनां च यथासङ्ख्यमेकैकवृद्धानीन्द्रियाणि भवन्ति यथाक्रमम्। तद्यथा- कृम्यादीनां अपादिकनूपुरक-गण्डूपद-शङ्ख-शुक्तिका-शम्बूका-जलौका-प्रभृतीनामेकेन्द्रियेभ्यः पृथिव्यादिभ्यः एकेन वृद्धे स्पर्शनरसनेन्द्रिये भवतः। ततोऽप्येकेन वृद्धानि पिपीलिका-रोहिणिका-उपचिका-कुन्थु-तुम्बुरुक-त्रपुसबीज-कर्पासास्थिका-शतपद्युत्पतक-तृणपत्रकाष्ठहारकप्रभृतीनां त्रीणि स्पर्शनरसनघ्राणानि ततोऽप्येकेन वृद्धानि भ्रमर-वटर-सारङ्ग-मक्षिका-दंश-मशक-वृश्चिक-नन्द्यावर्त-कीट-पतङ्गादीनां चत्वारि स्पर्शनरसन-घ्राणचक्षूंषि। शेषाणां च तिर्यग्योनिजानां मत्स्योरग-भुजङ्ग-पक्षि-चतुष्पदानां सर्वेषां च नारकमनुष्यदेवानां पञ्चेन्द्रियाणीति ॥२-२४॥

**ભાષ્યાર્થ-** કૃમિ આદિ, કીડી આદિ, ભ્રમર આદિ અને મનુષ્યાદિ જીવોને એક એક ઇન્દ્રિય વધારે હોય છે. તે આ પ્રમાણે- કૃમિ, અપાદિક, નૂપુરક, ગંડૂપદ, શંખ, શુક્તિકા, શંબૂકા, જલૌકા વગેરેને પૃથ્વી આદિથી એક ઇન્દ્રિય વધારે હોય છે, અર્થાત્ સ્પર્શન અને રસન એમ બે ઇન્દ્રિય હોય છે. કીડી, રોહિણિકા, ઉપચિકા, કુંથુ, તુંબુરુક, કાકડીના બીજમાં થનારા કીડા (ધનેળા) કપાસિયામાં થનારા, કમળના પાંદડામાં ઉડનારા, ઘાસ-પત્ર અને લાકડાને ખાનારા વગેરે જીવોને બેઇન્દ્રિય જીવોથી એક ઇન્દ્રિય વધારે હોય છે, અર્થાત્ સ્પર્શન, રસન અને ઘ્રાણ એમ ત્રણ ઇન્દ્રિયો હોય છે. ભ્રમર, વટર, સારંગ, મક્ષિકા, દંશ, મશક (મચ્છર), વૃશ્ચિક (વીંછી), નંદ્યાવર્ત, કીટ, પતંગ (પતંગિયું) વગેરે જીવોને તેઇન્દ્રિય જીવોથી એક ઇન્દ્રિય વધારે હોય છે, અર્થાત્ સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ એમ ચાર ઇન્દ્રિયો હોય છે. બાકીના તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયેલા માછલા, સર્પ, ભુજંગ, પક્ષી, ચતુષ્પદ તથા સઘળા નારકો, મનુષ્યો અને દેવોને એક ઇન્દ્રિય વધારે હોય છે, અર્થાત્ સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર(=કાન) એમ પાંચ ઇન્દ્રિયો હોય છે. (૨-૨૪)

**टीका—** कृम्यादीनामिति प्रत्येकमादिशब्दग्रहणात् (कृम्यादिप्रकारा जीवा इति ग्राह्यं, तेषां) एकैकवृद्धानीन्द्रियाणीति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'कृम्यादीना'मित्यादि, स्पष्टं यावन्मनुष्यादीनां चेति, एकैकवृद्धानीत्युक्तेऽपि संदेह एव क्रम इत्याह-'यथासङ्ख्यं' येन क्रमेणोपन्यस्तानि तमेवोररीकृत्यैकैकवृद्धानीन्द्रियाणि भवन्ति, न क्रमोल्लङ्घनेन, एतदेव स्पष्टयन्नाह-'यथाक्रम'मिति, यथोपन्यासं, एतदाह-'तद्यथे'त्यादिना, कृम्यादीनां-कृमिप्रकाराणां, आदिशब्दस्य प्रकारार्थत्वात्, अपादिकादयः प्रायः प्रसिद्धाः, एषामेकेन्द्रियेभ्यः पृथिव्यादिभ्यः एकेन वृद्धे किमित्याह-स्पर्शनेन्द्रिये सति रसनेन्द्रिये वृद्धं, 'ततोऽपी'त्यादि, ततो-द्वीन्द्रियेभ्यः एकेन वृद्धानि पिपीलिकादीनां त्रीणि स्पर्शनरसनघ्राणानि भवन्ति, 'ततः' त्रीन्द्रियेभ्य एकेन वृद्धानि भ्रमरादीनां चत्वारि स्पर्शनादीनि भवन्ति, शेषाणां च तिर्यग्योनिजानामुक्तव्यतिरिक्तानां, एतानेव विशेषेणाह-मत्स्योरगभुजगपक्षिचतुष्पदानां-जलचरस्थलचरखचराणामित्यर्थः, तथा सर्वेषां च सामान्येन नारकमनुष्यदेवानां पञ्चेन्द्रियाणि स्पर्शनादीनि सर्वाण्येवेति ॥२-२४॥

**ટીકાર્થ—** કૃમિ આદિ પ્રત્યેક શબ્દની સાથે आदि શબ્દ લેવાથી કૃમિ આદિને, કૃમિ આદિને એટલે કૃમિ જેવા જીવોને, કીડી આદિ, ભ્રમર આદિ અને મનુષ્ય આદિ જીવોને ક્રમશઃ એક એક ઇન્દ્રિય વધારે હોય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે- "कृम्यादीनाम्" इत्यादि, कृम्यादीनां થી પ્રારંભી मनुष्यादीनां સુધીના ભાષ્યપાઠનો અર્થ સ્પષ્ટ છે. "ઇન્દ્રિયો એક એક વધારે હોય છે" એમ કહેવા છતાં ક્રમમાં સંદેહ રહે, અર્થાત્ ક્રમથી એક એક વધારે હોય કે ગમે તેમ એક એક વધારે હોય ? એવો સંદેહ રહે. આથી કહે છે- 'यथासङ्ख्यम्' ઇન્દ્રિયોનો જે ક્રમથી ઉલ્લેખ કર્યો છે તે જ ક્રમને સ્વીકારીને એક એક વધારે ઇન્દ્રિયો હોય છે, ક્રમનું ઉલ્લંઘન કરીને નહિ. આ જ વિષયને સ્પષ્ટ કરતાં ભાષ્યકાર કહે છે- "यथाक्रमम्" इति જે

ક્રમથી ઉલ્લેખ કર્યો છે તે ક્રમથી. આને જ तद्यथा ઇત્યાદિથી કહે છે. તે આ પ્રમાણે- કૃમિ આદિને, કૃમિ આદિને એટલે કૃમિ જેવા જીવોને.

**પ્રશ્ન–** ભાષ્યમાં आदि શબ્દનો ઉલ્લેખ છે તો કૃમિ જેવા એમ 'જેવો' અર્થ કેમ કર્યો ?

**ઉત્તર–** અહીં आदि શબ્દ પ્રકાર અર્થવાળો છે. માટે કૃમિ આદિ એટલે કૃમિ જેવા એવો અર્થ થાય. કૃમિ, અપાદિક, નુપૂરક, ગંડૂપદ, શંખ, શુક્તિક(=છીપ), શંબૂકા, જલૂકા વગેરે જીવોને પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયથી એક ઇન્દ્રિયની વૃદ્ધિ થતાં સ્પર્શન અને રસન એ બે ઇન્દ્રિયો હોય છે. [1]અપાદિક વગેરે જીવો પ્રાયઃ પ્રસિદ્ધ છે. તેનાથી પણ એક ઇન્દ્રિય વૃદ્ધિવાળા કીડી, રોહિણિકા, ઉપચિકા, કુંથુ, તુંબુરુક, ત્રપુસબીજ, કર્પાસાસ્થિકા, શતપદી, ઉત્પતક, તૃણપત્ર, કાષ્ઠદારક વગેરે જીવોને સ્પર્શન, રસન, ઘ્રાણ એ ત્રણ ઇન્દ્રિયો હોય છે. તેનાથી પણ એક ઇન્દ્રિય વૃદ્ધિવાળા ભ્રમર, વટર, સારંગ, માખી, દંશ, મચ્છર, વીંછી, નંદ્યાવર્ત, કીટ તથા પતંગિયા વગેરે જીવોને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ એ ચાર ઇન્દ્રિયો હોય છે. બાકીના માછલા (જલચર), ઉરગ (ઉરપરિસર્પ) ભુજંગ(=ભુજપરિસર્પ), પક્ષી (ખેચર), ચતુષ્પદવાળા સર્વ તિર્યંચોને, અર્થાત્ જલચર, સ્થલચર, ખેચર એ સર્વતિર્યંચોને તેમજ સર્વ નારક, મનુષ્ય અને દેવોને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર એ પાંચ(=સ્પર્શન વગેરે સઘળીય) ઇન્દ્રિયો હોય છે. (૨-૨૪)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता द्विविधा जीवाः । समनस्का अमनस्काश्चेति । तत्र के समनस्का इति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** આપે સમનસ્ક અને અમનસ્ક એમ બે પ્રકારના જીવો કહ્યા તેમાં સમનસ્ક કયા જીવો છે ? અહીં ઉત્તર કહેવાય છે-

**टीकावतरणिका–** 'अत्राहो'क्तमित्यादिः सम्बन्धग्रन्थः, अत्रेन्द्रियनोइन्द्रियाधिकारे आह व्युत्पन्नचोदकः-उक्तं भवता इहैव शास्त्रे,

૧. અપાદિક વગેરે શબ્દો પ્રાકૃત, સંસ્કૃત શબ્દ કોષમાં ન હોવાથી અહીં તે શબ્દોના અર્થો જણાવ્યા નથી.

किमित्याह-द्विविधा जीवाः-द्विप्रकाराः प्राणिनः समनस्का अमनस्काश्चेति, संसारिणः सामान्येन, तत्र तेषु के समनस्का अर्थात् के वा अमनस्का इति चोदकाभिप्रायमाशङ्क्याह-अत्रोच्यते-

**ટીકાવતરણિકાર્થ–** "अत्राहोक्तम्" ઇત્યાદિ ભાષ્યપાઠ સંબંધ માટે છે, અર્થાત્ હવે પછીના સૂત્રની સાથે સંબંધ જણાવવા માટે છે.

અહીં ઇન્દ્રિય-નોઇન્દ્રિયના અધિકારમાં વિદ્વાન પ્રશ્નકાર કહે છે કે- આપે આ જ શાસ્ત્રમાં (૨-૧૧ સૂત્રમાં) કહ્યું છે કે- "સામાન્યથી સંસારી જીવો મનવાળા અને મનરહિત એમ બે પ્રકારના છે." તેમાં કયા જીવો મનવાળા છે અને કયા જીવો મનરહિત છે ? એવા પ્રશ્નકારના અભિપ્રાયની આશંકા કરીને સૂત્રકાર કહે છે કે અહીં અમે કહીએ છીએ–

**સંજ્ઞી જીવો મનવાળા હોય–**

**संज्ञिनः समनस्काः ॥२-२५॥**

**સૂત્રાર્થ–** સંજ્ઞી જીવો સમનસ્ક=મનવાળા હોય છે. (૨-૨૫)

**भाष्यं–** सम्प्रधारणसंज्ञायां संज्ञिनो जीवाः समनस्का भवन्ति । सर्वे नारकदेवा गर्भव्युत्क्रान्तयश्च मनुष्यास्तिर्यग्योनिजाश्च केचित् ॥ ईहापोहयुक्ता गुणदोषविचारणात्मिका सम्प्रधारणसंज्ञा । तां प्रति संज्ञिनो विवक्षिताः । अन्यथा ह्याहारभयमैथुनपरिग्रहसंज्ञाभिः सर्व एव जीवाः संज्ञिन इति ॥२-२५॥

**ભાષ્યાર્થ–** સંપ્રધારણ સંજ્ઞાને આશ્રયીને સંજ્ઞી જીવો સમનસ્ક છે. સઘળા નારકો, દેવો, ગર્ભજ મનુષ્યો અને કેટલાક તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયેલા જીવો સંજ્ઞી છે. સંપ્રધારણ સંજ્ઞા વિચાર, વિતર્કથી યુક્ત અને ગુણદોષની વિચારણા સ્વરૂપ છે. અહીં સંપ્રધારણ સંજ્ઞાને આશ્રયીને સંજ્ઞી જીવો વિવક્ષિત છે. જો સંપ્રધારણ સંજ્ઞાને આશ્રયીને સંજ્ઞી છે એવી વિવક્ષા કરવામાં ન આવે તો આહાર, ભય, મૈથુન, પરિગ્રહ સંજ્ઞાથી બધા જ જીવો સંજ્ઞી બને. (૨-૨૫)

**टीका–** संज्ञिनो दीर्घकालिक्युपदेशेन ये ते समनस्का इति सूत्रसमुदायार्थः । अवयवार्थमाह–'सम्प्रधारणे'त्यादिना सम्प्रधारणमा-लोचनं त्रैकालिकं गृह्यते करोम्यहं कृतवानहं करिष्येऽहमित्येवंरूपं तदेव संज्ञा तस्यां सम्प्रधारणसंज्ञायां–दीर्घकालिक्यां सत्यां संज्ञिनो जीवा इति, संज्ञा विद्यते येषां ते संज्ञिनः, जीवाः–प्राणिनः समनस्का भवन्ति, विशिष्टमनःपर्याप्तिमन्त इत्यर्थः, हेतुवाददृष्टिवादोपदेशसंज्ञाव्यवच्छेदार्थं एतत्, तथा आगमरूढेः, एतान् वस्तुनामग्राहमाह–'सर्वे नारकदेवा'इति, वैक्रियसामान्यादित्थमुपन्यासः, सर्वनारका रत्नप्रभादिभेदेन सर्वदेवा भवनवास्यादयः, गर्भव्युत्क्रान्तयश्च–मनुष्या इति, संमूर्च्छनजव्यवच्छेदार्थ-मेतत्, तिर्यग्योनिजास्तु केचिदिति, गोमहिष्यादयो गर्भव्युत्क्रान्ता य एव ईहापोहयुक्ता इति ईहापोहाभ्यां युक्ताः ईहापोहयुक्ताः, एते हि 'गुणदोषविचारणात्मिका'मिति गुणदोषविचारणमात्मा–स्वरूपं यस्याः सा तथाविधा तां सम्प्रधारणसंज्ञां प्रति–तामभिमुखीकृत्य संज्ञिनो विवक्षिताः–वक्तुमभिप्रेताः, धनवन्त इव महाधनेन, रूपवन्त इव सुन्दरेण, इत्थं चैतद्, 'अन्यथा ही'त्यादि, अन्यथा–एवमनभ्युपगम्यमाने यस्मात् 'आहारे'त्यादि, आहारभयमैथुनपरिग्रहसंज्ञाभिः, तत्रासद्वेदनीयो-दयादोजोलोमप्रक्षेपभेदेनाहाराभिलाषपूर्वकमेव विशिष्टपुद्गलग्रहणमाहारः संज्ञा नाम परिज्ञानं तद्विषयमाहारमभ्यवहरामीति, मोहनीयोदयात् साध्वसलक्षणा भयसंज्ञा–भयपरिज्ञानं बिभेमीति, पुरुषादिवेदोदयाद् दिव्यौदारिकशरीरसम्बन्धाभिलाषासेवने मैथुनसंज्ञा, ततोऽन्यथा वापि, मूर्च्छालक्षणा परिग्रहसंज्ञा, भावतोऽभिष्वङ्गो मूर्च्छेति, क्रोधादिसंज्ञोप-लक्षणमेतत्, एकेन्द्रियाणामपि दशविधसंज्ञाभिधानात्, अत एवाह–सर्व एव जीवाः पृथिव्यादयः संज्ञिन इति प्राप्नुवन्ति, संज्ञामात्रयोगात्, कार्षापणेन धनपतिवत् मूर्तिमात्रेण रूपत्वे(वद्वे)ति, न चैतदेवम्, आगमादिविरोधादिति ॥२-२५॥

**ટીકાર્થ–** દીર્ઘકાલિકી સંજ્ઞાથી સંજ્ઞાવાળા જીવો મનવાળા હોય છે એ સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર **सम्प्रधारण** ઇત્યાદિથી કહે છે- સંપ્રધારણ એટલે વિચાર. હું કરું છું, મેં કર્યું, હું કરીશ એમ ત્રણ કાળનો વિચાર સમજવો. ત્રિકાળવિચાર એ જ સંપ્રધારણસંજ્ઞા. સંપ્રધારણ સંજ્ઞા એટલે દીર્ઘકાલિકી. જેમને સંજ્ઞા હોય તે સંજ્ઞી કહેવાય. પણ અહીં જે જીવોને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય તે જીવો સંજ્ઞી તરીકે વિવક્ષિત છે. સંજ્ઞી જીવો મનવાળા છે, અર્થાત્ વિશિષ્ટ મનઃપર્યાપ્તિવાળા છે. હેતુવાદ સંજ્ઞા અને દૃષ્ટિવાદોપદેશ સંજ્ઞા એ બે સંજ્ઞાનો નિષેધ કરવા માટે દીર્ઘકાલિકી સંજ્ઞાથી સંજ્ઞી જીવો વિવક્ષિત છે. કારણ કે આગમમાં તે પ્રમાણે રૂઢ(=પ્રસિદ્ધ) છે.

## સંજ્ઞાના ત્રણ ભેદ

[સંજ્ઞાના દીર્ઘકાલિકી, હેતુવાદા અને દૃષ્ટિવાદોપદેશા એમ ત્રણ પ્રકાર છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળને આશ્રયીને પોતાના હિતાહિતનો દીર્ઘવિચાર કરવાની શક્તિ એ દીર્ઘકાલિકી સંજ્ઞા છે. કેવળ વર્તમાનકાળનો વિચાર કરવાની શક્તિ તે હેતુવાદા સંજ્ઞા છે. દૃષ્ટિવાદના(=જિનપ્રણીત આગમના) ઉપદેશથી થયેલી વિશિષ્ટ સંજ્ઞા=બોધ એ દૃષ્ટિવાદોપદેશા સંજ્ઞા છે. આ ત્રણ સંજ્ઞામાંથી અહીં દીર્ઘકાલિકી સંજ્ઞાને આશ્રયીને સંજ્ઞી કહેવામાં આવેલ છે.]

સંજ્ઞી જીવોને નામ લઇને કહે છે- રત્નપ્રભા વગેરે પૃથ્વીના ભેદથી ભેદવાળા સર્વનારકો અને ભવનવાસી વગેરે દેવો[1] ગર્ભજ[2] મનુષ્યો કેટલાક તિર્યગ્યોનિજો, અર્થાત્ ગાય-ભેંસ વગેરે ગર્ભજ તિર્યંચો કે જેઓ વિચારપૂર્વક નિર્ણય કરવાની શક્તિવાળા છે તે જીવોને ગુણ-દોષની વિચારણા સ્વરૂપ સંપ્રધારણ સંજ્ઞાને આશ્રયીને સંજ્ઞી કહ્યા છે.

જેવી રીતે ઘણા ધનથી ધનવાન કહેવાય છે, સુંદર રૂપથી રૂપવાન કહેવાય છે, તેવી રીતે અહીં ત્રિકાળની પોતાના હિતાહિતની દીર્ઘ વિચાર

---

૧. વૈક્રિય શરીરની નારકો અને દેવોમાં સમાનતા હોવાથી એ બંનેનો સાથે ઉલ્લેખ કર્યો છે.
૨. સંમૂર્ચ્છિમ મનુષ્યોનો નિષેધ કરવા માટે 'ગર્ભજ' એવું વિશેષણ છે.

કરવાની શક્તિના કારણે સંજ્ઞી કહેવાય છે. અન્યથા(=જો એમ ન માનવામાં આવે તો) આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, સંજ્ઞાથી પૃથ્વીકાય આદિ બધા જ જીવો સંજ્ઞી કહેવાય. કારણ કે માત્ર સંજ્ઞા તો પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયોને પણ હોય છે. જેવી રીતે એક રૂપિયાથી ધનવાન અને શરીર કે આકૃતિમાત્રથી રૂપવાન કહેવાતું નથી, તેમ અહીં સંજ્ઞા માત્રથી સંજ્ઞી ન કહેવાય. કેમકે આગમ વગેરેનો વિરોધ છે.

## ચાર સંજ્ઞા

**આહારસંજ્ઞા–** અસદ્વેદનીયના ઉદયથી ઓજાહાર, લોમાહાર, પ્રક્ષેપાહાર(=કવલાહાર) આ ત્રણ પ્રકારના આહારની અભિલાષા થાય, અભિલાષાપૂર્વક જ વિશિષ્ટ પુદ્ગલોને ગ્રહણ કરવા તે આહાર.

સંજ્ઞા એટલે પરિજ્ઞાન, અર્થાત્ વિશિષ્ટ પુદ્ગલો સંબંધી આહારને હું લઉં છું એવું જ્ઞાન.

**ભયસંજ્ઞા–** (ભય) મોહનીયના ઉદયથી બીક લાગવી એ ભયસંજ્ઞા છે, અર્થાત્ હું ભય પામી રહ્યો છું એવું જ્ઞાન તે ભયસંજ્ઞા છે.

**મૈથુનસંજ્ઞા–** પુરુષવેદ આદિ વેદના ઉદયથી દિવ્ય-ઔદારિક શરીરસંબંધનો અભિલાષ કરવો તે મૈથુનસંજ્ઞા.

**પરિગ્રહસંજ્ઞા–** મૈથુનથી જ અથવા બીજા કોઇ કારણથી (ધન આદિની) મૂર્છા થવી તે પરિગ્રહસંજ્ઞા. ભાવથી રાગ થાય તે મૂર્છા[1].

આ ચાર સંજ્ઞા ક્રોધાદિ સંજ્ઞાઓનું ઉપલક્ષણ છે, અર્થાત્ આ ચાર સંજ્ઞાના ઉલ્લેખથી ક્રોધાદિ સંજ્ઞા પણ સમજી લેવી. કારણ કે એકેન્દ્રિય જીવોને પણ દશ પ્રકારની સંજ્ઞા કહી છે. (૨-૨૫)

---

૧. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, ઓઘ અને લોક એમ દશ સંજ્ઞા છે. આહારાદિ ચાર સંજ્ઞાનો અર્થ અહીં જણાવ્યો છે. ક્રોધ વગેરે અર્થ પ્રસિદ્ધ છે. **ઓઘ સંજ્ઞા–** અવ્યક્ત ઉપયોગથી થતી પ્રવૃત્તિ ઓઘ સંજ્ઞા છે. જેમકે વેલડીઓ ઝાડ ઉપર ચઢે છે. **લોક સંજ્ઞા–** લોકોએ સ્વબુદ્ધિથી કલ્પેલી લૌકિક માન્યતાઓ અને પ્રવૃત્તિઓ લોકસંજ્ઞા છે. જેમ કે પુત્રરહિતની સદ્ગતિ ન થાય વગેરે.

**વિગ્રહગતિમાં કયો યોગ હોય–**

**विग्रहगतौ कर्मयोगः ॥२-२६॥**

**સૂત્રાર્થ–** વિગ્રહગતિમાં (પરભવે જતાં વક્રગતિમાં) કાર્મણ કાયયોગ હોય છે. (૨-૨૬)

**भाष्यं–** विग्रहगतिसमापन्नस्य जीवस्य कर्मकृत एव योगो भवति। कर्मशरीरयोग इत्यर्थः । अन्यत्र तु यथोक्तः कायवाङ्मनोयोग इत्यर्थः ॥२-२६॥

**ભાષ્યાર્થ–** વિગ્રહગતિને પામેલા જીવનો કર્મથી કરાયેલો જ યોગ હોય છે, અર્થાત્ વિગ્રહગતિમાં કાર્મણશરીરનો વ્યાપાર હોય છે. અપાન્તરાલગતિ સિવાય યથોક્ત કાય, વાણી અને મનનો યોગ હોય છે. (૨-૨૬)

**टीका–** तत्रान्तरे विग्रहगतौ कर्मयोग एव भवति, संज्ञिनोऽभिलक्ष्येति प्रक्रमः, एवं सम्बन्धानभिधानमिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह 'विग्रहगतिसमापन्नस्य जीवस्ये'त्यत्र विग्रहो-वक्रं विग्रहेण समायुक्ता गतिर्विग्रहगतिरिति अश्वरथन्यायेन, विग्रहप्रधाना वा गतिर्विग्रहगतिः, शाकपार्थिवादिवत्, तां समापन्नः शरीरत्यागेन विप्रोण(द्राणे)भिन्नदेशं शरीरं ग्रहीतुमुद्यतस्य जीवस्य प्राणिनः कर्मकृत एव योगो भवति इति, कर्मशब्देन कर्माष्टकमुच्यते, तत्कृत एव व्यापारो भवति, अवधारणादौदारिकादियोगव्यवच्छेदः, स्पष्टतरमसन्देहार्थमाह-कर्मशरीरयोग इत्यर्थः, कर्मैव शरीरं कर्मशरीरं तद्व्यापार एवमर्थोऽस्य प्रवचनज्ञैराख्यातः, अन्यत्र तु वक्रगतिं मुक्त्वा सामान्येन 'यथोक्त'इति यथा-येन प्रकारेण उक्तः 'कायवाङ्मनोयोग इति पञ्चदशप्रकारः स तथैव भवतीति, तुशब्दो विशेषणार्थः, ऋजुगतिं स्वशरीरोत्पादं एकविग्रहां च विग्रहगतिं मुक्त्वा, ऋजुगतौ हि पूर्वशरीरवियोगे स्थापितप्रयत्नविशेषादेव गतिरिष्यते, धनुर्ज्याविमोक्षाहितसंस्कारेषुगमनवत्, औदारिकादिमिश्रः तुलानामोन्ना–

मवत् स्थूलनयाभेदात्, स्वशरीरोत्पादेऽपि तथा संहरणतो बीजाङ्कुरादिभावे भावोत्तरप्राप्तावित्थंभूत एव, एकविग्रहायामपि गतौ पूर्वापरशरीर-ग्रहणमोक्षयोरित्थंभूत एवेति भावनीयं, तदेवमिहेदमुच्यते-नानादिशरीरमिश्र एवेति नियमः एवं च विग्रहगतौ कर्मयोग एव भवति, नतु विग्रहगतावेव कर्मयोगः, केवलिसमुद्घाते चतुर्थपञ्चमतृतीयसमयेषु तद्भावात्, विग्रह-गतावप्येकविग्रहायामभावात्, तन्नेह व्याप्तिर्विवक्षिता, तिलतैलवत् शुण्ठी-कटुकत्ववद्वा, किन्तु विषयः खे शकुनिवत् उदके मत्स्यवद्वेति ॥२-२६॥

**ટીકાર્થ–** પરભવ જતાં વચ્ચે વિગ્રહગતિમાં કર્મયોગ જ હોય છે. સંજ્ઞીને લક્ષ્યમાં રાખીને પ્રસ્તુત વિષય ચાલી રહ્યો હોવાથી સંબંધ કહ્યો નથી. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે- "विग्रहगतिसमापन्नस्य जीवस्य" इति, અહીં વિગ્રહ એટલે વક્ર. જેમ અશ્વોથી યુક્ત રથ તે અશ્વરથ એમ સમાસ થયો છે, તેમ પ્રસ્તુતમાં વિગ્રહથી યુક્ત ગતિ તે વિગ્રહગતિ એવો સમાસ છે. અથવા જેમ શાકપ્રિય પાર્થિવ તે શાકપાર્થિવ, તેમ વિગ્રહપ્રધાના(=વિગ્રહની પ્રધાનતાવાળી)ગતિ તે વિગ્રહગતિ એમ મધ્યમપદલોપી સમાસ જાણવો. વિગ્રહગતિને પામેલા જીવને, એટલે કે પૂર્વ શરીરનો ત્યાગ કરીને ભિન્નસ્થળે શરીરને લેવા માટે ઉદ્યત બનેલા જીવને, કર્મકૃત જ(=યોગ) હોય છે. (જકારનો ઉલ્લેખ કરીને) અવધારણ કરવાથી ઔદારિક વગેરે યોગનો નિષેધ કર્યો.

સંશય ન રહે એ માટે અધિક સ્પષ્ટ કહે છે- કર્મશરીરનો યોગ હોય છે. કર્મ એ જ શરીર તે કર્મશરીર. કર્મશરીરનો વ્યાપાર તે કર્મશરીર-યોગ. પ્રવચનના જ્ઞાતાઓએ "કર્મકૃત જ યોગ"નો અર્થ "કર્મશરીરયોગ" એવો કહ્યો છે.

પરભવમાં જતાં થતી વક્રગતિ સિવાય સામાન્યથી कायवाङ्मनो योगः (काय-वाङ्-मन-कर्मयोगः અ.૬ સૂ.૧) એમ પંદર પ્રકારનો યોગ જે રીતે જણાવ્યો છે તે પ્રમાણે જ હોય. तु શબ્દ વિશેષ જણાવવા માટે છે. (તે

આ પ્રમાણે-) ઋજુગતિ[1] અને એક વક્રા ગતિને છોડીને આ નિયમ(=પંદર પ્રકારનો યોગ જે પ્રમાણે જણાવ્યો છે તે પ્રમાણે હોય એ નિયમ) સમજવો.

ઋજુગતિમાં પૂર્વશરીરના વિયોગ વખતે સ્થાપિત થયેલા પ્રયત્ન-વિશેષથી જ ગતિ થાય છે. કોની જેમ ? ધનુષ્યની દોરીમાંથી થયેલા છુટકારાથી સ્થાપિત થયેલા સંસ્કારોથી થતી બાણની ગતિની જેમ. ધનુષ્યદોરીમાંથી બાણ જ્યારે છૂટે છે ત્યારે તેમાં તેવા સંસ્કારો સ્થાપિત થાય છે, જેથી બાણ એ સંસ્કારોથી આગળ જાય છે, તેમ પ્રસ્તુતમાં ઋજુગતિજીવ પરભવમાં જાય ત્યારે પૂર્વશરીરના વિયોગ વખતે સ્થાપિત થયેલા પ્રયત્ન વિશેષથી જીવની આગળ ગતિ થાય છે. (અર્થાત્ ઋજુગતિમાં જીવને પૂર્વભવના શરીરના યોગની સહાય હોય છે.)

"औदारिकमिश्र" इत्यादि, ત્રાજવાનું નમવું અને ઊંચે જવાની જેમ સ્થૂલના ભેદથી પોતાના શરીરની ઉત્પત્તિ થયા પછી પણ ઔદારિક મિશ્રકાયયોગ હોય છે તથા સંરોહણથી બીજમાંથી અંકુરાનો ભાવ થયે છતે ઉત્તર (પછીના) ભવની પ્રાપ્તિ થયે છતે ઔદારિકાદિ મિશ્ર યોગ જ છે. એક વિગ્રહવાળી પણ ગતિમાં પછીના શરીરનું ગ્રહણ આગળના શરીરનું છુટવું એ બેમાં ઔદારિક મિશ્રકાયયોગ જ ભાવવો (જાણવો) તેથી આ પ્રમાણે અહીં આ કહેવાય છે.

વિગ્રહગતિ સિવાયમાં ઔદારિકાદિ શરીરોના મિશ્રયોગ જ હોય છે પણ કાર્મણકાયયોગ નહિ એ પ્રમાણે નિયમ છે, અર્થાત્ આનાથી એ ફલિત થાય છે કે વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ જ છે. ફક્ત વિગ્રહ ગતિમાં જ કાર્મણકાયયોગ છે એવું નથી પણ કેવલી સમુદ્‌ઘાતમાં ત્રીજે, ચોથે અને પાંચમે સમયે કાર્મણકાયયોગ હોય છે. વિગ્રહગતિમાં પણ એક વિગ્રહગતિમાં કાર્મણકાયયોગનો અભાવ છે. તેથી અહીં (આ સૂત્રમાં) અવ્યાપ્તિ વિવક્ષિત નથી, અર્થાત્ જ્યાં જ્યાં વિગ્રહગતિ હોય ત્યાં ત્યાં કાર્મણકાયયોગ હોય એવી વ્યાપ્તિ અહીં વિવક્ષિત નથી પણ

---

૧. स्वशरीरे उत्पादः(=उत्पत्तिः) यया सा स्वशरीरोत्पादा, ताम् ।

કાર્મણકાયયોગ હોય તો વિગ્રહગતિ અને કેવલી સમુદ્ઘાતમાં હોય, બીજે ન હોય. જ્યાં જ્યાં તલ હોય ત્યાં ત્યાં તેલ હોય અથવા જ્યાં જ્યાં સૂંઠ હોય ત્યાં ત્યાં તીખાશ હોય એવી વ્યાપ્તિ અહીં ન ઘટાવવી.

આકાશમાં જેમ પક્ષીનું કાર્યક્ષેત્ર છે. પાણીમાં જેમ માછલીનું કાર્યક્ષેત્ર છે, તેમ વિગ્રહગતિમાં કાર્મણકાયયોગનું કાર્યક્ષેત્ર છે. (૨-૨૬)

**टीकावतरणिका–** अविग्रहे सति विग्रह इति तन्निबन्धनमाह–

**ટીકાવતરણિકાર્થ–** ઋજુગતિ[1] હોય તો વિગ્રહ(=વળાંક) હોય આથી વિગ્રહગતિના કારણને કહે છે–

**આકાશમાં જીવ-પુદ્ગલની ગતિ–**

## अनुश्रेणिर्गतिः ॥२-२७॥

**સૂત્રાર્થ–** જીવ અને પુદ્ગલની ગતિ અનુશ્રેણિ=સીધી થાય છે. (૨-૨૭)

**भाष्यं–** सर्वा गतिर्जीवानां पुद्गलानां चाकाशप्रदेशानुश्रेणि भवति, विश्रेणिर्न भवतीति गतिनियम इति ॥२-२७॥

**ભાષ્યાર્થ–** જીવોની અને પુદ્ગલોની સર્વ પ્રકારની ગતિ આકાશ પ્રદેશોની શ્રેણીના અનુસારે થાય છે. પણ આકાશપ્રદેશની શ્રેણીને અનુસર્યા વિના ગતિ થતી નથી એ પ્રમાણે ગતિનો નિયમ છે. (૨-૨૭)

**टीका–** आर्थ्यं व्यापारमधिकृत्य सम्बद्धमेवेति सम्बन्धानभिधानं, श्रेणीमनु अनुश्रेणि श्रेणी-आत्मानुसारिणी गतिमतां गतिरिति सूत्र-समुदायार्थः, अवयवार्थमाह-'सर्वा गति'रित्यादिना सर्वा-ऊर्ध्वमधस्तिर्यग् गतिः-देशान्तराप्तिफला क्रिया, जीवानां संसारिणां पुद्गलानां च परमाण्वादीनां गतिसम्भवात्, पुद्गलमभिगृह्य प्रोक्तं सूत्रकारस्य, उत्तरसूत्रे जीवग्रहणान्यथाऽनुपपत्तेः, व्यवच्छेदाभावादिति भावनीयं, 'आकाशप्रदेशानुश्रेणिर्भवती'ति, जीवपुद्गलावगाहलक्षणमाकाशं तस्य

---

૧. સરળ-વક્ર, ઊંચુ-નીચું, ખાડો-ટેકરો, અંધકાર-પ્રકાશ આવા ભાવો સાપેક્ષ હોવાથી એકની અપેક્ષાએ બીજો હોય. માટે અહીં કહ્યું છે કે ઋજુગતિ હોય તો વક્રગતિ હોય.

प्रदेशाः-सर्वलघवस्तदवयवाः, निर्विभागा भागा इत्यर्थः, तेषामनुश्रेणि श्रेणेरनु भवति तथा, तदनुसारेणेत्यर्थः, अत्र जीवानां स्वशरीरावगाहप्रमाणप्रदेशा पङ्क्तः श्रेणिरुच्यते, पुद्गलानां त्वेकप्रदेशादिरूपा, अनन्तप्रदेशिकानामप्येकाकाशप्रदेश एव स्थानात्, व्यतिरेकमाह 'विश्रेणिर्न भवतीति गतिनियम' इति, अत्रोक्तलक्षणायाः श्रेणेर्विगता या गतिः सा विश्रेणिः, इयं च न भवति, जीवानां कर्मपारतन्त्र्यमन्तरेण पुद्गलानां च परप्रयोगविरहेण तथास्वभावत्वात् गतिनियम एवं ॥२-२७॥

**ટીકાર્થ–** [1]અર્થની અપેક્ષાએ આ સૂત્ર પૂર્વસૂત્રની સાથે સંબંધવાળું જ છે. (પૂર્વસૂત્રમાં ગતિનો નિર્દેશ કર્યો છે. આ સૂત્રમાં પણ ગતિનો નિર્દેશ છે.) આથી ભાષ્યકારે સંબંધ કહ્યો નથી. શ્રેણિના અનુસારે તે અનુશ્રેણિ. શ્રેણિ એટલે આકાશપ્રદેશોની પંક્તિ. ગતિવાળા દ્રવ્યોની ગતિ શ્રેણિના અનુસારે થાય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર सर्वा गतिः ઇત્યાદિથી કહે છે- સંસારી જીવોની અને પરમાણુ વગેરે પુદ્ગલોની ઉપર, નીચે અને તિર્છી એમ સર્વ પ્રકારની ગતિ આકાશપ્રદેશોની અનુશ્રેણિ થાય છે.

**પ્રશ્ન–** સૂત્રમાં પુદ્ગલોનો ઉલ્લેખ નથી. તો ભાષ્યમાં પુદ્ગલોનો ઉલ્લેખ કેમ કર્યો ?

**ઉત્તર–** ભાષ્યકારે પુદ્ગલનું ગ્રહણ કરીને સૂત્રકારનું કહેલું જ કહ્યું છે. જો આ સૂત્રમાં સૂત્રકારને પુદ્ગલનું ગ્રહણ ઇષ્ટ ન હોય તો હવે પછીના સૂત્રમાં જીવનો નિર્દેશ ઘટે નહિ. કારણ કે જીવનું જ વર્ણન ચાલતું હોવાથી કોઇનો વ્યવચ્છેદ કરવાનું રહેતું નથી. પણ આ સૂત્રમાં પુદ્ગલનું પણ ગ્રહણ કર્યું હોવાથી પુદ્ગલનો વ્યવચ્છેદ કરવા જીવનો નિર્દેશ ઘટે છે.

**ગતિ**=દેશાંતરની પ્રાપ્તિ રૂપ ફળવાળી ક્રિયા.

૧. 'तस्येदम्' અર્થમાં तद्धित ના ज्य પ્રત્યયથી आर्थ्यम् એવું રૂપ બન્યું છે.

**આકાશપ્રદેશોની અનુશ્રેણિ–** જીવ-પુદ્ગલોને અવગાહ આપવો= જગ્યા આપવી એ આકાશનું લક્ષણ છે.

**આકાશપ્રદેશો**=આકાશના સર્વથી લઘુ અવયવો, એટલે કેવળી પણ જેના બે ભાગ ન કરી શકે તેવા ભાગો.

**અનુશ્રેણિ–** શ્રેણિના અનુસારે તે અનુશ્રેણિ, અર્થાત્ શ્રેણિના અનુસારે.

અહીં જીવોના સ્વશરીરની અવગાહનાપ્રમાણ પ્રદેશો જેટલી પંક્તિ શ્રેણિ કહેવાય છે. પુદ્ગલોની એકપ્રદેશ આદિ જેટલી પંક્તિને શ્રેણિ કહેવાય છે. કારણ કે અનંતપ્રદેશી પણ સ્કંધો એક આકાશપ્રદેશમાં જ સમાઇ જાય છે, અર્થાત્ સર્વજીવોની અને પુદ્ગલની સઘળીય ગતિ આકાશપ્રદેશોની પંક્તિના=શ્રેણિના અનુસારે થાય છે. વ્યતિરેક(=ઊલટું) કહે છે- વિશ્રેણિ ગતિ ન થાય. આ પ્રમાણે ગતિનો નિયમ છે.

**વિશ્રેણી–** અહીં જણાવેલ લક્ષણવાળી શ્રેણિમાંથી નીકળી ગયેલી તે વિશ્રેણિ. વિશ્રેણિ ગતિ ન થાય. જીવોની કર્મપરતંત્રતા વિના અને પુદ્ગલોની પરપ્રયોગ વિના તેવા સ્વભાવથી(=અનુશ્રેણિ ગતિ કરવાના સ્વભાવથી) આ પ્રમાણે ગતિ કરવાનો નિયમ છે.

**તાત્પર્યાર્થ–** લોકના મધ્યભાગથી ઉપર-નીચે અને આજુ-બાજુ આકાશપ્રદેશોની સીધી શ્રેણિઓ=રેખાઓ આવેલી છે. જેમ ગાડી પાટા ઉપર જ ચાલે છે તેમ જીવો કે પુદ્ગલો આકાશપ્રદેશની શ્રેણિ-રેખા ઉપર જ ચાલે છે. જીવ કે પુદ્ગલની વક્રગતિ પરપ્રયોગથી જ થાય છે. (૨-૨૭)

**टीकावतरणिका–** तथा चाह–

**ટીકાવતરણિકાર્થ–** તે પ્રમાણે કહે છે–

**સિદ્ધ થતા જીવની ગતિ–**

## अविग्रहा जीवस्य ॥२-२८॥

**સૂત્રાર્થ–** જીવની=સિદ્ધ થતા જીવની ગતિ સરળ જ હોય છે. (૨-૨૮)

**भाष्यं–** सिध्यमानगतिर्जीवस्य नियतमविग्रहा भवतीति ॥२-२८॥

**ભાષ્યાર્થ–** સિદ્ધ થતા જીવની ગતિ નિયમા સરળ જ (વળાંક વિનાની) હોય છે. (૨-૨૮)

**टीका–** स्वरूपावस्थितस्य जीवस्याविग्रहैव गतिर्भवतीति सूत्रसमुदायार्थः । एनमेवाह वृत्तिकारः-सिद्ध्यमानगतिः जीवस्य नियत-मविग्रहा भवति, इह सेधनशक्तिः सिद्ध्यमानः सेधनशीलो वा तस्य गतिः पूर्वयोगाद् अलाब्वादिदृष्टान्तसिद्धा सिद्ध्यमानगतिः 'जीवस्ये'ति भूतपूर्वगत्या जीवता, नियतं-सर्वकालमेव अविग्रहा-ऋज्वेव भवतीति ॥२-२८॥

**ટીકાર્થ–** સ્વરૂપમાં રહેલા જીવની સરળ જ ગતિ થાય. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. આને જ ભાષ્યકાર કહે છે- સિદ્ધ થતા જીવની ગતિ નિયત સરળ થાય છે. અહીં સિદ્ધ થવાની શક્તિવાળા, સિદ્ધ થઇ રહેલા કે સિદ્ધ થવાના સ્વભાવવાળા જીવની ગતિ પૂર્વપ્રયોગથી થાય છે એમ અલાબૂ (તૂંબડા) વગેરે દૃષ્ટાંતથી સિદ્ધ થયેલું છે. સિદ્ધ થતા જીવની ભૂતપૂર્વગતિથી સર્વકાળે જ સરળ જ ગતિ થાય છે. (૨-૨૮)

**टीकावतरणिका–** न चैवं विग्रहगतेरभाव एवेत्याह–

**ટીકાવતરણિકાર્થ–** આ પ્રમાણે વિગ્રહગતિનો અભાવ જ છે એવું નથી એમ કહે છે–

**સંસારી જીવોની ગતિ તથા વિગ્રહગતિનો કાળ–**

## विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ॥२-२९॥

**સૂત્રાર્થ–** સંસારી જીવોની વિગ્રહવાળી અને વિગ્રહ વિનાની એમ બે પ્રકારની ગતિ હોય છે. તેમાં વિગ્રહવાળી ગતિ ઉત્કૃષ્ટથી ત્રણ વિગ્રહવાળી હોય છે. (૨-૨૯)

**भाष्यं–** जात्यन्तरसङ्क्रान्तौ संसारिणो जीवस्य विग्रहवती चाविग्रहा च गतिर्भवति । उपपातक्षेत्रवशात् तिर्यगूर्ध्वमधश्च प्राक् चतुर्भ्य इति । येषां विग्रहवती तेषां विग्रहाः प्राक् चतुर्भ्यो भवन्ति । अविग्रहा एकविग्रहा द्विविग्रहा त्रिविग्रहा इत्येताश्चतुःसमयपराश्चतुर्विधा गतयो भवन्ति । परतो न सम्भवन्ति । प्रतिघाता(?त)भावाद्विग्रहनिमित्ताभावाच्च । विग्रहो वक्रितम्, विग्रहोऽवग्रहः श्रेण्यन्तरसङ्क्रान्तिरित्यनर्थान्तरम् । पुद्गलानामप्येवमेव, शरीरिणां च जीवानां विग्रहवती चाविग्रहवती च प्रयोगपरिणामवशात् । न तु तत्र विग्रहनियम इति ॥२-२९॥

**ભાષ્યાર્થ–** અન્ય જન્મમાં (ગતિમાં) જતા સંસારી જીવની વિગ્રહવાળી (=વળાંકવાળી) અને વિગ્રહરહિતગતિ હોય છે. ઉત્પન્ન થવાના ક્ષેત્રને કારણે તિર્ચ્છી-ઉપર અને નીચે ત્રણ સમય સુધીની ગતિ હોય છે. જેમને વિગ્રહવાળી ગતિ હોય તેમને વિગ્રહવાળી ગતિ ત્રણ સમય સુધીની હોય છે. વિગ્રહરહિત, એક વિગ્રહવાળી, બે વિગ્રહવાળી અને ત્રણ વિગ્રહવાળી એમ ચાર સમય સુધીની ચાર પ્રકારની ગતિ હોય છે. પછી ગતિઓ સંભવતી નથી. કેમ કે પ્રતિઘાતનો અભાવ છે અને વિગ્રહના નિમિત્તનો અભાવ છે. વિગ્રહ એટલે વળાંક. વિગ્રહ (વળાંક), અવગ્રહ, શ્રેણ્યંતર, સંક્રાન્તિ એ શબ્દોનો એક અર્થ છે. પુદ્ગલોની પણ આ પ્રમાણે જ ગતિ થાય છે. શરીરધારી જીવોની વળાંકવાળી અને વળાંક વિનાની ગતિ પ્રયોગથી અને પરિણામથી થાય છે તેમાં વિગ્રહનો નિયમ નથી. (૨-૨૯)

**टीका–** विग्रहवती च, चशब्दात् अविग्रहा च, संसारिणो, जीवस्येति वर्त्तते, 'प्राक् चतुर्भ्य'इति चतुर्भ्यो विग्रहेभ्यः प्राक् विग्रहाः प्रकर्षतः, प्राक्शब्दस्य मर्यादाभिधायित्वादिति सूत्रसमुदायार्थः । अवयवार्थस्तु 'जात्यन्तरे'त्यादि जात्यन्तरसङ्क्रान्ताविति जननं जातिर्जन्मेत्यनर्थान्तरं, जातेरन्या जातिर्जात्यन्तरं तस्मिन् सङ्क्रान्तावित्यर्थः, संसारिणो जीवस्य-एकेन्द्रियादेः, किमित्याह-विग्रहवती चाविग्रहा च गतिर्भवतीति, न

विग्रहवतीत्यन्ये, अविग्रहा च वक्ररहिता गतिर्भवति, वक्रा वा वक्रेत्यर्थः, किमित्यत आह–उपपातक्षेत्रवशात् जन्मक्षेत्रसामर्थ्येन, 'तिर्यगूर्ध्वमधश्च प्राक् चतुर्भ्य'इति सर्वत्र दिक्षु विदिक्षु वा जन्मपरिग्रहं कुर्वतः, प्राक् चतुर्भ्य इति चतुर्भ्यो विग्रहेभ्यः प्रागित्युक्तं, कार्यवशादसकृदुपन्यस्तोऽयं सूत्रावयव इत्येनं व्याचिख्यासुराह–'येषा'मित्यादि, येषां जीवानां विग्रहवती उपपातक्षेत्रवशाद् भवति तेषां विग्रहा–वक्ररूपाः प्राक् चतुर्भ्यो भवन्ति, अतिक्रान्तभाष्यार्थं व्यक्तिमापादयन्नाह–'अविग्रहा' इत्यादि, अविग्रहा समश्रेणिस्थानोपपाते, एकविग्रहा एकवक्रवलनाप्यविश्रेणि–स्थानोपपाते द्विविग्रहा द्विवक्रवलनाप्यविश्रेणिस्थानोपपाते त्रिविग्रहा त्रिवक्रवलनाप्यविश्रेणिस्थानोपपाते, [१]स्थापना चेयं, इत्येवमेता अवि–ग्रहाद्याः चतुःसमयपरा इति चतुःसमयाः परा यासां ताः चतुःसमयपराः चतुर्विधाश्चतुष्प्रकारा गतयो भवन्ति, प्रक्रमाज्जीवानामिति, नियमार्थमेत–दित्यत आह–'परतो न सम्भवन्ति' परतः चतुःसमयपराया गतेः न सम्भवन्ति, एवंसमयाः का गतयः ? सर्वत्र च पूर्वशरीरविच्छेदाविच्छेदौ मंडूकजलौकागतिभ्यां भावनीयौ, आसां च गतीनां मध्ये नारकादी–नामविग्रहैकद्विविग्रहा एव भवन्ति, एकेन्द्रियाणां त्रिविग्रहा वेतराश्चेति, लोकनाडीबाह्यतोऽपि तद्बहिस्तदुत्पत्तेः, एवमपि किं परतो न सम्भव इत्याह–'प्रतिघातभावात्' अनुश्रेणिगताविति क्रमः, ततश्चानुश्रेणिगतौ प्राप्यस्थानं प्रति चतुःसमयगमनस्वभावत्वात् प्रतिघातः, विग्रहान्तरादेव तत्सिद्धिर्भविष्यतीत्याह–'विग्रहनिमित्ताभावाच्च' सर्व–लोकेऽपि, प्रक्रमात् अधिकविग्रहापेक्षमेतत्, विग्रहान्तरनिमित्ताभावाच्चे–त्यर्थः, न चैतदनार्षं, यथोक्तं–"अपज्जत्तसुहुमपुढविकाइए णं भंते ! अहोलोग–खेत्तनालीए बाहिरिल्ले खेत्ते समोहए समोहणित्ता जे भविए उड्ढलोग–खेत्तनालीए बाहिरिल्ले खेत्ते अपज्जत्तसुहुमपुढविकाइयत्ताए उववज्जेजा से

१. स्थापनार्थं पश्यतां पृष्ठः–८६.

णं भंते कइसमइएणं विग्गहेणं उववज्जेज्जा ?, गोयमा ! तिसमइएण वा चउसमइएण वा विग्गहेण उववज्जेज्जा," चत्वारश्च समयास्त्रिवक्रायामेव गतौ सम्भवन्तीत्यागमानुवादः, अन्यस्त्वाह-पञ्च-समयाऽपि गतिः सम्भवति, यः किल प्राणी महातमःप्रभापृथिवी-विदिग्व्यवस्थितः कालं करोति ब्रह्मलोकविदिशि चोत्पद्यते तस्य पञ्चसमयाऽपि गतिरवश्यं भवति, तथा लोकनिष्कुटतो तदपरोत्पत्तेरिति, एके त्वाचार्याः केचिदाहुः-कदाचित्केयं भवति न ग्रन्थकृतोपन्यस्ताः, प्रायःप्रवृत्तिविषयत्वाद् ग्रन्थस्येति, तत्रैतदेव प्रमाणं, अधिकृतविग्रह-स्वरूपमाह-'विग्रहो वक्रित'मिति विग्रहो वक्रितमुच्यते, विग्रहशब्दं पर्यायान्तरैराह-'विग्रह'इत्यादिना, विग्रहणं विग्रहः वक्रितमित्यर्थः, एवमवग्रहः श्रेण्यन्तरसङ्क्रान्तिः-श्रेणेरन्या श्रेणिः श्रेण्यन्तरं तत्र सङ्क्रान्तिरित्यर्थः, पर्यायशब्दा एत इत्यर्थः, अधुना पुद्गलमधिकृत्य निर्देशमाह-पुद्गलानामप्येवमेवे'ति यथा संसारिणां च जीवानां चतस्रो गतयः अनन्तरमुक्ताः तथा पुद्गलानामपि-परमाण्वादीनां विस्रसा-प्रयोगाभ्यां भावनीया इति, 'शरीरिणां चे'त्यादि शरीरिणां च औदारिकादिशरीरिणां विग्रहादिगतौ कार्मणशरीराभिधानात् जीवानां, किमित्याह-'विग्रहवती चाविग्रहा वेति न कश्चिद्भेदः, कुत इत्याह-'प्रयोगपरिणामवशाद्' स्वप्रयत्नापेक्षः प्रयोगः, परिणामस्तु विस्रसापरिणामः, एतद्वशाद्-एतत्सामर्थ्येन, मा भूत् सर्वसाधर्म्यमित्यतिदिष्टापवादमाह-'न तु तत्र विग्रहनियम'इति न पुनस्तत्र-अधिकृतशरीरपक्षे विग्रहनियम इति, अल्पा वा बहवो वा यथोक्तविग्रहेभ्यस्तथा नियमनिमित्ताभावादिति ॥२-२९॥

**ટીકાર્થ–** સંસારી જીવોની વિગ્રહવાળી અને વિગ્રહ વિનાની એમ બે પ્રકારની ગતિ હોય છે. (વિગ્રહવાળી ગતિ વધારેમાં વધારે કેટલા વિગ્રહવાળી હોય ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે-) प्राक्चतुर्भ्यः=ચાર વિગ્રહોની પહેલાં વિગ્રહવાળી હોય છે, અર્થાત્ ઉત્કૃષ્ટથી ત્રણ

વિગ્રહવાળી હોય છે. કેમ કે प्राक् શબ્દ મર્યાદાને[1] કહેનારો છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થ તો આ પ્રમાણે છે- 'जात्यन्तर' इत्यादि, જનન, જાતિ, જન્મ આ શબ્દોનો એક જ અર્થ છે. અન્ય જન્મમાં(=પરભવમાં) જવાનું થાય ત્યારે એકેન્દ્રિય વગેરે સંસારી જીવની વિગ્રહવાળી અને વિગ્રહવિનાની ગતિ હોય છે.

अविग्रहा એવા પાઠના સ્થાને બીજાઓ न विग्रहवती એવો પાઠ કહે છે.

## વિગ્રહગતિ શાથી થાય છે ?

વિગ્રહ એટલે વળાંક. વળાંકવાળી અને વળાંકરહિત ગતિ શાના કારણે થાય છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે- उपपातक्षेत्रवशात्=જન્મ પામવાના ક્ષેત્રના કારણે તિર્છું, ઊંચે, નીચે દિશાઓમાં અને વિદિશાઓમાં જન્મ થવાના કારણે પરભવમાં જતાં સંસારી જીવની વિગ્રહવાળી અને વિગ્રહવિનાની એમ બે પ્રકારની ગતિ થાય છે.

## ચારથી અધિક સમયનો અને ત્રણથી અધિક વિગ્રહનો અભાવ

प्राक् चतुर्भ्यः એટલે ચાર વિગ્રહની પહેલાં એમ પૂર્વે કહ્યું છે. કામ (=જરૂર) પડવાના કારણે प्राक् चतुर्भ्यः એ સૂત્રાવયવનો અનેક વાર ઉલ્લેખ કરાયેલો છે. આથી प्राक् चतुर्भ्यः એ સૂત્રાવયવનું વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે- 'येषाम्' इत्यादि, જે જીવોની જન્મ પામવાના ક્ષેત્રના કારણે વિગ્રહવાળી ગતિ છે તે જીવોની ચાર વિગ્રહોની પહેલાં વિગ્રહવાળી, (અર્થાત્ ત્રણ વિગ્રહવાળી) ગતિ હોય છે.

પૂર્વે કહેવાઇ ગયેલા ભાષ્યાર્થને સ્પષ્ટ કરતાં ભાષ્યકાર કહે છે- 'अविग्रहा' इत्यादि, સમશ્રેણિના સ્થાનમાં જન્મ થાય ત્યારે વિગ્રહ વિનાની ગતિ હોય. વિષમ શ્રેણિના સ્થાનમાં જન્મ થાય ત્યારે એક

૧. મર્યાદાનો અર્થ આ છે– प्राक् શબ્દ જેની સાથે સંબંધ ધરાવતો હોય તે પદનો અર્થ છૂટી જાય. જેમકે प्राक् पाटलिपुत्राद् वृष्टो मेघः=પાટલિપુત્રની પહેલા વર્ષાદ વરસ્યો. આનો અર્થ એ થયો કે પાટલી પુત્રમાં વર્ષાદ ન વરસ્યો. તેમ પ્રસ્તુતમાં प्राक् શબ્દનો સંબંધ चतुर्भ्यः પદની સાથે છે. એથી ચાર વિગ્રહની પહેલાં વિગ્રહવાળી હોય. અર્થાત્ ત્રણ વિગ્રહ સુધી વિગ્રહવાળી હોય. આનો ભાવાર્થ એ થયો કે ઉત્કૃષ્ટથી ત્રણ વિગ્રહવાળી હોય છે.

વિગ્રહવાળી, બે વિગ્રહવાળી કે ત્રણ વિગ્રહવાળી પણ ગતિ હોય. આ પ્રમાણે જીવોની અવિગ્રહા વગેરે ગતિ ઉત્કૃષ્ટથી ચાર સમય સુધીની અને ચાર પ્રકારની છે.

ગતિ ઉત્કૃષ્ટથી ચાર સમય સુધીની છે એ વિધાન નિયમન માટે છે. આથી કહે છે- ચાર સમયથી અધિક સમયવાળી ગતિઓ સંભવતી નથી, (**एवंसमया का गतयः ?=**) અર્થાત્ ચાર સમયથી અધિક સમયવાળી કોઈ ગતિઓ સંભવતી નથી.

સર્વસ્થળે શરીરના વિયોગ-અવિયોગને દેડકો અને જળોની ગતિથી વિચારવા. તે આ પ્રમાણે- દેડકો જ્યારે ગતિ કરે ત્યારે પાછળના બે પગોના સહારે કૂદકો મારી (જ્યાં જવાનું છે તે સ્થળે જાય છે=) સ્થળાંતર કરે છે. જળો જ્યારે ગતિ કરે છે ત્યારે આગળના બે પગને સ્થળાંતરે(=જ્યાં જવાનું છે તે સ્થળે) લંબાવે અને પાછળના પગને પૂર્વના સ્થાનમાં સ્થાપેલા રહેવા દે. આગળના બે પગ સ્થળાંતર કર્યા પછી પાછળના બે પગ ઉપાડે છે અને આગળ લે છે. આ ગતિઓમાં નારકો વગેરેને અવિગ્રહા, એકવિગ્રહા અને દ્વિવિગ્રહા જ હોય. એકેન્દ્રિય જીવોને ત્રિવિગ્રહા કે અવિગ્રહા, એકવિગ્રહા, દ્વિવિગ્રહા પણ હોય. કારણ કે ત્રસનાડીના (એક તરફના) બહારના ભાગથી ત્રસનાડીના (બીજી તરફના) બહારના ભાગમાં તેમની ઉત્પત્તિ થાય છે.

આ પ્રમાણે પણ ચતુર્વિગ્રહા વગેરે ગતિનો સંભવ કેમ નથી ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે- **प्रतिघातभावात्** શ્રેણિના અનુસારે ગતિ કરવામાં જન્મસ્થાને ચાર સમયમાં જ પહોંચી જવાનો જીવનો સ્વભાવ હોવાથી ચારથી અધિક સમયનો નિષેધ છે.

**પૂર્વપક્ષ–** અન્યવિગ્રહથી (=ચાર વિગ્રહ વગેરે વિગ્રહોથી) ચારથી અધિક સમયની સિદ્ધિ થશે.

**ઉત્તરપક્ષ–** **विग्रहनिमित्ताभावाच्च**=સર્વલોકમાં પણ (લોકમાં ગમે ત્યાંથી ગમે ત્યાં જીવ ઉત્પન્ન થાય તો પણ) ત્રણ વિગ્રહથી અધિક વિગ્રહ

થવાનું નિમિત્ત નથી. અમારું આ કથન મહર્ષિઓના કથનથી વિરુદ્ધ નથી. કહ્યું છે કે- "હે ભગવંત ! અપર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વીકાય જીવ અધોલોકની નાડીના બહારના ક્ષેત્રમાં જે ભવ્ય જીવે સમુદ્ઘાત કર્યો છે તે જીવ સમુદ્ઘાત કરીને ઊર્ધ્વલોકની નાડીના બહારના ક્ષેત્રમાં પર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વીકાયપણામાં ઉત્પન્ન થાય તો હે ભગવંત ! કેટલા સમયોથી વિગ્રહગતિ વડે ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! ત્રણ સમયથી કે ચાર સમયથી વિગ્રહગતિ વડે ઉત્પન્ન થાય."


ચાર સમયો ત્રિવિગ્રહા જ ગતિમાં સંભવે. આથી અમારું આ કથન આગમને અનુસરનારું જ છે.

**મતાંતર–** બીજાઓ કહે છે કે- પાંચ સમયની પણ ગતિ સંભવે છે. જે જીવ સાતમી મહાતમઃપ્રભાપૃથ્વીની વિદિશામાં રહેલો કાળ કરે છે અને બ્રહ્મલોકની વિદિશામાં ઉત્પન્ન થાય છે ત્યારે તેને પાંચ સમયની પણ ગતિ અવશ્ય સંભવે છે. કેમ કે જીવની તેવા પ્રકારના લોકના એક છેડાથી બીજે છેડે ઉત્પત્તિ થાય છે. કેટલાકો કહે છે કે- પાંચ સમયની ગતિ ક્યારેક જ થાય. આથી ગ્રંથકારે તેનો ઉલ્લેખ કર્યો નથી. કારણ કે ગ્રંથનો વિષય પ્રાયઃ પ્રવૃત્તિ છે, અર્થાત્ જે અધિક થતું હોય તે જણાવવું એ ગ્રંથનો વિષય છે.

**પ્રશ્ન–** જે અધિક થતું હોય તે જણાવવો એ ગ્રંથનો વિષય છે એમાં પ્રમાણ શું છે ?

**ઉત્તર–** તેમાં આ જ પ્રમાણ છે, અર્થાત્ ગ્રંથકારે પાંચ સમયની ગતિ જણાવી નથી એ જ આમાં(=જે અધિક બનતું હોય તે જણાવવું એ ગ્રંથનો વિષય છે તેમાં) પ્રમાણ છે. પ્રસ્તુત વિગ્રહના સ્વરૂપને કહે છે-"विग्रहो वक्रितम्" इति વિગ્રહ એટલે વળાંક. વિગ્રહ શબ્દના અન્ય પર્યાયવાચી શબ્દોને 'विग्रह' ઇત્યાદિથી કહે છે- વિગ્રહ(=વળાંક), અવગ્રહ, શ્રેણ્યંતર સંક્રાંતિ(આકાશપ્રદેશોની એક શ્રેણિથી બીજી શ્રેણિ ઉપર જવું તે) એ શબ્દો એકાર્થવાચી છે.

## પરભવ જતાં એકવક્રા આદિ ગતિનું યંત્ર



હવે પુદ્ગલને આશ્રયીને ગતિના સ્વરૂપને કહે છે- "पुद्गलानामप्येवमेव" इति, જેવી રીતે સંસારી જીવોની ચાર ગતિઓ હમણાં જ કહી, તે પ્રમાણે પરમાણુ વગેરે પુદ્ગલોની પણ વિસ્રસાથી અને પ્રયોગથી વિચારવી.

शरीरिणां च इत्यादि, અહીં શરીરવાળા એટલે ઔદારિકાદિ શરીરવાળા સમજવા. કેમ કે વિગ્રહાદિ ગતિમાં કાર્મણશરીર કહ્યું છે. ઔદારિકાદિ શરીરવાળા જીવોની વિગ્રહવાળી કે વિગ્રહરહિત ગતિ હોય છે. એમાં (અંતરગતિની જેમ) કોઇ ભેદ નથી. વિગ્રહવાળી અને વિગ્રહરહિત ગતિ શાથી હોય છે એવા પ્રશ્નના ઉત્તરને કહે છે- प्रयोगपरिणामवशात्= સ્વપ્રયત્નની જેમાં અપેક્ષા હોય તે પ્રયોગ, અર્થાત્ જીવ સ્વપ્રયત્નથી ગતિ કરે તે પ્રયોગ, પરિણામ એટલે વિસ્રસાપરિણામ. પ્રયોગથી અને વિસ્રસાપરિણામથી ઔદારિકાદિ શરીરવાળા જીવની વિગ્રહવાળી અને વિગ્રહરહિત ગતિ થાય છે.

ઔદારિકાદિ શરીરવાળા જીવોની અને પરભવમાં જતા જીવોની ગતિમાં બધી રીતે સમાનતા ન થાય એ માટે કરેલા અતિદેશમાં (=ભલામણમાં) અપવાદને કહે છે-न तु तत्र विग्रहनियम इति, પ્રસ્તુત શરીરના(=ઔદારિકશરીરના) પક્ષમાં વિગ્રહગતિનો નિયમ નથી, અર્થાત્ જેમ કાર્મણશરીરના પક્ષમાં એકવિગ્રહા, દ્વિવિગ્રહા કે ત્રિવિગ્રહા ગતિનો નિયમ છે, તેમ અહીં નિયમ નથી, કિંતુ ઉક્ત વિગ્રહોથી થોડી કે વધારે વિગ્રહગતિ થાય. કેમકે તેવા પ્રકારના(=આટલી જ વિગ્રહગતિ થાય તેવા) નિયમનનું કોઇ નિમિત્ત નથી. (૨-૨૯)

**भाष्यावतरणिका–** अथ विग्रहस्य किं परिमाणमिति । अत्रोच्यते-क्षेत्रतो भाज्यम् । कालतस्तु–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** હવે વિગ્રહનું પરિમાણ શું છે ?

**ઉત્તર–** ક્ષેત્રથી વિગ્રહનું પરિમાણ ભાજ્ય છે. કાળથી તો-

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सूत्रान्तरसम्बन्धग्रन्थः, अत्र-विग्रहाधिकारे पर आह–'अथ विग्रहस्य किं परिमाण'मिति कियता कालेनाधिकृतविग्रहो जायत इति प्रश्नार्थः, एतदाशङ्क्याह–'अत्रोच्यत' इत्यादि 'क्षेत्रतो भाज्यं' विग्रहपरिमाणे, एकादिप्रदेशभावित्वात् क्षेत्रस्य, कालतस्तु किमित्याह–

**ટીકાવતરણિકાર્થ–** 'अत्राह' ઇત્યાદિ પાઠ અન્યસૂત્રની(=હવે પછીના સૂત્રની) સાથે સંબંધ જણાવવા માટે છે. વિગ્રહના અધિકારમાં અન્ય પૂછે છે કે, હવે વિગ્રહનું પરિમાણ શું છે ? અર્થાત્ કેટલા કાળે પ્રસ્તુત વિગ્રહ થાય ? એવો પ્રશ્નનો ભાવ છે. આવા પ્રશ્નની આશંકા કરીને ભાષ્યકાર કહે છે-अत्रोच्यते इत्यादि, અહીં જવાબ કહેવાય છે- ક્ષેત્રથી વિગ્રહનું પરિમાણ ભાજ્ય છે. કેમકે ક્ષેત્ર એકપ્રદેશ વગેરે (અનેક) પરિમાણવાળું વિગ્રહનું છે, અર્થાત્ એક, બે, સંખ્યાત કે અસંખ્યાત આકાશપ્રદેશો ઓળંગ્યા પછી વિગ્રહ (વળાંક) થઈ શકે છે. કાળથી પરિમાણ કેટલું છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં ગ્રંથકાર કહે છે–

**વિગ્રહનું પરિમાણ–**

## एकसमयो विग्रहः ॥२-३०॥

**સૂત્રાર્થ–** વિગ્રહ(વળાંક) એક સમયનો છે. (૨-૩૦)

**भाष्यं–** एकसमयो विग्रहो भवति। अविग्रहा गतिरालोकान्तादप्येकेन समयेन भवति । एकविग्रहा द्वाभ्याम् । द्विविग्रहा त्रिभिः । त्रिविग्रहा चतुर्भिरिति । अत्र भङ्गप्ररूपणा कार्येति ॥२-३०॥

**ભાષ્યાર્થ–** કાળની અપેક્ષાએ વિગ્રહ(વળાંક) એક સમયનો છે. સરળ ગતિનો કાળ લોકાંત સુધી જવામાં પણ એક સમયનો હોય છે. એક વિગ્રહવાળી ગતિનો કાળ બે સમયનો હોય છે. બે વિગ્રહવાળી ગતિનો કાળ ત્રણ સમયનો હોય છે. ત્રણ વિગ્રહવાળી ગતિનો કાળ ચાર સમયનો હોય છે. અહીં વિકલ્પોની પ્રરૂપણા કરવી. (૨-૩૦)

**टीका–** एकः समयो व्यवधायको यस्य स एकसमयो विग्रहो भवति, एकसमयेनातिक्रान्तेन वक्रया गतेर्भावादिति सूत्रसमुदायार्थः, अवयवार्थन्त्वाह–'एकसमयो विग्रहो भवती'त्यादि, भाष्यं, कोऽस्यार्थः ? इति, भवान्तराले वर्त्तितायां जन्तोर्गतिपरिणमितस्यैकसमयेनातिक्रान्तेन वक्रा गतिर्जायत इति, एकसमयो विग्रहो भवतीत्युच्यते, न त्वयं नियमः, सर्वस्यावश्यं समयातिक्रमेण भवितव्यं, यदाह–'अविग्रहा गतिः' ऋज्वेव लोकान्तमपि यावत् एकसमयेन भवत्युपपातक्षेत्रवशेन, अपि च अत्र विग्रहसूत्रे एकसमयत्वमुपलक्षणं, यदाह–'एकविग्रहे'त्यादि, एकविग्रहा गतिः द्वाभ्यां समयाभ्यां भवति, पूर्वापरसमयावधिकत्वाद् विग्रहस्य, एवं द्विविग्रहा गतिस्त्रिभिस्त्रिविग्रहा चतुर्भिरिति, 'अत्र भङ्गप्ररूपणा' यथोदितसमयविकल्पभावना कार्या, सा च कृतैवेति ॥२–३०॥

**ટીકાર્થ–** એક સમય આંતરું પાડનાર છે જેને તે એક સમયવાળો વિગ્રહ છે. કારણ કે એક સમય પસાર થયા પછી જ વક્રગતિ થાય છે. (આથી વિગ્રહ ગતિમાં અંતર પડી જાય છે. માટે અહીં વિગ્રહપદનું વિશેષણ એવા एकसमयः એવા સમાસનો 'એક સમય આંતરું પાડનાર છે જેને' એવો વિગ્રહ કર્યો છે.) આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે– 'एकसमयो विग्रहो भवति' ઇત્યાદિ ભાષ્યપાઠ છે. એ ભાષ્યપાઠનો શો અર્થ છે ? (એ ભાષ્યપાઠનો અર્થ આ પ્રમાણે છે-) ભવાંતરમાં જવા માટે ગતિ કરવાના પરિણામવાળા થયેલા જીવની એક સમય પછી બીજા સમયે વક્રગતિ થાય છે. માટે 'एकसमयो विग्रहो भवति' એમ કહેવાય છે. પણ આનાથી એ નિયમ થતો નથી કે દરેક જીવોને બીજો સમય અવશ્ય થાય, અર્થાત્ વક્રગતિ કરવી જ પડે અને એક સમય પસાર કરવો જ પડે એવો નિયમ થતો નથી. જેથી કહ્યું કે- अविग्रहा इत्यादि ઉત્પન્ન થવાના ક્ષેત્રને આશ્રયી ઋજુ જ ગતિ(=સરળ ગતિ) એક સમયમાં લોકાંત સુધી પણ થાય છે.

વળી અહીં વિગ્રહ સૂત્રમાં એક સમયનો ઉલ્લેખ ઉપલક્ષણ છે. તેથી ભાષ્યકાર કહે છે- 'एकविग्रहा' इत्यादि, એકવિગ્રહવાળી ગતિ બે સમયથી

થાય છે. કેમકે વિગ્રહ(=વળાંક) પૂર્વાપરસમયની અવધિવાળો છે, અર્થાત્ વળાંકની પહેલા અને વળાંકની પછી પણ એક સમય રહેલો જ હોય છે. એ પ્રમાણે દ્વિવિગ્રહવાળી ગતિ ત્રણ સમયથી થાય છે, ત્રિવિગ્રહવાળી ગતિ ચાર સમયથી થાય છે.

अत्र भङ्गप्ररूपणा कार्या=જે પ્રમાણે સમયોના વિકલ્પો કહ્યા છે તે પ્રમાણે ભાંગાઓની પ્રરૂપણા કરવી અને તે ઉપર કરેલી જ છે. (૨-૩૦)

**टीकावतरणिका—** तदत्र—

**ટીકાવતરણિકાર્થ—** તેથી અહીં(=અપાંતરાલગતિમાં)

**અંતરાલગતિમાં આહારનો વિચાર—**

## एकं द्वौ वाऽनाहारकः ॥२-३१॥

**સૂત્રાર્થ—** પરભવમાં જતા અપાંતરાલ ગતિમાં જીવ એક કે બે સમય અનાહારક હોય છે=આહાર લેતો નથી. (૨-૩૧)

**भाष्यं—** विग्रहगतिसमापन्नो जीव एकं वा समयं द्वौ वानाहारको भवति । शेषं कालमनुसमयमाहारयति । कथमेकं द्वौ वानाहारको न बहूनीत्यत्र भङ्गप्ररूपणा कार्या ॥२-३१॥

**ભાષ્યાર્થ—** વિગ્રહગતિને પામેલો જીવ એક સમય કે બે સમય સુધી આહાર રહિત હોય છે. બાકીના કાળમાં દરેક સમયે જીવ આહાર કરે છે. જીવ એક સમય કે બે સમય સુધી આહારરહિત હોય છે. બહુ સમય સુધી આહાર રહિત કેમ નથી હોતો ? એ વિશે વિકલ્પોની પ્રરૂપણા કરવી. (૨-૩૧)

**टीका—** सम्बद्धमेव, समुदायार्थः प्रकटः, अवयवार्थं त्वाह भाष्यकृत्-'विग्रहे'त्यादिना विग्रहगतिमुक्तलक्षणां समापन्नः-प्राप्तो जीवः-प्राणी, किमित्याह-एकं वा समयं द्विविग्रहायां मध्यमं 'द्वौ वा समयौ' त्रिविग्रहायां मध्यमावेव अनाहारको भवति, पूर्वापरशरीरमोक्षग्रहण-संस्पर्शाभावेन, अत एवैकसमयायां न भवति, तत्संस्पर्शयोगात्, तदिह

विग्रहगतिसमाबद्धो विग्रहाद्यपेक्ष एव गृह्यते, न सामान्येन, तत्रासम्भवादिति, वाशब्दो विकल्पार्थे, कदाचिदेकं कदाचिद्द्वाविति, अपरे वाशब्दस्त्रीन्वेत्यभिदधति, एतदपि पञ्चसमयपरायां गतावुक्तवद-विरुद्धमिति, अनाहारकत्वं चेहौजादित्रिविधाहारनिषेधतः, कर्म-पुद्गलग्रहणं तु तदाऽप्यस्त्येव, योगादिहेतुभावात्, वर्षणसमयसमा-दीप्तगच्छन्नाराचोदकग्रहणवदित्याचार्याः, शेषकालमनुसमयं व्यतिरिक्त-मनुसमयमविच्छेदेनाहारयति-अभ्यवहरति उत्पत्तिसमयादारभ्यान्त-र्मुहूर्त्तिकेणौजाहारेण पश्चादाभवक्षयाल्लोमाहारेण कश्चित्तु कादाचित्केन कावलिकेनेति, आह-'कथ'मित्यादि, कथं-केन प्रकारेणैकं द्वौ वा समयावनाहारकोऽयं, न बहूनिति, न पुनरतो बहुतरान्, इत्येवं पूर्वपक्षमाशङ्क्याह-'अत्रे'त्यादि अत्र प्रश्ने भङ्गप्ररूपणेति, विकल्पविभावना कार्या, असौ च कृतैव द्विविग्रहायामेकं त्रिविग्रहायां द्वावित्यनेन ॥२-३१॥

**ટીકાર્થ–** પૂર્વ સૂત્રનો અને આ સૂત્રનો સંબંધ કરેલો જ છે. (તે આ પ્રમાણે- વિગ્રહ ગતિને પામેલો જીવ આહારક હોય કે અનાહારક હોય ? જો અનાહારક હોય તો કેટલા સમય સુધી અનાહારક હોય એમ કહેવું જોઇએ. આથી કેટલા સમય સુધી અનાહારક હોય તે જણાવે છે.

આ સૂત્રનો સમુદિતાર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને તો ભાષ્યકાર વિગ્રહ૦ ઇત્યાદિથી કહે છે- જેનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે તેવી વિગ્રહગતિને પામેલો જીવ એક સમય કે બે સમય અનાહારક હોય છે. દ્વિવિગ્રહા ગતિમાં મધ્યમ એક સમય અને ત્રિવિગ્રહાગતિમાં મધ્યમ બે સમય અનાહારક હોય. કારણ કે મધ્યમ સમયમાં પૂર્વશરીરને છોડવાનો અને પછીના નવા શરીરને ગ્રહણ કરવાનો સંસ્પર્શ નથી હોતો, અર્થાત્ પૂર્વશરીરને મૂકવાના અને નવા શરીરને ગ્રહણ કરવાના કાર્યથી રહિત છે. (આ (=શરીરને ગ્રહણ કરવાનું) કાર્ય હોય ત્યારે જીવને આહાર ગ્રહણ કરવો પડે છે.) માટેજ એક સમયવાળી (અવિગ્રહા) ગતિમાં અનાહારક નથી હોતો.

કારણ કે તેમાં પૂર્વ શરીરને મૂકવાનું અને નવા શરીરને ગ્રહણ કરવાનું કાર્ય હોય છે. તેથી અહીં (આહાર ન લેવાના વિષયમાં) વિગ્રહગતિને પામેલો અને (એથી જ) વિગ્રહગતિની અપેક્ષાવાળો જીવ જ ગ્રહણ કરાય છે, નહિ કે સામાન્યથી કોઇપણ જીવ. કારણ કે વિગ્રહગતિવાળા જીવોથી અન્ય સંસારી જીવોમાં આહારના અભાવનો અસંભવ છે. वा શબ્દ વિકલ્પ અર્થમાં છે. ક્યારેક એક, ક્યારેક બે સમય જીવ અનાહારક હોય. બીજાઓનું કહેવું છે કે वा શબ્દ त्रीन् वा એવા વિકલ્પને કહે છે, અર્થાત્ અથવા ત્રણ સમય સુધી જીવ અનાહારક હોય. આ પણ પૂર્વે (૨-૨૯ સૂત્રમાં) કહ્યું તેમ પાંચ સમયવાળી ગતિમાં અવિરુદ્ધ છે.

અહીં આહારનો અભાવ ઓજાહાર વગેરે ત્રણેય પ્રકારનો આહાર ન ગ્રહણ કરવાની દૃષ્ટિએ જાણવો. કેમકે ત્યારે પણ કર્મપુદ્ગલોનું ગ્રહણ તો છે જ. કર્મગ્રહણના યોગાદિ હેતુઓ રહેલા હોવાથી અનાહારકપણામાં પણ કર્મપુદ્ગલોનું ગ્રહણ થાય છે. આ વિષે આચાર્યો વરસાદના સમયે પ્રદીપ્ત લોહબાણપ્રક્ષેપનું દૃષ્ટાંત કહે છે. વર્ષાદ વર્ષી રહ્યો હોય ત્યારે અગ્નિની જ્વાલાઓથી અત્યંત તપેલું લોઢાનું બાણ ફેંકવામાં આવે તો તે બાણ વરસાદના પુદ્ગલોને ગ્રહણ કરતું જ આગળ જાય છે તેમ જીવ કર્મરૂપ અગ્નિથી ઉષ્ણ બનેલ હોવાથી કાર્મણશરીરદ્વારા કર્મ પુદ્ગલોને ગ્રહણ કરતો કરતો જ જન્મસ્થાને જાય છે.

બાકીના કાળે પ્રત્યેક સમયે સતત આહાર ગ્રહણ કરે છે. જન્મ સમયથી આરંભી અંતર્મુહૂર્ત સુધી ઓજાહાર[1] ગ્રહણ કરે છે. પછી ભવક્ષય સુધી લોમાહાર ગ્રહણ કરે છે. કોઇ જીવ ક્યારેક ક્યારેક કવલાહારને ગ્રહણ કરે છે.

**પ્રશ્ન–** જીવ કઇ રીતે એક કે બે સમય સુધી અનાહારક હોય, આનાથી વધારે વધારે સમય સુધી અનાહારક કેમ ન હોય ?

૧. આહારના ઓજાહાર, લોમાહાર અને કવલાહાર એમ ત્રણ ભેદ છે. **ઓજાહાર–** ઉત્પત્તિના પ્રથમ સમયથી અંતર્મુહૂર્ત્ત સુધી ગ્રહણ કરાતા પુદ્ગલોનો આહાર. **લોમાહાર–** અંતર્મુહૂર્ત્ત પછી સ્પર્શનેન્દ્રિય(=ચામડી) દ્વારા ગ્રહણ કરાતા પુદ્ગલોનો આહાર. **કવલાહાર–** કોળિયાથી ગ્રહણ કરાતો આહાર.

**ઉત્તર–** આ પ્રશ્નમાં વિકલ્પની ભાવના કરવી. તે ભાવના દ્વિવિગ્રહા ગતિમાં એક સમય અને ત્રિવિગ્રહા ગતિમાં બે સમય અનાહારક હોય એમ કહીને કરી જ છે. (૨-૩૧)

**भाष्यावतरणिका–** अत्राह- एवमिदानीं भवक्षये जीवोऽविग्रहया विग्रहवत्या वा गत्या गतः कथं पुनर्जायत इति । अत्रोच्यते- उपपातक्षेत्रं स्वकर्मवशात्प्राप्तः शरीरार्थं पुद्गलग्रहणं करोति । सकषायत्वाज्जीवः कर्मणो योग्यान्पुद्गलानादत्त (अ.८ सू.२) इति । काय(?शरीर)-वाङ्मनःप्राणापानाः पुद्गलानाम् (अ.५ सू.१९) उपकारः । नामप्रत्ययाः सर्वतो योगविशेषाद् (अ.८ सू.२५) इति वक्ष्यामः । तज्जन्म । तच्च त्रिविधम् । तद्यथा–

**ભાષ્યાવતરણિકાર્થ–** હમણાં પ્રશ્નકાર આ પ્રમાણે પ્રશ્ન કરે છે કે ભવનો ક્ષય થયે છતે અવિગ્રહગતિથી કે વિગ્રહવાળી ગતિથી ગયેલો જીવ ફરી કેવી રીતે ઉત્પન્ન થાય છે ? અહીં ઉત્તર કહેવાય છે-

પોતાના કર્મના કારણે ઉત્પત્તિના ક્ષેત્રને પામેલો જીવ શરીર ધારણ કરવા માટે પુદ્ગલોને ગ્રહણ કરે છે. "કષાય સહિત હોવાના કારણે જીવ કર્મને યોગ્ય(=કાર્મણવર્ગણાના) પુદ્ગલોને ગ્રહણ કરે છે." એમ આગળ (અ.૮ સૂ.૨ માં) કહીશું.

"શરીર, વાણી, મન અને પ્રાણાપાન=શ્વાસોચ્છ્વાસ એ પુદ્ગલોનો ઉપકાર=કાર્ય છે." એમ આગળ (અ.૫ સૂ.૧૯ માં) કહીશું. "નામ નિમિત્તક=પ્રકૃતિ નિમિત્તક સર્વ તરફથી યોગવિશેષથી કર્મસ્કંધો બંધાય છે." એમ આગળ (અ.૮ સૂ.૨૫ માં) કહીશું. તે(=શરીર માટે પુદ્ગલોનું ગ્રહણ કરવું તે) જન્મ છે. તે જન્મ ત્રણ પ્રકારનો છે. તે આ પ્રમાણે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सूत्रान्तरसम्बन्धग्रन्थः, अत्रावसरे चोदक आह-एवमुक्तेन प्रकारेण इदानीं भवक्षये सति मरण इत्यर्थः, जीवः प्राणी अविग्रहया उक्तलक्षणया विग्रहगत्या वा उक्तलक्षणयैव

गत्या गतः उपपत्तिदेशं प्राप्तः 'कथं पुनर्जायते' केन प्रकारेण पुनः प्रादुर्भवतीति प्रश्ने सत्याह-'अत्रोच्यते, उपपातक्षेत्रं' जन्मस्थानं 'स्वकर्मवशात्' पूर्वोपात्तकर्मसामर्थ्येनैवायाते, नेश्वरादिवशेन, किमित्याह 'शरीरार्थं' औदारिकादिशरीरनिष्पादनाय 'पुद्गलग्रहणं करोति' औदारिकादिशरीरप्रायोग्यद्रव्यादानं करोति, अथ कथमज्ञः सन् तथा करोतीत्याह-'सकषायत्वा'दित्यादि, सकषायत्वात् कारणाज्जीवः कर्मयोग्यान् मनुष्यादिभावेन निर्वर्त्तनीयस्य कर्मण (योग्यान्-)उचितान् पुद्गलानादत्ते-गृह्णाति, इतिशब्दः हेतौ, अतः कर्मणः तत्स्वभावतया अधिकृतपुद्गलग्रहणं करोति, तथा 'काय(शरीर)वाङ्मनप्राणापानाः पुद्गलानाम् (५-१९) उपकार इति वक्ष्यति, एवं 'नामप्रत्ययाः सर्वतो योगविशेषाद्-(८-२५)इति वक्ष्यते, इत ऊर्ध्वं, 'तज्जन्मे'त्यादि, यत्तदित्थं न्यायसिद्धं शरीरार्थं पुद्गलग्रहणं तज्जन्मेति, तदेवं जायत इति, तच्च त्रिविधं जन्म, 'तद्यथे'त्युपन्यासार्थः,

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ પાઠ અન્યસૂત્રના સંબંધને જણાવનારો છે.

**પ્રશ્ન–** આ અવસરે પ્રશ્નકાર પ્રશ્ન કરે છે કે, મરણ થયે છતે અવિગ્રહ કે વિગ્રહગતિથી ઉત્પત્તિસ્થાને ગયેલો જીવ કેવી રીતે જન્મ પામે છે ?

**ઉત્તર–** મરણ પામેલો જીવ પૂર્વે બાંધેલા કર્મના સામર્થ્યથી જન્મસ્થાને જાય છે, નહિ કે ઇશ્વરાદિના સામર્થ્યથી. જન્મસ્થાને ગયેલો જીવ ઔદારિક વગેરે શરીરને બનાવવા માટે ઔદારિક આદિ શરીરને યોગ્ય દ્રવ્યોને(=પુદ્ગલોને) ગ્રહણ કરે છે.

**પ્રશ્ન–** (તે વખતે જીવમાં વિચારશક્તિ પણ હોતી નથી. એથી) અજ્ઞાન હોવા છતાં તે પ્રમાણે(=શરીરને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ) શા માટે કરે છે ?

**ઉત્તર–** 'सकषायत्वाद्' इत्यादि, જીવ કષાય સહિત હોવાના કારણે કર્મને યોગ્ય, એટલે કે મનુષ્યાદિભાવને બનાવવા માટે મનુષ્યાદિભાવ બનાવવાને યોગ્ય એવું જે કર્મ હોય તે કર્મને યોગ્ય તેવા તેવા પુદ્ગલોને ગ્રહણ કરે છે.

(જેમકે મનુષ્યભવમાં ઉત્પન્ન થનાર જીવ માટે ઔદારિકશરીર મનુષ્યભાવ છે. તેથી જન્મસ્થાને પહોંચતા પહેલું કામ ઔદારિકશરીર બનાવવાનું કરે છે. તે બનાવવા માટે જે પુદ્ગલો ઔદારિકશરીર બનાવવાને માટે યોગ્ય હોય તે પુદ્ગલોને ગ્રહણ કરે છે.)

इति શબ્દ હેતુ અર્થમાં છે. આથી કર્મનો (तत्स्वभावतया=)મનુષ્યઆદિ-ભાવને બનાવવાનો સ્વભાવ હોવાથી જીવ પ્રસ્તુત(=મનુષ્યાદિભાવ બનાવવાને માટે યોગ્ય હોય તેવા) પુદ્ગલોને ગ્રહણ કરે છે.

તથા શરીર, વાણી, મન અને શ્વાસોચ્છ્વાસ એ પુદ્ગલોનો ઉપકાર (=કાર્ય) છે એમ (અ.૫ સૂ.૧૯ માં) કહેશે. એ પ્રમાણે નામનિમિત્તક, સર્વ તરફથી, યોગ વિશેષથી (અ.૮ સૂ.૨૫) ઇત્યાદિ હવે પછી કહેશે. "तज्जन्म" इत्यादि આ પ્રમાણે ન્યાયથી(=યુક્તિથી) સિદ્ધ થયેલું શરીર માટે પુદ્ગલોનું જે ગ્રહણ તે જન્મ છે. તેથી જીવ આ પ્રમાણે ઉત્પન્ન થાય છે. તે જન્મ ત્રણ પ્રકારે છે. તે આ [1]પ્રમાણે–

**જન્મના પ્રકારો–**

## सम्मूर्च्छनगर्भोपपाता जन्म ॥२-३२॥

**સૂત્રાર્થ–** સંમૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાત એમ ત્રણ પ્રકારે જન્મ છે. (૨-૩૨)

**भाष्यं–** सम्मूर्छनं गर्भ उपपात इत्येतत्त्रिविधं जन्म ॥२-३२॥

**ભાષ્યાર્થ–** સંમૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાત એમ ત્રણ પ્રકારનો જન્મ છે. (૨-૩૨)

**टीका–** समुदायार्थः प्रकटः । अवयवार्थस्तु–सम्मूर्च्छनं गर्भ उपपात इति एतत् त्रिविधं जन्मेत्येतावती वृत्तिः सूत्रस्य, इह सम्मूर्च्छामात्रं सम्मूर्च्छनं उत्पत्तिस्थानस्थतदुचितपुद्गलोपमर्देन शरीरद्वयसंध्यात्म-

૧. उपन्यासार्थः=વાક્યના પ્રારંભ માટે.

परिणामरूपकृम्यादिसम्मूर्च्छनवत्, गर्भ इति स्त्रीयोनौ शुक्रशोणित-पुद्गलादानं, गर्भणं गर्भः, सम्मूर्च्छनविलक्षणोऽयं, व्यतिरिक्तागन्तुक-शुक्रशोणितपुद्गलग्रहणात्, उपपातस्तूपपातक्षेत्रमात्रनिमित्तः प्रच्छदपटा-देरुपरि देवदूष्याद्यधो वैक्रियशरीरप्रायोग्यद्रव्यादानादिति, एतेन नरक-कुटोपपात उक्तो वेदितव्यः, पूर्वविलक्षणश्चायं, आगन्तुकशुक्रशोणितादि-कल्पपुद्गलाग्रहणात्, तत्स्थतद्योग्यग्रहणादिति, एवमेवं त्रिविधं-सम्मू-र्च्छनजन्म गर्भजन्म उपपातजन्म च, शरीरतया आत्मलाभ इत्यर्थः, इह चादौ सम्मूर्च्छनजन्म प्रत्यक्षबहुस्वामित्वात्, तदनु गर्भजन्म प्रत्यक्षौदारिक-शरीरसाधर्म्यात्, तत उपपातजन्म स्वामिवैधर्म्यात् ॥२-३२॥

**ટીકાર્થ–** સૂત્રની सम्मूर्च्छन-गर्भ-उपपात इति एतत् त्रिविधं जन्म આટલી વૃત્તિ(=ભાષ્ય) છે.

## સંમૂર્ચ્છન જન્મ

માત્ર સંમૂર્ચ્છવું તે સંમૂર્ચ્છન. ઉત્પત્તિસ્થાનમાં રહેલા સંમૂર્ચ્છિમજન્મને યોગ્ય પુદ્ગલોના ઉપમર્દન વડે થતો જન્મ સંમૂર્ચ્છન જન્મ છે. (જેમ લોટ, સુરાબીજ (જેમાંથી દારૂ બને છે તેવા બીજ), પાણી વગેરેના ઉપમર્દનથી (મસળવાથી) દારૂની ઉત્પત્તિ થાય છે, તેમ સંમૂર્ચ્છિમ જન્મને યોગ્ય પુદ્ગલોના ઉપમર્દનથી સંમૂર્ચ્છિમ જન્મ થાય છે.) આ જન્મ બે શરીરની સંધિના આત્મપરિણામ છે. (એક શરીરને છોડવું અને બીજા શરીરને ગ્રહણ કરવું એ બે શરીરની સંધિ છે. આ સમયે આત્મા એક શરીરને છોડવાના અને બીજા શરીરને ગ્રહણ કરવાના પરિણામવાળો હોય છે.)

આ વિષે કૃમિ આદિનું દૃષ્ટાંત છે. (કૃમિ વગેરે કાષ્ઠ વગેરેમાં ઉત્પન્ન થાય છે ત્યારે કાષ્ઠ આદિમાં જ રહેલા પુદ્ગલોને ગ્રહણ કરી પોતાનું શરીર બનાવીને ઉત્પન્ન થાય છે. તેવી રીતે જીવતી ગાય આદિના શરીરમાં ઉત્પન્ન થતા કૃમિ વગેરે એ શરીરના અવયવોને લઈને પોતાના શરીરરૂપે પરિણમાવે છે.)

## ગર્ભ જન્મ

ગર્ભ એટલે સ્ત્રીની યોનિમાં વીર્ય-રક્તના પુદ્ગલોનું ગ્રહણ કરવું. ગર્ભ રહેવો તે ગર્ભ. ગર્ભ સંમૂર્ચ્છનથી વિલક્ષણ છે. કેમકે ગર્ભમાં ઉત્પત્તિસ્થાન સિવાયના બીજા સ્થળેથી આવેલા વીર્ય-રક્તના પુદ્ગલોને ગ્રહણ કરવામાં આવે છે.

## ઉપપાત જન્મ

ઉપપાત જન્મમાં ઉપપાતનું ક્ષેત્ર માત્ર નિમિત્ત છે. કારણ કે (માખણથી પણ અધિક કોમળ) બિછાના ઉપર પાથરેલા ઓછાળ આદિની ઉપર અને તેની ઉપર રહેલા દેવદૂષ્ય આદિની નીચેના ભાગમાં રહેલા વૈક્રિયશરીરને પ્રાયોગ્ય દ્રવ્યોને(=પુદ્ગલોને) લઇને વૈક્રિયશરીર બનાવે છે.

**ભાવાર્થ–** ઉપપાત જન્મમાં ગૌણ અને મુખ્ય એવા બે કારણ છે. તેમાં જ્યાં ઉપપાત થાય છે તે ક્ષેત્ર માત્ર નિમિત્ત છે, એટલે ગૌણ કારણ છે. મુખ્ય કારણ તો વૈક્રિયશરીરને પ્રાયોગ્ય પુદ્ગલો છે. કારણ કે તે પુદ્ગલોથી વૈક્રિયશરીર બનાવીને દેવરૂપે ઉત્પન્ન થાય છે.

આનાથી નરકની ભીંતોમાં રહેલા ગોખલાઓમાં થતો ઉપપાત પણ કહેલો સમજવો. (તિર્યંચગતિમાંથી કે મનુષ્યગતિમાંથી જીવ ભીંતોમાં રહેલા ગોખલાઓમાં આવે છે ત્યાં આવીને ત્યાં રહેલા વૈક્રિયશરીરને પ્રાયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને વૈક્રિયશરીર બનાવીને ત્યાં જ નારકરૂપે ઉત્પન્ન થાય છે. પછી અત્યંત પીડા પામતો તેમાંથી બહાર નીકળી, પાણીમાં ફેંકેલા પથ્થરની જેમ અત્યંત વેગથી નરકના વજ્રમય તળિયામાં પડે છે.)

આ પ્રમાણે સંમૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાત એમ ત્રણ પ્રકારે જન્મ છે, અર્થાત્ ત્રણ પ્રકારે આત્માને શરીરની પ્રાપ્તિ થાય છે.

**ક્રમમાં હેતુ–** અહીં પ્રત્યક્ષ હોવાથી અને સ્વામી ઘણા હોવાથી પહેલાં સંમૂર્ચ્છન જન્મનો ઉલ્લેખ કર્યો છે. પ્રત્યક્ષ અને ઔદારિકશરીર એ બેમાં

સમાનતા હોવાથી સંમૂર્ચ્છન પછી ગર્ભ જન્મનો ઉલ્લેખ કર્યો છે. સ્વામીની સમાનતા ન હોવાથી ગર્ભ પછી ઉપપાત જન્મનો ઉલ્લેખ કર્યો છે. (૨-૩૨)

**યોનિના પ્રકારો–**

**सचित्तशीतसंवृताः सेतरा मिश्राश्चैकैकशस्तद्योनयः ॥२-३३॥**

**સૂત્રાર્થ–** જીવોની યોનિઓ સચિત્ત, અચિત્ત અને મિશ્ર=સચિત્તાચિત્ત એમ ત્રણ પ્રકારે તથા શીત, ઉષ્ણ અને મિશ્ર=શીતોષ્ણ એમ ત્રણ પ્રકારે તથા સંવૃત્ત, અસંવૃત્ત અને મિશ્ર=સંવૃત્તાસંવૃત્ત એમ ત્રણ પ્રકારે હોય છે. (૨-૩૩)

**भाष्यं–** संसारे जीवानामस्य त्रिविधस्य जन्मन एताः सचित्तादयः सप्रतिपक्षा मिश्राश्चैकशो योनयो भवन्ति । तद्यथा- सचित्ता अचित्ता सचित्ताचित्ता शीता उष्णा शीतोष्णा संवृता विवृता संवृतविवृता इति। तत्र देवनारकानामचित्ता योनिः । गर्भजन्मनां मिश्रा । त्रिविधान्येषाम् । गर्भजन्मनां देवानां च शीतोष्णा । तेजःकायस्योष्णा । त्रिविधान्येषाम्। नारकैकेन्द्रियदेवानां संवृता । गर्भजन्मनां मिश्रा । विवृतान्येषामिति ॥२-३३॥

**ભાષ્યાર્થ–** સંસારમાં જીવોના આ ત્રણ પ્રકારના જન્મની પ્રતિપક્ષથી સહિત સચિત્ત વગેરે એક એક યોનિઓ ત્રણ પ્રકારની છે. તે આ પ્રમાણે- સચિત્ત, અચિત્ત અને સચિત્તાચિત્ત, શીત, ઉષ્ણ અને શીતોષ્ણ, સંવૃત, વિવૃત અને સંવૃત-વિવૃત. તેમાં દેવોને અને નારકોને અચિત્તયોનિ હોય છે. ગર્ભથી જન્મવાળા જીવોને મિશ્રયોનિ હોય છે. આ સિવાયના જીવોને ત્રણ પ્રકારની યોનિ હોય છે. ગર્ભથી જન્મવાળા જીવોને અને દેવોને શીતોષ્ણયોનિ હોય છે. તેજસ્કાયને ઉષ્ણયોનિ હોય છે. આ સિવાયના બીજા જીવોને ત્રણ પ્રકારની યોનિ હોય છે. નારક, એકેન્દ્રિય અને દેવોને સંવૃત યોનિ હોય છે. ગર્ભથી જન્મવાળા જીવોને મિશ્રયોનિ હોય છે. આ સિવાયના બીજા જીવોને વિવૃતયોનિ હોય છે. (૨-૩૩)

**टीका—** सम्बद्धमेव, सचित्तशीतसंवृता मूलभेदेन सेतराः-सप्रतिपक्षा मिश्राश्च उभययोगतः एकैकशः-एकैकाः सप्रतिपक्षा मिश्राश्च तद्योनयो जन्मप्रत्यक्षौदारिकयोनय इति सूत्रसमुदायार्थः, अवयवार्थं त्वाह 'संसार'इत्यादिना संसारे चतुर्गतिकेऽपि जीवानां प्राणिनां अस्य-अनन्तरोदितस्य त्रिविधस्य जन्मनः सन्मूर्च्छनादेः एताः सचित्तादयः सचित्तशीतसंवृताः सप्रतिपक्षा इति सह प्रतिपक्षैः-अचित्तोष्णासंवृतैः सप्रतिपक्षाः, मिश्राश्च द्वयैकीभावे, तद्यथा-सचित्ताचित्ता शीतोष्णा संवृतविवृता, चः समुच्चये, एकैकशः एकैका, सचित्तादीनां सेतराः एकैका मिश्रा इति योनयो भवन्ति, एवमेता नव योनयः, युवन्ति मिश्रीभवन्ति आसु जन्महेतुद्रव्याणि कार्मणेन सहेति योनयः उत्पत्तिस्थानानि, अमुमेवार्थं स्पष्टयन्नाह-'तद्यथे'त्यादिना, सचित्ता जीवप्रदेशाधिष्ठिता अचित्ता-तद्विपरीता सचित्ताचित्ता-उभयस्वभावा शीता-शिशिरा उष्णा विपरीता शीतोष्णा-उभयस्वभावा संवृता-प्रच्छन्ना विवृता-विपरीता उभयरूपा मिश्रेति, इदानीमासां मध्ये यस्य या भवति तदेतदाह-तत्र नारकदेवानामचित्ता योनिः परजीवप्रदेशानधिष्ठिता, गर्भजानां तिर्यङ्मनुष्याणां मिश्रा, त्रिविधाऽन्येषामिति उक्तव्यतिरिक्तानां संमूर्च्छन-जन्मनां तिर्यग्मनुष्याणामिति, गोकृम्यादीनां सचित्ता, काष्ठघुणादीनामचित्ता, गोकृम्यादीनामेव तथाविधप्राणोद्भवानां मिश्रेति, एवं गर्भजन्मनां मनुष्यादीनां देवानां शीतोष्णा साधारणा, तेजस्कायस्य-अग्नेः उष्णा प्रतीतैव, त्रिविधाऽन्येषामुक्तव्यतिरिक्तानां सम्मूर्च्छनजन्मतिर्यङ्-मनुष्य-नारकाणां, एषां तिर्यङ्मनुष्याणां कस्यचिच्छीता कस्यचिदुष्णा कस्य-चिन्मिश्रा, नारकाणां त्वाद्ये पृथिवीत्रये उष्णैव, चतुर्थ्यां क्वचिच्छीता क्वचिदुष्णा, नरकभेदेन, एवं पञ्चम्यामपि, षष्ठ्यां सप्तम्यां च शीतैव, एवं नारकैकेन्द्रियदेवानां संवृता-प्रच्छन्ना, गर्भजन्मनां तिर्यङ्मनुष्याणां मिश्रा, संवृतविवृता विवृताऽन्येषामित्युक्तविपरीतानां सम्मूर्च्छनजन्म-द्वीन्द्रियादितिर्यङ्मनुष्याणामिति ॥२-३३॥

**ટીકાર્થ–** [વ્યક્તિ પરત્વે યોનિના અસંખ્ય ભેદો છે પણ સમાન વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આકારવાળા ઉત્પત્તિ સ્થાનોને યોનિ કહે છે તેની સંખ્યા ૮૪ લાખ છે.

સામાન્ય રીતે યોનિ માટે–

૫ વર્ણ- કાળો, ધોળો, રાતો, પીળો, લીલો.

૨ ગંધ- સુરભિ, દુરભિ.

૫ રસ- મધુર, આમ્લ, તિક્ત, કટુ, કષાય.

૮ સ્પર્શ- ઉષ્ણ, શીત, સ્નિગ્ધ, રૂક્ષ, ગુરુ, લઘુ, મૃદુ, કર્કશ.

૫ સંસ્થાન- વૃત્ત, વલય, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ.

એમ ૫ x ૨ x ૫ x ૮ x ૫=૨૦૦૦

૭ લાખ પૃથ્વીકાય મૂળભેદો ૩૫૦ x ૨૦૦૦
૭ લાખ અપ્કાય મૂળભેદો ૩૫૦ x ૨૦૦૦
૭ લાખ તેઉકાય મૂળભેદો ૩૫૦ x ૨૦૦૦
૭ લાખ વાઉકાય મૂળભેદો ૩૫૦ x ૨૦૦૦
૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય મૂળભેદો ૫૦૦ x ૨૦૦૦
૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય મૂળભેદો ૭૦૦ x ૨૦૦૦
૨ લાખ બેઇન્દ્રિય મૂળભેદો ૧૦૦ x ૨૦૦૦
૨ લાખ તેઇન્દ્રિય મૂળભેદો ૧૦૦ x ૨૦૦૦
૨ લાખ ચઉરિન્દ્રિય મૂળભેદો ૧૦૦ x ૨૦૦૦
૪ લાખ દેવતા મૂળભેદો ૨૦૦ x ૨૦૦૦
૪ લાખ નારકી મૂળભેદો ૨૦૦ x ૨૦૦૦
૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય મૂળભેદો ૨૦૦ x ૨૦૦૦
૧૪ લાખ મનુષ્ય મૂળભેદો ૭૦૦ x ૨૦૦૦
૮૪ લાખ યોનિ થાય છે.

આચારાંગ નિર્યુક્તિ ગા.૭૨ વૃત્તિ તથા બૃહત્સંગ્રહણી આદિ.]

આ સૂત્રનો પૂર્વ સૂત્રની સાથે સંબંધ કરેલો જ છે. (તે આ પ્રમાણે- (પૂર્વેના સૂત્રમાં જીવોના જન્મના પ્રકારો જણાવ્યા છે. પણ કેવા સ્થાનમાં સંમૂર્ચ્છિમ તરીકે ઉત્પન્ન થાય છે, કેવા સ્થાનમાં વીર્ય-રક્તના પુદ્ગલોને ગ્રહણ કરે છે, નારક-દેવો કેવા સ્થાનમાં વૈક્રિયશરીર પ્રાયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે એમ વિશિષ્ટ સ્થાનનો નિર્દેશ કર્યો નથી. આથી તે ત્રણ જન્મના વિશિષ્ટસ્થાનનું નિરૂપણ કરવા માટે યોનિઓ કહેવામાં આવે છે.)

મૂળ ભેદથી સચિત્ત, શીત અને સંવૃત એમ ત્રણ પ્રકારની યોનિઓ છે. સેતરા એટલે પ્રતિપક્ષ સહિત. મિશ્ર એટલે મૂલ અને પ્રતિપક્ષ એ બંનેથી મિશ્ર. एकैकशः=સચિત્ત, શીત અને સંવૃત એ પ્રત્યેક પ્રતિપક્ષ સહિત અને મિશ્ર. तद्योनयः=જન્મની[1] પ્રત્યક્ષ અને ઔદારિક યોનિઓ છે.

આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર संसारे ઇત્યાદિથી કહે છે- ચારે ય ગતિ રૂપ સંસારમાં હમણાં જ સંમૂર્ચ્છનાદિ ત્રણ પ્રકારના જન્મના આ (પ્રસ્તુત સૂત્રમાં કહેલા) સચિત્ત, શીત, સંવૃત એ પ્રત્યેક પ્રતિપક્ષસહિત અને મિશ્ર યોનિ છે.

પ્રતિપક્ષ=અચિત્ત, ઉષ્ણ અને અસંવૃત.

મિશ્ર=મૂળ ભેદ અને પ્રતિપક્ષ એ બે એક ભાવમાં મિશ્ર થાય. તે આ પ્રમાણે- સચિતાચિત્ત, શીતોષ્ણ અને સંવૃતવિવૃત્ત.

આ પ્રમાણે આ નવ યોનિઓ છે.

## યોનિનું સ્વરૂપ

**યોનિ–** જેમાં જન્મનું કારણ એવા દ્રવ્યો કાર્મણની સાથે ભળે તે યોનિ. યોનિ એટલે ઉત્પત્તિસ્થાન. આ જ અર્થને 'तद्यथा' ઇત્યાદિથી સ્પષ્ટ કરતા ભાષ્યકાર કહે છે. તે આ પ્રમાણે- સચિત્ત, અચિત્ત અને સચિત્તાચિત્ત. શીત, ઉષ્ણ અને શીતોષ્ણ. સંવૃત, અસંવૃત અને સંવૃતાસંવૃત.

૧. અહીં પ્રત્યક્ષ ત્યાં ઉત્પન્ન થનારા જીવોની અપેક્ષાએ સમજવું. ત્યાં ઉત્પન્ન થતા જીવોને યોનિ પ્રત્યક્ષ છે. જન્મનું કોઇ પણ સ્થાન ઔદારિક હોય છે. આથી અહીં યોનિનું ઔદારિક એવું વિશેષણ છે.

સચિત્ત=જીવ પ્રદેશોથી અધિષ્ઠિત.

અચિત્ત=સચિત્તથી વિપરીત.

સચિત્તાચિત્ત=ઉભયના સ્વભાવવાળી, અર્થાત્ અમુક રીતે સચિત્ત અને અમુક રીતે અચિત્ત તે સચિત્તાચિત્ત.

શીત=ઠંડી. ઉષ્ણ=શીતથી વિપરીત. શીતોષ્ણ=ઉભય સ્વભાવવાળી, અર્થાત્ અમુક રીતે ઠંડી અને અમુક રીતે ઉષ્ણ તે શીતોષ્ણ.

સંવૃત=ઢંકાયેલી. વિવૃત=ખુલ્લી. મિશ્ર=ઉભય સ્વરૂપ, અર્થાત્ અમુક રીતે સંવૃત અને અમુક રીતે વિવૃત તે મિશ્ર.

## કોને કઈ યોનિ હોય

હવે આ યોનિઓમાં જેને જે યોનિ હોય તે કહે છે–

**સચિત્તાદિ–** તેમાં નારકોની અને દેવોની યોનિ અચિત્ત હોય=અન્ય જીવપ્રદેશોથી અધિષ્ઠિત ન હોય. ગર્ભજ તિર્યંચ-મનુષ્યોની યોનિ મિશ્ર હોય. (શુક્ર-શોણિત બંને અચિત્ત અને ઉત્પત્તિસ્થાન રૂપ યોનિ સચિત્ત છે માટે ગર્ભજ તિર્યંચ-મનુષ્યોની યોનિ મિશ્ર કહેવાય છે.)

આ સિવાયના જીવોની(=સંમૂર્ચ્છન જન્મવાળા તિર્યંચ-મનુષ્યોની) યોનિ ત્રણ પ્રકારની હોય છે. તેમાં ગાયના શરીરમાં ઉત્પન્ન થયેલા કૃમિ આદિની સચિત્ત, તેવા પ્રકારના કાષ્ઠમાં ઉત્પન્ન થનારા ઘુણ નામના કીડા વગેરેની યોનિ અચિત્ત, તેવા પ્રકારના પ્રાણવાળા સ્થાનમાં ઉત્પન્ન થયેલા કૃમિ આદિની યોનિ મિશ્ર હોય છે.

**શીતાદિ–**ગર્ભજ મનુષ્ય વગેરેની અને દેવોની યોનિ સાધારણ શીતોષ્ણ, અગ્નિની ઉષ્ણ યોનિ પ્રસિદ્ધ જ છે. આ સિવાયના જીવોની (=સંમૂર્ચ્છિમ તિર્યંચ-મનુષ્યો અને નારકોની) યોનિ ત્રણ પ્રકારની હોય. તે આ પ્રમાણે- ગર્ભજ તિર્યંચ-મનુષ્યોમાં કોઈકની શીત, કોઈકની ઉષ્ણ, કોઈકની શીતોષ્ણ યોનિ હોય. નારકોમાં પહેલી ત્રણ પૃથ્વીઓમાં ઉષ્ણ જ હોય, ચોથી પૃથ્વીમાં નરકભેદથી ક્યાંક શીત તો ક્યાંક ઉષ્ણ હોય. પાંચમીમાં પણ એ પ્રમાણે હોય. છઠ્ઠીમાં અને સાતમીમાં શીત જ યોનિ હોય.

**સંવૃતાદિ–** નારક, એકેન્દ્રિય, દેવોની યોનિ સંવૃત હોય, ગર્ભજ તિર્યંચ-મનુષ્યોની મિશ્ર=સંવૃતવિવૃત હોય, આ સિવાયના બીજાઓની (=સંમૂર્ચ્છિમ બેઇન્દ્રિય વગેરે તિર્યંચોની અને મનુષ્યોની યોનિ વિવૃત હોય. (૨-૩૩)

**કોને કયા પ્રકારનો જન્મ હોય–**

## जरायुजाण्डजपोतजानां गर्भः ॥२-३४॥

**સૂત્રાર્થ–** જરાયુજ, અંડજ અને પોતજ પ્રાણીઓને ગર્ભરૂપ જન્મ હોય છે. (૨-૩૪)

**भाष्यं–** जरायुजानां मनुष्य-गो-महिष्यजाविकाश्व-खरोष्ट्र-मृग-चमर-वराह-गवय-सिंह-व्याघ्रर्क्ष-द्वीपि-श्व-शृगाल-मार्जारादीनाम् । अण्डजानां सर्प-गोधा-कृकलाश-गृहकोकिलिका-मत्स्य-कूर्म-नक्र-शिशुमारादीनाम् । पक्षिणां च लोमपक्षाणां हंस-चास-शुक-गृध्र-श्येन-पारापत-काक-मयूर-मद्गु-बक-बलाकादीनाम् । पोतजानां शल्लक-हस्ति-श्वाविल्लापक-शश-शारिका-नकुल-मूषिकादीनाम् । पक्षिणां च चर्मपक्षाणां जलूकावल्गुलि-भारण्डपक्षि-विरालादीनां गर्भो जन्मेति ॥२-३४॥

**ભાષ્યાર્થ–** મનુષ્ય, ગાય, ભેંસ, બકરી, ઘેટી, ઘોડો, ગધેડો, ઊંટ, હરણ, જંગલી ગાય, ભૂંડ, ગવય, સિંહ, વાઘ, રીંછ, ચિત્તો, કૂતરો, શિયાળ, બિલાડો વગેરે જરાયુજ જીવોને, સર્પ, ઘો, કાચીંડો, ગરોળી, માછલો, કાચબો, મગર, શિશુમાર વગેરે તથા રૂંવાટીની પાંખવાળા પક્ષીઓ, હંસ, ચાષ, પોપટ, ગીધ, બાજ, કબૂતર, કાગડો, મોર, મદ્ગુ[1], બગલો, બલાકા વગેરે અંડજ જીવોને, સાહુડી, હાથી, શ્વાવિલ્લાપક, સસલો, શારિકા, નોળિયો, ઉંદર વગેરે તથા ચામડીની પાંખવાળા પક્ષીઓ, જલુકા, વલ્ગુલી, ભારંડપક્ષી વિરાલ વગેરે પોતજ જીવોને ગર્ભ રૂપ જન્મ હોય છે, અર્થાત્ ગર્ભથી જન્મ પામે છે. (૨-૩૪)

૧. એક જાતનું પક્ષી.

**टीका–** त्रिविधस्य जन्मनोऽधिकृतत्वात् तत्स्वामिप्रदर्शनपरमेतत् सम्बद्धार्थमेव, यावद्गर्भो जन्मेति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह 'जरायुजाना'मित्यादि, जरायुनि जायन्ते स्म जरायुजाः, जरायुमध्यगताः, जरायुवेष्टिता इत्यर्थः, तेषां गोमहिषीमनुष्यादीनामित्यादि निगदसिद्धं, 'अण्डजाना'मित्यादि, अण्डे जायन्ते स्म अण्डजाः तेषां, सर्पगोधादीनामिति ('पक्षिणां च लोमपक्षाणां हंस-चासा'दीनामिति) निगदसिद्धमेव, 'पोतजाना'मित्यादि, पोत एव जाता इति पोतजाः, शुद्धप्रसवाः, न जराय्वादिवेष्टिताः, तेषां शल्लकहस्त्यादीनामिति निगदसिद्धमेव यावद्गर्भो जन्मेति एषां सर्वेषामेव उक्तलक्षणानां प्राणिनां अशेषाणामेव गर्भो जन्म भवतीति ॥२-३४॥

**ટીકાર્થ–** ત્રણ પ્રકારનો જન્મ પ્રસ્તુત છે. આ સૂત્ર જન્મના સ્વામીને બતાવનારું છે. પૂર્વ સૂત્રની સાથે આ સૂત્રના અર્થનો સંબંધ થઇ જ ગયો છે. જરાયુજ, અંડજ અને પોતજ પ્રાણીઓને ગર્ભ રૂપ જન્મ હોય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે- 'जरायुजानाम्' इत्यादि,

**જરાયુજ–** જે જીવો જરાયુમાં=ઓળમાં ઉત્પન્ન થયા છે તે જીવો [1]જરાયુજ છે, અર્થાત્ ઓળની મધ્યમાં રહેલા એટલે કે ઓળમાં વીંટળાયેલા જીવો જરાયુજ છે. મનુષ્ય, ગાય, ભેંસ, બકરી, ઘોડો, ગધેડો, ઊંટ, હરણ, ચમરીગાય, ભૂંડ, રોઝ, સિંહ, વાઘ, રીંછ, ચિત્તો, કૂતરો, શિયાળ, બિલાડી આદિ જીવોનો જન્મ ગર્ભજ છે.

**અંડજ–** ઇંડામાં ઉત્પન્ન થયેલા જીવો અંડજ છે. સર્પ, ઘો, કાચીંડો, ગરોળી, માછલા, કાચબો, મગરમચ્છ, શિશુમાર(=જલચર પ્રાણી) વગેરે, પક્ષીઓમાં રોમની પાંખવાળા હંસ, ચાષ, પોપટ, ગીધ, બાજ, કબૂતર, કાગડો, મોર, મદ્ગુ(=પક્ષિવિશેષ), બગલો, બલાક આદિ જીવોનો જન્મ અંડજ છે.

૧. જીવ ઉપર વીંટાયેલા પારદર્શક પડદાને જરાયુ=ઓળ કહેવામાં આવે છે.

**પોતજ–** પોતમાં જ થયેલા પ્રાણીઓ પોતજ છે. જેમની પ્રસૂતિ શુદ્ધ છે, એટલે કે જરાયુ(=ઓળુ) આદિથી વીંટળાયેલી નથી, તે જીવો પોતજ છે. (જે પ્રાણીઓ યોનિમાંથી નીકળતાં જ ચાલવાની આદતવાળા હોય અને ગર્ભાશયમાં કોઈ પણ પ્રકારના આવરણથી રહિત હોય તે પોતજ છે.) શલ્લક(=શાહુડી), હાથી, શ્વાવિલ્લાપક(=પ્રાણી વિશેષ), સસલું, શારિકા, નોળીયો, ઉંદર વગેરે તથા ચામડીની પાંખવાળા જલૂકા, વલ્ગુલિ, ભારંડપક્ષી, વિરાલ આદિ જીવોનો જન્મ પોતજ છે.

गर्भो जन्म=જેમનું લક્ષણ કહ્યું તે. આ બધા જ જીવોનો ગર્ભ રૂપ જન્મ છે, અર્થાત્ આ બધા જ જીવો ગર્ભમાં ઉત્પન્ન થનારા છે. (૨-૩૪)

**નારક-દેવોને ઉપપાત જન્મ હોય–**

## नारकदेवानामुपपातः ॥२-३५॥

**સૂત્રાર્થ–** નારક અને દેવોને ઉપપાત રૂપ જન્મ હોય છે. (૨-૩૫)

**भाष्यं–** नारकाणां देवानां चोपपातो जन्मेति ॥२-३५॥

**ભાષ્યાર્થ–** નારક અને દેવોને ઉપપાત જન્મ હોય છે. (૨-૩૫)

**टीका–** प्रकटार्थमेव, नारकाणां देवानां चोपपातो जन्मेत्येतावदस्य भाष्यं, एतदपि निगदसिद्धमेव, नवरं नारकदेवानामिति गत्यपेक्षो निर्देश अर्थप्रधानव्यवहारज्ञापनार्थ इति ॥२-३५॥

**ટીકાર્થ–** આ સૂત્રનો અર્થ સ્પષ્ટ જ છે. આ સૂત્રનું नारकाणां देवानां चोपपातो जन्म આટલું ભાષ્ય છે. ભાષ્ય પણ બોલતાં જ અર્થ સમજાઈ જાય તેવું છે. પણ વિશેષતા છે-नारक-देवानां એ પ્રમાણે નારક શબ્દનો પ્રથમ ઉલ્લેખ ગતિની અપેક્ષાએ છે. એ ઉલ્લેખ વ્યવહારમાં અર્થની પ્રધાનતા છે એમ જણાવવા માટે છે. (તે આ પ્રમાણે- જન્મ[૧] દુઃખનું કારણ છે તેમાં પણ નરકગતિમાં સૌથી અધિક દુઃખ હોય છે એ જણાવવા માટે નારક શબ્દનો ઉલ્લેખ પ્રથમ કર્યો છે. જન્મ દુઃખનું જ કારણ હોવાથી જ્ઞાનીઓ કહે છે કે જન્મ જ ન થાય તેવું કરવું જોઈએ.) (૨-૩૫)

૧. सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ॥ (સંબંધ કારિકા-૧)

**બાકીના જીવોને સમૂર્ચ્છન જન્મ હોય-**

**शेषाणां सम्मूर्च्छनम् ॥२-३६॥**

**સૂત્રાર્થ–** શેષ જીવોને સંમૂર્ચ્છન જન્મ હોય છે. (૨-૩૬)

**भाष्यं–** जराय्वण्डपोतजनारकदेवेभ्यः शेषाणां सम्मूर्च्छनं जन्म । उभयावधारणं चात्र भवति । जरायुजादीनामेव गर्भः । गर्भ एव जरायुजादीनाम् । नारकदेवानामेवोपपातः । उपपात एव नारकदेवानाम् । शेषाणामेव सम्मूर्च्छनम् । सम्मूर्च्छनमेव शेषाणाम् ॥२-३६॥

**ભાષ્યાર્થ–** જરાયુજ, અંડજ, પોતજ, નારકો અને દેવો સિવાયના અન્ય જીવોને સંમૂર્ચ્છન જન્મ હોય છે. અહીં બંને પદોમાં અવધારણ છે (તે આ પ્રમાણે-) જરાયુજ વગેરેને જ ગર્ભ હોય છે. જરાયુજ વગેરેને ગર્ભ જ હોય છે. નારક દેવોને જ ઉપપાત હોય છે. નારક દેવોને ઉપપાત જ હોય છે. અન્ય જીવોને જ સંમૂર્ચ્છન હોય છે. અન્ય જીવોને સંમૂર્ચ્છન જ હોય છે. (૨-૩૬)

**टीका–** (जराय्वण्डपोतजनारकदेवेभ्यः) शेषाणाम्–उक्तव्यतिरिक्तानां पृथिव्यादीनां सम्मूर्च्छनं जन्मेति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह 'उभयावधारणं चात्र भवती'त्यादिना उभयावधारणमिति जराय्वादीनां गर्भादौ गर्भादीनां जराय्वादाविति, अत्रेति जन्मविभागाधिकारे, यदाह जरायुजादीनामेव गर्भः, नौपपातिकादीनामुक्तलक्षणानां, गर्भ एव जरायुजादीनां, नोपपातादि, एवमुपपातादिष्वपि योजनीयमिति ॥२-३६॥

**ટીકાર્થ–** ઉક્તથી બીજા શેષ છે. (પૂર્વે જરાયુજ, અંડજ, પોતજ, નારક અને દેવો કહ્યા છે. આથી પૃથ્વીકાય આદિ જીવો શેષ છે. ઉક્તથી બીજા પૃથ્વીકાય આદિ જીવોને સંમૂર્ચ્છન જન્મ હોય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર उभयावधारणं चात्र भवति ઇત્યાદિથી કહે છે- જરાયુજ આદિનું ગર્ભ આદિમાં અને ગર્ભ આદિનું જરાયુજ આદિમાં અવધારણ કરવું.

અવધારણને કહે છે- ગર્ભ જરાયુજ આદિને જ હોય, જેનું લક્ષણ કહ્યું છે તેવા ઔપપાતિક આદિને ગર્ભ ન હોય. જરાયુજ આદિને ગર્ભ જ હોય, ઉપપાત આદિ ન હોય. એ પ્રમાણે ઉપપાત આદિમાં પણ યોજના કરવી. (ઉપપાત નારક-દેવોને જ હોય. જરાયુજ આદિને ઉપપાત ન હોય. નારક-દેવોને ઉપપાત જ હોય. સંમૂર્ચ્છન શેષ જીવોને જ હોય. જરાયુજ, અંડજ, પોતજ, નારક અને દેવોને સમૂર્ચ્છન ન હોય. શેષ જીવોને સંમૂર્ચ્છન જ હોય.) (૨-૩૬)

**શરીરના પાંચ ભેદો–**

**औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि ॥२-३७॥**

**સૂત્રાર્થ–** ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ શરીર છે. (૨-૩૭)

**भाष्यं–** औदारिकं वैक्रियमाहारकं तैजसं कार्मणमित्येतानि पञ्च शरीराणि संसारिणां जीवानां भवन्ति ॥२-३७॥

**ભાષ્યાર્થ–** ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ આ પાંચ શરીરો સંસારી જીવોને હોય છે. (૨-૩૭)

**टीका–** अनन्तरोक्तासु जन्मसु योनिषु च एतावन्त्येव शरीराणीति सूत्रसमुदायार्थः अवयवार्थं त्वाह-'औदारिक'मित्यादिना तत्रोदारं बृहत् स्थूरद्रव्यमित्यर्थः, तन्निर्वृत्तमौदारिकं, औदारिकशरीरनामकर्मोदयनिष्पन्नं वौदारिकं, विविधा क्रिया विक्रिया तया निर्वृत्तं वैक्रियशरीरनाम-कर्मोदयनिष्पन्नं वा वैक्रियं, चतुर्दशपूर्वविदा प्रतिविशिष्टप्रयोजनायाह्रियते इत्याहारकं, तेजोविकारस्तेज एव वा तैजसं-उष्णगुणं शापानुग्रह-समर्थत्वसाधनमिति, कर्मनिमित्तं कार्मणं, अशेषकर्मराशेराधारभूतं, कुण्डवद्बदरादीनां, अशेषकर्मप्रसवसमर्थं वा यथा बीजमङ्कुरादीनामिति, 'इत्येतानि पञ्च शरीराणि संसारिणां जीवानां भवन्ति' इत्येवमेतानि अनन्तरोदितानि, पञ्चैव न न्यूनाधिकानि, शीर्यत इति शरीराणि, संसारिणां जीवानामिति, जीवानामेव, न मुक्ताकाशादीनां, इह चादावौदारिकं स्थूलाल्पप्रदेशबहुस्वामित्वात्, ततो वैक्रियं पूर्वस्वामिसाधर्म्यात्, तत

आहारकं लब्धिसाधर्म्यात्, ततस्तैजसं, सूक्ष्मासङ्ख्येयस्कन्धकत्वात्, ततः कार्मणं सूक्ष्मानन्तप्रदेशत्वादिति ॥२-३७॥

**ટીકાર્થ–** હમણાં જ કહેલ જન્મ અને યોનિઓમાં આટલા જ શરીરો છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર 'औदारिकम्' ઇત્યાદિથી કહે છે–

**ઔદારિક–** ઉદાર એટલે મોટુ, અર્થાત્ સ્થૂલદ્રવ્ય. જે ઉદારથી નિર્વૃત્ત (=બનેલું) છે તે ઔદારિક. અથવા જે ઔદારિક શરીરનામકર્મના ઉદયથી થયેલું છે તે ઔદારિક. દેવ-નારકો સિવાય સર્વ જીવોનું શરીર ઔદારિક હોય છે.

**વૈક્રિય**=વિવિધ ક્રિયા તે વિક્રિયા. જે વિક્રિયાથી બનેલું છે અથવા વૈક્રિયશરીરનામકર્મના ઉદયથી બનેલું છે તે વૈક્રિય. (વૈક્રિયશરીરના ભવપ્રત્યય અને લબ્ધિપ્રત્યય એમ બે ભેદ છે. પ્રત્યય એટલે નિમિત્ત. ભવરૂપ નિમિત્તના કારણે પ્રાપ્ત થતું શરીર ભવપ્રત્યય છે. દેવ-નારકોને ભવપ્રત્યય=ભવના કારણે જ વૈક્રિયશરીર હોય છે. વૈક્રિયલબ્ધિવાળા જીવોને લબ્ધિ પ્રત્યય=તેવી લબ્ધિના(=આત્મિક શક્તિના) કારણે વૈક્રિય શરીર હોય છે. વૈક્રિયલબ્ધિવાળા જીવોનું મૂળ શરીર તો ઔદારિક જ હોય. જ્યારે ઇચ્છા થાય ત્યારે વૈક્રિયશરીર બનાવે.)

**આહારક–** ચૌદપૂર્વના જ્ઞાતા (મુનિ) વડે વિશેષ કાર્ય માટે જે ગ્રહણ કરાય(=રચાય) તે આહારક. (ચૌદપૂર્વધરો એક હાથ પ્રમાણ સૂક્ષ્મ અને દિવ્યશરીર બનાવીને તે શરીરથી તીર્થંકરની ઋદ્ધિ જોવા કે તીર્થંકરને પ્રશ્નો પૂછવા તીર્થંકરની પાસે જાય છે. જે ચૌદપૂર્વધરને આહારકલબ્ધિ પ્રાપ્ત થઇ હોય તે જ મુનિ આ શરીર બનાવી શકે. આહારકલબ્ધિ ચૌદ પૂર્વધર મુનિને જ હોય.)

**તૈજસ–** તેજનો વિકાર તે તૈજસ અથવા તેજ એ જ તૈજસ. આ શરીર ઉષ્ણ(=ઉષ્ણ ગુણવાળું) હોય છે. શાપ આપવાની અને અનુગ્રહ કરવાની શક્તિનું સાધન છે.[1]

૧. આ વિષે વિશેષ વર્ણન ૪૩મા सर्वस्य એ સૂત્રના ભાષ્યમાં અને ટીકામાં છે.

(આ શરીરથી જીવ ખાધેલા ખોરાકને પચાવી શકે છે. આપણા શરીરમાં અને પેટમાં જે ગરમી રહેલી છે તે એક પ્રકારનું શરીર છે. તેને તૈજસશરીર કહેવામાં આવે છે. જો આ શરીર ન હોય તો આપણે ખોરાકને પચાવી ન શકીએ અને આપણા શરીરમાં ગરમી ન રહે. મૃત્યુ થતાં આ શરીર ન હોવાથી શરીર ઠંડુ પડી જાય છે.

તૈજસશરીરના સહજ અને લબ્ધિ પ્રત્યય એમ બે ભેદ છે. ખાધેલા ખોરાકને પચાવવામાં કારણભૂત શરીર સહજ તૈજસશરીર છે. આ શરીર સંસારી સર્વ પ્રાણીઓને હોય છે. વિશિષ્ટ તપ આદિથી ઉત્પન્ન થતી તેજોલબ્ધિ(=તેજોલેશ્યા) લબ્ધિ પ્રત્યય શરીર છે.)

**કાર્મણ–** કર્મનું જે નિમિત્ત છે તે કાર્મણ. જેવી રીતે કુંડી બોરના આધારભૂત છે, તેવી રીતે સઘળી કર્મરાશીનું આ શરીર આધારભૂત છે.જેવી રીતે બીજ અંકુર આદિને ઉત્પન્ન કરવામાં સમર્થ છે, તેમ આ શરીર સઘળાં કર્મોને ઉત્પન્ન કરવામાં સમર્થ છે. (**ભાવાર્થ–** આત્માની સાથે ક્ષીરનીરવત્ એકમેક થયેલાં કર્મોનો સમૂહ એ જ કાર્મણશરીર છે. જીવ દરેક સમયે કર્મબંધ કરે છે. આ કર્મો એ જ કાર્મણશરીર.)

આ પાંચ શરીર સંસારી જીવોને હોય. શરીર પાંચ જ છે. ઓછા કે વધારે નથી. જે નાશ પામે તે શરીર. શરીર સંસારી જીવોને જ હોય. મુક્ત જીવોને કે આકાશ વગેરેને ન હોય.

**ક્રમનું પ્રયોજન–** સ્થૂલ અને અલ્પ પ્રદેશોવાળું હોવાથી તથા તેના સ્વામી ઘણા (અન્ય શરીરના સ્વામીઓથી અધિક) હોવાથી સૌથી પહેલાં ઔદારિકશરીરનો ઉલ્લેખ કર્યો છે. પૂર્વ શરીરના સ્વામીઓની સાથે સમાનતા હોવાથી, અર્થાત્ ઔદારિકશરીરવાળા પણ વૈક્રિયલબ્ધિવાળા જીવો આ શરીરના સ્વામી છે, આ રીતે ઔદારિકશરીરના સ્વામીઓની સાથે વૈક્રિયશરીરના સ્વામી જીવોની સમાનતા હોવાથી ઔદારિકશરીર પછી વૈક્રિયશરીરનો ઉલ્લેખ કર્યો છે. ત્યાર પછી લબ્ધિની સમાનતાથી આહારકશરીરનો ઉલ્લેખ કર્યો છે. વૈક્રિયશરીર બનાવવા માટે વૈક્રિયલબ્ધિ

જોઈએ. તેમ આહારકશરીર બનાવવા માટે આહારકલબ્ધિ જોઈએ. ત્યાર પછી સૂક્ષ્મ, અસંખ્ય સ્કંધોથી બનતું હોવાથી તૈજસશરીરનો ઉલ્લેખ કર્યો છે. ત્યાર પછી સૂક્ષ્મ, અનંતપ્રદેશ રૂપ હોવાથી કાર્મણશરીરનો ઉલ્લેખ છે. (૨-૩૭)

**टीकावतरणिका—** अमुमेवार्थमादर्शयन्नाह—

**ટીકાવતરણિકાર્થ—** આ જ અર્થને બતાવતા સૂત્રકાર કહે છે—

**શરીરમાં સૂક્ષ્મતાનો વિચાર—**

## परं परं सूक्ष्मम् ॥२-३८॥

**સૂત્રાર્થ—** આ પાંચ શરીરોમાં પૂર્વના શરીરથી પછી પછીનું શરીર વધારે સૂક્ષ્મ હોય છે. (૨-૩૮)

**भाष्यं—** तेषामौदारिकादिशरीराणां परं परं सूक्ष्मं वेदितव्यम्। तद्यथा- औदारिकाद्वैक्रियं सूक्ष्मम् । वैक्रियादाहारकम् । आहारकात्तैजसम्। तैजसात्कार्मणमिति ॥२-३८॥

**ભાષ્યાર્થ—** તે ઔદારિક વગેરે શરીરોમાં પછી પછીનું શરીર સૂક્ષ્મ જાણવું. તે આ પ્રમાણે- ઔદારિકશરીરથી વૈક્રિયશરીર સૂક્ષ્મ છે. વૈક્રિય-શરીરથી આહારકશરીર સૂક્ષ્મ છે. આહારકશરીરથી તૈજસશરીર સૂક્ષ્મ છે. તૈજસશરીરથી કાર્મણશરીર સૂક્ષ્મ છે. (૨-૩૮)

**टीका—** सम्बन्धः प्रकटः, समुदायार्थश्च। अवयवार्थं त्वाह-'तेषा'-मित्यादिना तेषामित्यनेन सूत्रसम्बन्धमाह-औदारिकादीनां शरीराणा-मनन्तरोद्दिष्टानां, किमित्याह-परं परं सूक्ष्मं वेदितव्यमिति, वीप्सया व्याप्तिमाह- पूर्वं पूर्वमुत्तरोत्तरशरीरापेक्षया परिस्थूरद्रव्यारब्धमतिशिथिल-निचयं बृहच्च भवति, उत्तरोत्तरं तु सूक्ष्मद्रव्यानन्तमतिघननिचयमणु च भवति, पुद्गलद्रव्यपरिणतिवैचित्र्यात्, अमुमेवार्थमाह-'तद्यथे'त्यादिना, तदेतद्यथा स्पष्टतरं भवति तथा कथयति-औदारिकाच्छरीरात् वैक्रियं सूक्ष्मं, ननु चौदारिकं योजनसहस्रप्रमाणमुत्कर्षात् वैक्रियं तु योजन-

लक्षप्रमाणमतः कथं तत् सूक्ष्ममिति ?, उच्यते, यद्यपि प्रमाणतस्तदपि महद्वैक्रियं तथापि सूक्ष्ममेवादृश्यत्वात्, इच्छया तु तत्कर्त्तुर्दृश्यत इत्यतो न दोषः, तथा वैक्रियादाहारकं, सूक्ष्मतरपरिणामपरिणतबहुपुद्गल-द्रव्यारब्धत्वात्, आहारकात्तैजसं, बहुतरद्रव्यमतिसूक्ष्मपरिणामपरिणतं च, तैजसात् कार्मणमतिबहुद्रव्यप्रचितमतिसूक्ष्मं च भवति अत्र सूक्ष्मता-ऽऽपेक्षिकी प्रतिपत्तव्या, न सूक्ष्मनामकर्मोदयजनितेति ॥२-३८॥

**ટીકાર્થ–** સંબંધ અને સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થ તો तेषाम् ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે- तेषाम् એવા ઉલ્લેખથી પૂર્વસૂત્રની સાથે આ સૂત્રનો સંબંધ જણાવ્યો છે. હમણાં નામ લઈને કહેલા ઔદારિક વગેરે શરીરોમાં પછી પછીનું શરીર સૂક્ષ્મ જાણવું. [1]વીપ્સાથી વ્યાપ્તિને કહે છે- પૂર્વ પૂર્વનું શરીર ઉત્તર-ઉત્તર (પછી-પછીના) શરીરની અપેક્ષાએ અત્યંત સ્થૂલ દ્રવ્યોથી પ્રારંભાયેલું, અત્યંત શિથિલ પુદ્ગલોના સમૂહ રૂપ અને મોટું હોય છે. ઉત્તર ઉત્તરનું શરીર અનંત સૂક્ષ્મ દ્રવ્યોવાળું, અતિશયઘનપુદ્ગલોના સમૂહરૂપ અને નાનું હોય છે. કારણ કે પુદ્ગલદ્રવ્યના પરિણામ વિચિત્ર હોય છે.

આ જ અર્થને ભાષ્યકાર तद्यथा ઇત્યાદિથી કહે છે- તે(=ઉક્ત શરીર સંબંધી વિગત) જે રીતે સ્પષ્ટ થાય તે રીતે કહે છે- ઔદારિકશરીરથી વૈક્રિયશરીર સૂક્ષ્મ છે.

**પ્રશ્ન–** ઉત્કૃષ્ટથી ઔદારિકશરીર હજાર યોજન પ્રમાણ છે. વૈક્રિયશરીર લાખ યોજન પ્રમાણ છે. તેથી વૈક્રિયશરીર સૂક્ષ્મ છે એ કેવી રીતે ઘટે ?

**ઉત્તર–** જો કે પ્રમાણથી વૈક્રિયશરીર મોટું છે. તો પણ સૂક્ષ્મ જ છે. કારણ કે તે શરીર અદૃશ્ય(=આંખોથી ન જોઈ શકાય તેવું) છે. વૈક્રિયશરીર શરીરના કરનારની [2]ઇચ્છાથી દેખાય છે. આથી વૈક્રિયને સૂક્ષ્મ કહેવામાં દોષ નથી.

૧. વારંવાર કે ફરી ફરી કહેવું તે વીપ્સા.
૨. આનો તાત્પર્યાર્થ એ જણાય છે કે- વૈક્રિયશરીર કરનારની ઇચ્છા હોય તો બીજાને દેખાય તેવું શરીર કરી શકે. ઇચ્છા ન હોય તો બીજાને દેખાય તેવું શરીર ન કરે.

વૈક્રિયથી આહારક સૂક્ષ્મ છે. કારણ કે વૈક્રિયથી અધિક સૂક્ષ્મ પરિણામ રૂપે પરિણમેલા ઘણા દ્રવ્યોથી પ્રારંભાયેલું છે. આહારકથી તૈજસ સૂક્ષ્મ છે. કારણ કે આહારકથી ઘણા દ્રવ્યોવાળું છે. અત્યંત સૂક્ષ્મ પરિણામથી પરિણમેલું છે. તૈજસથી કાર્મણ સૂક્ષ્મ છે. કારણ કે તૈજસથી ઘણા દ્રવ્યો એકઠા કરીને બનેલું છે અને અત્યંત સૂક્ષ્મ હોય છે. અહીં સૂક્ષ્મતા અપેક્ષાથી જાણવી. (પૂર્વના શરીરની અપેક્ષાએ સૂક્ષ્મતા જાણવી.) નહિ કે સૂક્ષ્મનામકર્મના ઉદયથી થયેલી. (૨-૩૮)

**टीकावतरणिका–** एतच्च स्थूरात् सूक्ष्ममुत्तरोत्तरं किमित्याह–

**ટીકાવતરણિકાર્થ–** આ શરીર સ્થૂલ શરીરથી ઉત્તરોત્તર સૂક્ષ્મ છે. પણ પ્રદેશથી કેવું છે ? આવા પ્રશ્નના ઉત્તરને કહે છે–

**શરીરમાં પ્રદેશોનો વિચાર–**

## प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् तैजसाद् ॥२-३९॥

**સૂત્રાર્થ–** તૈજસની પહેલાના એટલે કે આહારક સુધીના શરીરો પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યગુણ છે. (૨-૩૯)

**भाष्यं–** तेषां शरीराणां परं परमेव प्रदेशतोऽसङ्ख्येयगुणं भवति प्राक् तैजसात् । औदारिकशरीरप्रदेशेभ्यो वैक्रियशरीरप्रदेशा असङ्ख्येयगुणाः । वैक्रियशरीरप्रदेशेभ्य आहारकशरीरप्रदेशा असङ्ख्येयगुणा इति ॥२-३९॥

**ભાષ્યાર્થ–** તૈજસશરીરથી પહેલાના શરીરોમાં પછી પછીનું શરીર પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યગુણ છે. ઔદારિકશરીરોના પ્રદેશોથી વૈક્રિય-શરીરના પ્રદેશો અસંખ્યગુણા છે. વૈક્રિયશરીરના પ્રદેશોથી આહારક-શરીરના પ્રદેશો અસંખ્યગુણા છે. (ઇત્યાદિ જાણવું.) (૨-૩૯)

**टीका–** प्रदेश इति प्रवृद्धो देशः प्रदेशः-अनन्ताणुकस्कन्धः, एवंविधैः प्रदेशैः प्रदेशतः 'इतरेभ्योऽपि दृश्यन्त' इति वचनात्, असङ्ख्येयगुणं भवति, परम्परमिति वर्त्तते, प्राक् तैजसादिति तैजसमर्यादयेति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'तेषा'मित्यादिना, तेषां

शरीराणाम्-औदारिकादीनां परं परमेवेत्युत्तरोत्तरमित्यर्थः, प्रदेशतो-ऽसङ्ख्येयगुणं भवति, अनन्तरोदितप्रदेशापेक्षया एतदुक्तं भवति औदारिक-शरीरग्रहणयोग्यो यः स्कन्धोऽनन्तप्रदेशः एकः यदाऽन्यैरनन्ताणुकैः स्कन्धैरसङ्ख्येयैर्गुणितो भवति तदा वैक्रियग्रहणयोग्यो जायते, एवं वैक्रियग्रहणयोग्योऽप्यनन्ताणुको यदाऽन्यैरनन्ताणुकैरसङ्ख्येयैर्गुणितो भवति तदाऽऽहारकग्रहणयोग्यतामेति, तैजसादिति मर्यादां दर्शयति, न सर्वशरीरव्याप्ययं न्यायः, अपि तु तैजसमर्यादया, अमुमेवार्थं स्पष्टतरमाह 'औदारिके'त्यादि, औदारिकशरीरप्रदेशेभ्यो यथोदितानन्ताणुस्कन्धेभ्यः, किमित्याह-वैक्रियशरीरप्रदेशा यथोदितस्कन्धा एव, असङ्ख्येयगुणा इति भावितार्थमेतत्, एवं वैक्रियशरीरप्रदेशेभ्यः पूर्वोक्तस्कन्धेभ्यः आहारकशरीरप्रदेशाः पूर्वोक्ता एवासङ्ख्येयगुणा इति, समानं पूर्वेण, सर्वत्रेह प्रदेशास्तत्तच्छरीरप्रायोग्यस्कन्धा एव गृह्यन्ते, न परमाणवः, तत्त्वार्थासम्भवात्, अणूनां च शरीरग्रहणयोग्यत्वाभावादिति ॥२-३९॥

**ટીકાર્થ–** प्रवृद्धो देशः प्रदेशः એવા સમાસથી પ્રદેશ શબ્દ બન્યો છે. (જેના બે વિભાગ ન થઇ શકે તેવો અંતિમ સૂક્ષ્મ વિભાગ તે પ્રદેશ એમ પ્રદેશનો અર્થ પ્રસિદ્ધ છે. પણ પ્રદેશનો તે અર્થ અહીં નથી લેવાનો. અહીં પ્રદેશ એટલે અનંત અણુઓથી બનેલો સ્કંધ. કારણ કે બીજાઓથી પણ જોઇ શકાય એવું વચન છે. (પ્રદેશ શબ્દનો 'અનંત અણુઓથી બનેલો સ્કંધ' એવો અર્થ કેમ કર્યો એના હેતુ તરીકે બીજાઓથી(=વૈક્રિયશરીર બનાવનારથી બીજા જીવો, એ જીવોથી) પણ જોઇ શકાય છે, એમ જણાવ્યું છે. સંખ્યાત અણુવાળા સ્કંધો અને અસંખ્ય અણુવાળા સ્કંધો બીજાઓથી ન જોઇ શકાય, અનંત અણુવાળા સ્કંધો જ બીજાઓથી જોઇ શકાય.)

પ્રદેશથી એટલે આવા પ્રકારના સ્કંધોથી પછી પછીનું શરીર અસંખ્યગુણ હોય છે. પૂર્વ સૂત્રમાં આવેલો परं परं એવો પ્રયોગ આ સૂત્રમાં પણ સમજી લેવો.

प्राक् तैजसाद् એટલે તૈજસની મર્યાદાથી (અર્થાત્ અહીં प्राक् શબ્દ મર્યાદા અર્થમાં છે.)

આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર तेषाम् ઈત્યાદિથી કહે છે- તે ઔદારિક વગેરે પાંચ શરીરોમાં પછી પછીનું શરીર પ્રદેશથી અસંખ્યગણું હોય છે. અહીં ભાવાર્થ આ છે- ઔદારિકશરીર બનાવવા માટે ગ્રહણ કરવાને યોગ્ય જે સ્કંધ છે તે અનંતપ્રદેશવાળો હોય છે એ અનંતપ્રદેશવાળા એક સ્કંધને જ્યારે અન્ય અનંતા અણુવાળા અસંખ્ય સ્કંધોથી ગુણવામાં આવે ત્યારે તે સ્કંધ વૈક્રિયશરીર બનાવવા માટે ગ્રહણ કરવાને યોગ્ય બને. એ પ્રમાણે વૈક્રિયશરીર બનાવવા માટે ગ્રહણ કરવાને યોગ્ય અનંત અણુવાળો સ્કંધ જ્યારે અન્ય અનંત અણુવાળા અસંખ્ય સ્કંધોથી ગુણવામાં આવે ત્યારે તે સ્કંધ આહારકશરીર બનાવવા માટે ગ્રહણ કરવાને યોગ્ય બને. तैजसाद्=તૈજસથી એવા પ્રયોગથી મર્યાદાને બતાવે છે. આ સૂત્રથી બનાવેલો નિયમ સર્વશરીરો માટે નથી, કિંતુ તૈજસની મર્યાદાથી છે. આ જ અર્થને સ્પષ્ટ કરવા ભાષ્યકાર કહે છે- "औदारिक" इत्यादि, ઔદારિકશરીરના પ્રદેશોથી= પૂર્વોક્ત અનંત પરમાણુવાળા સ્કંધોથી વૈક્રિયશરીરના પૂર્વોક્ત સ્કંધો અસંખ્યગુણ હોય છે. અસંખ્યગુણા શબ્દના અર્થની ભાવના(=વિચારણા) પૂર્વે કરી જ છે. એ પ્રમાણે વૈક્રિયશરીરના સ્કંધોથી આહારકશરીરના પૂર્વોક્ત સ્કંધો અસંખ્યગુણા છે. (समानं पूर्वेण=) પૂર્વના અસંખ્યગુણામાં અસંખ્યની જેટલી સંખ્યા છે તેટલી જ અસંખ્ય સંખ્યા પછીના શરીરમાં હોય છે. આમ પૂર્વની સાથે સમાનતા છે. અહીં સર્વત્ર પ્રદેશોથી એટલે તે તે શરીરને યોગ્ય સ્કંધો જ ગ્રહણ કરાય છે, પરમાણુઓ નહિ. કારણ કે પરમાણુઓને ગ્રહણ કરવામાં તાત્ત્વિક અર્થનો અસંભવ છે. વળી પરમાણુઓ શરીર બનાવવા માટે ગ્રહણ કરવાને યોગ્ય નથી. (૨-૩૯)

**તૈજસ અને કાર્મણના પ્રદેશો અનંતગુણા છે–**

**अनन्तगुणे परे ॥२-४०॥**

**સૂત્રાર્થ–** આહારક પછીના બંને શરીરોના પ્રદેશો-સ્કંધો ક્રમશઃ અનંતગુણ છે. (૨-૪૦)

**भाष्यं–** परे द्वे शरीरे तैजसकार्मणे पूर्वतः पूर्वतः प्रदेशार्थतयानन्तगुणे भवतः । आहारकात्तैजसं प्रदेशतोऽनन्तगुणम् । तैजसात्कार्मणमनन्तगुणमिति ॥२-४०॥

**ભાષ્યાર્થ–** પછીના(=છેલ્લા) તૈજસ અને કાર્મણ એ બે શરીરો પૂર્વ પૂર્વના શરીર પ્રદેશોથી અનંતગુણ પ્રદેશવાળા છે. (તે આ પ્રમાણે-) આહારકથી તૈજસ પ્રદેશની અપેક્ષાએ અનંતગુણ છે. તૈજસથી કાર્મણ અનંતગુણ છે. (૨-૪૦)

**टीका–** समुदायार्थः प्रकटः, अवयवार्थं त्वाह-'परे द्वे शरीरे' इत्यादिना परे इत्युक्ते द्विशब्दोपादानं सप्तम्याशङ्कानिवृत्त्यर्थः, परे द्वे शरीरे, विस्पष्टार्थमाह-तैजसकार्मणे इत्यादि पूर्ववत्, पूर्वस्मात् पूर्वत इति, वीप्सायां व्याप्तिमाह- प्रदेशार्थतयैतेऽनन्ताणुकस्कन्धार्थत्वेनानन्तगुणे भवतः, एतत् प्रकटार्थमेवाह-आहारकाच्छरीरात्तैजसं शरीरमेव, किमित्याह-प्रदेशतोऽनन्तगुणमिति, आहारकशरीरयोग्यः स्कन्धोऽनन्ताणुभिः स्कन्धैरनन्तैर्गुणितः तैजसशरीरग्रहणयोग्यो भवति, एवं प्रदेशत इति प्रदेशैरनन्ताणुकैरनन्तैरनन्तगुणमिति फलनिर्देशः, एवं तैजसाच्छरीरात् कार्मणमेव, किमित्याह-अनन्तगुणमिति, एवमेव शरीरावयवानन्तगुणत्वेनेति भावनीयं ॥२-४०॥

**ટીકાર્થ–** સૂત્રનો સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને તો ભાષ્યકાર परे द्वे शरीरे ઇત્યાદિથી કહે છે–

**પ્રશ્ન–** परे એમ કહેવાથી બે શરીર એમ સમજાઇ જાય છે છતાં द्वि શબ્દનો ઉલ્લેખ કેમ કર્યો ?

**ઉત્તર–** परे એવો પ્રયોગ પ્રથમા દ્વિવચન પણ સમજાય અને સપ્તમી વિભક્તિ એકવચન પણ સમજાય. આથી સપ્તમી વિભક્તિની કોઇને શંકા ન થાય એ માટે द्वि શબ્દનો ઉલ્લેખ કર્યો છે.

परे પ્રયોગથી કયા બે શરીર સમજવા એની સ્પષ્ટતા માટે કહે છે- તૈજસ અને કાર્મણ. पूर्वस्मात् पूर्वतः એ પ્રમાણે વીપ્સામાં વ્યાપ્તિને કહે છે- પૂર્વે પ્રદેશ શબ્દનો જે અર્થ કહ્યો છે તે અર્થ પ્રમાણે પ્રદેશ એટલે અનંત પરમાણુવાળો સ્કંધ એવો અર્થ છે. આથી આ બે શરીર અનંતગુણ છે. આના સ્પષ્ટ અર્થને જ કહે છે- આહારકશરીરથી તૈજસશરીર પ્રદેશથી અનંતગુણ છે. આહારકશરીરને યોગ્ય સ્કંધને અનંત પરમાણુવાળા અનંત સ્કંધોથી ગુણવાથી તૈજસશરીર બનાવવા માટે ગ્રહણ કરવાને યોગ્ય બને છે.

'प्रदेशतः' इति અનંત અણુવાળા અનંતપ્રદેશોથી અનંતગુણા છે એમ ફળનો નિર્દેશ કર્યો છે. એ પ્રમાણે તૈજસશરીરથી કાર્મણશરીર અનંતગુણ છે. એ પ્રમાણે શરીરના અવયવો અનંતગુણ છે એમ ભાવના કરવી= વિચારવું. (૨-૪૦)

**તૈજસ-કાર્મણ શરીર પ્રતિઘાતથી રહિત છે–**

## अप्रतिघाते ॥२-४१॥

**સૂત્રાર્થ–** તૈજસ અને કાર્મણશરીર પ્રતિઘાતથી રહિત છે. (૨-૪૧)

**भाष्यं–** एते द्वे शरीरे तैजसकार्मणे अन्यत्र लोकान्तात्सर्वत्राप्रतिघाते भवतः ॥२-४१॥

**ભાષ્યાર્થ–** તૈજસ અને કાર્મણ એ બે શરીર લોકાંત સિવાય સર્વત્ર પ્રતિઘાતથી રહિત છે. (૨-૪૧)

**टीका–** एते एव शरीरे परे अप्रतिघाते-प्रतिघातवर्जिते भवत इति सूत्रसमुदायार्थः । अवयवार्थमाह-'एते द्वे'इत्यादिना एते इत्युक्ते द्विशब्दोपादानं प्रथमाबहुवचनाशङ्कानिवृत्त्यर्थं, तैजसकार्मणे इति प्रक्रान्ते, अन्यत्र लोकान्तादिति लोकान्तं मुक्त्वा सर्वत्रान्यत्र वा लोकादौ, किमित्याह-अप्रतिघाते इति-प्रतिघातवर्जिते भवतः, तथाविधसूक्ष्म-परिणामित्वात्, एतद्वतां लोकमध्ये सर्वत्रोपपत्तेरिति ॥२-४१॥

**ટીકાર્થ–** આહારકશરીર પછીના તૈજસ અને કાર્મણ એ બે જ શરીર પ્રતિઘાતથી રહિત છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને एते द्वे ઇત્યાદિથી કહે છે- एते એ પ્રમાણે કહેવા છતાં द्वि શબ્દનું ગ્રહણ एते એ પ્રયોગમાં પ્રથમા બહુવચનની શંકાને દૂર કરવા માટે છે. તૈજસ અને કાર્મણશરીર[1] લોકાંત સિવાય લોકના બીજા આદિ સર્વસ્થળે પ્રતિઘાત રહિત છે. કેમ કે તેવા પ્રકારના સૂક્ષ્મ પરિણામવાળા છે. તૈજસ-કાર્મણ શરીરવાળા જીવો લોકમાં સર્વસ્થળે પ્રાપ્ત થાય છે. (૨-૪૧)

**તૈજસ અને કાર્મણ શરીર અનાદિથી છે–**

## अनादिसम्बन्धे च ॥२-४२॥

**સૂત્રાર્થ–** તૈજસ અને કાર્મણનો જીવ સાથે અનાદિથી સંબંધ છે. (૨-૪૨)

**भाष्यं–** ताभ्यां तैजसकार्मणाभ्यामनादिसम्बन्धो जीवस्येत्यनादिसम्बन्ध इति ॥२-४२॥

**ભાષ્યાર્થ–** તૈજસ અને કાર્મણ એ બે શરીરની સાથે જીવનો સંબંધ અનાદિથી છે તેથી એ બે શરીરો અનાદિ સંબંધવાળા છે. (૨-૪૨)

**टीका–** आदिः-प्राथम्यमविद्यमानः आदिर्यस्यासावनादिः, सम्बन्धनं सम्बन्धः-संयोगः; अनादिः सम्बन्धो ययोः परस्परेण संसारिभिश्च सह ते अनादिसम्बन्धे, चशब्दः सम्बन्धविकल्पार्थः, प्रवाहतो, न तु व्यक्तितः, अतीतकालवदिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह 'ताभ्या'मित्यादिना ताभ्यां तैजसकार्मणाभ्यामित्याह, अनादिः अकृतकस्तथाभव्यत्वापेक्षया सम्बन्धः-संयोगो जीवस्येत्येवमनादिसम्बन्धे इति, जीवत्ववत्, तत्कर्मसम्बन्धयोग्यत्वरूपं जीवत्वं तथाभव्यत्वमनादि, तदभावे सिद्धस्येव (न) तथाकर्मसम्बन्धः, भेदापेक्षया वाऽऽदिसम्बन्धे इति, तदित्थमादित्वानादित्वयोरन्योऽन्यानुवेधः अन्यथोभयाभाव इति भावनीयं, एतेन सिद्धानामप्यनादिमत्त्वाभ्युपगमाज्जीवत्ववत् तदसिद्ध-

---

૧. તૈજસ-કાર્મણ શરીર લોકાંતે અટકી જાય છે. કેમકે લોકાંત પછી ગતિ-સ્થિતિમાં સહાયક ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નથી.

पूर्वकत्वाभाव इति यदाहुर्मन्दमतयस्तदपि प्रतिक्षिप्तमवसेयं आदित्वानादित्वयोरन्योऽन्यानुवेधोऽन्यथोभयाभावादिति भावितमेतत् ॥२-४२॥

**ટીકાર્થ–** જેને આદિ નથી તે અનાદિ. સંબંધ એટલે સંયોગ. સંસારી જીવોની સાથે જે બેનો પરસ્પર સંબંધ છે તે अनादिसम्बन्धे. સૂત્રમાં च શબ્દ સંબંધના વિકલ્પ માટે છે. તે આ પ્રમાણે- પ્રવાહથી અનાદિથી સંબંધવાળા છે, વ્યક્તિથી નહિ, કોની જેમ ? અતીતકાળની જેમ. (અતીતકાળ પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે. પણ સમય, આવલિકા વગેરે કાળના ભેદની અપેક્ષાએ આદિ છે.)

આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર "ताभ्याम्" ઇત્યાદિથી કહે છે- તે તૈજસ-કાર્મણની સાથે જીવનો સંબંધ અનાદિથી છે.

અનાદિ=તથાભવ્યત્વની અપેક્ષાથી કોઇએ કરેલું ન હોય તેવું.

સંબંધ=સંયોગ. આમાં જીવત્વનું દૃષ્ટાંત છે. જીવની કર્મસંબંધની યોગ્યતા રૂપ જીવત્વ અને તથાભવ્યત્વ અનાદિ છે. જો કર્મસંબંધની યોગ્યતા રૂપ જીવત્વ ન હોય તો સિદ્ધની જેમ તેને તેવા પ્રકારનો કર્મસંબંધ ન થાય, અથવા ભેદની(=વિશેષની) અપેક્ષાએ આદિ સંબંધવાળા થાય. આ પ્રમાણે આદિત્વ અને અનાદિત્વ એ બેનો પરસ્પર સંબંધ છે. જો આદિત્વ અને અનાદિત્વનો પરસ્પર સંબંધ ન હોય તો આદિત્વ અને અનાદિત્વ એ બેનો અભાવ થાય. આમ કહેવાથી જીવત્વની જેમ સિદ્ધોનું પણ અનાદિપણું સ્વીકાર્યું હોવાથી કેટલાક મંદમતિવાળા જીવો કહે છે કે "સિદ્ધપૂર્વક સિદ્ધ થાય છે, અર્થાત્ પહેલાં કોઇ જીવ સિદ્ધ થયો પછી બીજા સિદ્ધ થયા એમ સિદ્ધત્વનું આદિપણું છે." એ મતનું ખંડન કર્યું જાણવું.

આદિત્વ અને અનાદિત્વનો પરસ્પર સંબંધ છે, અન્યથા આદિત્વ અને અનાદિત્વ એ બેનો અભાવ થાય. આ પ્રમાણે આ (આ જ સૂત્રમાં) વિચારેલું છે. (૨-૪૨)

**તૈજસ-કાર્મણ શરીર સંસારી બધા જીવોને હોય–**

**सर्वस्य ॥२-४३॥**

**સૂત્રાર્થ–** તૈજસ અને કાર્મણ સંસારી સર્વજીવોને સદા હોય છે. (૨-૪૩)

**भाष्यं–** सर्वस्य चैते तैजसकार्मणे शरीरे संसारिणो जीवस्य भवतः । एके त्वाचार्या नयवादापेक्षं व्याचक्षते । कार्मणमेवैकमनादिसम्बन्धम् । तेनैवैकेन जीवस्यानादिः सम्बन्धो भवतीति । तैजसं तु लब्ध्यपेक्षं भवति। सा च तैजसलब्धिर्न सर्वस्य, कस्यचिदेव भवति । क्रोध-प्रसादनिमित्तौ शापानुग्रहौ प्रति तेजोनिसर्गशीतरश्मिनिसर्गकरम्, तथा भ्राजिष्णुप्रभासमुदयच्छायानिर्वर्तकं तैजसं शरीरेषु मणिज्वलन-ज्योतिष्कविमानवदिति ॥२-४३॥

**ભાષ્યાર્થ–** તૈજસ અને કાર્મણ એ બે શરીરો સર્વ સંસારી જીવોને હોય છે. અન્ય આચાર્યો 'નયવાદની અપેક્ષાએ કહે છે કે- એક કાર્મણ જ શરીર અનાદિ સંબંધવાળું છે. તે જ એકની સાથે જીવનો અનાદિથી સંબંધ છે. તૈજસ તો લબ્ધિની અપેક્ષાવાળું છે. તૈજસલબ્ધિ બધા જીવોને ન હોય કિંતુ કોઈક જ જીવને હોય. તૈજસશરીર કોઈના ઉપર ક્રોધ થાય તો શાપ આપવા માટે ઉષ્ણ કિરણોને છોડે છે અને કોઈના ઉપર મહેરબાની થાય તો અનુગ્રહ કરવા માટે શીતકિરણોને છોડે છે. તથા તૈજસશરીર મણિ, અગ્નિ, જ્યોતિષ્ક વિમાનોની જેમ દેદીપ્યમાન પ્રભાસમૂહની છાયાને ઉત્પન્ન કરે છે. (૨-૪૩)

**टीका–** सम्बन्धः प्रतीतः, समुदायार्थं त्वाह-'सर्वस्यैते'त्यादिनाऽऽह सर्वस्य-सर्वस्यैव एते-अनन्तरोदिते तैजसकार्मणे शरीरे संसारिणो जीवस्य भवतः, नासंसारिणः, एतन्निबन्धनत्वात् संसारस्येति, स्वाभि-प्रायमभिधाय मतान्तरमुपन्यसन्नाह-'एकेत्वि'त्यादिना, एके त्वाचार्या इति अन्ये पुनराचार्याः, नयवादापेक्षमिति, पर्यायनयवादमपेक्ष्य व्याचक्षते, कथमित्याह-कार्मणमेवैकं शरीरमनादिसम्बन्धं, एवमाह अपेक्षया, ततश्च तेनैवैकेन कार्मणेन शरीरेण जीवस्य-प्राणिनोऽनादिः सम्बन्धो भवति,

तस्यैव संसारनिबन्धनत्वात्, तैजसं तु लब्ध्यपेक्षं भवति, गुणप्रत्ययत्वात्, सा च तैजसलब्धिर्विशिष्टतया अनुष्ठानसाध्या न सर्वस्य संसारिणः, किन्तु कस्यचिदेव भवति तथाविधतपस्विनः, एतच्चैवंभूतमित्याह 'कोपप्रसादनिमित्ता'विति, कोपप्रसादौ निमित्तं ययोः शापानुग्रहयोः तौ कोपप्रसादनिमित्तौ शापानुग्रहौ प्रतिपन्ना अभिमुखीकृत्य तेजोनिसर्ग-शीतरश्मिनिसर्गकरमिति, तेजोनिसर्गश्च शीतरश्मिनिसर्गश्च तेजोनिसर्ग-शीतरश्मिनिसर्गौ एतत्करणशीलमिति समासः, तत्र तेजोनिसर्गकरं कोपावेशाल्लौकिकमुनेर्गोशाले तेजोनिसर्गवत्, शीतरश्मिनिसर्गकरं तु प्रसादावेशाद् भगवतो गोशाल एव शीतरश्मिनिसर्गवत्, 'तथा भ्राजि-ष्णुप्रभे'त्यादि, भ्राजनशीलो भ्राजिष्णुः प्रभाणां समुदायस्तस्य छाया, ननु च प्रभा भ्राजिष्णुरेव भवति किं हि तस्या विशेष्यते ?, न, मलीम-सत्वेनापि दर्शनात्, मलीमसप्रभो मणिरिति व्यवहरन्ति लौकिकाः, तस्याश्च छायाया निर्वर्तकं उत्पादकं तैजसं शरीरेष्वौदारिकादिषु केषुचित् मणिज्वलनज्योतिष्कविमानवदिति यथा हि मणयः स्फटिकाङ्कवैडूर्यादयो भ्राजिष्णुच्छायाः विमलपुद्गलारब्धत्वात्, ज्वलनो वा निरस्तप्रत्या-सन्नतिमिरव्रातः प्रद्योतते तेजसा, ज्योतिष्कदेवानां वा चन्द्रादित्यानां विमानान्यतिभास्वराणि निर्मलद्रव्यारब्धत्वात्, तैजसशरीरापेक्षमौदारि-कादिषु शरीरेषु केषुचिदेव स्फुरन्मृजाजालमुपलभ्यते इति, न चैवमपि सूत्रमचारु, कार्मणशरीरभेदस्यैवाभ्यवहृताहारं प्रति पाकशक्तिमतस्तैज-सत्वेन विवक्षितत्वादिति ॥२-४३॥

**ટીકાર્થ–** સૂત્રનો સંબંધ જણાઇ ગયેલો જ છે. સમુદિત અર્થને सर्वस्यैव ઇત્યાદિથી કહે છે- હમણાં જ કહેલા તૈજસ-કાર્મણશરીર સંસારી બધા જ જીવોને હોય. આ શરીરો સિદ્ધને ન હોય. કારણ કે સંસાર આ બે શરીરના કારણે છે.

આ પ્રમાણે પોતાનો અભિપ્રાય કહીને મતાંતરનો ઉલ્લેખ કરતા ભાષ્યકાર કહે છે- અન્ય આચાર્યો પર્યાયનયવાદની અપેક્ષાથી કહે છે

કે, એક કાર્મણ જ શરીર જીવની સાથે અનાદિ સંબંધવાળું છે. આ પ્રમાણે (ઋજુસૂત્રનયની) અપેક્ષાથી કહે છે. તેથી તે જ એક કાર્મણશરીર સાથે જીવનો અનાદિ સંબંધ છે. કારણ કે તે જ સંસારનું કારણ છે. તૈજસ તો લબ્ધિની અપેક્ષાવાળું છે, અર્થાત્ જેને તૈજસલબ્ધિ પ્રાપ્ત થાય તેને તૈજસ-શરીર હોય. કારણ કે તે શરીર ગુણથી(=વિશિષ્ટ તપ આદિથી) પ્રાપ્ત થાય છે. તૈજસલબ્ધિ વિશિષ્ટ અનુષ્ઠાનથી સાધી શકાય છે. (એથી) સર્વ-સંસારી જીવોને ન હોય. કોઇક જ તેવા પ્રકારના તપસ્વીને હોય.

આ શરીર આવા પ્રકારનું છે એમ કહે છે- તૈજસશરીર ક્રોધ અને કૃપાના નિમિત્તવાળું છે જેમને શ્રાપ કે અનુગ્રહ કરવાનો છે તેવા જીવોને સન્મુખ કરીને (તેજોનિગ્રહ=)તેજને(=તેજોલેશ્યાને) છોડવાનું અને ઠંડા કિરણો(=શીત લેશ્યાને) છોડવાનું કાર્ય કરે છે.

અહીં ભાવાર્થ આ છે- જેને તૈજસલબ્ધિ પ્રાપ્ત થઇ હોય તે જીવ પોતાને જેના ઉપર ક્રોધ થયો હોય તે જીવ ઉપર ઉષ્ણ તેજોલેશ્યા મૂકે છે, તથા પોતાને જેના ઉપર અનુગ્રહ કરવાની ભાવના થાય તેના ઉપર શીત કિરણો ફેંકે છે=શીતલેશ્યા મૂકે છે. તેમાં કોપાવેશથી લૌકિક મુનિએ (વૈશ્યાયન તાપસે) ગોશાળા ઉપર તેજોલેશ્યા મૂકી હતી. અતિશય કૃપા કરવાના કારણે ભગવાન શ્રી મહાવીર સ્વામીએ ગોશાળા ઉપર શીતલેશ્યા મૂકી હતી. 'तथा भ्राजिष्णु' इत्यादि, તથા તૈજસશરીર દેદીપ્યમાન પ્રભામંડલની આભા ઉત્પન્ન કરે છે=પ્રભા કરે છે.

**પ્રશ્ન–** પ્રભા દેદીપ્યમાન જ હોય છે તો પછી પ્રભાનું દેદીપ્યમાન એવું વિશેષણ શા માટે મૂક્યું ?

**ઉત્તર–** પ્રભા દેદીપ્યમાન જ હોય એવું નથી. કેમકે મલીન પ્રભા પણ જોવામાં આવે છે. આ મણિ મલીન પ્રભાવાળો છે એમ લૌકિક મનુષ્યો બોલતા હોય છે. ઔદારિક વગેરે કેટલાક શરીરોમાં જ મણિ, અગ્નિ અને જ્યોતિષ્કવિમાનની જેમ પ્રભાને ઉત્પન્ન કરનારું તૈજસશરીર હોય છે. જેમકે (૧) સ્ફટિકરત્ન, અંકરત્ન અને વૈડૂર્યરત્ન વગેરે મણિઓ

દેદીપ્યમાન પ્રભાવાળા હોય છે. કારણ કે એ મણિઓ નિર્મળ પુદ્ગલોથી બનેલા છે. (૨) જેણે નજીકમાં રહેલા અંધકાર સમૂહને દૂર કર્યો છે એવો અગ્નિ તેજથી ઝળકે છે. (૩) ચંદ્ર-સૂર્ય આદિ જ્યોતિષ્ક દેવોના વિમાનો અત્યંત દેદીપ્યમાન પ્રકાશવાળા હોય છે. કારણ કે નિર્મળ દ્રવ્યોથી બનેલા છે. તૈજસશરીરની અપેક્ષાએ ઔદારિક વગેરે કોઈક જ શરીરોમાં ચમકનો નિર્મળ સમૂહ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન–** ઉપર કહ્યું તેમ કેટલાક જ શરીરોમાં તૈજસશરીર હોય છે. જ્યારે આ સૂત્રમાં તો તૈજસશરીર બધાને હોય છે એમ કહ્યું છે. આથી આ સૂત્ર બરોબર નથી.

**ઉત્તર–** અહીં ખાધેલા આહારને પચાવવાની શક્તિવાળું તૈજસશરીર વિવક્ષિત છે. એ શરીર કાર્મણશરીરનો જ ભેદ છે. એથી આ શરીર બધાને જ હોય છે. (૨-૪૩)

**टीकावतरणिका–** यथैते सर्वस्य तथा अन्यानि कियन्तीत्याशङ्का भवेत्तद्व्यपोहायाह–

**ટીકાવતરણિકાર્થ–** જેવી રીતે તૈજસ-કાર્મણશરીર બધાને જ હોય છે તેવી રીતે એક જીવને (એકી સાથે) બીજા કેટલાં શરીરો હોય ? એવી આશંકાને દૂર કરવા માટે કહે છે–

**એક જીવને એકી સાથે કેટલા શરીરો હોય–**

**तदादीनि भाज्यानि युगपदेकस्याचतुर्भ्यः ॥२-४४॥**

**સૂત્રાર્થ–** એક જીવને એકી સાથે બેથી ચાર સુધી શરીર હોઈ શકે છે. (૨-૪૪)

**भाष्यं–** ते आदिनी एषामिति तदादीनि। तैजसकार्मणे यावत्संसार-भाविनी आदिं कृत्वा, शेषाणि युगपदेकस्य जीवस्य भाज्यान्याचतुर्भ्यः। तद्यथा- तैजसकार्मणे वा स्याताम्। तैजसकार्मणौदारिकाणि वा स्युः। तैजसकार्मणवैक्रियाणि वा स्युः। तैजसकार्मणौदारिकवैक्रियाणि वा स्युः। तैजसकार्मणौदारिकाहारकाणि वा स्युः। कार्मणमेव वा स्यात्।

कार्मणौदारिके वा स्याताम् । कार्मणवैक्रिये वा स्याताम् कार्मणौदारिकवैक्रियाणि वा स्युः । कार्मणौदारिकाहारकाणि वा स्युः । कार्मणतैजसौदारिकवैक्रियाणि वा स्युः । कार्मणतैजसौदारिकाऽऽहारकाणि वा स्युः । न तु कदाचिद्युगपत्पञ्च भवन्ति । नापि वैक्रियाहारके युगपद्भवतः । स्वामिविशेषादिति वक्ष्यते ॥२-४४॥

**ભાષ્યાર્થ–** તે તૈજસ-કાર્મણ શરીરો જેમની આદિમાં છે તે तदादीनि. સંસાર સુધી રહેનારા તૈજસ-કાર્મણશરીરથી પ્રારંભી અન્યશરીરો એક જીવને એકી સાથે ચાર સુધી વિકલ્પ કરવા યોગ્ય છે. તે આ પ્રમાણે- તૈજસ અને કાર્મણ એ બે શરીરો હોય અથવા તૈજસ, કાર્મણ અને ઔદારિક એ ત્રણ શરીરો હોય અથવા તૈજસ, કાર્મણ અને વૈક્રિય એ ત્રણ શરીરો હોય અથવા તૈજસ, કાર્મણ, ઔદારિક અને વૈક્રિય એ ચાર શરીરો હોય અથવા તૈજસ, કાર્મણ, ઔદારિક અને આહારક એ ચાર શરીરો હોય અથવા કાર્મણ જ એક શરીર હોય અથવા કાર્મણ, ઔદારિક એ બે શરીરો હોય અથવા કાર્મણ, વૈક્રિય એ બે શરીરો હોય અથવા કાર્મણ, ઔદારિક અને વૈક્રિય એ ત્રણ શરીરો હોય અથવા કાર્મણ, ઔદારિક અને આહારક એ ત્રણ શરીરો હોય અથવા કાર્મણ, તૈજસ, ઔદારિક અને વૈક્રિય એ ચાર શરીરો હોય અથવા કાર્મણ, તૈજસ, ઔદારિક અને આહારક એ ચાર શરીરો હોય. ક્યારેય એકી સાથે પાંચ શરીરો નથી હોતા અને વૈક્રિય અને આહારક એ બે શરીરો પણ સાથે નથી હોતા. કારણ કે તે બે શરીરના સ્વામીઓ જુદા હોય છે એમ આગળ (અ.૨ સૂ.૪૭ અને ૪૯માં) કહેવાશે. (૨-૪૪)

**टीका–** वैक्रियाहारकयोर्युगपदभावादिति सूत्रसमुदायार्थः, अवयवार्थं त्वाह–'ते आदिनी'इत्यादिना, ते इति क्रमात् तैजसकार्मणे आदिनी एषामित्यौदारिकादीनां तानीमानि तदादीनि, सर्वाण्येव गृह्यन्ते, एतदेव स्पष्टयन्नाह–तैजसकार्मणे प्रस्तुते तावत् संसारभाविनी यावत् संसारं भवितुं शीले, आदिं कृत्वा मेढीभूततया व्यवस्थाप्य शेषाणि औदारिकादीनि युगपद्–एकस्मिन् काले एकस्य जीवस्य मनुष्यादेः

भाज्यानि विकल्प्यानि, आ चतुर्भ्य इतियावच्चत्वारि, भजनामेव दर्शयति-'तद्यथे'त्यादिना, तैजसकार्मणे वा स्यातां, कार्मणभेदं तैजसमधिकृत्यान्तरालगतौ, यद्येवं कथं विग्रहगतौ कर्मयोगाभिधानं ?, ननु योगाधिकारात्, तैजसव्यापाराभावेनेति दोषाभावः, तैजसकार्मणौदारिकाणि वा स्युः, औदारिकोत्पादे, तैजसकार्मणवैक्रियाणि वा स्युः वैक्रियोत्पादे, तैजसकार्मणौदारिकवैक्रियाणि वा स्युः, लब्धिवैक्रियभावेन, तैजसकार्मणौदारिकाहारकाणि वा स्युः, चतुर्दशपूर्वविदस्तैजसलब्धिमतोऽनुग्राहकतैजसापेक्षया, कार्मणमेव वा स्यात्, स्वकार्याकरणेनानङ्गीकृत्य तैजसभेदं, विग्रह इति भावनीयं, कार्मणभेदो वा तैजसमिति तदनङ्गीकरणतः, आचार्यदेशीयमतेन (कार्मणवैक्रिये वा स्याताम् देवनारकाणां, कार्मणौदारिकवैक्रियाणि वा स्युः तिर्यङ्मनुष्याणामनुत्पन्नतैजसलब्धीनां), यदाह-कार्मणौदारिके वा स्यातां, तैजसवैक्रियलब्धिशून्यस्य मनुष्यादेः, कार्मणौदारिकाहारकाणि वा स्युः, आहारकलब्धिमतः, तदभावे कार्मणतैजसौदारिकवैक्रियाणि वा स्युः, तैजसवैक्रियलब्धिमतो मनुष्यादेः, कार्मणतैजसौदारिकाहारकाणि वा स्युः, तैजसलब्धिमत एव चतुर्दशपूर्वविद इत्याचार्यदेशीयमतमेतत्, आचतुर्भ्य इत्यवयवफलमाह-'नत्वि'त्यादि, न तु नैव कदाचिद्युगपद् एकदा पञ्च भवन्ति शरीराणि, किञ्च-नापि वैक्रियाहारके युगपद्भवतो द्वे अपि, तथाविधलब्ध्यभावात्, क्रमेण तु भवतोऽपि, किमेतदेवमित्याह-स्वामिविशेषादिति वक्ष्यते, स्वामिविशेषतः 'लब्धिप्रत्ययं वा' 'शुभं विशुद्ध'मित्यादिसूत्रद्वयभावी, वैक्रियस्वामी तत्क्रियाकाले तदुत्तरकालं च तां लब्धिमुपजीवन् न अप्रमत्तः, आहारकस्वामी तु तत्क्रियाकाल एव प्रमत्तो, नोत्तरकाल इति ॥२-४४॥

**ટીકાર્થ–** વૈક્રિય અને આહારક એ બે શરીરો એકી સાથે ન હોય. એથી એક જીવને એકી સાથે બે થી ચાર શરીર હોય. આ પ્રમાણે સૂત્રનો સમુદિત

અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર તે આદિની ઇત્યાદિથી કહે છે-તે એટલે ક્રમની અપેક્ષાએ તૈજસ-કાર્મણ આદિ છે જે ઔદારિક આદિ શરીરોમાં તે આ તદાદીનિ. તદાદીનિ પદથી બધા જ શરીરો ગ્રહણ કરવામાં આવે છે. આ જ વિષયને સ્પષ્ટ કરતાં ભાષ્યકાર કહે છે- તૈજસ-કાર્મણ જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી રહેનારા છે. આ બે શરીરોને મુખ્યપણે રાખીને ઔદારિક વગેરે શરીરો એકી સાથે મનુષ્ય વગેરે એક જીવને ચાર સુધી ભાજ્ય છે=હોઇ શકે છે. ભજનાને(વિકલ્પને) જ તદ્યથા ઇત્યાદિથી બતાવે છે-

(૧) તૈજસશરીર કાર્મણનું ભેદ છે એ નિયમને આશ્રયીને અંતરાલ ગતિમાં તૈજસ-કાર્મણ એ બે શરીર હોય.

**પ્રશ્ન–** તો પછી વિગ્રહગતિમાં કાર્મણ યોગ જ કેમ કહ્યો છે ?

**ઉત્તર–** જે સૂત્રમાં વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ હોય છે એમ કહ્યું છે તે સૂત્રમાં યોગનો અધિકાર છે. વિગ્રહગતિમાં તૈજસશરીર હોવા છતાં તેનો વ્યાપાર ન હોવાથી કાર્મણયોગ જ હોય છે. આથી આમાં કોઇ દોષ નથી.

(૨) અથવા ઔદારિકશરીર હોય ત્યારે તૈજસ, કાર્મણ, ઔદારિક એ ત્રણ શરીરો હોય અથવા વૈક્રિયશરીર હોય ત્યારે તૈજસ, કાર્મણ, વૈક્રિય એ ત્રણ શરીરો હોય.

(૩) અથવા વૈક્રિયલબ્ધિ હોય ત્યારે તૈજસ, કાર્મણ, ઔદારિક, વૈક્રિય એ ચાર શરીર હોય અથવા તૈજસલબ્ધિ સંપન્ન ચૌદપૂર્વધરને અનુગ્રહ કરનાર તૈજસશરીર (=શીતલેશ્યા)ની અપેક્ષાએ તૈજસ, કાર્મણ, ઔદારિક, આહારક એ ચાર શરીરો હોય.

## મતાંતર

(૧) અથવા વિગ્રહગતિમાં પોતાનું (ખાધેલા આહારને પચાવવાનું) કાર્ય ન કરવાથી તૈજસ ભેદનો સ્વીકાર ન કરવાથી એક કાર્મણયોગ જ હોય. અથવા તૈજસશરીર કાર્મણનો જ ભેદ છે એથી તેનો સ્વીકાર ન કરવાથી કાર્મણયોગ જ હોય.

(દેવ અને નારકોને કાર્મણ અને વૈક્રિય એમ બે શરીરો હોય. જેમને તૈજસલબ્ધિ ઉત્પન્ન નથી થઇ તેવા તિર્યંચ અને મનુષ્યોને કાર્મણ, ઔદારિક અને વૈક્રિય એમ ત્રણ શરીરો હોય.)

(૨) તૈજસ-વૈક્રિયલબ્ધિથી રહિત મનુષ્ય વગેરેને કાર્મણ, ઔદારિક એમ બે શરીર હોય.

(૩) અથવા આહારકલબ્ધિવાળાને કાર્મણ, ઔદારિક, આહારક એમ ત્રણ શરીર હોય.

(૪) આહારકલબ્ધિના અભાવમાં તૈજસ, વૈક્રિયલબ્ધિ સંપન્ન મનુષ્ય વગેરેને કાર્મણ, તૈજસ, ઔદારિક, વૈક્રિય એ ચાર શરીર હોય અથવા તૈજસલબ્ધિ સંપન્ન જ ચૌદપૂર્વધરને કાર્મણ, તૈજસ, ઔદારિક, આહારક એ ચાર શરીર હોય. આ પ્રમાણે આચાર્ય સમાન બીજાનો મત છે.

"ચાર સુધી" એ અવયવના ફળને કહે છે- "न तु" इत्यादि, ક્યારેય પણ એકી સાથે પાંચ શરીરો ન હોય તથા આહારક અને વૈક્રિય એ બે શરીરો પણ એકી સાથે ન હોય. કારણ કે કોઇ જીવને તેવા પ્રકારની (=બંને શરીર એકી સાથે હોય તેવી) લબ્ધિ જ હોતી નથી. ક્રમથી તો તે બે શરીર હોય. આ આ પ્રમાણે કેમ છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે- સ્વામીના વિશેષથી એમ આગળ કહેશે. સ્વામી વિશેષથી लब्धिप्रत्ययं च (૨-૪૮) शुभं विशुद्धम् (૨-૪૯) ઇત્યાદિ બે સૂત્રો હવે પછી આવશે. (અર્થાત્ આહારકશરીર અને વૈક્રિયશરીર એ બેના સ્વામી ભિન્ન ભિન્ન છે. કારણ કે) વૈક્રિયલબ્ધિના સ્વામી મુનિ (तत्क्रियाकाले=) જ્યારે વૈક્રિયશરીર બનાવે ત્યારે પ્રમત્ત હોય છે. આહારકલબ્ધિના સ્વામી મુનિ જ્યારે આહારક શરીર બનાવે ત્યારે પ્રમત્ત હોય છે પણ આહારક શરીરનો ઉપયોગ કરે ત્યારે અપ્રમત્ત હોય છે. (આનો અર્થ એ થયો કે વૈક્રિયશરીરનો ઉપયોગ કરનારા મુનિ છઠ્ઠા ગુણસ્થાને છે અને આહારકશરીરનો ઉપયોગ કરનારા મુનિ સાતમા ગુણસ્થાને છે. આમ બંને શરીરના સ્વામી ભિન્ન છે. માટે એક જીવને એકી સાથે પાંચ શરીર ન હોય, કિંતુ ચાર હોય.) (૨-૪૪)

**टीकावतरणिका–** उक्तान्युद्देशतः शरीराणि, एषां च–

**ટીકાવતરણિકાર્થ–** નામનો નિર્દેશ કરીને શરીરો કહ્યાં. એ પાંચ શરીરોમાનું–

**કાર્મણ શરીર ઉપભોગથી રહિત છે–**

**निरुपभोगमन्त्यम् ॥२-४५॥**

**સૂત્રાર્થ–** અંત્ય=કાર્મણશરીર ઉપભોગથી રહિત છે. (૨-૪૫)

**भाष्यं–** अन्त्यमिति सूत्रक्रमप्रामाण्यात्कार्मणमाह– तन्निरुपभोगम् । न सुखदुःखे तेनोपभुज्येते, न तेन कर्म बध्यते, न वेद्यते, नापि निर्जीर्यत इत्यर्थः । शेषाणि तु सोपभोगानि । यस्मात्सुखदुःखे तैरुपभुज्येते कर्म बध्यते वेद्यते निर्जीर्यते च तस्मात्सोपभोगानीति ॥२-४५॥

**ભાષ્યાર્થ–** અન્ત્ય એવા શબ્દથી સૂત્રમાં કહેલ ક્રમ પ્રમાણે કાર્મણ શરીરને કહે છે–

તે (કાર્મણશરીર) ઉપભોગથી રહિત છે. તે સુખદુઃખનો ઉપભોગ કરતું નથી. તેનાથી કર્મ બંધાતુ નથી, વેદાતું નથી, અને કર્મની નિર્જરા પણ થતી નથી. બાકીના શરીરો તો ઉપભોગ સહિત છે. કેમકે તેમનાથી સુખ-દુઃખનો ઉપભોગ કરાય છે. કર્મ બંધાય છે, વેદાય છે અને નિર્જરા કરાય છે. (૨-૪૫)

**टीका–** तदिन्द्रियाद्यभावादिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह 'अन्त्य'मित्यादिना अन्ते भवमन्त्यमिति सूत्रक्रमप्रामाण्यात् उपन्यास-सूत्रमधिकृत्य कार्मणमाह, औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीरा-णीतिसूत्रपाठात्, 'तन्निरुपभोगं' कार्मणं, किमुक्तं भवतीत्याह–न सुख-दुःखे तेनोपभुज्येते कार्मणेन, असङ्ख्येयसामयिकत्वात् तत्सुखा-द्युपभोगस्य, तस्य चतुःसमयपरे विग्रह एव भावात्, तथा तेन न कर्म बध्यते, अभिव्यक्तकर्मबन्धकारणाभावात्, हिंसाद्ययोगात्, एवं न च वेद्यते, विशिष्टानुभावेन, कर्मविग्रहस्याल्पकालत्वात्, उदीरणाद्ययोगात्

नापि निर्जीर्यत इत्यर्थः, न नीरसतामापाद्यते, अमुक्तरसकुसुम्भवत्, उपकरणाभावात् सामग्र्ययोगादिति, एवं प्रतिविशिष्टभोगाद्यपेक्षमेतत्, नोपभोगादिमात्रापेक्षमिति, 'शेषाणि त्वि'त्यादि, शेषाणि तु कार्मण-व्यतिरिक्तान्यौदारिकादीनि, किमित्याह-सोपभोगानि, उपभोगनिमित्ते-न्द्रियाणां भावात्, एतदेव विशेषेणाह-'यस्मादि'त्यादिना, यस्मात् सुखदुःखे तैरौदारिकादिभिरुपभुज्येते, इन्द्रियादिवृत्तेः कारणात्, तथा कर्म च बध्यते, अभिव्यक्तबन्धनहेतुभावात् हिंसादियोगात्, एवं वेद्यते विशिष्टानुभवेन तद्वेदनकालोपपत्तेः, उदीरणादियोगात्, एवं निर्जीर्यते नीरसतामापाद्यते च, मुक्तरसकुसुम्भवत्, अत एव हेतोः, यस्मादेवं तस्मात् सोपभोगानीति निगमनं ॥२-४५॥

**ટીકાર્થ–** કાર્મણશરીરને ઇન્દ્રિયો વગેરે ન હોવાથી કાર્મણશરીર ઉપભોગથી રહિત છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર अन्त्यम् ઇત્યાદિથી કહે છે- જે શરીર અંતે હોય તે શરીર અંત્ય કહેવાય. પ્રસ્તુતમાં સૂત્રકાર સૂત્રમાં જણાવેલા ક્રમ પ્રમાણે અંત્ય શરીરથી કાર્મણશરીરને કહે છે. કેમકે औदारिक-वैक्रिय-ऽऽहारक तैजस-कार्मणानि शरीराणि (૨-૩૭) એવો સૂત્રપાઠ છે.

કાર્મણશરીર ઉપભોગથી રહિત છે, અર્થાત્ (૧) કાર્મણશરીરથી સુખ-દુઃખનો ઉપભોગ કરી શકાતો નથી. (જેમ ઔદારિક આદિ શરીરથી ઇન્દ્રિયો અને વિષયોના સંપર્કથી સુખ-દુઃખનો વ્યક્તરૂપે અનુભવ થાય છે, તેમ કાર્મણશરીરથી સુખ-દુઃખનો અનુભવ થતો નથી.) કારણ કે શરીરથી સુખ-દુઃખનો અનુભવ અસંખ્ય સમયથી જ થાય. કાર્મણશરીરનો યોગ તો વિગ્રહગતિમાં જ વધારેમાં વધારે ચાર સમય સુધી જ હોય.

(૨) તથા કાર્મણશરીરથી કર્મબંધ ન થાય. (જેમ ઔદારિક આદિ શરીરથી હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મસેવન આદિ પ્રવૃત્તિથી મન, વચન, કાયાથી વ્યક્ત રૂપે કર્મબંધ થાય છે, તેવી રીતે કાર્મણશરીરથી કર્મબંધ

થતો નથી.) કારણ કે તે વખતે વ્યક્તરૂપે હિંસાની પ્રવૃત્તિ ન હોવાથી વ્યક્તરૂપે કર્મબંધના કારણોનો અભાવ હોય છે.

(૩) વિશિષ્ટ અનુભવ રૂપે કર્મ વેદાય નહિ, (જેવી રીતે ઔદારિક આદિ શરીરથી સ્પષ્ટ રૂપે કર્મફળનો અનુભવ થાય છે તેમ કાર્મણ શરીરથી ન થાય.) કારણ કે કાર્મણશરીરનો(=કાર્મણકાયયોગનો) કાળ અલ્પ હોવાથી ઉદીરણા[1] વગેરે ન થઇ શકે.

(૪) કર્મનિર્જરા પણ ન થાય. રસહીન ન બનેલા[2] કુસુંભપુષ્પોની જેમ કર્મો રસહીન કરી શકાતા નથી.

કાર્મણશરીરથી સુખ-દુઃખનો ઉપભોગ વગેરે કેમ કરી શકાતું નથી તેનું કારણ જણાવતાં ટીકાકાર કહે છે કે- (उपकरणाभावात्=) ઉપકરણનો (=ઔદારિકશરીર વગેરેનો) અભાવ છે. ઉપકરણનો અભાવ કેમ છે તેનું કારણ જણાવતાં કહે છે કે- (सामग्र्ययोगाद्=) સામગ્રીનો (=મનુષ્યગતિ વગેરે કારણ સમૂહનો) યોગ નથી. (एवं प्रति-विशिष्ट०=)અહીં ભોગ વગેરેનો અભાવ જે કહ્યો છે તે વિશિષ્ટ પ્રકારના ભોગ આદિની અપેક્ષાએ છે, પણ કોઇ પણ પ્રકારના ઉપભોગ આદિની અપેક્ષાએ નથી. અહીં ભાવાર્થ આ છે- કાર્મણશરીરથી પૂર્વે કહ્યું તેમ વિશિષ્ટ રૂપે=વ્યક્તરૂપે સુખ-દુઃખાનુભવ વગેરે ન થાય, પણ કર્મનો ઉદય હોય છે અને મિથ્યાત્વ આદિ નિમિત્તક કર્મબંધ પણ હોય છે. તેમ જ ભોગવાયેલા કર્મની અકામનિર્જરા પણ હોય છે...

"शेषाणी तु" इत्यादि, કાર્મણ સિવાય બાકીના ઔદારિક વગેરે શરીરો ઉપભોગથી સહિત છે. કારણ કે જેનાથી ઉપભોગ કરી શકાય તે ઇન્દ્રિયો તેમને હોય છે.

---

૧. ભવિષ્યમાં ઉદયમાં આવનારાં કર્મોને જે પ્રયત્નવિશેષથી ઉદયાવલિકામાં નાખીને તેમનાં ફળનો વહેલો અનુભવ કરી લેવો તે ઉદીરણા છે.

૨. કુસુંભવૃક્ષનાં પુષ્પો રસહીન બને એટલે એની મેળે વૃક્ષ ઉપરથી ખરી પડે છે. એ પુષ્પોમાંથી ફળો થતાં નથી. તેવી રીતે રસહીન બનેલાં કર્મો ફળ આપ્યા વિના આત્મપ્રદેશોથી છૂટા પડી જાય છે, માટે અહીં કુસુંભવૃક્ષનાં પુષ્પોનું દૃષ્ટાંત આપ્યું છે.

ઔદારિક વગેરે શરીરો ઉપભોગથી સહિત કેમ છે તેનું કારણ ભાષ્યકાર **यस्माद्** ઇત્યાદિથી કહે છે- (૧) કારણ કે સુખ-દુઃખનો ઉપભોગ ઔદારિક વગેરે શરીરોથી કરી શકાય છે. સુખ-દુઃખનો ઉપભોગ ઔદારિક વગેરે શરીરોથી કેમ કરી શકાય છે તેનું કારણ ટીકાકાર કહે છે- **इन्द्रियादिवृत्तेः कारणाद्**=ઇન્દ્રિય વગેરેની પ્રવૃત્તિ રૂપ કારણ વિદ્યમાન હોવાથી ઔદારિકાદિ શરીરોથી સુખ-દુઃખનો ઉપભોગ કરી શકાય છે.

(૨) કર્મબંધ થાય છે. કારણ કે હિંસા વગેરેનો યોગ હોવાથી વ્યક્તરૂપે કર્મબંધના હેતુઓ વિદ્યમાન છે.

(૩) એ પ્રમાણે વિશિષ્ટ અનુભવથી કર્મો વેદાય છે. કારણ કે કર્મોને વેદવાનો (અસંખ્ય સમય વગેરે) કાળ ઘટી શકે છે અને ઉદીરણા વગેરે થઇ શકે છે.

(૪) એ પ્રમાણે કર્મનિર્જરા કરી શકાય છે અને કર્મોને રસહીન કરી શકાય છે. આ વિષે રસહીન બનેલાં કુસુંભપુષ્પોનું દૃષ્ટાંત છે. (કુસુંભવૃક્ષના પુષ્પો સમય જતાં એની મેળે રસહીન બનીને વૃક્ષ ઉપરથી ખરી પડે છે. તેવી રીતે રસહીન બનેલાં કર્મો ફળ આપ્યા વિના આત્મપ્રદેશોમાંથી વિખૂટાં પડી જાય છે.)

ઔદારિક વગેરે શરીરોથી ઉક્ત રીતે સુખ-દુઃખનો અનુભવ વગેરે કરી શકાય છે. તેથી ઔદારિક વગેરે શરીરો ઉપભોગથી સહિત છે. આ પ્રમાણે ઉપસંહાર છે.

[**પ્રશ્ન—** ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ શરીરને દ્રવ્ય ઇન્દ્રિયો હોવાથી તેમના દ્વારા ઉપભોગ થઇ શકે એ બરોબર છે. પણ તૈજસશરીર દ્રવ્યઇન્દ્રિયોથી રહિત હોવાથી તેના દ્વારા ઉપભોગ કેવી રીતે થાય?

**ઉત્તર—** ખોરાકનું પાચન અને ઉષ્ણ તેજોલેશ્યા કે શીતલેશ્યાનો પ્રાદુર્ભાવ વગેરે તૈજસશરીર દ્વારા થાય છે. તૈજસશરીરની શક્તિ

બરોબર હોય તો પાચનશક્તિ સારી રહે છે. એથી સુખનો અનુભવ થાય છે. તૈજસશરીરની શક્તિનો હ્રાસ થતાં પાચનશક્તિ નબળી બનવાથી દુઃખનો અનુભવ થાય છે. અન્ય જીવ ઉપર શીતલેશ્યા મૂકી તેજોલેશ્યાથી રક્ષણ કરવા દ્વારા અથવા શત્રુ ઉપર તેજોલેશ્યા મૂકી દુઃખી કરવા દ્વારા જીવ આનંદનો અનુભવ કરે છે. એ પ્રમાણે અન્ય ઉપર શીત કે ઉષ્ણ તેજોલેશ્યા મૂકતાં તેની અસર ન થાય તો દુઃખ અનુભવે છે. તથા તેજોલેશ્યા દ્વારા અન્ય ઉપર શાપ કે અનુગ્રહ કરવાથી પાપ યા પુણ્યકર્મનો બંધ, શુભાશુભ કર્મનો અનુભવ તથા નિર્જરા પણ થાય છે. આ પ્રમાણે તૈજસશરીરથી પણ સુખ-દુઃખનો અનુભવ, કર્મબંધ, કર્મનો અનુભવ તથા કર્મનિર્જરા થાય છે. આથી તૈજસશરીર પણ સોપભોગ છે.] (૨-૪૫)

**भाष्यावतरणिका—** अत्राह- एषां पञ्चानामपि शरीराणां सम्मूर्च्छनादिषु त्रिषु जन्मसु किं क्व जायत इति । अत्रोच्यते—

**ભાષ્યાવતરણિકાર્થ— પ્રશ્ન—** આ પાંચેય શરીરોના સંમૂર્ચ્છન આદિ ત્રણ જન્મોમાં કયું શરીર કયા જન્મમાં ઉત્પન્ન થાય છે ? અહીં ઉત્તર કહેવાય છે-

**टीकावतरणिका—** 'अत्राहे'त्यादि, सम्बन्धग्रन्थः, एषामौदारिकादीनां पञ्चानामपि शरीराणां, किमित्याह-सम्मूर्च्छनादिषु त्रिषु जन्मसु सम्मूर्च्छनगर्भोपपातलक्षणेषु किं शरीरं क्व जन्मनि जायत ? इति, अत्रोच्यते—

**ટીકાવતરણિકાર્થ—** "अत्राह" ઇત્યાદિ વાક્ય પૂર્વસૂત્રનો આગામી સૂત્ર સાથે સંબંધ છે તેને જણાવે છે. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે આ ઔદારિક વગેરે પાંચેય શરીરોમાંથી કયું શરીર સંમૂર્ચ્છન, ગર્ભ, ઉપપાત એ ત્રણ પ્રકારના જન્મોમાંથી કયા જન્મમાં હોય છે ? અહીં ઉત્તર આપવામાં આવે છે—

**ગર્ભજ અને સંમૂર્ચ્છનજન્મવાળાને ઔદારિકશરીર હોય—**

**गर्भसम्मूर्च्छनजमाद्यम् ॥२-४६॥**

**સૂત્રાર્થ–** આદ્ય=ઔદારિકશરીર ગર્ભથી અને સંમૂર્ચ્છનથી ઉત્પન્ન થાય છે, અર્થાત્ ગર્ભજ અને સંમૂર્ચ્છિમ જીવોને ઔદારિકશરીર હોય છે. (૨-૪૬)

**भाष्यं–** आद्यमिति सूत्रक्रमप्रामाण्यादौदारिकमाह। तद्गर्भे सम्मूर्च्छने वा जायते ॥२-४६॥

**ભાષ્યાર્થ–** આદ્ય શબ્દથી સૂત્રમાં કહેલા ક્રમ પ્રમાણે ઔદારિકને કહે છે- ઔદારિકશરીર ગર્ભમાં કે સમૂર્ચ્છનમાં ઉત્પન્ન થાય છે. (૨-૪૬)

**टीका–** समुदायार्थः प्रकटः । अवयवार्थमाह-'आद्य'मित्यादिना, आदौ भवं आद्यमिति सूत्रक्रमप्रामाण्यात् औदारिकादिपाठेन औदारिकमाह, तदौदारिकं गर्भे गर्भजन्मनि संमूर्च्छने वा संमूर्च्छनजन्मनि वा जायते सम्भवति, एतच्च जघन्येनाङ्गुलासङ्ख्येयभागमात्रमुत्कर्षतो योजन-सहस्रमिति ॥२-४६॥

**ટીકાર્થ–** સૂત્રનો સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને ભાષ્યકાર "आद्यम्" ઇત્યાદિથી કહે છે- પહેલાં જે થયું હોય તે આદ્ય કહેવાય છે. સૂત્રમાં જણાવેલા ક્રમ પ્રમાણે આદ્ય એટલે ઔદારિક. કારણ કે સૂત્રમાં સર્વપ્રથમ ઔદારિકનો પાઠ છે. તે ઔદારિકશરીર ગર્ભ રૂપ જન્મમાં અને સંમૂર્ચ્છનરૂપ જન્મમાં સંભવે છે. આ શરીર જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું અને ઉત્કૃષ્ટથી હજાર યોજન જેટલું હોય છે. (હજાર યોજનથી અધિક ઊંડા જલાશયોમાં વેલ અને કમળ વગેરેના શરીરની અવગાહના હજાર યોજન હોય છે. (બૃ.સં. ગા.૨૯૪) તથા સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલાના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના હજાર યોજન હોય છે.) (૨-૪૬)

**ઉપપાતજન્મવાળાને વૈક્રિયશરીર હોય–**

**वैक्रियमोपपातिकम् ॥२-४७॥**

**સૂત્રાર્થ–** વૈક્રિયશરીર ઔપપાતિક છે, અર્થાત્ ઉપપાતરૂપ નિમિત્તથી થાય છે. (૨-૪૭)

**भाष्यं–** वैक्रियशरीरमौपपातिकं भवति । नारकाणां देवानां चेति ॥२-४७॥

**ભાષ્યાર્થ–** વૈક્રિયશરીર ઔપપાતિક=ઉપપાતથી થનારું છે. વૈક્રિયશરીર નારકો અને દેવોને હોય છે. (૨-૪૭)

**टीका–** प्रक्रमात् सम्बद्धं अतीतसमुदायार्थं च, वैक्रियं शरीरं प्रागुपन्यस्तं, किमित्याह–औपपातिकं भवति, इहोपपातजन्मोपपातः तस्मिन् भवमौपपातिकं, एतच्च नारकाणां देवानां चावधिवत् सहजं द्विधा–भवधारकोत्तरवैक्रियभेदात्, आद्यमानं जघन्यमङ्गुलासङ्ख्येयभागः उत्कृष्टं पञ्च धनुःशतानि, इतरदपि जघन्यमङ्गुलसङ्ख्येयभागमेव, उत्कृष्टं योजनलक्षः ॥२-४७॥

**ટીકાર્થ–** પ્રસંગ પ્રમાણે પૂર્વ સૂત્રની સાથે આ સૂત્ર સંબંધવાળું છે તથા સૂત્રનો સમુદિત અર્થ જણાઇ ગયેલો છે. પૂર્વે જેનો ઉલ્લેખ કર્યો છે તે વૈક્રિયશરીર ઔપપાતિક છે, અર્થાત્ ઉપપાત જન્મ રૂપ ઉપપાતમાં થયેલું છે. (અહીં સિદ્ધહેમ શબ્દાનુશાસન વ્યાકરણ પ્રમાણે भवे (૬-૩-૧૨૩) એ સૂત્રથી ભવ અર્થમાં ઉપપાત શબ્દને इकण् પ્રત્યય લાગીને औपपातिक શબ્દ બન્યો છે.)

આ શરીર નારક-દેવોને અવધિજ્ઞાનની જેમ સહજ હોય છે. આ શરીર ભવધારક અને ઉત્તરવૈક્રિય એવા બે ભેદથી બે પ્રકારનું છે. (ભવધારક શરીર જન્મથી જીવનપર્યંત હોય છે. ઉત્તરવૈક્રિય શરીર જ્યારે ઇચ્છા થાય ત્યારે બનાવે છે.) ભવધારક શરીર જઘન્યથી અંગુલના અસંખ્યાતમાભાગ જેટલું અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્ય જેટલું હોય છે. બીજું(=ઉત્તરવૈક્રિય) શરીર પણ જઘન્યથી તો અંગુલના સંખ્યાતમા ભાગ જેટલું જ હોય છે, ઉત્કૃષ્ટથી લાખ યોજન જેટલું હોય છે. (૨-૪૭)

**લબ્ધિવાળાને પણ વૈક્રિયશરીર હોય–**

**लब्धिप्रत्ययं च ॥२-४८॥**

**સૂત્રાર્થ–** લબ્ધિરૂપ નિમિત્તથી પણ વૈક્રિયશરીર થાય છે. (૨-૪૮)

**भाष्यं–** लब्धिप्रत्ययं च वैक्रियं शरीरं भवति । तिर्यग्योनीनां मनुष्याणां चेति ॥२-४८॥

**ભાષ્યાર્થ–** લબ્ધિથી થનારું વૈક્રિયશરીર તિર્યંચોને અને મનુષ્યોને હોય છે. (૨-૪૮)

**टीका–** सम्बन्धः प्रतीतः, समुदायार्थमाह–'लब्धिप्रत्ययं चे'त्यादिना, इह तपोविशेषजनिता शक्तिर्लब्धिः तत्प्रत्ययं वैक्रियं शरीरं भवति, नौपपातिकमेव, एतच्च तैर्यग्योनीनां गवादीनां मनुष्याणां चेत्येवं द्रष्टव्यमिति ॥२-४८॥

**ટીકાર્થ–** સંબંધ પ્રસિદ્ધ છે. लब्धिप्रत्ययं च ઇત્યાદિથી સમુદિત અર્થને કહે છે- અહીં વિશિષ્ટ તપથી ઉત્પન્ન થયેલી શક્તિ તે લબ્ધિ. વૈક્રિયશરીર કેવળ ઔપપાતિક જ નથી, કિંતુ લબ્ધિરૂપ નિમિત્તથી પણ થાય છે. આ વૈક્રિયશરીર ગાય વગેરે તિર્યંચોને અને મનુષ્યોને હોય છે. (વાયુકાયના જીવોને સ્વાભાવિકપણે આ લબ્ધિ હોય છે.) (૨-૪૮)

**टीकावतरणिका–** आहारकाभिधित्सयाऽऽह–

**ટીકાવતરણિકાર્થ–** આહારકશરીરને જણાવવાની ઇચ્છાથી સૂત્રકાર કહે છે–

**આહારકશરીર ચૌદપૂર્વધરમુનિને હોય–**

**शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधरस्य ॥२-४९॥**

**સૂત્રાર્થ–** આહારકશરીર ચૌદપૂર્વધર મુનિને હોય છે. આ શરીર શુભ, અત્યંતવિશુદ્ધ અને અપ્રતિઘાતી હોય છે. (૨-૪૯)

**भाष्यं–** शुभमिति शुभद्रव्योपचितं शुभपरिणामं चेत्यर्थः । विशुद्धमिति विशुद्धद्रव्योपचितमसावद्यं चेत्यर्थः । अव्याघातीति आहारकं शरीरं न व्याहन्ति न व्याहन्यते चेत्यर्थः । तच्चतुर्दशपूर्वधर एव कस्मिंश्चिदर्थे

कृच्छ्रेऽत्यन्तसूक्ष्मे सन्देहमापन्नो निश्चयाधिगमार्थं क्षेत्रान्तरितस्य भगवतोऽर्हतः पादमूलमौदारिकेण शरीरेणाशक्यगमनं मत्वा लब्धिप्रत्ययमेवोत्पादयति । दृष्ट्वा भगवन्तं छिन्नसंशयः पुनरागत्य व्युत्सृजत्यन्तर्मुहूर्तस्य ॥२-४९॥

**ભાષ્યાર્થ–** શુભ એટલે શુભદ્રવ્યોથી બનેલું અને શુભપરિણામવાળું. વિશુદ્ધ એટલે વિશુદ્ધ દ્રવ્યોથી બનેલું અને પાપથી રહિત. અવ્યાઘાતી એટલે આહારકશરીર કોઈને હણતું નથી અને પોતે કોઈથી હણાતું નથી. કઠિન અત્યંત સૂક્ષ્મ કોઈક અર્થમાં સંદેહને પામેલા ચૌદપૂર્વધર જ સાચો અર્થ જાણવા માટે અન્યક્ષેત્રમાં રહેલા અરિહંત ભગવાનની પાસે ઔદારિક શરીરથી જવું અશક્ય છે એમ જાણીને લબ્ધિ નિમિત્તક જ આહારકશરીરને બનાવે છે. ભગવાનના દર્શન કરીને સંશય રહિત બનેલા પાછા આવીને અંતર્મુહૂર્તકાળવાળા આહારકશરીરનું વિસર્જન કરે છે. (૨-૪૯)

**टीका–** तदपि लब्धिप्रत्ययमेवेति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह 'शुभ'मित्यादिना, शुभमित्यवयवमुद्धृत्य व्याचष्टे–शुभद्रव्योपचितं शुभवर्णाद्युपेतद्रव्यनिर्वर्तितं शुभपरिणामं चेत्यर्थः, चतुरस्रसंस्थानादिमत्त्वात्, विशुद्धमिति सूत्रावयवः, एतद्व्याख्या–विशुद्धद्रव्योपचितं स्वच्छद्रव्यनिर्वर्तितं, असावद्यं चेत्यर्थः, हिंसकत्वाद्यभावात्, अव्याघातीति सूत्रावयवः, एतद्व्याख्या त्वाहारकं शरीरं न व्याहन्ति, न किञ्चिद् विनाशयति, न व्याहन्यते चेत्यर्थः, न च ज्ञानिना व्याहन्यते विघात्यते, तदेवंभूतमाहारकं चतुर्दशपूर्वधर एवेत्यर्थः, चतुर्दशपूर्वधरः, चतुर्दशेति सङ्ख्या, पूर्वं प्रणयनात् पूर्वाणि, तानि धारयति धारणाज्ञानेन आलम्बत इति चतुर्दशपूर्वधरः, अवधारणं चतुर्दशपूर्वधर एव, अभिन्नाक्षरः कस्मिंश्चिदर्थे कृच्छ्रे अर्थगहने अत्यन्तसूक्ष्मे अतिनिपुणे सन्देहमापन्नः, संशयं प्रतिपन्नः, संदिहानः सन् पर्यायसूक्ष्मतया निश्चयाधिगमार्थं निश्चयप्राप्तये क्षेत्रान्तरितस्य विदेहादिवर्तिनः भगवतोऽर्हतः तीर्थकरस्येत्यर्थः पादमूले पादान्तिके न (औदारिकेण) शरीरेण स्वसम्बन्धिना

अशक्यं गमनं मत्वा अवबुध्य लब्धिप्रत्ययमेव योगर्द्धिनिमित्तमेव उत्पादयति उपजनयति आहारकं शरीरमिति गम्यते, दृष्ट्वा च भगवन्तं तच्छरीरगमने(न) छिन्नसंशयो विधिप्रश्नद्वारेण पुनरागत्य प्रतिपं स्वक्षेत्रं व्युत्सृजत्याहारकम् औदारिकमेवाङ्गीकरोति, अन्तर्मुहूर्तस्ये-त्यारम्भात् प्रवृत्तित्यागान्तोऽयमस्य काल इति, एतच्चाभिन्नाक्षर एव करोति, न भिन्नाक्षरः, तस्य संशयाभावात्, भगवत्यपि कौतुकानुपपत्तेः, समाधे-र्विशेषदर्शनात्, अशेषश्रुतज्ञानपर्यायैरक्षरावगमादित्येवं, तच्च जघन्यमानतो न्यूनो हस्तः, उत्कर्षेण पूर्ण इति ॥२-४९॥

**ટીકાર્થ–** આહારક શરીર પણ લબ્ધિરૂપ નિમિત્તથી જ હોય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર "शुभम्" ઇત્યાદિથી કહે છે- "शुभम्" એ પ્રમાણેના અવયવને(=અંશને) ઉદ્ધૃત કરીને કહે છે- શુભ એટલે શુભદ્રવ્યોથી એકઠું કરેલું, અર્થાત્ શુભ વર્ણ આદિથી યુક્ત દ્રવ્યોથી બનાવેલું. (શુભ શબ્દનો બીજો અર્થ-) અને સમચતુરસ્ર સંસ્થાન આદિવાળું હોવાથી શુભપરિણામવાળું. विशुद्धम् એ પ્રમાણેના સૂત્રાવયવની વ્યાખ્યા આ પ્રમાણે છે- વિશુદ્ધ એટલે વિશુદ્ધ દ્રવ્યોથી એકઠું કરેલું, અર્થાત્ સ્વચ્છ દ્રવ્યોથી બનાવેલું. (વિશુદ્ધ શબ્દનો બીજો અર્થ-) અને હિંસાદિ પાપોને કરનારું ન હોવાથી પાપથી રહિત છે. अव्याघाति એવા સૂત્રાવયવની વ્યાખ્યા આ પ્રમાણે છે- આહારક શરીર કોઈ જીવનો વિનાશ કરતું નથી, અને પોતે અન્ય કોઈથી વિનાશ પમાડી શકાતું નથી.

આવું આહારકશરીર ચૌદપૂર્વધર જ બનાવે છે. ચૌદપૂર્વધર શબ્દમાં ચૌદ સંખ્યા છે. ગણધરભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે ત્યારે પૂર્વે=સર્વ પ્રથમ પૂર્વોની રચના કરે છે માટે પૂર્વો કહેવાય છે. તેવા પૂર્વોનું ધારણરૂપ મતિજ્ઞાનથી આલંબન લે છે માટે પૂર્વધર કહેવાય છે. ચૌદ પૂર્વધર જ આહારકશરીર બનાવે છે એમ અવધારણ છે. ગહન અર્થવાળા અને અત્યંત સૂક્ષ્મ એવા કોઈ પદાર્થમાં ભાવાર્થ સૂક્ષ્મ હોવાના કારણે

સંશયને પામેલા અભિન્નાક્ષર[1] ચૌદપૂર્વધર એ પદાર્થનો નિશ્ચય કરવા માટે મહાવિદેહ વગેરે અન્યક્ષેત્રમાં રહેલા તીર્થંકરની પાસે પોતાના (ઔદારિક) શરીરથી જવું અશક્ય છે એમ જાણીને સ્વલબ્ધિથી જ આહારકશરીરને બનાવે છે. પછી તે શરીરથી ભગવાન પાસે જઇને ભગવાનને જોઇને વિધિપૂર્વક પ્રશ્ન દ્વારા સંશયને દૂર કરે છે. પછી વિપરીત ક્રમથી સ્વક્ષેત્રમાં આવીને આહારકશરીરનો ત્યાગ કરે છે અને ઔદારિક શરીરનો સ્વીકાર કરે છે[2]. આહારકશરીર બનાવે ત્યારથી પ્રારંભી આહારકશરીરથી થતી પ્રવૃત્તિનો ત્યાગ કરે ત્યાં સુધીમાં આહારકશરીરનો કાળ એક અંતર્મુહૂર્ત જેટલો છે.

આહારકશરીરને અભિન્નાક્ષર જ ચૌદપૂર્વધર કરે છે, ભિન્નાક્ષર ચૌદ-પૂર્વધર ન કરે. કેમકે તેને સંશય થતો નથી. તેને (વિહરમાન) ભગવાનના દર્શન કરવાનું પણ કૌતુક થતું નથી. કારણ કે તે મુનિમાં વિશિષ્ટ સમાધિના દર્શન થાય છે. આનું(=સંશય પણ ન થવાનું) પણ કારણ એ છે કે તેમનામાં સઘળા શ્રુતજ્ઞાનના પર્યાયવાચી શબ્દોના બોધથી અક્ષરોના અર્થોનો પણ બોધ હોય છે.

આહારકશરીર જઘન્યથી કંઇક ન્યૂન એક હાથ જેટલું અને ઉત્કૃષ્ટથી પૂર્ણ એક હાથ જેટલું હોય છે. (૨-૪૯)

**તૈજસશરીર પણ લબ્ધિવાળાને હોય—**

## તૈજસમપિ ॥૨-૫૦॥

---

૧. ચૌદ પૂર્વધરના ભિન્નાક્ષર અને અભિન્નાક્ષર એવા બે ભેદ છે. જેને ચૌદ પૂર્વમાં રહેલા શબ્દોના એક એક અક્ષરનું પણ જ્ઞાન છે. એક-એક અક્ષરના થતા ભિન્ન ભિન્ન અર્થનું પણ જ્ઞાન છે. તે ભિન્નાક્ષર ચૌદ પૂર્વધર છે. જેને આવું જ્ઞાન નથી તે અભિન્નાક્ષર ચૌદ પૂર્વધર છે. તેમાં ભિન્નાક્ષર ચૌદ પૂર્વધરને કોઇ પણ પદાર્થમાં સંશય ન થાય. માટે અહીં અભિન્નાક્ષર એવું ચૌદ પૂર્વધરનું વિશેષણ છે.

૨. જે ઔદારિક શરીર મૂક્યું હોય તે શરીરમાં આત્મપ્રદેશો હોય અને નવા બનાવેલા આહારક શરીરમાં પણ આત્મપ્રદેશો હોય. એથી મૂકેલા ઔદારિક શરીરથી આરંભી તીર્થંકર પાસે જાય ત્યાં સુધીના વચ્ચેના ભાગમાં આત્મપ્રદેશો સંલગ્ન હોય છે. કારણ કે આત્મપ્રદેશોનો સંકોચ-વિકાસ પામવાનો સ્વભાવ છે. (જુઓ અ.૫, સૂ.૧૬)

**સૂત્રાર્થ–** તૈજસશરીર લબ્ધિનિમિત્તથી પણ હોય છે. (૨-૫૦)

**भाष्यं–** तैजसमपि शरीरं लब्धिप्रत्ययं भवति ।

कार्मणमेषां निबन्धनमाश्रयो भवति । तत्कर्मत एव भवतीति बन्धे परस्ताद्वक्ष्यति । कर्म हि कार्मणस्य कारणमन्येषां च शरीराणामादित्यप्रकाशवत् । यथादित्यः स्वमात्मानं प्रकाशयत्यन्यानि च द्रव्याणि न चास्यान्यः प्रकाशकः । एवं कार्मणमात्मनश्च कारणमन्येषां च शरीराणामिति ।

अत्राह- औदारिकमित्येतदादीनां शरीरसंज्ञानां कः पदार्थ इति । अत्रोच्यते- उद्गतारमुदारम् । उत्कटारमुदारम् । उद्गम एव वोदारम् । उपादानात्प्रभृति अनुसमयमुद्गच्छति वर्धते जीर्यते शीर्यते परिणमतीत्युदारम् । उदारमेवौदारिकम् । नैवमन्यानि । यथोद्गमं वा निरतिशेषं, ग्राह्यं छेद्यं भेद्यं दाह्यं हार्यमित्युदारणादौदारिकम् । नैवमन्यानि । उदारमिति च स्थूलनाम । स्थूलमुद्गतं पुष्टं बृहन्महदित्युदारमेवौदारिकम् । नैवं शेषाणि । तेषां हि परं परं सूक्ष्ममित्युक्तम् ॥अ.२, सू.३८॥

वैक्रियमिति । विक्रिया विकारो विकृतिर्विकरणमित्यनर्थान्तरम् । विविधं क्रियते । एकं भूत्वानेकं भवति । अनेकं भूत्वा एकं भवति । अणु भूत्वा महद्भवति । महच्च भूत्वाऽणु भवति । एकाकृति भूत्वाऽनेकाकृति भवति । अनेकाकृति भूत्वा एकाकृति भवति । दृश्यं भूत्वाऽदृश्यं भवति । अदृश्यं भूत्वा दृश्यं भवति । भूमिचरं भूत्वा खेचरं भवति । खेचरं भूत्वा भूमिचरं भवति । प्रतिघाति भूत्वाऽप्रतिघाति भवति। अप्रतिघाति भूत्वा प्रतिघाति भवति । युगपच्चैतान् भावाननुभवति । नैवं शेषाणीति । विक्रियायां भवति, विक्रियायां जायते विक्रियायां निर्वर्त्यते, विक्रियैव वा वैक्रियम् ।

आहारकम् । आह्रियत इति आहार्यम् । आहारकमन्तर्मुहूर्तस्थिति । नैवं शेषाणि ॥

तेजसो विकारस्तैजसं तेजोमयं तेजःस्वतत्त्वं शापानुग्रहप्रयोजनम् । नैवं शेषाणि ।

कर्मणो विकारः कर्मात्मकं कर्ममयमिति कार्मणम् । नैवं शेषाणि ।

एभ्य एव चार्थविशेषेभ्यः शरीराणां नानात्वं सिद्धम् । किञ्चान्यत् । कारणतो विषयतः स्वामितः प्रयोजनतः प्रमाणतः प्रदेशसङ्ख्यातोऽवगाहनतः स्थितितोऽल्पबहुत्वत इत्येतेभ्यश्च नवभ्यो विशेषेभ्यः शरीराणां नानात्वं सिद्धमिति ॥२-५०॥

**ભાષ્યાર્થ–** તૈજસ પણ શરીર લબ્ધિનિમિત્તક હોય છે.

કાર્મણશરીર આ બધા શરીરોનું કારણ છે=આશ્રય છે. કાર્મણશરીર કર્મથી જ થાય છે એમ બંધના વર્ણનમાં આગળ (અ.૮ સૂ.૧ વગેરેમાં) કહેશે.

કર્મ જ કાર્મણશરીરનું અને બીજા શરીરોનું સૂર્યના પ્રકાશની જેમ કારણ છે. જેમ સૂર્ય પોતાને અને અન્યદ્રવ્યોને પ્રકાશિત કરે છે અને એને (સૂર્યને) પ્રકાશિત કરનાર અન્ય કોઈ નથી. એ પ્રમાણે કાર્મણશરીર પણ પોતાનું અને અન્ય શરીરોનું કારણ છે.

**પ્રશ્ન–** ઔદારિક વગેરે સંજ્ઞાઓનો (નામોનો) શબ્દાર્થ શો છે ? અહીં ઉત્તર કહેવાય છે-

**ઔદારિક–** જેમાંથી મર્યાદા જતી રહી છે તે ઉદાર અથવા જેની મર્યાદા ઉત્કૃષ્ટ છે તે ઉદાર અથવા ઉદ્‌ગમ જ ઉદાર છે. કેમકે (ઉપાદાન એવા શુક્ર-શોણિતના) ગ્રહણથી માંડી પ્રત્યેક સમય પ્રગટ થાય છે, વધે છે, જીર્ણ થાય છે, શીર્ણ થાય છે, પરિણામ પામે છે તેથી ઉદાર છે. ઉદાર એ જ ઔદારિક. (ઉદાર શબ્દને સ્વાર્થમાં इकण् પ્રત્યય લાગીને औदारिक શબ્દ બન્યો છે.) અન્ય શરીરો આવા નથી. અથવા આ શરીર યોગ્ય ઉદ્‌ગમવાળું, સંપૂર્ણ, ગ્રાહ્ય, છેદ્ય, ભેદ્ય, દાહ્ય, હાર્ય હોવાના કારણે અસાધારણ હોવાથી ઔદારિક છે. અન્ય શરીરો આવા નથી. ઉદાર એટલે સ્થૂલ. સ્થૂલ, ઉદ્‌ગત, પુષ્ટ, બૃહદ્, મહત્ આ શબ્દો ઉદાર શબ્દના

પર્યાયવાચી છે. ઉદાર એ જ ઔદારિક. અન્ય શરીરો આવા નથી. તે શરીરોમાં પછી પછીનું શરીર સૂક્ષ્મ છે એમ પૂર્વે (૨-૩૮ માં) કહેલું છે.

**વૈક્રિય–** વિક્રિયા, વિકાર, વિકૃતિ, વિકરણ એ શબ્દોનો એક અર્થ છે. વિવિધ કરાય છે, એક થઈને અનેક થાય છે, અનેક થઈને એક થાય છે. નાનું થઈને મોટું થાય છે, મોટું થઈને નાનું થાય છે. એક આકારવાળું થઈને અનેક આકારવાળું થાય છે, અનેક આકારવાળું થઈને એક આકારવાળું થાય છે. દશ્ય થઈને અદશ્ય થાય છે, અદશ્ય થઈને દશ્ય થાય છે. ભૂમિચર થઈને ખેચર થાય છે, ખેચર થઈને ભૂમિચર થાય છે. પ્રતિઘાતિ થઈને અપ્રતિઘાતિ થાય છે, અપ્રતિઘાતિ થઈને પ્રતિઘાતિ થાય છે. વૈક્રિયશરીર આ ભાવોને એકી સાથે અનુભવે છે. અન્ય શરીરો આવા નથી. વિક્રિયામાં ઉત્પન્ન થાય છે. વિક્રિયામાં બનાવાય છે અથવા વિક્રિયા એ જ વૈક્રિય.

**આહારક–** आह्रियते इति आहार्यम् જે ગ્રહણ કરાય તે આહાર્ય. आहरति इति आहारकम् જે ગ્રહણ કરે તે આહારક. આહારકશરીર અંતર્મુહૂર્ત સ્થિતિવાળું છે. બીજા શરીરો આવા નથી.

**તૈજસ–** तेजसो विकारः इति तैजसम् તેજસનો વિકાર તે તૈજસ. તૈજસ એટલે તેજોમય. તૈજસશરીરનું સ્વરૂપ તેજ છે. આ શરીર શાપ અને અનુગ્રહના પ્રયોજનવાળું છે. બીજા શરીરો આવા નથી.

**કાર્મણ–** कर्मणो विकारः इति कार्मणम् કર્મનો વિકાર તે કાર્મણ. કર્મસ્વરૂપ અને કર્મમય હોવાથી કાર્મણ છે. અન્ય શરીરો આવા નથી.

આ અર્થવિશેષોથી શરીરોનું જુદાપણું સિદ્ધ છે.

વળી બીજું– કારણ, વિષય, સ્વામી, પ્રયોજન, પ્રદેશસંખ્યા અને અવગાહના, સ્થિતિ અને અલ્પબહુત્વ આ નવ વિશેષતાઓથી શરીરનું જુદાપણું સિદ્ધ છે. (૨-૫૦)

**टीका–** सम्बन्धः प्रतीतः, समुदायार्थश्च ॥ अवयवार्थमाह– 'तैजसमपी'त्यादिना तैजसमपि शरीरं प्राग्निर्दिष्टस्वरूपं, किमित्याह–

लब्धिप्रत्ययं लब्धिनिमित्तं भवति, लब्धिनिमित्तमपि, न तु लब्धिनिमित्तमेव, कार्मणभेदस्य उष्मलक्षणस्य रसाद्याहारपाकजनकस्य भावादिति, 'कार्मण'मित्यादि, कार्मणं शरीरं एषामौदारिकादीनां निबन्धनं बीजं, एतदुपादानतोऽपि भवतीत्याह-आश्रयो भवति, तच्छक्त्याधारत्वात् कुड्यमिव चित्रकर्मणः, कार्मणस्य किं निमित्तमित्याशङ्कासम्भवे सत्याह-'तत् कर्मत एवे'त्यादि, तत् कार्मणं शरीरं कर्मत एव भवति, पूर्वबद्धात् सकाशात्, अनादित्वात् कर्मसन्तानस्य, एतच्च कर्मबन्धे बन्धाधिकारे पुरस्तादग्रेऽष्टमेऽध्याये वक्ष्यति समूलोत्तरभेदं (कर्म हि कार्मणस्य कारणमन्येषां च शरीराणाम्), एतदेव चार्थजातं स्पष्टयन्नाह-आदित्यप्रकाशवत्, एतदेव व्याचष्टे-यथा आदित्यः सकललोकप्रतीतः स्वमात्मानं प्रकाशयति, तथोपलब्धिहेतुत्वेनान्यानि च द्रव्याणि घटादीनि प्रकाशयति, अत एव हेतोः, न चास्य-आदित्यस्यान्यः कश्चित् प्रकाशकः, तथादर्शनापत्तेः, चक्षुषोऽप्रकाशकत्वात्, अन्धकाराग्रहणात्, नक्तंचराणामपि नयनरश्मिप्रकाशकत्वादिति, एवं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिकयोजनामाह-'एव'मित्यादिना, एवं कार्मणं शरीरं आत्मनश्च स्वरूपस्य च कारणं सन्तानापेक्षया, अन्येषां च शरीराणाम्-औदारिकादीनाम्, आश्रयत्वेन, तैजसकार्मणमानमपि जघन्यमङ्गुलासङ्ख्येयभाग उत्कृष्टं समानमौदारिकेण, केवलिसमुद्घाते तु लोकमाने, मारणान्तिकसमुद्घाते त्वायामतो लोकान्तायते ॥ 'अत्राहे'त्यादि, अत्र शरीरव्यतिकर एव आह चोदकः-औदारिकपदमादौ यासां (शरीर)संज्ञानां तासां एतदादीनां कः पदार्थः ?, अन्वयार्थमप्यधिकृत्येति, उच्यते- 'उद्गतारमुदार'मिति उद्गता उत्कृष्टा आराछाया यस्यासावुद्गतारं उत्कृष्टच्छायमित्यर्थः, उदारं-प्रधानं, मोक्षहेतुत्वेन, तीर्थकरगणधरादिशरीरापेक्षया वा, यथोक्तम्-उपशान्तं च कान्तं च, दीप्तमप्रतिघाति च । निभृतं चोर्जितं चैव, वपुर्भगवतां मतम् ॥१॥"

अथवा 'उत्कटारमुदार'मिति उत्कटा-उत्कृष्टा आरा-मर्यादा धर्मनीति-लक्षणा वा यस्य तत्तथा, उद्गम एव वा उदारमिति उद्गमनमुद्गमः प्रादुर्भावः स एव वोदारः, उत्कटः कथमित्याह-उपादानात् प्रभृति शुक्रशोणितग्रहणादारभ्य अनुसमयमुद्गच्छति प्रतिसमयं प्रादुर्भवत्यव-स्थाभेदेन, एतदाह-वर्द्धते वयःपरिणामेनोपचीयते जीर्यते जरामधिगच्छति शीर्यते तच्छिथिलभावेन परिणमति पर्यायान्तराप्त्या, मुहुर्मुहुरुद्गमनाद्, उदारमेवौदारिकं, स्वार्थे प्रत्ययविधानात्, नैवमन्यानि वैक्रियादीनि, वैक्रियस्य जरा(?जरसा) अनभिभवात्, आहारकस्यायामे रत्निमानत्वात्, तैजसकार्मणयोस्त्वङ्गाद्यभावादिति, प्रकारान्तरमाह-'यथोद्गमं वे'त्यादिना, योग्य उद्गमो यथोद्गमं निरतिशेषं निःशेषं ग्राह्यं पाण्याद्य-वयवानां (छेद्यं परश्वादिनां) भेद्यं नाराचादीनां दाह्यमग्नेः हार्यं वायोः एवमुदारणात् पृषोदरादिपाठेनौदारिकं, नैवमन्यानीति, भावितार्थं, प्रकारा-न्तरमाह'उदारमिति चे'त्यादिना, चशब्दोऽथवेत्यस्यार्थे, उदारमित्येतत् स्थूलनाम स्थूलाभिधानं, एतत्पर्यायानाह-'स्थूलमुद्गम'मित्यादिना, तत्र स्थूलं स्वल्पप्रदेशोपचितं बृहत्त्वात् भिण्डवत्, ऊर्ध्वगतोच्छ्रायमुद्गतं, अतिप्रमाणत्वाद् भिन्नरेणुवदेव, पुष्टं शुक्रशोणितादिप्रचितं बृहत् प्रतिक्षणवृद्धियुक्तं महद् योजनसहस्रमानं, इत्येवमुदार इति प्रक्रमः, अत उदारमेवौदारिकमिति, अयं न नियमः, किन्तु प्रदर्शनमिदं, क्वचिन्निवृत्त्याद्यर्थ इति, नैवं शेषाणि वैक्रियादीनि, कुत इत्याह-तेषां (हि-) यस्मात् परं परं सूक्ष्ममित्युक्तं प्राक्। 'वैक्रिय'मित्यादि, इहापि पर्यायानाह-'विक्रिये'त्यादिना, विविधा विशिष्टा वा क्रिया (विक्रिया) तस्यां भवं वैक्रियं, प्रकृतेरन्यत्वं विकारः, विचित्रा कृतिर्विकृतिः, विविधं क्रियत इति विकरणं, एतेऽनर्थान्तरमभिदधति शब्दाः, एतदधुना स्पष्टयन्नाह-'विविधं क्रियते' इत्यादिना, विविधम्-अनेकप्रकारं तद्वैक्रियं क्रियते, कथमित्याह-एकं भूत्वा अनेकं भवति तत्, कर्त्तुरिच्छा-

ऽनुविधानात्, एतन्निगदसिद्धं यावत् प्रतिघाति भूत्वेत्यादि, अभिहननशीलं भूत्वा स्थूलतया अप्रतिघाति भवति सूक्ष्मतया, एवं विपर्ययोऽपि, यच्चैककाल एव एतान् भावान् अधिकारानभिहितलक्षणाननुभवति वेदयते, नैवं शेषाण्यौदारिकादीनीति भावितार्थं, न स्वार्थ एव प्रत्यय-विधिरित्यनियमप्रदर्शनायाह-'विक्रियायां भवती'त्यादि, निगदसिद्धं, किन्तु कदाचिद् वैक्रियं वैक्रयिकं चेति, एवमाहारकं 'आह्रियत' इत्यादि, आह्रियते आहार्य्यमित्यनेन शब्दद्वयेन विशिष्टकारकसाध्य-माहारकशब्दमाह, 'कृत्यलुटो बहुल'मिति (पाणि०)वचनात्, आह्रियते-गृह्यते प्रतिविशिष्ट-प्रयोजनायेत्याहारकं, आहार्य्यं वा, याचितोपस्कारवत्, कार्यपरिसमाप्तौ च मुच्यत एवेत्याह-अन्तर्मुहूर्तस्थितिः, एतावति च काले तदभिलषितार्थ-सिद्धेरिति, नैवं शेषाण्यौदारिकादीनि भावितार्थमेतत्, एवं 'तेजसो विकार' इत्यादि, इहोष्मभावलक्षणं तेजः सर्वप्राणिनामाहार-पाचकं तस्य तेजसो विकारस्तैजसं, तेजःसमावस्थान्तरापत्तिः, एतत्पर्यायानाह-तेजोमयमिति, स एव विकारार्थः, एवं तेजःस्वतत्त्वमिति, तेजः स्वतत्त्वं-स्वरूपमस्येति समासः, इदं हि कार्मणभेदलक्षणं व्यापकमेव, अधुना लब्धिप्रत्ययमाह-'शापानुग्रहप्रयोजन'मिति, शापानुग्रहौ निग्राह्यानुग्राह्येषु यथासङ्ख्यं प्रयोजनमस्येति समासः, नैवं शेषाण्यौदारिकादीनि भावितार्थं, एवं 'कर्मणो विकार' इत्यादि, कर्मणो-ज्ञानवरणादेर्विकारोविकृतिः, कर्मणामेव, एकलोलीभाव, इति एवं कर्मात्मकमिति, कर्माण्येव आत्माऽस्येति कर्मात्मकं, एवं कर्ममयमिति विकारार्थ एव पर्यायः नैवं शेषाण्यौदारिकादीनि भावितार्थं, एवमन्वर्थतः प्रतिपाद्यौदारिकादीन्यत एव तल्लक्षणभेदमतिदिशन्नाह-'एभ्य एवे'त्यादिना, एभ्य एव चोदाराद्यर्थविशेषेभ्यो भिन्नलक्षणेभ्यः शरीराणामौदारिकादीनां नानात्वं सिद्धं, लक्षणभेदात्, घटपटादीनामिव, 'किञ्चान्य'दित्य-भ्युच्चयमाह- 'कारण'इत्यादि, कारणतस्तावन्नानात्वं स्थूलपुद्गलोपचित-

मौदारिकं, तथा न वैक्रियादीनि, 'परम्परं सूक्ष्म'मितिवचनात्, तथा विषयतो नानात्वं विद्याधरौदारिकस्य नन्दीश्वरो विषयः, जङ्घाचारणौदारिकस्य तु तिर्यक् रुचकपर्वतः ऊर्ध्वं पाण्डुकं, वैक्रियस्यासङ्ख्येया द्वीपसमुद्राः, आहारकस्य महाविदेहक्षेत्राणि, तैजसकार्मणयोः सर्वलोक इति, तथा स्वामितो नानात्वं, औदारिकस्य तिर्यङ्मनुष्याः स्वामिनः, वैक्रियस्य देवनारकाः, तिर्यङ्मनुष्याश्च केचित् लब्धिमन्तः, आहारकस्य चतुर्दशपूर्वविदः, तथा तैजसकार्मणयोः सर्वसंसारिण इति, प्रयोजनतो नानात्वं, औदारिकस्य धर्मादिमोक्षान्तं प्रयोजनं, वैक्रियस्य स्थूरसूक्ष्मैकत्वव्योमचारादि, आहारकस्य सूक्ष्माद्यर्थनिर्णयः, तैजसस्याहारपाकः शापादिसामर्थ्यं च, कार्मणस्य भवान्तरगत्यादि, एवं प्रमाणतो नानात्वं, सातिरेकं योजनसहस्रमौदारिकं प्रमाणेन, वैक्रियं योजनलक्षः, आहारकं हस्तमात्रं, लोकप्रमाणे तैजसकार्मणे, एवं प्रदेशसङ्ख्यातो नानात्वं, 'प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् तैजसात्' 'अनन्तगुणे परे' इत्युक्तं, एवमवगाहनतो नानात्वं, अवगाहनेहाऽऽकाशप्रदेशेष्ववस्थानं, इयं प्रमाणानुसारतो भावनीया, तत्रेयं न विवक्षितेति भेदेनोक्ता, एवं स्थितितो नानात्वं, औदारिकस्य जघन्येनान्तमुहूर्तं स्थितिः उत्कर्षेण त्रीणि पल्योपमानि, वैक्रियस्य जघन्येनान्तर्मुहूर्तः उत्कर्षेण त्रयस्त्रिंशत् सागरोपमाणि, आहारकस्यान्तर्मुहूर्त एव, तैजसकार्मणे प्रवाहतोऽनाद्यपर्यवसिते अभव्यानां, भव्यानां तु सपर्यवसिते इति, एवं अल्प-बहुत्वतो नानात्वं, सम्भवे सति सर्वस्तोकान्याहारकाणि, उत्कर्षेण सहस्रपृथक्त्वं, कदाचिन्न सम्भवत्यपि, षण्मासान्तरालाभिधानात्, वैक्रियाण्यसङ्ख्येयगुणानि, सदा नारकदेवभावात्, औदारिकाण्यसङ्ख्येयगुणानि, सदा प्रत्येक(निगोद)शरीरतिर्यङ्मनुष्यभावात्, तैजसकार्मणे अनन्तगुणे, साधारणानामपि तत् प्रत्येकभावात् इति, एवमेतेभ्यश्च नवभ्यो विशेषेभ्यः कारणादिभ्यः शरीराणामौदारिकादीनां नानात्वं सिद्धं प्रतिष्ठितमिति ॥२-५०॥

**ટીકાર્થ–** સૂત્રનો સંબંધ અને સમુદિત અર્થ પ્રસિદ્ધ છે. અવયવાર્થને ભાષ્યકાર तैजसमपि ઇત્યાદિથી કહે છે–

## તૈજસશરીર

પૂર્વે જેનું સ્વરૂપ કહ્યું છે તે તૈજસ પણ શરીર લબ્ધિરૂપ નિમિત્તથી થાય છે. આનો ભાવાર્થ આ છે- તૈજસશરીર લબ્ધિનિમિત્તથી પણ હોય છે, નહિ કે લબ્ધિનિમિત્તથી જ. કારણ કે (લબ્ધિવિના પણ) રસાદિ(=પાણી વગેરે) આહારને પચાવનાર ઉષ્ણ સ્વરૂપ તૈજસશરીર હોય છે. આવું તૈજસશરીર કાર્મણશરીરનો ભેદ છે.

## કાર્મણશરીર

"कार्मणम्" इत्यादि, કાર્મણશરીર ઔદારિક આદિ શરીરોનું કારણ છે. કારણ [1]ઉપાદાનથી પણ હોય. આથી (અહીં ઉપાદાન રૂપ કારણની અપેક્ષાએ કારણ નથી એ જણાવવા માટે) કહે છે- જેવી રીતે ચિત્રરૂપ કાર્યનું ભીંત આધાર છે, તેમ કાર્મણશરીર અન્ય શરીરોની શક્તિનો આધાર છે.

કાર્મણશરીરનું નિમિત્ત શું છે? એવી આશંકા થવાનો સંભવ હોવાથી કહે છે- "तत् कर्मत एव" इत्यादि, કાર્મણશરીર પૂર્વે બંધાયેલા કર્મથી જ થાય છે. કારણ કે કર્મપરંપરા અનાદિથી છે. આને(=કર્મને) આગળ કર્મબંધના અધિકારમાં આઠમા અધ્યાયમાં મૂલ-ઉત્તરભેદોથી સહિત કહેશે. કર્મ જ કાર્મણનું અને અન્ય શરીરોનું કારણ છે. આ જ અર્થ-સમૂહને સ્પષ્ટ કરતાં ભાષ્યકાર કહે છે- आदित्यप्रकाशवत्=સૂર્યપ્રકાશની જેમ. આ જ વિષયને કહે છે- સકળ લોકમાં પ્રસિદ્ધ સૂર્ય જે રીતે પોતાને પ્રકાશિત કરે છે તે રીતે જ્ઞાનનું કારણ હોવાથી ઘટ વગેરે અન્ય દ્રવ્યોને પણ પ્રકાશિત કરે છે. (अत एव हेतोः) સૂર્ય સ્વ-પર પ્રકાશક હોવાથી જ સૂર્યનો અન્ય કોઇ પ્રકાશક નથી. કેમકે (तथादर्शनापत्तेः=) તે રીતે દેખાવાની આપત્તિ આવે, અર્થાત્ અન્ય કોઇ વસ્તુ સૂર્યની પ્રકાશક હોય તો તે વસ્તુ આપણને દેખાવી જોઇએ, દેખાતી નથી.

---

૧. જે કારણ જ કાર્ય સ્વરૂપ બની જાય તેને ઉપાદાન કારણ કહેવાય. જેમકે માટી ઘટનું ઉપાદાન કારણ છે. કારણ કે માટી પોતે જ ઘટસ્વરૂપ બની જાય છે.

**પૂર્વપક્ષ–** આંખો સૂર્યની પ્રકાશક છે.

**ઉત્તરપક્ષ–** આંખો સૂર્યની પ્રકાશક નથી. કેમકે આંખો અંધકારમાં કોઈ વસ્તુને ગ્રહણ કરી શકતી નથી=જોઈ શકતી નથી.

**પૂર્વપક્ષ–** ઘુવડોને (કે બિલાડીઓને) રાતે અંધકારમાં દેખાય છે. એથી આંખોમાં જોવાની શક્તિ છે.

**ઉત્તરપક્ષ–** ઘુવડોની (કે બિલાડીઓની) આંખોમાં રહેલાં કિરણો પ્રકાશક છે. માટે તેમને રાતે દેખાય છે.

આ પ્રમાણે દૃષ્ટાંતને કહીને દાર્ષ્ટાંતિકની યોજનાને "एवम्" ઇત્યાદિથી કહે છે- આ પ્રમાણે કાર્મણશરીર પરંપરાની અપેક્ષાએ પોતાનું કારણ છે અને આશ્રયની અપેક્ષાએ ઔદારિક આદિ શરીરોનું કારણ છે.

તૈજસ અને કાર્મણનું પણ પ્રમાણ જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું અને ઉત્કૃષ્ટથી ઔદારિકશરીર જેટલું છે અથવા કેવળી સમુદ્ઘાતમાં લોકપ્રમાણ થાય છે. મારણાંતિક સમુદ્ઘાતમાં તો લંબાઈમાં લોકાંત સુધી લાંબા હોય છે.

## શરીરના ઔદારિક આદિ નામોનો અર્થ

'अत्राह' इत्यादि, અહીં શરીર પ્રકરણમાં પ્રશ્નકાર પૂછે છે કે શરીરનાં ઔદારિક વગેરે નામોનો શો અર્થ છે ? અન્વયાર્થને પણ આશ્રયીને શો અર્થ છે ?

અહીં ઉત્તર કહેવામાં આવે છે–

(૧) उद्गतारमुदारम् इति, ઉદ્ગત=ઉત્કૃષ્ટ છે છાયા(=કાંતિ) જેની તે उद्गतार, ઉદ્ગતાર એટલે ઉત્કૃષ્ટકાંતિવાળું. (ઉદ્ગતાર શબ્દમાંથી મધ્યમ गत પદનો લોપ થવાથી उदार શબ્દ બન્યો.) ઉદાર એટલે પ્રધાન. કેમકે તે મોક્ષનું કારણ છે અથવા તીર્થંકર, ગણધર આદિના શરીરની અપેક્ષાએ પ્રધાન(=મુખ્ય) છે. કહ્યું છે કે "તીર્થંકરોનું શરીર ઉપશાંત, કાંત(=મનોહર), તેજસ્વી, અપ્રતિઘાતી(=રોગાદિથી પ્રતિઘાત ન

પમાડી શકાય તેવું), નિશ્ચળ (ઉપસર્ગાદિથી ચલિત ન કરી શકાય તેવું) અને બળવાન કહ્યું છે.

(૨) અથવા उत्कटारमुदारम् इति ઉત્કટ=ઉત્કૃષ્ટ છે આરા=ધર્મનીતિ રૂપ મર્યાદા જેમની તે उत्कटार. (અહીં પણ उत्कटार શબ્દના મધ્યમ कट પદનો લોપ થવાથી उदार શબ્દ બન્યો છે.)

(૩) "उद्‌गम एव वोदारम्" इति અથવા उद्‌गमन=ઉદ્‌ગમ. ઉદ્‌ગમ એટલે પ્રાદુર્ભાવ. પ્રાદુર્ભાવ જ ઉદાર=ઉત્કટ છે. પ્રાદુર્ભાવ ઉદાર કેવી રીતે છે તેવા પ્રશ્નના ઉત્તરને કહે છે- (ઔદારિકશરીરનું ઉપાદાન શુક્ર-શોણિત છે). શુક્ર-શોણિતના ગ્રહણથી આરંભી પ્રત્યેક સમયે અવસ્થાભેદથી પ્રગટ થાય છે. આને જ કહે છે- વધે છે=વયપરિણામથી પુષ્ટ થાય છે. જીર્ણ થાય છે=વૃદ્ધાવસ્થાને પામે છે, શીર્ણ થાય છે=શિથિલ ભાવરૂપે પરિણમે છે. (વૃદ્ધિ આદિ કેમ થાય છે તેનું કારણ ટીકાકાર જણાવે છે-) અન્ય અન્ય પર્યાયોની પ્રાપ્તિ થવાથી આવું થાય છે. (અન્ય અન્ય પર્યાયોની પ્રાપ્તિનું કારણ ટીકાકાર જણાવે છે-) આ શરીર વારંવાર નવા નવા રૂપે પ્રગટ થાય છે.

સ્વાર્થમાં (इकण्) પ્રત્યયનું વિધાન કરવાથી उदार એ જ औदारिक.

વૈક્રિય વગેરે અન્ય શરીરો આવા નથી. વૈક્રિયશરીરમાં વૃદ્ધાવસ્થા ન હોય. આહારકશરીર લંબાઈમાં માત્ર હાથ પ્રમાણ હોય છે. તૈજસ-કાર્મણશરીરોને અંગોપાંગ વગેરે ન હોય.

(૪) "यथोद्‌गमं वा" ઇત્યાદિથી અન્ય પ્રકારને કહે છે- યથોદ્‌ગમ= યોગ્ય ઉદ્‌ગમ નિરતિશેષ=સંપૂર્ણ (માંસ, અસ્થિ, સ્નાયુ આદિથી બદ્ધ હોવાથી સંપૂર્ણ છે.) ગ્રાહ્ય=હાથ વગેરે અવયવોથી ગ્રહણ કરી શકાય છે. (છેદ્ય=કુહાડી આદિથી છેદી શકાય છે.) ભેદ્ય=બાણ આદિથી ભેદી શકાય છે. દાહ્ય=અગ્નિ આદિથી બાળી શકાય છે. હાર્ય=વાયુ આદિથી હરણ કરી શકાય છે.

આ પ્રમાણે આ શરીર (उदारणात्=) અસાધારણ હોવાથી પૃષોદરાદિમાં પાઠ હોવાથી (उद्+आ+रा+इकण्) ઔદારિક એવો શબ્દ બન્યો છે.

બીજાં શરીરો આવાં નથી. બીજા શરીરો આવા કેમ નથી એની વિચારણા (આ જ સૂત્રમાં) કરી જ લીધી છે.

(૪) "उदारमिति च" ઇત્યાદિથી અન્ય પ્રકારને કહે છે- અહીં च શબ્દ 'અથવા' એવા અર્થમાં છે. શરીરનું उदार એ સ્થૂલ નામ છે, અર્થાત્ ઉદાર એટલે સ્થૂલ. स्थूलमुद्गमम् ઇત્યાદિથી ઔદારિકશરીરના પર્યાયવાચી શબ્દોને કહે છે- स्थूल, उद्गत, पुष्ट, बृहत्, महद् - આ બધા શબ્દો પર્યાયવાચી શબ્દો છે. તેમાં સ્થૂલ=બહુ જ અલ્પ પ્રદેશોથી (પુદ્ગલોથી) એકઠું કરેલું. ભિંડની[1] જેમ મોટું હોવાથી સ્થૂલ છે. ઉદ્ગત=જેની ઊંચાઇ ઊંચે ગયેલી હોય તે. ઔદારિકશરીરનું ઊંચાઇનું પ્રમાણ ઘણું હોય છે. આ વિષે ભેદાયેલી રેણુનું દૃષ્ટાંત છે. જેમ ભેદાયેલી રેણુ ઉપર જાય છે તેમ આ શરીર પણ ઉપર વધે છે. પુષ્ટ=શુક્ર-શોણિત આદિથી પુષ્ટ થયેલું. બૃહત્=પ્રતિક્ષણ વૃદ્ધિથી યુક્ત. મહત્=હજાર યોજન પ્રમાણવાળું.

આ પ્રમાણે (કેવળ) સ્વાર્થમાં જ इकण् પ્રત્યય છે એવો નિયમ નથી. આનાથી એ બતાવવું છે કે [2]ક્યાંય "સ્વાર્થમાં" તો ક્યાંય "નિર્વૃત્ત" આદિ અર્થમાં इकण् પ્રત્યય છે. અન્ય વૈક્રિય વગેરે શરીરો આવાં નથી. શાથી આવાં નથી? એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે- કારણ કે પછી પછીનું શરીર સૂક્ષ્મ છે એમ પહેલાં (૨-૩૮ સૂત્રમાં) કહ્યું છે.

"वैक्रियम्" इत्यादि, અહીં પણ विक्रिया ઇત્યાદિથી પર્યાયવાચી શબ્દોને કહે છે- વિક્રિયા, વિકાર, વિકૃતિ અને વિકરણ આ બધા શબ્દોનો એક જ અર્થ છે.

**વિક્રિયા–** વિવિધ ક્રિયા અથવા વિશિષ્ટ ક્રિયા તે વિક્રિયા. વિક્રિયામાં થયેલું તે વૈક્રિય.

**વિકાર–** પ્રકૃતિથી અન્યપણું તે વિકાર.

**વિકૃતિ–** વિચિત્ર કૃતિ તે વિકૃતિ.

**વિકરણ–** વિવિધ કરાય તે વિકરણ.

---

૧. ભિંડ લતા(=વેલડી)વિશેષ છે. એ દિવસે દિવસે ખૂબ વધતી જાય છે અને પુષ્ટ થતી જાય છે.

૨. उदारमेव औदारिकम् અહીં સ્વાર્થમાં इकण् પ્રત્યય છે. उदारेण निर्वृत्तम् औदारिकम् અહીં નિર્વૃત્ત અર્થમાં इकण् પ્રત્યય છે.

આ શબ્દો એક જ અર્થને કહે છે. હવે આજ વાતને સ્પષ્ટ કરતા ભાષ્યકાર विविधं क्रियते ઇત્યાદિથી કહે છે- તે વૈક્રિયશરીર અનેક પ્રકારે કરાય છે. કેવી રીતે અનેક પ્રકારે કરાય છે એવા પ્રશ્નના ઉત્તરને કહે છે- તે શરીર ઇચ્છા પ્રમાણે કરવાથી(=ઇચ્છા પ્રમાણે કરી શકાતું હોવાથી) એક થઇને અનેક થાય છે.

પ્રતિઘાતી સુધીનું ભાષ્ય બોલતાં જ સમજાઇ જાય તેવું છે. "प्रतिघाति भूत्वा" इत्यादि, સ્થૂલ હોવાના કારણે પ્રતિઘાતિ(=હણવા આદિના સ્વભાવવાળા) થઇને સૂક્ષ્મ હોવાથી અપ્રતિઘાતી થાય છે. એ પ્રમાણે વિપરીત પણ જાણવું.

એક કાળે જ આ ભાવોને=જેનું સ્વરૂપ (હમણાં જ) જણાવ્યું છે તે અધિકારોને અનુભવે છે. અન્ય ઔદારિક વગેરે શરીરો આવાં નથી. અન્ય ઔદારિક વગેરે શરીરો આવા નથી એનો અર્થ વિચારાઇ ગયો છે.

સ્વાર્થમાં જ પ્રત્યયનું વિધાન નથી એવા નિયમાભાવને બતાવવા માટે કહે છે- "विक्रियायां भवम्" इत्यादि, બોલતાં જ સમજાઇ જાય તેવું છે. કિંતુ ક્યારેક वैक्रियम् અને वैक्रयिकम् એવો પણ પ્રયોગ થાય છે.

એ પ્રમાણે "आहारकम्, आह्रियते" इत्यादि, आह्रियते आहार्यम् આ બે શબ્દોથી આહારક શબ્દ વિશિષ્ટ કારકથી સાધ્ય છે. એમ ભાષ્યકાર કહે છે- કેમકે "कृतलुटो बहुलम्"[1] એવું (પાણિનીય વ્યાકરણનું) સૂત્ર છે. વિશિષ્ટ કાર્ય માટે જે (आहार्यते-गृह्यते) ગ્રહણ કરાય તે આહારક અથવા આહાર્ય. કાર્ય પૂર્ણ થતાં માગી લાવેલા ઉપકરણની જેમ મૂકી દેવાય જ છે. આથી કહે છે- આહારકશરીરની સ્થિતિ અંતર્મુહૂર્ત છે. આટલા કાળમાં તેના ઇચ્છેલા કાર્યની સિદ્ધિ થઇ જાય છે.

---

૧. સિદ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણમાં बहुलम् (૫-૧-૨) એવું સૂત્ર છે. આ સૂત્રનો ભાવાર્થ એ છે કે કૃદન્તના પ્રકરણમાં જે અર્થ વગેરેમાં પ્રત્યયો જણાવ્યા હોય તેનાથી અન્ય અર્થ વગેરેમાં પણ આ સૂત્રથી પ્રત્યય થાય. જેમ કે णक પ્રત્યય કર્તા કારકમાં વિહિત છે. આમ છતાં पादाभ्यां क्रियते=पादहारक. અહીં કર્મ કારકમાં णक પ્રત્યય થયો છે. પ્રસ્તુતમાં आह्रियते=गृह्यते इति आहारकम् એમ णक પ્રત્યય કર્મ કારકમાં છે.

અન્ય ઔદારિક આદિ શરીરો આવાં નથી. આ વિષયની વિચારણા થઈ જ ગઈ છે.

એ પ્રમાણે तेजसो विकार इत्यादि, અહીં ઉષ્ણતા રૂપ તેજ વિવક્ષિત છે. આ શરીર સર્વજીવોના આહારનું પાચન કરે છે. તેજનો વિકાર તે તૈજસ, અર્થાત્ તેજ સમાન અવસ્થાંતરની પ્રાપ્તિ. તૈજસના પર્યાયવાચી શબ્દોને કહે છે- 'तेजोमयम्' इति, તેજ છે સ્વતત્ત્વ=સ્વરૂપ જેનું તે તેજસ્વતત્ત્વ એવો અહીં સમાસ છે. આ શરીર કાર્મણશરીરના ભેદ રૂપ છે અને સઘળાય જીવોમાં હોય છે.

હવે લબ્ધિપ્રત્યય તૈજસને કહે છે- "शापानुग्रहप्रयोजनम्" इति, આ શરીરનું નિગ્રહ કરવા યોગ્ય જીવોને શાપ આપવો અને અનુગ્રહ કરવા યોગ્ય જીવો ઉપર અનુગ્રહ કરવો એ બે અનુક્રમે પ્રયોજન છે.

અન્ય ઔદારિક વગેરે શરીરો આવાં નથી. આના અર્થની વિચારણા કરી જ છે.

એ પ્રમાણે 'कर्मणो विकार' इत्यादि, જ્ઞાનાવરણીયાદિ કર્મની વિકૃતિ, કર્મોનું જ એક રૂપ થવું તે कर्मात्मक. કર્મો એ જ આત્મા(=સ્વરૂપ) છે જેનું તે कर्मात्मक. એ પ્રમાણે 'कर्ममयम्' इति, આ વિકાર અર્થવાળો જ પર્યાયવાચી શબ્દ છે. અન્ય ઔદારિક વગેરે શરીરો આવાં નથી. આના અર્થની વિચારણા કરી જ છે.

આ પ્રમાણે ઔદારિક આદિ શરીરોના અન્વર્થનું પ્રતિપાદન કરીને અન્વર્થથી જ ઔદારિકાદિના ભેદની एभ्य एव ઇત્યાદિથી ભલામણ કરતાં ભાષ્યકાર કહે છે- ભિન્નલક્ષણવાળા ઉદાર આદિ અર્થવિશેષોથી ઔદારિકાદિ શરીરોનું જુદાપણું સિદ્ધ થયું. કેમ કે લક્ષણો ભિન્ન છે. કોની જેમ ? ઘટ-પટ વગેરેની જેમ. અહીં ભાવાર્થ આ છે- જેમ ઘટ, પટ વગેરે પદાર્થોનું લક્ષણ ભિન્ન ભિન્ન હોવાથી ઘટ, પટ વગેરે પદાર્થો પરસ્પર ભિન્ન છે, તેમ ઔદારિક વગેરે શરીરોનું લક્ષણ ભિન્ન હોવાથી એ શરીરો પરસ્પર ભિન્ન છે.

## શરીરની ભિન્નતામાં નવ કારણો

'किञ्चान्यद्' (=વળી બીજું) એવા પ્રયોગથી અન્ય પદાર્થનો સંગ્રહ કરવાનું સૂચન કરે છે- "कारणः" इत्यादि, કારણ, વિષય, સ્વામી, પ્રયોજન, પ્રમાણ, પ્રદેશસંખ્યા, અવગાહના, સ્થિતિ અને અલ્પબહુત્વ એ નવ વિશેષતાઓથી શરીરોનું જુદાપણું સિદ્ધ થાય છે.

(૧) **કારણ–** કારણથી શરીરોનું જુદાપણું છે. ઔદારિકશરીર સ્થૂલ પુદ્‌ગલોથી વૃદ્ધિ પામેલું છે. વૈક્રિય વગેરે શરીરો તેવાં નથી. કેમકે "પૂર્વના શરીરથી પછી પછીનું શરીર વધારે સૂક્ષ્મ છે." (૨-૩૮) એવું સૂત્ર છે.

(૨) **વિષય–** વિષયથી જુદાપણું છે. વિદ્યાધરોના ઔદારિકશરીરનો વિષય નંદીશ્વરદ્વીપ છે. જંઘાચરણ મુનિઓના ઔદારિકશરીરનો વિષય તિર્છું રુચકપર્વત છે અને ઉપર પાંડુકવન છે. વૈક્રિયશરીરનો વિષય અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. આહારકશરીરનો વિષય મહાવિદેહ ક્ષેત્ર છે. તૈજસ-કાર્મણનો વિષય સંપૂર્ણ લોક છે.

(૩) **સ્વામી–** સ્વામીથી જુદાપણું છે. ઔદારિકના સ્વામી તિર્યંચ-મનુષ્યો છે. વૈક્રિયના સ્વામી દેવ-નારકો છે અને વૈક્રિયલબ્ધિવાળા કેટલાક તિર્યંચ-મનુષ્યો છે. આહારકના સ્વામી ચૌદ પૂર્વધરો છે. તૈજસ-કાર્મણના સ્વામી સંસારી સર્વજીવો છે.

(૪) **પ્રયોજન–** પ્રયોજનથી જુદાપણું છે. ઔદારિકનું ધર્મ આદિથી પ્રારંભી મોક્ષ સુધીનું પ્રયોજન છે. વૈક્રિયનું સ્થૂલ, સૂક્ષ્મ, એકત્વ, આકાશગમન વગેરે પ્રયોજન છે. આહારકનું સૂક્ષ્મ વગેરે પદાર્થોના અર્થનો નિર્ણય કરવો એ પ્રયોજન છે. તૈજસશરીરનું આહાર પાચન અને શાપ આદિનું સામર્થ્ય એ પ્રયોજન છે.

(૫) **પ્રમાણ–** પ્રમાણથી જુદાપણું છે. ઔદારિકનું પ્રમાણ સાધિક હજાર યોજન છે. વૈક્રિયનું પ્રમાણ લાખ યોજન છે. આહારકનું પ્રમાણ માત્ર એક હાથ છે. તૈજસ-કાર્મણનું પ્રમાણ લોક જેટલું છે.

(૬) **પ્રદેશ–** પ્રદેશથી જુદાપણું છે. આ વિષે તૈજસની પહેલાનાં એટલે કે આહારક સુધીનાં શરીરો પ્રદેશોની અપેક્ષાએ પૂર્વ-પૂર્વના

શરીરથી અસંખ્યગુણ છે એમ પૂર્વે (૨-૩૯ સૂત્રમાં) તથા આહારક પછીના બંને શરીરોના પ્રદેશો-સ્કંધો ક્રમશઃ અનંતગુણા છે એમ પૂર્વે (૨-૪૦ સૂત્રમાં) કહ્યું છે.

(૭) **અવગાહના–** અવગાહનાથી જુદાપણું છે. જીવ જેટલા આકાશપ્રદેશોમાં રહે તે અવગાહના કહેવાય. પ્રમાણ દ્વારમાં અવગાહનાની વિવક્ષા કરી નથી. એથી અહીં અલગ કહી છે.

(૮) **સ્થિતિ–** સ્થિતિથી જુદાપણું આ પ્રમાણે છે- ઔદારિકની જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ સ્થિતિ છે. વૈક્રિયની જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ સ્થિતિ છે. આહારકની એક અંતર્મુહૂર્ત જ સ્થિતિ છે. તૈજસ-કાર્મણની પ્રવાહની અપેક્ષાએ અભવ્યજીવોને આશ્રયીને અનાદિ-અનંત સ્થિતિ છે. ભવ્ય જીવોની અપેક્ષાએ અનાદિ-સાંત સ્થિતિ છે.

(૯) **અલ્પ-બહુત્વ–** અલ્પ-બહુત્વથી જુદાપણું છે. તે આ પ્રમાણે- આહારકશરીરો સર્વથી થોડાં છે. ઉત્કૃષ્ટથી હજાર પૃથક્ત્વ છે. ક્યારેક એક પણ ન હોય. કારણ કે આહારકશરીરના વિરહનો કાળ છ મહિના કહ્યો છે. તેનાથી વૈક્રિયશરીરો અસંખ્યગુણા છે. કારણ કે નારક-દેવોને સદા હોય છે. તેનાથી ઔદારિકશરીરો અસંખ્યગુણ[1] છે. કેમકે (સાધારણ શરીરવાળા અને) પ્રત્યેક શરીરવાળા તિર્યંચ-મનુષ્યોને સદા ઔદારિક-શરીર હોય છે. તેનાથી તૈજસ-કાર્મણશરીરો (પ્રત્યેક) અનંતગુણા છે. કારણ કે સાધારણ શરીરવાળા જીવોને પણ પ્રત્યેકને આ તૈજસ-કાર્મણ-શરીર હોય છે. આ પ્રમાણે આ કારણ આદિ નવ વિશેષતાઓથી ઔદારિક આદિ શરીરોનું જુદાપણું સિદ્ધ થયું. (૨-૫૦)

**भाष्यावतरणिका–** अत्राह- आसु चतसृषु संसारगतिषु को लिङ्गनियम इति । अत्रोच्यते- जीवस्यौदयिकेषु भावेषु व्याख्यायमाने-षूक्तम् । त्रिविधमेव लिङ्गं स्त्रीलिङ्गं पुल्लिङ्गं नपुंसकलिङ्गमिति ॥ तथा

૧. જો કે સાધારણશરીરવાળા જીવો અનંત છે. પણ અનંત જીવોનું શરીર એક હોય છે. આથી શરીરો તો અસંખ્ય જ થાય, અનંત ન થાય. માટે અહીં અસંખ્યગુણ એવું કથન બરોબર છે.

चारित्रमोहे नोकषायवेदनीये त्रिविध एव वेदो वक्ष्यते । स्त्रीवेदः पुंवेदो नपुंसकवेद इति । तस्मात् त्रिविधमेव लिङ्गमिति । तत्र–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** આ સંસારની ચાર ગતિઓમાં લિંગનો શું નિયમ છે?

**ઉત્તર–** જીવના ઔદયિક ભાવોનું (અ.૨ સૂ.૬) વ્યાખ્યાન થઈ રહ્યું હતું ત્યારે કહ્યું છે કે સ્ત્રીલિંગ, પુલિંગ અને નપુંસકલિંગ એમ લિંગ ત્રણ પ્રકારનું છે તથા ચારિત્રમોહમાં નોકષાય વેદનીયના વર્ણનમાં સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ એમ ત્રણ પ્રકારનો જ વેદ (અ.૮ સૂ.૧૦ માં) કહેવાશે. તેથી લિંગ ત્રણ પ્રકારનું જ છે. તેમાં–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि अत्रावसरे शिष्यः प्रश्नयति– आसु चतसृषु संसारगतिषु नरकगत्यादिषु को लिङ्गनियमः ? कस्यां गतौ किं लिङ्गमिति, एवं पृष्टे एतदभिधानायैवादौ लिङ्गमेव स्मारयन्नाह 'अत्रोच्यत' इत्यादिना, इह जीवस्य औदयिकेषु भावेषु व्याख्यायमानेषूक्तं प्राक् गतिकषायलिङ्गसूत्रे, किमुक्तमित्याह–त्रिविधमेव लिङ्गं स्त्रीपुं-नपुंसकमिति, तथा चारित्रमोहे वक्ष्यमाणलक्षणे, दर्शनमोहव्यव-च्छेदार्थमेतत्, तत्रापि नोकषायवेदनीये हास्यादिरूपे त्रिविधं एव वेदं वक्ष्यते स्त्रीपुंनपुंसकभेदेन, नवविधत्वात् नोकषायवेदनीयव्यवच्छेदार्थं, यस्मादेवं तस्मात्त्रिविधमेव लिङ्गमिति निगमनं ॥ एवं लिङ्गनियमे सति गतौ वेदमाह– (तत्र-)

**ટીકાવતરણિકાર્થ–** 'अत्राह' इत्यादि, આ અવસરે શિષ્ય પ્રશ્ન કરે છે- સંસારની નરકગતિ આદિ આ ચાર ગતિઓમાં લિંગનો નિયમ શો છે? કઈ ગતિમાં કયું લિંગ હોય? આ પ્રમાણે પ્રશ્ન કર્યે છતે લિંગને કહેવા માટે જ પ્રારંભમાં લિંગને જ યાદ કરાવતા ભાષ્યકાર अत्रोच्यते ઇત્યાદિથી કહે છે- પૂર્વે गति-कषाय-लिङ्ग० (૨-૬) સૂત્રમાં જીવના ઔદયિકભાવોનું વ્યાખ્યાન કરવાના અવસરે આ વિષે કહ્યું છે. શું કહ્યું છે તે કહે છે- લિંગ સ્ત્રી, પુરુષ, નપુંસક એમ ત્રણ પ્રકારનું જ છે.

તથા ચારિત્રમોહમાં, તેમાં પણ હાસ્યાદિ રૂપ નોકષાયવેદનીયમાં સ્ત્રી, પુરુષ, નપુંસક ભેદથી ત્રણ પ્રકારનો જ વેદ કહેવામાં આવશે.

ચારિત્રમોહનું લક્ષણ આગળ (૮-૧૦ સૂત્રમાં) કહેવાશે. અહીં દર્શનમોહનો વ્યવચ્છેદ કરવા ચારિત્રમોહ એમ કહ્યું છે.

નોકષાયવેદનીય નવ પ્રકારે હોવાથી અન્ય પ્રકારોનો વ્યવચ્છેદ કરવા "ત્રણ પ્રકારનો વેદ" એમ કહ્યું છે.

આ પ્રમાણે હોવાથી લિંગ ત્રણ પ્રકારનું જ છે એમ ઉપસંહાર વાક્ય છે.

આ પ્રમાણે લિંગનું (ત્રણ જ છે એમ) નિયમન થયે છતે ગતિમાં વેદને કહે છે– (તેમાં-)

**નારક અને સંમૂર્ચ્છિમ જીવો નપુંસક હોય–**

## नारकसम्मूर्च्छिनो नपुंसकानि ॥२-५१॥

**સૂત્રાર્થ–** નારકો અને સંમૂર્ચ્છિમ જીવો નપુંસક છે. (૨-૫૧)

**भाष्यं–** नारकाश्च सर्वे सम्मूर्च्छिनश्च नपुंसकान्येव भवन्ति। न स्त्रियो न पुमांसः। तेषां हि चारित्रमोहनीयनोकषायवेदनीयाश्रयेषु त्रिषु वेदेषु नपुंसकवेदनीयमेवैकमशुभगतिनामापेक्षं पूर्वबद्धनिकाचितमुदयप्राप्तं भवति, नेतरे इति ॥२-५१॥

**ભાષ્યાર્થ–** સઘળા નારકો અને સંમૂર્ચ્છિમ જીવો નપુંસક જ હોય છે. સ્ત્રીઓ કે પુરુષો હોતા નથી. તેઓને ચારિત્રમોહનીય રૂપ નોકષાય વેદનીયના આશ્રયવાળા ત્રણ વેદોમાં અશુભગતિ નામની અપેક્ષાવાળું અને પૂર્વબદ્ધ નિકાચિત એવું એક નપુંસકવેદનીય જ ઉદયમાં આવેલું હોય છે. બીજા બે વેદો નહીં. (૨-૫૧)

**टीका–** एते जन्तवो नपुंसकान्येवेति सूत्रसमुदायार्थः। अवयवार्थमाह– 'नारकाश्चे'त्यादिना नरकेषु भवाः नारकाः सर्वे सप्तपृथिवीनिवासिनः सम्मूर्च्छिनश्चेति सम्मूर्च्छजाः, सम्मूर्च्छनं च जन्मेत्यर्थः तदेषां विद्यत इति सम्मूर्च्छिनः, एते नपुंसकान्येव भवन्ति नपुंसकवेदभाज इत्यर्थः वृत्ति–

रितिकृत्वाऽवधारणफलमाह-न स्त्रियो न पुमांसः, किमेतदेवमित्याह 'तेषां ही'त्यादिना, तेषां यस्मान्नारकादीनां, किमित्याह-'चारित्रे'त्यादि, चारित्रमोहनीयं च तन्नोकषायवेदनीयं चेति विग्रहः, नवधा हास्यादि, तदाश्रयेषु त्रिषु वेदेषु, किमित्याह-'नपुंसकवेदनीय'मिति, नपुंसकत्वानुभवेन वेद्यत इति नपुंसकवेदनीयं तदेवैकमशुभगतिनामापेक्षमिति अशुभगत्यादिनामगोत्रवेद्यायुष्कोदयापेक्षं पूर्वबद्धनिकाचितमुदयप्राप्तं भवतीति पूर्वस्मिन् जन्मन्यनन्तरं बद्धं तद्योग्यहेतुभिः परिगृहीतं निकाचितमात्मप्रदेशैरन्योऽन्यानुगत्या नियमवेदनीयतया स्थितं उदयप्राप्तमिति समासादितपरिपाकं, एतदेवंविधं नारकसम्मूर्च्छिनां जन्तूनां दुःखबहुलमेतद्भवति, नेतरे स्त्रीपुंवेदनीये इति, तेन नपुंसकान्येव भवन्तीति, नपुंसकवेदोदयान्महानगरदाहोपमं मैथुनाभिलाषात् दुःखमनुभवन्ति नारकाः काङ्क्षारूपमित्थं सन्मूर्च्छिनोऽपीत्यर्थः ॥२-५१॥

**ટીકાર્થ–** આ જીવો નપુંસક જ છે એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર नारकाश्च ઇત્યાદિથી કહે છે- નરકમાં ગયેલા હોય તે નારકો. "संमूर्च्छिनश्च" इति, संमूर्च्छिनः=संमूर्च्छजाः, સંમૂર્ચ્છન જન્મ છે, સંમૂર્ચ્છન જન્મ જેમને હોય તે संमूर्च्छिनः, સાતેય પૃથ્વીમાં રહેલા સઘળા નારકો અને સંમૂર્ચ્છિમ જીવો નપુંસક જ હોય, અર્થાત્ નપુંસક વેદવાળા હોય.

સર્વ નારકો અને સંમૂર્ચ્છિમ જીવો નપુંસક જ હોય છે એવું ભાષ્ય હોવાથી અવધારણના ફળને કહે છે- નારકો અને સંમૂર્ચ્છિમ જીવો સ્ત્રીઓ અને પુરુષો ન હોય. નારકો અને સંમૂર્ચ્છિમ જીવો નપુંસક જ કેમ હોય છે ? એવા પ્રશ્નના ઉત્તરને "तेषां हि" ઇત્યાદિથી કહે છે- કારણ કે તે નારકો આદિ જીવોને ચારિત્રમોહનીય રૂપ નોકષાયવેદનીયના આશ્રયવાળા ત્રણ વેદોમાં એક નપુંસક વેદનીય જ હોય છે. નોકષાયવેદનીય હાસ્યાદિ નવ પ્રકારે છે. નપુંસકપણાના અનુભવથી જે વેદાય તે નપુંસકવેદનીય. આ નપુંસકવેદનીય અશુભગતિ આદિ રૂપ

નામકર્મ તથા અશુભ ગોત્રકર્મ, અશુભ વેદનીયકર્મ અને અશુભ આયુષ્યકર્મના ઉદયની અપેક્ષાવાળું છે, અર્થાત્ તેને અશુભગતિ આદિ અશુભ કર્મોના ઉદયની સાથે નપુંસકવેદનીયનો ઉદય હોય. નપુંસક-વેદનીયના બંધને યોગ્ય હેતુઓથી અનંતર પૂર્વજન્મમાં ગ્રહણ કરેલું અવશ્ય અનુભવવું પડે તે રીતે આત્મપ્રદેશોની સાથે એકરૂપ થયેલું અને જેણે ફળને પ્રાપ્ત કર્યું છે એવું નપુંસકવેદનીય જ સર્વ નારકો અને સંમૂર્ચ્છિમ જીવોને હોય છે. આ નપુંસકવેદનીય ઘણા દુઃખવાળું છે. નારકો અને સંમૂર્ચ્છિમ જીવોને સ્ત્રીવેદનીય અને પુરુષવેદનીય ન હોય, એથી તે જીવો નપુંસક જ હોય.

જેમાં મહાનગરમાં ઉત્પન્ન થયેલા અગ્નિના જેવી મૈથુનાભિલાષા છે તેવા નપુંસકવેદના ઉદયમાં નારકો કાંક્ષારૂપ દુઃખને અનુભવે છે. એ પ્રમાણે સંમૂર્ચ્છિમ જીવો પણ દુઃખી હોય છે. (૨-૫૧)

**દેવો નપુંસક ન હોય–**

**न देवाः ॥२-५२॥**

**સૂત્રાર્થ–** દેવો નપુંસક ન હોય. (૨-૫૨)

**भाष्यं–** देवाश्चतुर्निकाया अपि नपुंसकानि न भवन्ति । स्त्रियः पुमांसश्च भवन्ति । तेषां हि शुभगतिनामापेक्षे स्त्रीपुंवेदनीये पूर्वबद्धनिकाचिते उदयप्राप्ते द्वे एव भवतो नेतरत् । पारिशेष्याच्च गम्यते जराय्वण्ड-पोतजास्त्रिविधा भवन्ति स्त्रियः पुमांसो नपुंसकानीति ॥२-५२॥

**ભાષ્યાર્થ–** ચારેય નિકાયના પણ દેવો નપુંસકો હોતા નથી. સ્ત્રીઓ અને પુરુષો હોય છે. તેઓને શુભગતિ નામની અપેક્ષાવાળા અને પૂર્વબદ્ધ નિકાચિત એવા સ્ત્રીવેદનીય અને પુરુષવેદનીય એમ બે જ વેદનીય હોય છે. અન્ય (નપુંસકવેદનીય) નથી હોતું.

ઉક્ત સિવાયના જરાયુજ, અંડજ અને પોતજ જીવો સ્ત્રીઓ, પુરુષો અને નપુંસકો હોય છે એમ જણાય છે. (૨-૫૨)

**टीका–** सम्बन्धः प्रतीतः, समुदायार्थश्च । अवयवार्थमाह-'देवा' इत्यादिना दीव्यन्तीति देवाश्चतुर्निकायाः अपि भवनवास्यादयः,

किमित्याह–नपुंसकानि न भवन्ति, किं तर्हि ?, स्त्रियः पुमांसश्च भवन्ति, शुद्धवेदा एव, किमित्यत एवाह–'तेषां ही'त्यादि, तेषां देवानां यस्माच्छुभगतिनामापेक्षे इति, शुभगत्यादिनामगोत्रवेद्यायुष्कोऽपेक्षे स्त्रीपुंवेदनीये इति, स्त्रीपुंस्त्वानुभववेदनीये पूर्वबद्धनिकाचिते इति जन्मान्तरपरिगृहीते आत्मप्रदेशैरन्योऽन्यानुविद्धे उदयप्राप्ते इति समासादितपरिपाके द्वे एव भवतः यथोदिते, न इतरत् नपुंसकवेदनीयं, यतो देवा नपुंसकानि न भवन्तीति । इदानीं सामर्थ्यलभ्यं दर्शयति 'पारिशेष्याच्चे'त्यादिना, पारिशेष्याच्च गम्यते पारिशेष्यसिद्धत्वे ज्ञायते, किमित्याह–जराय्वण्डजपोतजाः पूर्वोक्तास्त्रिविधा भवन्ति यथासम्भवं स्त्रियः पुमांसो नपुंसकानीति ॥२–५२॥

**ટીકાર્થ–** સંબંધ અને સમુદિત અર્થ જણાઇ ગયેલો છે. અવયવાર્થને ભાષ્યકાર 'देवाः' ઇત્યાદિથી કહે છે- દીપે છે, માટે દેવો કહેવાય છે. ભવનવાસી વગેરે ચારેય પ્રકારના દેવો નપુંસક ન હોય તો કોણ હોય ? સ્ત્રીઓ અને પુરુષો હોય. શુદ્ધ વેદવાળા જ હોય. દેવો સ્ત્રીરૂપ અને પુરુષરૂપ કેમ હોય એવા પ્રશ્નના ઉત્તરને જ કહે છે- "तेषां हि" इत्यादि, દેવોને શુભગતિ આદિ રૂપ નામકર્મ, શુભગોત્રકર્મ, શુભવેદનીયકર્મ અને શુભઆયુષ્યકર્મની અપેક્ષાવાળા સ્ત્રીવેદનીય અને પુરુષવેદનીય કર્મ હોય છે, અર્થાત્ તેમને શુભગતિ આદિ શુભકર્મોના ઉદયની સાથે સ્ત્રીવેદનીય અને પુરુષવેદનીય હોય છે. સ્ત્રીપણાના અનુભવથી જે વેદાય તે સ્ત્રીવેદનીય. પુરુષપણાના અનુભવથી જે વેદાય તે પુરુષવેદનીય. અનંતરપૂર્વભવમાં ગ્રહણ કરેલાં (અવશ્ય અનુભવવા પડે તે રીતે) આત્મપ્રદેશોની સાથે એક રૂપ થયેલાં, જેમણે ફળને પ્રાપ્ત કર્યું છે તેવાં યથોક્ત સ્ત્રીવેદનીય અને પુરુષવેદનીય એ બે જ હોય. નપુંસકવેદનીય ન હોય. કારણ કે દેવો નપુંસક ન હોય.

હવે સામર્થ્યથી પ્રાપ્ત કરવા યોગ્ય અર્થને "पारिशेष्याच्च" ઇત્યાદિથી શેષની સિદ્ધિથી (શેષથી જે સિદ્ધ થયું તેનાથી જણાય છે કે પૂર્વોક્ત

જરાયુજ, અંડજ અને પોતજ જીવો યથાસંભવ સ્ત્રીઓ, પુરુષો અને નપુંસકો એમ ત્રણ પ્રકારના હોય છે. (૨-૫૨)

**भाष्यावतरणिका–** अत्राह- चतुर्गतावपि संसारे किं व्यवस्थिता स्थितिरायुष उताकालमृत्युरप्यस्तीति । अत्रोच्यते- द्विविधान्यायूंषि । अपवर्तनीयानि अनपवर्तनीयानि च । अनपवर्तनीयानि पुनर्द्विविधानि । सोपक्रमाणि निरुपक्रमाणि च । अपवर्तनीयानि तु नियतं सोपक्रमाणीति ॥ तत्र–

**ભાષ્યાવતરણિકાર્થ–પ્રશ્ન–** સંસારની ચારેય ગતિમાં પણ આયુષ્યની સ્થિતિ નિશ્ચિત રહેલી છે કે અકાળે મૃત્યુ પણ થાય ?

**ઉત્તર–** આયુષ્ય અપવર્તનીય અને અનપવર્તનીય એમ બે પ્રકારનું છે. અનપવર્તનીય આયુષ્ય સોપક્રમ અને નિરુપક્રમ એમ બે પ્રકારે છે. અપવર્તનીય આયુષ્ય તો અવશ્ય સોપક્રમ હોય છે. તેમાં–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, अत्र प्रस्तावे आह चोदकः-चतुर्गतावपि संसारे नरकगत्याद्यपेक्षया किं व्यवस्थिता स्थितिः आयुषः यावती तवित्येव उत अकालमृत्युरप्यस्ति तत्तत्स्थित्युल्लङ्घनेनेति, अत्रोच्यते उत्तरं, 'द्विविधानी'त्यादिना, द्विविधानि द्विप्रकाराणि आयूंषि जीवितानि भवन्तीति, किंभूतानीत्याह-'अपवर्तनीयानि अपवर्तनार्हाणि, अपवर्तना नाम प्राक्तनविरचितस्थितेरल्पतापादनं अध्यवसानादिभेदात्, अनपवर्तनीयानि चैतद्विपरीतानि, अनपवर्तनीयानि पुनर्द्विविधानि-सामान्येन सोपक्रमाणि निरुपक्रमाणीति, सहोपक्रमेण सोपक्रमाणि, उपक्रमोऽध्यवसानादिभिः स्थितेरासन्नीकरणं, निरुपक्रमाणि च निर्गतोपक्रमाणि च, उपक्रमरहितानीत्यर्थः, अपवर्तनीयानि यानि प्रागुपन्यस्तानि, किमित्याह-नियतं सोपक्रमाणीति अवश्यं सोपक्रमाण्येव, बन्धकाल एव तथाविधाध्यवसानादेस्तथाविधबन्धभावादिति ॥ तत्र–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ ગ્રંથ સૂત્રનો સંબંધ જણાવવા માટે છે. આ અવસરે પ્રશ્નકાર પૂછે છે કે, નરકગતિ આદિની અપેક્ષાએ ચાર

ગતિ રૂપ સંસારમાં આયુષ્યની સ્થિતિ જેટલી હોય તેટલી જ રહે કે તે તે સ્થિતિના ઉલ્લંઘનથી(=સ્થિતિ ઘટી જવાથી) અકાળ મૃત્યુ પણ થાય ?

અહીં ઉત્તર કહેવાય છે- આયુષ્યના અપર્વતનીય અને અનપવર્તનીય એમ બે પ્રકાર છે. અપવર્તનીય એટલે અપવર્તનાને યોગ્ય. અપવર્તના એટલે પૂર્વે ગોઠવેલી સ્થિતિને અધ્યવસાન આદિ પ્રકારથી ઓછી કરવી. આનાથી વિપરીત આયુષ્ય અનપવર્તનીય છે. અનપવર્તનીય આયુષ્યના સામાન્યથી સોપક્રમ અને નિરુપક્રમ એમ બે ભેદ છે. ઉપક્રમથી સહિત તે સોપક્રમ. ઉપક્રમ એટલે અધ્યવસાન આદિથી સ્થિતિને નજીક કરવી=ઓછી કરવી. ઉપક્રમથી રહિત નિરુપક્રમ.

પૂર્વોક્ત અપવર્તનીય આયુષ્ય નિયમા સોપક્રમ હોય. કેમકે બંધના સમયે જ તેવાં પ્રકારનાં અધ્યવસાય આદિથી બંધ જ તેવો થાય છે. (જેથી ઉપક્રમ લાગે અને આયુષ્ય જલદી ભોગવાઇ જાય.) તેમાં–

**આયુષ્યના ભેદો–**

**औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽ-**
**नपवर्त्यायुषः ॥२-५३॥**

**સૂત્રાર્થ–** ઔપપાતિક, ચરમદેહી, ઉત્તમપુરુષ અને અસંખ્યવર્ષના આયુષ્યવાળા એ ચાર પ્રકારના જીવોનું આયુષ્ય અનપવર્ત્ય=ન ઘટે તેવું હોય છે. (૨-૫૩)

**भाष्यं–** औपपातिकाश्चरमदेहा उत्तमपुरुषा असङ्ख्येयवर्षायुष इत्येतेऽनपवर्त्यायुषो भवन्ति । तत्रौपपातिका नारकदेवाश्चेत्युक्तम् । चरमदेहा मनुष्या एव भवन्ति नान्ये । चरमदेहा अन्त्यदेहा इत्यर्थः । ये तेनैव शरीरेण सिध्यन्ति । उत्तमपुरुषास्तीर्थकरचक्रवर्त्यर्धचक्रवर्तिनः । असङ्ख्येयवर्षायुषो मनुष्याः तिर्यग्योनिजाश्च भवन्ति । सदेवकुरूत्तरकुरुषु सान्तरद्वीपकास्वकर्मभूमिषु कर्मभूमिषु च सुषमसुषमायां सुषमायां सुषमदुःषमायामित्यसङ्ख्येयवर्षायुषो मनुष्या भवन्ति । अत्रैव बाह्येषु

द्वीपेषु समुद्रेषु तिर्यग्योनिजा असङ्ख्येयवर्षायुषो भवन्ति । औपपातिकाश्चासङ्ख्येयवर्षायुषश्च निरुपक्रमाः । चरमदेहाः सोपक्रमा निरुपक्रमाश्चेति । एभ्य औपपातिकचरमदेहासङ्ख्येयवर्षायुर्भ्यः शेषा मनुष्यास्तिर्यग्योनिजाः सोपक्रमा निरुपक्रमाश्चापवर्त्यायुषोऽनपवर्त्यायुषश्च भवन्ति। तत्र येऽपवर्त्यायुषस्तेषां विषशस्त्रकण्टकाग्न्युदकाह्यशिताजीर्णाशनिप्रपातोद्बन्धनश्वापदवज्रनिर्घातादिभिः क्षुत्पिपासाशीतोष्णादिभिश्च द्वन्द्वोपक्रमैरायुरपवर्त्यते । अपवर्तनं शीघ्रमन्तर्मुहूर्तात्कर्मफलोपभोगः, उपक्रमोऽपवर्तननिमित्तम् ॥

अत्राह- यद्यपवर्तते कर्म तस्मात्कृतनाशः प्रसज्यते यस्मान्न वेद्यते। अथास्त्यायुष्कं कर्म म्रियते च तस्मादकृताभ्यागमः प्रसज्यते । येन सत्यायुष्के म्रियते च, ततश्चायुष्कस्य कर्मण आफल्यं प्रसज्यते। अनिष्टं चैतत् । एकभवस्थिति चायुष्कं कर्म न जात्यन्तरानुबन्धि तस्मान्नापवर्तनमायुषोऽस्तीति ॥

अत्रोच्यते- कृतनाशाकृताभ्यागमाफल्यानि कर्मणो न विद्यन्ते । नाप्यायुष्कस्य जात्यन्तरानुबन्धः । किन्तु यथोक्तैरुपक्रमैरभिहतस्य सर्वसन्दोहेनोदयप्राप्तमायुष्कं कर्म शीघ्रं पच्यते तदपवर्तनमित्युच्यते । संहतशुष्कतृणराशिदहनवत् । यथा हि संहतस्य शुष्कस्यापि तृणराशेरवयवशः क्रमेण दह्यमानस्य चिरेण दाहो भवति तस्यैव शिथिलप्रकीर्णोपचितस्य सर्वतो युगपदादीपितस्य पवनोपक्रमाभिहतस्याशु दाहो भवति तद्वत् । यथा वा सङ्ख्यानाचार्यः करणलाघवार्थं गुणाकारभागहाराभ्यां राशिं छेदादेवापवर्तयति, न च सङ्ख्येयस्यार्थस्याभावो भवति, तद्वदुपक्रमाभिहतो मरणसमुद्घातदुःखार्त्तः कर्मप्रत्ययमनाभोगयोगपूर्वकं करणविशेषमुत्पाद्य फलोपभोगलाघवार्थं कर्मापवर्तयति, न चास्य फलाभाव इति ॥ किञ्चान्यत् । यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः

सूर्यरश्मिवाय्वभिहतः क्षिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूतस्नेहागमो, नापि वितानितेऽकृत्स्नशोषः, तद्वद्यथोक्तनिमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति । न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानि ॥२-५३॥

॥ इति तत्त्वार्थाधिगमसूत्रे स्वोपज्ञभाष्यसमेते द्वितीयोऽध्यायः समाप्तः ॥

**ભાષ્યાર્થ–** ઔપપાતિક, ચરમશરીરી, ઉત્તમપુરુષો અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા જીવો અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે. તેમાં નારકો અને દેવો ઔપપાતિક છે એમ પૂર્વે કહ્યું છે અને ચરમશરીરી મનુષ્ય જ હોય છે બીજાઓ નહિ, ચરમશરીરી એટલે જે જીવો તે જ શરીરથી સિદ્ધ થાય છે તે અંતિમ શરીરી. તીર્થંકરો, ચક્રવર્તીઓ અને વાસુદેવો ઉત્તમપુરુષો છે. મનુષ્યો અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અસંખ્યવર્ષના આયુષ્યવાળા હોય છે. દેવકુરુ, ઉત્તરકુરુ સહિત તથા અંતરદ્વીપ સહિત અકર્મભૂમિઓમાં તથા કર્મભૂમિઓમાં સુષમાસુષમા સુષમા, સુષમા-દુઃષમા આરામાં અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો હોય છે. અહીં જ અઢીદ્વીપથી બહારના દ્વીપ સમુદ્રોમાં (ગર્ભજ) તિર્યંચ પંચેન્દ્રિય જીવો અસંખ્યવર્ષના આયુષ્યવાળા હોય છે. ઔપપાતિક અને અસંખ્યવર્ષના આયુષ્યવાળા જીવો નિરુપક્રમ હોય છે. ચરમશરીરી જીવો સોપક્રમ અને નિરુપક્રમ એમ બે પ્રકારના હોય છે. ઔપપાતિક, ચરમશરીરી અને અસંખ્યવર્ષના આયુષ્યવાળાથી અન્ય મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયો સોપક્રમ, નિરુપક્રમ અપવર્તનીય આયુષ્યવાળા અને અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે. તેમાં જે જીવો અપવર્તનીય આયુષ્યવાળા છે તેમના આયુષ્યનું વિષ, શસ્ત્ર, કાંટા, અગ્નિ, પાણી, સર્પ, ભોજનનું અજીર્ણ, વીજળીપાત, ગળેફાંસો, જંગલીપ્રાણી, વજ્રઘાત વગેરે અને ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમી વગેરે આયુષ્યનો ઘાત કરે તેવા ઉપક્રમોથી અપવર્તન થાય છે.

અપવર્તન એટલે જલદી અંતર્મુહૂર્તમાં કર્મફળનો ઉપભોગ કરવો. ઉપક્રમ એટલે અપવર્તનનું નિમિત્ત.

**પ્રશ્ન–** જો કર્મનું અપવર્તન થાય છે તો કૃતનાશ દોષનો પ્રસંગ આવે છે. કારણ કે કર્મ (પૂર્ણ) વેદાતું નથી. હવે જો આયુષ્ય છે અને મૃત્યુ પામે છે તો તેનાથી અકૃતાગમ દોષનો પ્રસંગ આવે છે. કારણ કે આયુષ્ય હોવા છતાં મરે છે અને તેથી આયુષ્ય કર્મની નિષ્ફળતા રૂપ દોષ આવે છે. આ અનિષ્ટ છે. એક ભવની સ્થિતિવાળું આયુષ્યકર્મ અન્ય જન્મમાં થતું નથી તેથી આયુષ્યનું અપવર્તન નથી=આયુષ્યનું અપવર્તન થાય એ યોગ્ય નથી.

**ઉત્તર–** કર્મના કૃતનાશ, અકૃતાગમ અને નિષ્ફળતા એ દોષો લાગતા નથી અને આયુષ્ય અન્ય જન્મમાં જતું પણ નથી, કિંતુ યથોક્ત ઉપક્રમોથી પીડિત થયેલા જીવનું ક્રમ વિના એકી સાથે ઉદયમાં આવેલું આયુષ્યકર્મ જલદી ફળ આપે છે. ક્રમ વિના એકી સાથે ઉદયમાં આવેલું આયુષ્યકર્મ જલદી અનુભવાય તેને અપવર્તન કહેવાય છે. આમાં તૃણના ઢગલાને બળવાનું દૃષ્ટાંત છે. જેમ ભેગો કરેલો સુકો પણ તૃણનો ઢગલો અવયવથી બળતો હોવાથી લાંબાકાળે બળે છે. તે જ તૃણના ઢગલાને ઢીલું અને છુટું ભેગું કરીને બાળવામાં આવે તો બધી તરફથી એકી સાથે બળતો અને પવનના ઉપક્રમથી હણાયેલો જેમ જલ્દી બળે છે તેમ આયુષ્યકર્મ પણ ઉપક્રમના અનુભાવથી જલદી અનુભવાય છે અથવા જેવી રીતે ગણિતમાં કુશળ આચાર્ય ગણિત જલદી કરી શકાય એ માટે ગુણાકાર ભાગાકાર વડે છેદથી જ રાશિનું અપવર્તન કરે છે છતાં સંખ્યેય અર્થનો અભાવ થતો નથી. તેવી રીતે ઉપક્રમથી પીડાયેલો અને મરણ સમુદ્ઘાતના દુઃખથી આર્ત થયેલો જીવ કર્મ જેનું કારણ છે એવા કરણવિશેષને અનાભોગ યોગપૂર્વક ઉત્પન્ન કરીને ફળનો જલદી ઉપભોગ થાય એ માટે આયુષ્ય-કર્મનું અપવર્તન કરે છે છતાં આયુષ્યકર્મના ફળનો અભાવ થતો નથી.

વળી બીજું- અથવા જેવી રીતે ધોયેલું વસ્ત્ર પાણીથી ભીનું જ ભેગું કરવામાં આવે તો લાંબા કાળે સુકાય છે. તે જ (=પાણીથી ભીનું) વસ્ત્ર પહોળું કરીને સૂકવવામાં આવે તો સૂર્યના કિરણો અને વાયુથી હણાયેલું જલદી સુકાઇ જાય છે. ભેગા કરેલા તે વસ્ત્રમાં સ્નેહ (પાણી)નું આગમન

થયું નથી અને પહોળું કરેલું તે વસ્ત્ર સંપૂર્ણ સુકાયુ નથી એવું પણ નથી. તેવી રીતે યથોક્ત નિમિત્તવાળા અપવર્તનથી આયુષ્યકર્મના ફળનો જલદી ઉપભોગ થાય છે છતાં તેમાં કૃતનાશ, અકૃતાગમ અને નિષ્ફળતા એ દોષો લાગતા નથી. (૨-૫૩)

આ પ્રમાણે સ્વોપજ્ઞભાષ્ય સહિત તત્ત્વાર્થાધિગમસૂત્રમાં બીજો અધ્યાય પૂર્ણ થયો.

**टीका–** औपपातिकचरमदेहोत्तमपुरुषाः असङ्ख्येयवर्षायुषः अनपवर्त्यायुष एव भवन्ति, नैषामकालमृत्युरस्तीति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'औपपातिकाः' उपपातजन्मानो नारकदेवाः, चरमदेहा अन्त्यदेहाः तज्जन्ममोक्षगामिनः, उत्तमपुरुषाः–तीर्थकरचक्रवर्तिवासुदेवबलदेवाः असङ्ख्येयवर्षायुषो मिथुनपुरुषा इति, एते सर्व एव अनपवर्त्यायुषो भवन्ति, एतदेव स्पष्टयन्नाह–तत्रौपपातिका नारका देवाश्चेत्युक्तं प्राग्, अधुनाऽभिधेयं, चरमदेहास्तु मनुष्या एव भवन्ति, नान्ये देवादयः, चरमदेहा इति कोऽर्थः ? इति प्रश्ने सत्येतदाह–अन्त्यदेहा इत्यर्थः, मा भून्मनुष्यभवमेवाधिकृत्यैतद् अनागामिदेवभवादिवदित्याह–ये तेनैव शरीरेण सिद्ध्यन्ति निष्ठितार्था भवन्तीति भावः, उत्तमपुरुषास्तीर्थकरचक्रवर्तिनो वासुदेवबलदेवाः, गणधरादयोऽपि चान्ये, असङ्ख्येयवर्षायुषो मनुष्यास्तिर्यग्योनिजाश्च भवन्ति, न सर्वत्र सदैवेत्याह–सदेवकुरूत्तरकुरुषु अकर्मभूमिष्विति सम्बन्धः, एताँस्तृतीयाध्याये वक्ष्यामः, तथा सान्तरद्वीपकासु एतास्वेव, एतेऽपि वक्ष्यमाणलक्षणा एव, अन्तरद्वीपान् कायन्तीति अन्तरद्वीपकाः, 'अकर्मभूमिषु' वक्ष्यमाणासु हिमवदादिकासु वक्ष्यमाणासु कर्मभूमिषु च भरताद्यासु वक्ष्यमाणास्वेव, न सदैवेत्याह–सुषमसुषमायां वक्ष्यमाणलक्षणायां एवं सुषमायां सुषमदुषमायामित्येतासु च तिसृषु समासु असङ्ख्येयवर्षायुषो (मनुष्या) भवन्ति, गणनया सङ्ख्यातीतवर्षायुष इत्यर्थः, 'अत्रैव

चे'त्यादि, अत्रैवासङ्ख्येयवर्षायुषामधिकारे इदमाह-बाह्येषु द्वीपसमुद्रेषु मनुष्यलोकात्, किमित्याह-तिर्यग्योनिजा गवादयः असङ्ख्येयवर्षायुषो भवन्तीति पूर्ववत्, मनुष्यक्षेत्रबहिश्चैत एव भवन्तीत्यर्थः, यदुक्तमन-पवर्तनीयानि द्विविधानि भवन्ति तदुपदर्शयन्नाह-'औपपातिकाश्च नारक-देवाः' असङ्ख्येयवर्षायुषश्चोक्तलक्षणा निरुपक्रमा इति-निरुपक्रमायुष एव, तथातद्बन्धोपपत्तेः, चरमदेहाः पुनः सोपक्रमा निरुपक्रमाश्च सामान्येन, कथयतीत्यर्थः, यद्येवं कथं अनपवर्त्यायुषां मध्ये पाठः ? एषामेव बहुत्वादित्याचार्याः, अत एवैतत्सम्भवोपदर्शनार्थमुक्तं-अनपवर्तनीयानि पुनर्द्विविधानि-सोपक्रमाणि चेत्यादि, एतेन उत्तमपुरुषा व्याख्याता इत्युपन्यासः, वासुदेवोपक्रमश्रुतेरित्याचार्याः, तदेवं न सूत्रविरोधः, तथा चाह-'एभ्य'इत्यादि, एभ्य उक्तलक्षणेभ्यः औपपातिक-चरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषेभ्यः शेषा येऽन्ये मनुष्यतिर्यग्योनिजाः, ते किमित्याह-सोपक्रमा निरुपक्रमाश्च बाहुल्येन अपवर्त्यायुषः अनपवर्त्यायुषश्च भवन्ति, तथाऽऽयुर्बन्धभेदोपपत्तेः, इह नारकदेवा असङ्ख्येयवर्षायुषः प्राणिनः षण्मासावशेषा नियमादायुषो बन्धकाः, शेषास्त्वायुषस्त्रिभागावशेषे वा त्रिभागत्रिभागावशेषे वा त्रिभागत्रिभागत्रिभागावशेषे वेति, एतदुक्तं भवति-त्रिभागावशेषायुषो नवभागावशेषायुषः सप्तविंशतिभागावशेषायुषो वा आयुषो बन्धकाः, अतः परं न बध्नन्ति, तत्र पृथिव्यादयः एकेन्द्रियाः (विकलेन्द्रियाः) पञ्चेन्द्रियाश्च निरुपक्रमायुषो नियमत एव त्रिभागावशेषे, सोपक्रमास्त्वनियमेन यावत् सप्तविंशतिभागे, ते च तदैव तदायुर्बध्नन्त्यध्यवसायभेदात्, केचिदपवर्तनीयं बध्नन्ति केचिदनपवर्तनीयं, मन्देतरपरिणामप्रयोगभेदादिति वृद्धाः, तत्र ये अपवर्त्यायुषः प्राणिनः तेषां विषादिभिः शीतोष्णादिभिश्च द्वन्द्वोपक्रमै-रायुरपवर्त्यत इति, इन्द्राशनिप्रपातः अग्निरहितः कणकादिः वज्रं तु

वैद्युतो वह्निः, द्वन्द्वः उपघात आयुष इति, शेषं प्रकटार्थं, अपवर्तनमाह-'अपवर्तन'मित्यादिना, अपवर्तनं नाम शीघ्रं अन्तर्मुहूर्तादेव, परतोऽसम्भवात्, किमित्याह-कर्मफलोपभोगः सकलायुःकर्मवेदनं, इहापवर्तनफले कर्मफलोपभोगे अपवर्तनशब्दः, यदाह-अपवर्तननिमित्तमित्यपवर्तनं निमित्तमस्येति विग्रहः, दीर्घस्थितेः कर्मणोऽल्पस्थितिकरणं, निमित्तभावः, 'अत्राहे'त्यादि अत्रावसरे पर आह-यद्यपवर्तते अपैति कर्म, फलं अदत्त्वेत्यभिप्रायः, तस्मात् ततः कृतनाशः प्रसज्यते, कुत इत्याह-यस्मान्न वेद्यते नानुभूयते तदिति, तथाऽस्ति आयुष्कं कर्माननुभूतं सत् तिष्ठति म्रियते च तत्स्वामी, तस्मात् ततः अकृताभ्यागमः प्रसज्यते, आगामिभवायुषस्तत्कालवेद्यत्वेनाकरणात्, अन्यच्च-येन सत्यायुष्के तद्भववेदनीये म्रियते ततश्चायुष्कस्य कर्मण आफल्यं स्वफलजीवनरहितता प्रसज्यते, तदकिञ्चित्करत्वेन, अनिष्टं चैतत्, कर्मसाफल्याभ्युपगमात्, "पुव्विं दुच्चिन्नाणं दुप्पडिकंताणं कडाणं कम्माणं वेदयित्ता मोक्खो, नत्थि अवेदयित्ते"ति वचनात्, एकभवस्थिति चायुष्कं कर्म, तत्रानुभवमाश्रित्य, न जात्यन्तरानुबन्धि, तस्यैव जात्यन्तरे अवेदनात्, यस्मादेवं तस्मान्नापवर्तनमुक्तलक्षणमायुषोऽस्तीति परः, अत्रोच्यते समाधिः, कृतनाशाकृताभ्यागमासाफल्यानि पूर्वोक्तानि कर्मणो न विद्यन्ते, नाप्यायुष्कस्य जात्यन्तरानुबन्धो विद्यते, किन्तु यथोक्तैरुपक्रमैरध्यवसानविषादिभिः अभिहतस्य पीडितस्य जन्तोः, किमित्याह सर्वसन्दोहेन सर्वात्मना उदयप्राप्तं सद् आयुष्कं कर्म शीघ्रं क्रमभाविविपाकापवर्तनेनायुरनुभवात्, तदपवर्तनमुच्यत इत्येषोऽपवर्तनशब्दार्थः, तत् सर्वानुभवसार एवमेव, इहैव निदर्शनमाह-संहतशुष्कतृणराशिदहनवत्, संहतश्चासौ शुष्कतृणराशिश्च संहतशुष्कतृणराशिः तस्य दहनं तद्वत्, एतदेव व्याचष्टे-'यथा ही'त्यादिना, यथा हि संहतस्य सतः शुष्कस्यापि तृणराशेः न अस्तोमार्द्रस्य, अवयवशः प्रत्यवयवं क्रमेण

दह्यमानस्य चिरेण दाहो भवति संहतत्वादेव, तस्यैव तृणराशेः शिथिलप्रकीर्णोपचितस्य तथा विरलीकृतस्येत्यर्थः, सर्वतो युगपदादीपितस्य तथा पवनोपक्रमाभिहतस्य सहकारिविशेषात्, आशु-शीघ्रं दाहो भवति तद्वदायुषोऽप्यनुभव इति, यदाऽऽयुर्दृढसंहतमतिघनतया बन्धकाल एव एवं बद्धं तत् क्रमेण वेद्यमानं चिराय वेद्यते, यत् पुनर्बन्धकाल एव शिथिलमाबद्धं तद्विप्रकीर्णतृणराशिदाहवत् अपवर्त्य वेद्यते इति, इहैव दृष्टान्तान्तरमाह-'यथा वे'त्यादिना, यथा वा सङ्ख्यानाचार्यः गणनाचार्यः सङ्ख्यानं गणितं करणलाघवार्थं करणानि गुणकारापवर्तनोद्वर्तनानि गणितशास्त्रप्रसिद्धानि तत्र यो लघुः करणोपायः स्वल्पकालः तेन तत्फलमानयति गणिताभिज्ञत्वात्, तत्तुल्ये अपि हि फलानयने गुणकारभागहारौ चिराय तत्फलमभिनिर्वर्तयतः, स पुमान् गणितनिपुणो गुणकारभागहाराभ्यां चिरकालकारिभ्यां सकाशात् करणलाघवार्थमपवर्तनार्हं राशिं छेदादेवाल्पत्वादिना तदपवर्तयति षण्णवत्यादिकं, अनपवर्तनार्हं पुनर्लघुकरणाभिज्ञोऽपि न शक्नोत्येवापवर्तयितुमेकपञ्चाशदुत्तरसहस्रादिकं गुणकारभागहारक्रममेवानुप्रयोजयति, न च सङ्ख्येयस्याभावो, भवति फलभूतस्य, करणविशेषे सत्यपि प्रेप्सितं फलाभेदं दर्शयति, करणव्यापारकालो बहुरल्पभेदः, फलमविशिष्टमेवोभयोरिति वृद्धाः, यथैतद् तद्वदेतदिति दार्ष्टान्तिकयोजना, उपक्रमाभिहत इत्युपक्रमहेत्वभिहतः मरणसमुद्घात-दुःखार्त्तः मरणम्-आयुक्षयः तत्र समुद्घातः दुःखातिशयो बहिःचेष्टा-निरोधसारः क्रियाविशेषः स एव निरुपमकर्मोत्खननात् दुःखं तेनार्त्तो-विषण्णः कर्मप्रत्ययं कर्मकारणं अनाभोगयोगपूर्वकं छद्मस्थत्वादज्ञानव्यापारपूर्वकं करणविशेषमपवर्तनाख्यमुत्पाद्य तथाकर्मस्वभावत्वेन फलोपभोगकरणाय काललघुतापादनेन कर्मापवर्तयति लघुकालेन वेदनात्, न चास्य कर्मण फलाभावः, तथा सर्वतो भोगादिति, किञ्चान्यत्-निदर्शनान्तरपक्षे यथा धौतपटः

प्रक्षालितपटः जलार्द्र एव सन् संहतोऽविशिष्टः, किमित्याह-चिरेण शोषमुपयाति चिरायोद्वाययतीत्यर्थः, स एव च वितानितो विस्तारितः सूर्यरश्मिवाय्वभिहतः सन् जललवाकर्षणात् क्षिप्रं शीघ्रं शोषमुपयाति, तथादर्शनात्, न च संहते तस्मिन् पटे अभूतस्नेहागमः कुतोऽपि, येनाधिकस्तत्क्षयकालः, नापि वितानिते सत्यकृत्स्नशोषः असम्पूर्णशोषः, एवं यावन्तस्तावन्त एव ते जललवा उभयत्रेति, अथ च कालभेदः शोषं प्रति, तद्वदिति दार्ष्टान्तिकयोजनोपन्यास इति, 'यथोक्तनिमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति' यथोक्तनिमित्तमध्यवसानविषादि येषां अपवर्तनानां तानि यथोक्तनिमित्तापवर्तनानि तैः, कर्मणः प्रक्रमादायुषः, क्षिप्रं शीघ्रं फलोपभोगो भवति फलं-विपाकस्तस्योप-भोगः-सामीप्येन भोगः, विपाकः सामीप्येन भुज्यत इत्यर्थः, 'न (च) कृतप्रणाशाकृताभ्यागमाफलानि भवन्ति, समस्तायुर्द्रव्योपभोगात्, न कृतविप्रणाशः, इत्थमायुःक्षय एव म्रियत इति नाकृताभ्यागमः, अत एव नाफल्यमायुषस्तत्सकलभोगादिति, अत एव जात्यन्तरानुबन्धित्वा-भावोऽपीति भावनीयं, तदेवमकालमृत्युसिद्धिरिति स्थितं ॥२-५३॥

आचार्यहरिभद्रोद्धृतायां डुपडुपिकाभिधानायां तत्त्वार्थटीकायां द्वितीयोऽध्यायः समाप्तः ॥२॥

## આયુષ્યના ભેદો

**ટીકાર્થ–** ઔપપાતિક, ચરમદેહી, ઉત્તમપુરુષ અને અસંખ્યવર્ષના આયુષ્યવાળા જીવો અનપવર્ત્ય આયુષ્યવાળા જ હોય છે. એમનું અકાળે મૃત્યુ ન થાય. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે- ઔપપાતિક=ઉપપાતજન્મવાળા નારકો અને દેવો. ચરમ દેહી=અંતિમ દેહવાળા, અર્થાત્ તે જ જન્મમાં મોક્ષે જનારા. ઉત્તમ પુરુષો=તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવો. અસંખ્યવર્ષના આયુષ્ય-વાળા=યુગલિક મનુષ્ય(-તિર્યંચો). આ બધા જ અનપવર્ત્ય આયુષ્યવાળા

હોય છે. આ મુદ્દાને જ સ્પષ્ટ કરતા ભાષ્યકાર કહે છે- તેમાં ઔપપાતિક નારકો અને દેવો છે એમ પૂર્વે (૨-૩૫ સૂત્રમાં) જે કહ્યું છે, તે હમણાં કહેવા યોગ્ય છે, અર્થાત્ ઔપપાતિક શબ્દનો પૂર્વે કહેલો અર્થ જ અહીં કહેવો. ચરમદેહી તો મનુષ્યો જ હોય છે, બીજા દેવો વગેરે નહિ. ચરમદેહી એ શબ્દનો શો અર્થ છે ? એમ પ્રશ્ન થયે છતે ભાષ્યકાર આ કહે છે કે, ચરમદેહી એટલે અંતિમ શરીરવાળા. અનાગામી(=ફરી દેવ વગેરે ભવ પ્રાપ્ત થવાના નથી એ દૃષ્ટિએ) દેવ વગેરે ભવ અન્ત્યદેહવાળા છે એમ અંતિમભવ કોઇ ન સમજી લે એટલે મનુષ્યભવને જ આશ્રયીને ભાષ્યકાર કહે છે- જે જીવો તે જ શરીરથી સિદ્ધ થાય છે=કૃતકૃત્ય થાય છે તે જીવો અંતિમ શરીરવાળા છે.

**ઉત્તમપુરુષો**=તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો અને બળદેવો ઉત્તમપુરુષો છે. ગણધરો વગેરે પણ ઉત્તમપુરુષો છે એમ બીજાઓ કહે છે. મનુષ્યો અને તિર્યંચો અસંખ્યવર્ષના આયુષ્યવાળા હોય છે. અસંખ્યવર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો બધા સ્થળે સદાય હોતા નથી એથી કહે છે- દેવકુરુ, ઉત્તરકુરુ, અંતરદ્વીપોથી સહિત અકર્મ-ભૂમિઓમાં તથા કર્મભૂમિઓમાં સુષમા-સુષમા, સુષમા અને સુષમા-દુષમા એ ત્રણ આરાઓમાં અસંખ્યવર્ષના આયુષ્યવાળા મનુષ્યો હોય છે. અસંખ્યવર્ષના આયુષ્યવાળા એટલે ગણતરીની અપેક્ષાએ સંખ્યાને ઓળંગી ગયેલાં(=જેમની સંખ્યા ગણી ન શકાય તેટલાં) વર્ષો જેટલા આયુષ્યવાળા. દેવકુરુ વગેરેનું વર્ણન અમે ત્રીજા અધ્યાયમાં કરીશું.

"अत्रैव च" इत्यादि, અસંખ્યવર્ષના આયુષ્યવાળા જીવોના અધિકારમાં ભાષ્યકાર આ કહે છે- મનુષ્યલોકથી બહારના દ્વીપ-સમુદ્રોમાં ગાય વગેરે તિર્યંચો અસંખ્યવર્ષના આયુષ્યવાળા હોય છે, અર્થાત્ મનુષ્યક્ષેત્રથી બહાર તિર્યંચો જ અસંખ્યવર્ષના આયુષ્યવાળા હોય છે.

અનપવર્તનીય આયુષ્ય બે પ્રકારે છે એમ જે કહ્યું હતું તેને બતાવતા ભાષ્યકાર કહે છે- ઔપપાતિક નારક-દેવો અને અસંખ્યવર્ષાયુષ્યવાળા જીવો નિરુપક્રમ જ આયુષ્યવાળા હોય છે. કારણ કે તે રીતે આયુષ્યનો બંધ

થાય છે. ચરમશરીરી જીવો સોપક્રમ અને નિરુપક્રમ એમ બંને પ્રકારના હોય છે. ભાષ્યકાર આમ સામાન્યથી (સંભવની અપેક્ષાએ) કહે છે.


**પ્રશ્ન–** જો ચરમશરીરી જીવો બંને પ્રકારના હોય છે તો તેમનો અનપવર્ત્ય આયુષ્યવાળા જીવોમાં પાઠ કેમ છે ? કેમ કે ઉપક્રમ લાગે તો આયુષ્ય ઘટી જાય.

**ઉત્તર–** નિરુપક્રમ જ વધારે હોય છે. (સોપક્રમ કોઈક જ હોય છે.) આથી તેમનો અનપવર્ત્ય આયુષ્યવાળા જીવોમાં પાઠ છે.[૧]

આથી જ ઉપક્રમની સંભાવના બતાવવા માટે અનપવર્તનીય આયુષ્યના સામાન્યથી સોપક્રમ અને નિરુપક્રમ એવા બે ભેદ છે એમ (આ સૂત્રની અવતરણિકામાં) કહ્યું છે.

આનાથી(=ચરમશરીરી જીવોનું વ્યાખ્યાન કરવાથી) ઉત્તમપુરુષોનું પણ વ્યાખ્યાન કર્યું. આથી અનપવર્ત્ય આયુષ્યવાળા જીવોમાં ઉત્તમ-પુરુષોનો પણ ઉલ્લેખ કર્યો છે. આ પ્રમાણે સૂત્રમાં કોઈ વિરોધ નથી.

ઉત્તમપુરુષો સોપક્રમ આયુષ્યવાળા હોઈ શકે છે. કેમકે વાસુદેવોમાં ઉપક્રમ હોય એમ શાસ્ત્રમાં સંભળાય છે. ભાષ્યકાર તે પ્રમાણે કહે છે- જેમનું લક્ષણ કહ્યું છે તે ઔપપાતિક, ચરમદેહ, ઉત્તમપુરુષ અને અસંખ્યવર્ષના આયુષ્યવાળા જીવોથી અન્ય મનુષ્ય-તિર્યંચો સોપક્રમ અને નિરુપક્રમ તથા મોટા ભાગે અપવર્ત્ય આયુષ્યવાળા અને અનપવર્ત્ય આયુષ્યવાળા હોય છે. કારણ કે આયુષ્ય તે પ્રમાણે બંધાય છે.




૧. અહીં શ્રી સિદ્ધસેન ગણિવરકૃતટીકામાં સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે– ચરમશરીરી જીવોમાં ઉપક્રમો હોઈ શકે છે. પણ તે ઉપક્રમો આયુષ્યની હાનિ ન કરી શકે.

## આયુષ્ય ક્યારે બંધાય ?

નારકો, દેવો અને અસંખ્યવર્ષના આયુષ્યવાળા જીવો પોતાના આયુષ્યના છ મહિના બાકી રહે ત્યારે અવશ્ય આયુષ્ય બાંધે છે. બાકીના જીવો પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે(=ત્રીજા ભાગના પહેલા અંતર્મુહૂર્તમાં) આયુષ્ય બાંધે છે. ત્યારે ન બંધાય તો બાકી રહેલા ત્રીજા ભાગના ત્રણ ભાગ કરીને ત્રીજો ભાગ બાકી રહે ત્યારે બાંધે છે. ત્યારે પણ ન બંધાય તો બાકી રહેલા આયુષ્યના ત્રણ ભાગ કરીને ત્રીજો ભાગ બાકી રહે ત્યારે બાંધે છે, અર્થાત્ ત્રીજો ભાગ, નવમો ભાગ કે સતાવીસમો ભાગ બાકી રહે ત્યારે આયુષ્ય બાંધે છે. ત્યાર પછી બાંધતા નથી. તેમાં પૃથ્વી વગેરે એકેન્દ્રિય (અને વિકલેન્દ્રિય) જીવો તથા નિરુપક્રમ આયુષ્યવાળા પંચેન્દ્રિય જીવો અવશ્ય ત્રીજો ભાગ બાકી રહે ત્યારે આયુષ્ય બાંધે છે. સોપક્રમ પંચેન્દ્રિય જીવો નિયમ વિના છેલ્લે સતાવીસમા ભાગે બાંધે છે.

તે જીવો ત્યારે જ(=અહીં બતાવેલા સમયે જ) તેમના આયુષ્યને બાંધે છે. તેમા મંદ-તીવ્ર પરિણામ પ્રયોગના ભેદથી કોઇજીવો અપવર્ત્ય અને કોઇ જીવો અનપવર્ત્ય આયુષ્યને બાંધે છે એમ વૃદ્ધો કહે છે. તેમાં જે જીવો અપવર્ત્ય આયુષ્યવાળા છે. તે જીવોનું[1] વિષ આદિથી અને શીતોષ્ણ વગેરે દ્વન્દ્વ ઉપક્રમોથી આયુષ્યનું અપવર્તન થાય છે. (ભાષ્યમાં વિષ આદિ શબ્દોમાંથી કેટલાક શબ્દોનો અર્થ ટીકાકાર કહે છે-) ઇન્દ્રાશનિપ્રપાત=આકાશમાંથી અગ્નિથી રહિત અગ્નિના કણિયા પડવા. વજ્ર=વીજળીનો અગ્નિ. દ્વન્દ્વ=આયુષ્યનો ઉપઘાત. શેષ સ્પષ્ટ અર્થવાળું છે.

अपवर्तनम् ઇત્યાદિથી અપવર્તનને કહે છે- અપવર્તન એટલે જલદી અંતર્મુહૂર્તમાં જ સઘળા આયુષ્યકર્મને ભોગવી લેવું. અંતર્મુહૂર્ત પછી આયુષ્ય રહેતું જ નથી તેથી અંતર્મુહૂર્તમાં એમ કહ્યું છે.

૧. विष-शस्त्र, ઇત્યાદિથી પ્રારંભી अपवर्त्यते સુધીના ભાષ્યનો શબ્દાર્થ આ પ્રમાણે છે- વિષ, શસ્ત્ર, કાંટા, અગ્નિ, પાણી, સર્પ, ભોજનનું અજીર્ણ, આકાશમાંથી ખરતા અગ્નિકણ, ફાંસો, જંગલી જનાવર, વીજળીનાં અગ્નિનું પડવું(=વિદ્યુત્પાત), ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમી વગેરે આયુષ્યનો ઉપઘાત થાય તેવા ઉપક્રમોથી આયુષ્યનું અપવર્તન=આયુષ્યની સ્થિતિનો હ્રાસ થાય છે.

અહીં અપવર્તનના(=સ્થિતિહ્રાસ કરવાના) ફળવાળા કર્મફળના ઉપભોગમાં અપવર્તન શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેથી ભાષ્યકાર કહે છે-"उपक्रमोऽपवर्तननिमित्तम्" इति, અહીં અપવર્તન નિમિત્ત છે જેનું તે अपवर्तननिमित्तम् એવો સમાસવિગ્રહ છે. દીર્ઘસ્થિતિવાળા કર્મની અલ્પસ્થિતિ કરવામાં અપવર્તન નિમિત્તભાવ છે. (આમ ઉપક્રમ અને અપવર્તનનિમિત્ત એ બે શબ્દો પર્યાયવાચી છે.)

## આયુષ્યના અપવર્તન સંબંધી પૂર્વપક્ષ

"अत्राह" इत्यादि, આ અવસરે બીજો કહે છે- જો ફળ આવ્યા વિના કર્મનું અપવર્તન થાય છે તો તેથી કૃતનાશ (કરેલાનો નાશ) દોષનો પ્રસંગ આવે છે- કારણ કે તે આયુષ્ય (પૂર્ણ) ભોગવાતું નથી. હવે જો અનુભવ્યા વિનાનું આયુષ્ય રહેલું છે અને તેનો સ્વામી મૃત્યુ પામે છે તો તેનાથી અકૃતાગમ (નહિ કરેલાનું આગમન) દોષનો પ્રસંગ આવે છે. કેમકે આગામી ભવનું આયુષ્ય તે કાળે ભોગવવા યોગ્ય તેણે કર્યું નથી. (છતાં ભોગવવું પડે છે.)

વળી બીજું- તે ભવમાં ભોગવવા યોગ્ય આયુષ્ય બાકી રહેલું હોવા છતાં મરે છે તેથી આયુષ્યકર્મની નિષ્ફળતા(=સ્વફળવાળા જીવનનો અભાવ) રૂપ દોષનો પ્રસંગ આવે. કારણ કે (तदकिञ्चित्करत्वेन=) આયુષ્યકર્મ સ્વફળ આપવા સમર્થ બની શકતું નથી. આ(=કર્મફળનો અભાવ) ઈષ્ટ નથી. કારણ કે (શાસ્ત્રમાં) કર્મની સફળતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. શાસ્ત્રવચન છે કે "(प्राक्) અન્ય જન્મોમાં (दुश्चरितानाम्=)પ્રમાદ અને કષાયથી થનારા મદ્યપાન, અશિષ્ટ અને અસત્ય ભાષણ વગેરે દુરાચારોથી ઉત્પન્ન કરાયેલા(=બંધાયેલા) (दुष्प्रतिक्रान्तानाम्=)મિથ્યાદર્શન અને અવિરતિથી થનારા વધ-બંધન વગેરે દુષ્પરાક્રાન્તોથી ઉત્પન્ન કરાયેલ (=બંધાયેલા), (कृतानाम्=)મન, વચન, કાયાથી કરવું, કરાવવું, અનુમોદવું એ ત્રણ રીતે કરેલાં (कर्मणाम्=)જ્ઞાનાવરણીય આદિ અને અસાતાવેદનીય આદિ અશુભ કર્મોનો ભોગવ્યા વિના કે વિશિષ્ટ

ક્ષાયોપશમિક શુભ ભાવરૂપ અનશન અને પ્રાયશ્ચિત્ત આદિ તપથી ખપાવ્યા વિના ક્ષય થતો નથી." (દ.વૈ. પહેલી ચૂલિકા) તે જ ભવમાં ભોગવવું પડે એ દૃષ્ટિએ આયુષ્યકર્મ એક ભવની સ્થિતિવાળું છે. અન્ય જન્મમાં ભોગવાતું ન હોવાથી આયુષ્યકર્મ અન્ય જન્મના અનુબંધવાળું નથી=અન્ય જન્મમાં જતું નથી. આથી આયુષ્યનું જેનું લક્ષણ પૂર્વે કહ્યું છે તે અપવર્તન નથી. આ પ્રમાણે અન્ય કહે છે.

## આયુષ્યના અપવર્તન સંબંધી ઉત્તરપક્ષ

અહીં સમાધાન કહેવામાં આવે છે- અપવર્તનમાં પૂર્વોક્ત કર્મના કૃતનાશ, અકૃતાગમ અને નિષ્ફળતા દોષો નથી. આયુષ્યનો અન્યભવમાં અનુબંધ પણ થતો નથી. કિંતુ યથોક્ત અધ્યવસાન-વિષ આદિ ઉપક્રમોથી પીડિત થયેલો જીવ (सर्वसंदोहेन=)ક્રમ વિના એકી સાથે ઉદયમાં આવેલા કર્મને ક્રમથી થનારા વિપાકની સ્થિતિને ઘટાડીને આયુષ્યનો જલદી અનુભવ કરે તેને અપવર્તન કહેવાય છે. આ પ્રમાણે અપવર્તન શબ્દનો આ અર્થ છે. તેથી સઘળાય આયુષ્યનો અનુભવ થતો હોવાથી અપવર્તન યોગ્ય જ છે.

## શુષ્કતૃણરાશિદહનનું દૃષ્ટાંત

આ વિષયમાં જ દૃષ્ટાંતને કહે છે- ઢગલો કરેલા સૂકા ઘાસના સમૂહના દહનની જેમ. આને જ (વિશેષથી) કહે છે- જેવી રીતે ભેગા કરેલા (ગાંસડી રૂપે બાંધેલા) સૂકા ઘાસનાં[1] ઢગલાને બાળવામાં આવે તો, अवयवशः એક એક અવયવ ક્રમે બળતું હોવાથી લાંબા કાળે બળે છે. તે જ સૂકા ઘાસના ઢગલાને ઢીલું અને છૂટું ભેગું કરીને ચારે બાજુથી એકી સાથે સળગાવવામાં આવે અને પવન રૂપ ઉપક્રમથી અભિઘાત થતો હોય તો સહકારવિશેષના કારણે જલદી બળે છે. તેવી રીતે આયુષ્ય પણ જલદી અનુભવી લેવાય છે. જો બંધકાળે જ આયુષ્યના દલિકો અતિઘનરૂપે દઢ એકઠાં કરીને આયુષ્ય બાંધ્યું હોય તો તે આયુષ્ય ક્રમશઃ

૧. સમૂહ રૂપે ન હોય અને ઘાસ લીલું હોય તેવો ઘાસનો ઢગલો નહિ.

ભોગવાતું હોવાથી લાંબા કાળે ભોગવાય છે. જે આયુષ્ય બંધકાળે જ શિથિલ બાંધ્યું હોય તો ઢીલા કરેલા ઘાસના ઢગલાના દાહની જેમ સ્થિતિ ઘટાડીને ભોગવાય છે.

## ગણિતનું દૃષ્ટાંત

આ વિષયમાં જ 'यथा वा' ઇત્યાદિથી અન્ય દૃષ્ટાંતને કહે છે- અથવા જેવી રીતે (ગણિતકુશળ) ગણિતાચાર્ય (ગુણાકાર, ભાગાકાર, બાદબાકી, સરવાળો વગેરે) ગણિતશાસ્ત્રમાં પ્રસિદ્ધ કરણોમાં જે અલ્પકાળથી થઇ શકે તેવો સરળ ઉપાય હોય તેનાથી ગણિતના ફળને લાવે છે. કેમકે ગણિતમાં કુશળ છે. તેથી તુલ્ય પણ ફળ લાવવામાં ગુણાકાર, ભાગાકારના બદલે કરણની સરળતા માટે છેદ કરવા યોગ્ય ૯૬ આદિ રાશિને છેદથી જ જલદીથી ટુંકાવી દે છે. છેદ કરવા યોગ્ય ન હોય તેવી ૧૦૫૧ આદિ રાશિને સરળ કરણનો જાણકાર પણ ટુંકાવી શકતો નથી, કિંતુ ટુંકાવવા માટે વારંવાર ગુણાકાર, ભાગાકારના ક્રમનો પ્રયોગ કરે છે. આમ છતાં ફળ સ્વરૂપ સંખ્યેયનો (સંખ્યાને યોગ્ય પદાર્થનો) અભાવ થતો નથી, અર્થાત્ કરણવિશેષનો ઉપયોગ કરવા છતાં ઇચ્છિત ફળના અભેદને દર્શાવે છે=ઇષ્ટ ફળ સમાન હોય છે.

એકમાં કરણનો વ્યાપારકાળ ઘણો છે, બીજામાં કરણનો વ્યાપારકાળ અલ્પ છે. આમ કરણનો વ્યાપારકાળ બહુ-અલ્પ ભેદવાળો છે. આમ છતાં બંનેમાં ફળ તો સમાન જ છે. એ પ્રમાણે વૃદ્ધો કહે છે.

જે પ્રમાણે ગણિતમાં આવું(=અધિક-સ્વલ્પ સમય લાગતો હોવા છતાં ફળ સમાન) છે તેમ આયુષ્ય છે, અર્થાત્ આયુષ્ય ભોગવવામાં અધિક, અલ્પ સમય હોવા છતાં આયુષ્ય પૂર્ણપણે ભોગવાય છે. આ પ્રમાણે દાર્ષ્ટાન્તિક યોજના છે.

ઉપક્રમથી(=ઉપક્રમના હેતુઓથી) હણાયેલો અને મરણસમુદ્ઘાત દુઃખાર્ત જીવ કર્મકારણ એવા અપવર્તના નામના કરણને ઉત્પન્ન કરીને જલદી ફળનો ઉપભોગ કરવા માટે આયુષ્યકર્મનું અપવર્તન કરે છે.

**મરણસમુદ્ઘાત દુઃખાર્ત–** મરણ એટલે આયુષ્યનો ક્ષય. મરણમાં સમુદ્ઘાત તે મરણસમુદ્ઘાત. સમુદ્ઘાત એ ક્રિયાવિશેષ છે. મરણ-સમુદ્ઘાતમાં અતિશય દુઃખ હોય છે અને બાહ્યચેષ્ટાઓ બંધ થઇ જાય છે. સમુદ્ઘાત જ કર્મોનો અનુપમ ઉખેડનાર(=વિનાશ કરનાર) હોવાથી દુઃખ છે એ દુઃખથી આર્ત એટલે કંટાળી ગયેલ.

**કર્મકારણ–** કર્મ છે કારણ જેનું તે કર્મકારણ. આ વિશેષણ અપવર્તનાકરણનું છે. અપવર્તનાકરણનું કારણ કર્મ છે. (કારણ કે પૂર્વ-ભવમાં બંધ કાળે શિથિલ પ્રયત્નથી સોપક્રમ આયુષ્યકર્મનો બંધ થયો છે.)

(अनाभोगयोगपूर्वकम्=)જીવ અપવર્તનાકરણને અનાભોગપૂર્વક= અજ્ઞાનવ્યાપારપૂર્વક કરે છે. કેમકે છદ્મસ્થ છે.

(तथाकर्मस्वभावत्वेन=)કર્મનો તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી. (પૂર્વે આયુષ્ય કર્મનો સોપક્રમ બંધ થયો હોવાથી તેના આયુષ્યકર્મનો અપવર્તના-કરણ કરવાનો સ્વભાવ હોવાથી અપવર્તનાકરણને ઉત્પન્ન કરે છે.)

(काललघुतापादनेन=)કાળ ઓછો કરવા વડે ફળનો ઉપભોગ કરવા માટે અપવર્તનાકરણ કરે છે, અર્થાત્ આયુષ્યની જેટલી સ્થિતિ છે તેનાથી ઓછી સ્થિતિમાં આયુષ્યનો ફળનો ઉપભોગ કરવા માટે આયુષ્યકર્મની અપવર્તના કરે છે.

(लघुकालेन वेदनात्=)આયુષ્યકર્મની અપવર્તના કરે છે. કારણ કે ઓછા કાળમાં આયુષ્યને ભોગવે છે.

ઓછા કાળમાં ભોગવવા છતાં આયુષ્યકર્મના ફળનો અભાવ થતો નથી. કારણ કે સંપૂર્ણપણે=આયુષ્યકર્મના બધા જ દલિકોના ફળનો અનુભવ કરી લે છે.

## ભીના વસ્ત્રનું દૃષ્ટાંત

किञ्चान्यत्=વળી બીજું. વળી બીજું એ કથન અન્ય દૃષ્ટાંતને જણાવવા માટે છે. જેવી રીતે ધોયેલું વસ્ત્ર પાણીથી ભીનું જ ભેગું કરેલું પડ્યું હોય

તો લાંબા કાળે સૂકાય છે. તે જ વસ્ત્ર પહોળું કરેલું હોય તો સૂર્ય કિરણોથી અને વાયુથી સ્પર્શાતુ તે જલબિંદુઓ ખેંચાઇ જવાથી જલદી સૂકાય છે. કારણ કે તે પ્રમાણે (બધાના) જોવામાં આવે છે.

[1]ભેગા કરેલાં તે વસ્ત્રમાં ક્યાંયથી જલબિંદુઓ આવ્યા છે, જેથી તેમાં જલબિંદુઓનો સુકાવાનો કાળ અધિક થાય છે એવું નથી અને પહોળું કરેલું વસ્ત્ર પૂર્ણ સુકાયું નથી એવું પણ નથી. બંને પ્રકારના વસ્ત્રમાં તેટલા જ જલબિંદુઓ હોય છે. આમ છતાં સૂકાવાનાં કાળમાં ભેદ છે. तद्वत्=તેની જેમ. તેની જેમ એ દાર્ષ્ટાંતિક યોજના કરવા માટેનો પ્રયોગ છે. તેવી રીતે યથોક્ત અધ્યવસાન-વિષાદિ નિમિત્તવાળા અપવર્તનોથી આયુષ્યકર્મના ફળનો ઉપ(=જલદી)ભોગ કરાય છે. આમ છતાં કૃતનાશ, અકૃતાગમ, નિષ્ફળતા એ ત્રણ દોષો થતા નથી. આયુષ્યના સઘળાય દ્રવ્યોને(=દલિકોને) જલદી ભોગવી લેવામાં આવે છે તેથી કૃતનાશ દોષ થતો નથી. એ પ્રમાણે આયુષ્યનો ક્ષય થાય ત્યારે જ મરે છે તેથી અકૃતાગમ દોષ થતો નથી. એથી જ આયુષ્ય કર્મની નિષ્ફળતા રૂપ દોષ નથી. કારણ કે સંપૂર્ણ આયુષ્યનો ભોગ થાય છે. આથી જ આયુષ્ય અન્ય જન્મમાં જાય એ દોષનો પણ અભાવ છે. આ પ્રમાણે (બરોબર) વિચારવું. આ પ્રમાણે અકાળ મૃત્યુની સિદ્ધિ થાય છે એ નિશ્ચિત થયું. (૨-૫૩)


## ભાવાનુવાદકારની પ્રશસ્તિ


આ પ્રમાણે પ.પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે શરૂ કરાયેલી (અને છઠ્ઠા અધ્યાયના ૨૩મા સૂત્રમાં विनयसम्पन्नता પદ સુધી પૂર્ણ કરાયેલી) પછી છઠ્ઠા અધ્યાય સુધી આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ વડે પૂર્ણ કરાયેલી અને ત્યાર પછી(=સાતમા અધ્યાયથી બાકી રહેલી ટીકા) તેમના


૧. **અહીં ભાવાર્થ આ છે–** ભેગા કરેલા વસ્ત્રમાં જળબિંદુઓ ક્યાંયથી આવ્યા હશે માટે કાળ વધારે લાગે છે અને પહોળા કરેલા વસ્ત્રમાં થોડા જલબિંદુઓ સૂકાવાના બાકી રહી ગયા હશે માટે કાળ ઓછો લાગે છે એવું નથી. ભેગા કરેલા વસ્ત્રમાં જળબિંદુઓ ક્યાંયથી આવ્યા નથી અને પહોળા કરેલા વસ્ત્રમાં જળબિંદુઓ સંપૂર્ણ સૂકાઇ ગયા છે. બંને જગ્યાએ જળબિંદુઓ સમાન હતાં છતાં ભેગા કરેલા વસ્ત્રમાં જળબિંદુઓ સૂકાવામાં કાળ અધિક લાગ્યો અને પહોળા કરેલા વસ્ત્રમાં જળબિંદુઓ સૂકાવામાં કાળ ઓછો લાગ્યો. તેની જેમ...


શિષ્ય વડે પૂર્ણ કરાયેલી તત્ત્વાર્થાધિગમ સૂત્રની **બીજા અધ્યાયની** ડુપડુપિકા નામની ટીકાનો સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છસ્થવિર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર-સૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પંચસૂત્ર, પંચવસ્તુ, પંચાશક, ધર્મબિંદુ, યોગબિંદુ, ઉપદેશપદ, ઉપદેશમાલા (પુષ્પમાલા), શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગસ્તોત્ર, શીલોપદેશમાલા, અષ્ટક પ્રકરણ, નવપદ પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્રાવકધર્મવિધિપ્રકરણ, ચૈત્યવંદન મહાભાષ્ય, યતિલક્ષણ સમુચ્ચય, ગુરુતત્ત્વવિનિશ્ચય, સંબોધ પ્રકરણ, પ્રશમરતિ પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજકૃત ગુર્જર (ગુજરાતી) ભાવાનુવાદ પૂર્ણ થયો.


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર




















































# જશેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન




(બે ભાગ)

Tejas Printers
AHMEDABAD M. 98253 47620